


# સર્વાંગી જીવન દર્શન વિજ્ઞાન
## (પૂર્વાર્ધ)

HOLISTIC SCIENCE RESEARCH CENTER
**Vitrag Vignan Charitable Research Foundation**
Near Mahavideh Teerth Dham, N. H. 8, Nansad Road, Kamrej Char Rasta,
Ta. Kamrej ,Dist. Surat - 394 185. Tel. : +91 2621-250750
e-mail : hsrcsurat@gmail.com | www.holisticscience.org, www.vvcrf.org

## સર્વાંગી જીવનદર્શન વિજ્ઞાન (હોલિસ્ટિક સાયન્સ) શું છે?

જયારે આપણે જીવનને વ્યાપક રીતે સમજીએ ત્યારે જ જીવનના ચરમ-પરમ લક્ષ્યને સમજી શકીએ છીએ. આ દુન્યવીજીવનને તેનાં માત્ર બાહ્ય પાસાંઓથી પૂરું સમજી નહિ શકાય પણ સાથે સાથે તેના આંતરિક પાસાંઓ દ્વારા પણ સમજવું જોઈએ. હોલિસ્ટિક સાયન્સનો ઉદ્દેશ્ય એ છે કે સમસ્ત શિષ્ટસાહિત્ય, વિજ્ઞાન, ટૅકનોલૉજી, તત્ત્વજ્ઞાન, ધર્મ અને અધ્યાત્મમાંથી પ્રાપ્ત જ્ઞાનને સંચિત કરીને માનવજીવનના યુગો જૂના તેમજ વર્તમાન પ્રશ્નોનું સમાધાન ખોળીએ જેથી આપણે એકબીજાની સાથે સુમેળભર્યું જીવન જીવી શકીએ, એકબીજાને સમજી શકીએ, અપનાવી શકીએ, પ્રેમ આપી શકીએ અને કુદરતના અણમોલ ખજાનાનું જતન કરી શકીએ. વૈજ્ઞાનિક અને પ્રૌદ્યોગિક વિકાસ, આપણા નૈતિકમૂલ્યો તેમજ અધ્યાત્મને પરસ્પર એકરૂપ કરીએ તો જ માનવ જીવનની સાર્થકતાનો અનુભવ થાય. સ્વાસ્થ્ય, સંપત્તિ, ઉત્કર્ષ અને શાંતિ પ્રાપ્ત કરવા માટે હોલિસ્ટિક સાયન્સ સહુને વ્યવહારુ માર્ગદર્શન પૂરું પાડે છે. આનાથી સમગ્ર માનવજાતિ સમૃદ્ધિ તરફ આગળ વધતા વૈશ્વિક પરિવારરૂપ બનવાની દિશામાં આગળ વધશે.

**શ્રી દાદા ભગવાન પ્રબોધિત**

# સર્વાંગી જીવનદર્શન વિજ્ઞાન

## (પૂર્વાર્ધ : ધર્મ અને અર્થ)


**:: ભાવાનુવાદ ::**

ડૉ. રજનીકાન્ત શાંતિલાલ શાહ

એમ.એ.બી.એડ.પી-એચ.ડી

કરજણ.

**પરામર્શક :** ડૉ.જે.પી. અમીન

**સંપાદન :** લાલાભાઈ ડી. પટેલ અને લલિત કાછડિયા



**પ્રકાશક:**

વીતરાગ વિજ્ઞાન ચૅરિટેબલ રીસર્ચ ફાઉન્ડેશન,

હોલિસ્ટિક સાયન્સ રીસર્ચ સૅન્ટર

કામરેજ, સુરત.

૨૦૧૮

***Editing Associates***

Alpa Bharuchwala * Sohini Shah

***Word Processing & Design***

Pradeep K. Patel

© VVCRF 2018

*All rights reserved. No part of this publication may be reproduced, stored in a retrieval system, or transmitted, in any form or by any means, electronic, mechanical, photocopying, recording or otherwise, without the prior permission of the Publisher.*

ISBN: 978-81-935155-6-3

Price : Rs. 150.00

***Published by:***

Vasantbhai U. Patel
Founder Trustee,

Vitrag Vignan Charitable Research Foundation

Near Mahavideh Teerth Dham,
Kamrej Char Rasta, N.H. 8, Surat 394185 India
TEL: +91-2621-250750 hsrcsurat@gmail.com
www.holisticscience.org

***Printed by:***

Shree Sai Art & Printers
Mo: 9824747745

# આમુખ

વીતરાગ વિજ્ઞાન ચેરિટેબલ રિસર્ચ ફાઉન્ડેશન સંચાલિત હોલિસ્ટિક સાયન્સ રિસર્ચ સેન્ટર છેલ્લાં દસેક વર્ષથી સમાજના શૈક્ષણિક ક્ષેત્રોમાં સર્વાંગી જીવનદર્શન વિજ્ઞાનની સમજના અભ્યાસ માટે સેમિનાર, કોન્ફરન્સ, વર્કશોપ, પ્રકાશન, ઈ-મેગેઝિન, રિસર્ચ જર્નલ વિગેરે પ્રવૃત્તિઓનું આયોજન અવારનવાર કરે છે. આ સંસ્થાના અધિષ્ઠાતા અક્રમ વિજ્ઞાની દાદા ભગવાન પ્રબોધિત સર્વાંગી જીવન દર્શન વિજ્ઞાનની સમજ તેમજ અન્ય તમામ દર્શનમાંથી પ્રાપ્ય વૈજ્ઞાનિક સમજનો સાંપ્રત જીવનમાં વિનિયોગ કરી વિદ્વાનોની મદદથી ભારતની તેમજ વિશ્વની વિવિધ ભાષામાં પ્રકાશિત કરવામાં આવે છે જેનો અદ્‌ભૂત પ્રતિભાવ મળી રહ્યો છે.

સર્વાંગી જીવન વિજ્ઞાનના અભિન્ન અંગ એવા સાત્ત્વિક જીવનશૈલી અને નીરોગી જીવન માટેના જ્ઞાન પ્રસાર માટે છેલ્લાં કેટલાંક વર્ષોથી શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી તેમજ લકુલીશ યોગ યુનિવર્સિટીના નેજા હેઠળ યોગના ડિપ્લોમા અને સર્ટિફિકેટ કોર્સનું સંચાલન આ સંસ્થા કરી રહેલ છે અને તે બાબતે ઘણો સુંદર પ્રતિસાદ મળી રહ્યો છે.

આર્ય સનાતન ધર્મની ઉદાત્ત પરંપરામાં સર્વાંગી સાર્થક માનવજીવન વિકાસ માટે ચાર પુરુષાર્થજણાવેલ છે : ધર્મ- અર્થ-કામ અને મોક્ષ. આ ચારેય પુરુષાર્થનું જ્ઞાન અને વિજ્ઞાન 'માનવધર્મ' તરીકે આપવામાં આવે તો આ સંસ્થાનો ઉમદા કાર્ય હેતુ વધુ સફળ થાય એવું અમારા ટ્રસ્ટી મંડળનું સૂચન હતું.

આ અંગે યોગશિક્ષકો તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓ સાથે ચર્ચા વિચારણા કરતાં એવો નિષ્કર્ષ આવ્યો કે પરમ પૂજ્ય દાદા ભગવાને સર્વાંગી જીવન ઘડતરનું વિજ્ઞાન ઘણે અંશે વ્યક્ત કરેલ છે જેના આધારે એક અભ્યાસક્રમ બનાવી શકાય. દાદાશ્રીએ આધ્યાત્મિક કોલેજ સ્થાપવાની જરૂરિયાત છે તેવો અનુરોધ પણ કરેલ હોઈ આ પ્રકલ્પ સત્ત્વરે આયોજન થાય તેવી અમારી ભાવના સંસ્થા દ્વારા જાન્યુઆરી-૨૦૧૮ દરમ્યાન આયોજિત એશિયન ફિલોસૉફી કોન્ફરન્સ અને ઈન્ડિયન ફિલોસૉફીકલ કોંગ્રેસના સુંદર પ્રસંગે દેશવિદેશના વિદ્વાનોની ઉપસ્થિતિમાં પ્રારંભ થઈ રહી છે.

સર્વપ્રથમ ગુજરાતી ભાષાના સર્ટિફિકેટ કોર્સ અંગેનું પ્રશ્નોત્તરમાળા રૂપેનું આ પુસ્તક બે ભાગમાં પ્રકાશિત થાય છેઃ પ્રથમ ભાગમાં ધર્મ અને અર્થના અને દ્વિતીય ભાગમાં કામ અને મોક્ષના વિષયનો સમાવેશ કરવામાં આવ્યો છે. નજીકના ભવિષ્યમાં હિન્દી તેમજ અંગ્રેજી ભાષામાં પણ સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવામાં આવનાર છે.

જય સચ્ચિદાનંદ સંઘ દ્વારા પ્રકાશિત પ.પૂ. દાદાજીની આપ્તવાણીના ભાગઃ ૧-૨-૩ ના આધારે હોલિસ્ટિક સાયન્સ રિસર્ચ સૅન્ટર સંપાદિત અંગ્રેજી પુસ્તક 'Dialogues with Dadaji on Life & Living' નું પ્રોફેસર રજનીકાંત શાહે અથાગ પ્રયાસ કરી સરળ ગુજરાતી ભાષામાં અનુવાદ કરી આપવા બદલ તેમનો ખાસ આભારી છું.

જગત કલ્યાણ યજ્ઞની આ ઉદાત્ત યોજનાને બર લાવવા માટે યોગદાન આપનાર આ પાઠ્યક્રમ કમિટીના વિદ્વાનો ડો. સોહનલાલ તાતેર, ડૉ. રજનીકાન્ત શાહ, ડો. નયના ડેલિવાલા, ડો. શૈલેશ મહેતા, શ્રી લાલાભાઈ પટેલ તેમજ શ્રી લલિત કાછડિયાનો અમારા ટ્રસ્ટી મંડળવતી આભાર માનું છું. આ પુસ્તક છપાવવા માટે સહયોગ આપનાર શ્રી ઈશ્વરભાઈ મગનભાઈ પટેલનો આભાર માનું છું.

વસંતભાઈ પટેલ,
સ્થાપક ટ્રસ્ટી,
વીતરાગ વિજ્ઞાન ચેરિટેબલ રિસર્ચ ફાઉન્ડેશન, હોલિસ્ટિક સાયન્સ રિસર્ચ સેન્ટર, કામરેજ, સુરત
૨ જી જાન્યુઆરી, ૨૦૧૮ (દાદા ભગવાનની પુણ્યતિથિ)

## પ્રાક્-કથન

માનવીના સર્વાંગી વિકાસ અને માનવ જીવનની સાર્થકતા માટે પાયાના 'ચાર પુરુષાર્થ' માનવામાં આવેલ છે -ધર્મ-અર્થ-કામ અને મોક્ષ'. એમાં સર્વપ્રથમ પુરુષાર્થનું નામ - 'ધર્મ' એટલે કે 'આત્મધર્મ', જેને શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે 'સ્વધર્મ' કહ્યો છે, જેની 'યથાર્થ સમજ' મેળવવી અત્યંત જરૂરી છે અને આ સમજ જીવનના પ્રથમ તબક્કામાં જીવનની સાર્થકતા માટે મેળવાય તે અનિવાર્ય - આવશ્યક છે.

જીવનમાં સંસાર વ્યવહાર ચલાવવા માટે 'અર્થ-ઉપાર્જન' ('અર્થોપાર્જન') અને 'ઉપજીવિકા'નું પણ અત્યંત મહત્વ છે. વ્યવહાર જીવનમાં વ્યવહાર સારી રીતે ચાલે તથા વ્યવહારના સુયોગ્ય સંચાલન માટે યોગ્ય પ્રમાણમાં લક્ષ્મીની પણ જરૂરિયાત રહે, એ સ્વાભાવિક છે. પણ આ લક્ષ્મીનું ઉપાર્જન માત્ર 'ધર્મ' અનુસારનું હોવું ઘટે. અધર્મથી પ્રાપ્ત કરેલી લક્ષ્મી પોતાને અધોગતિમાં લઈ જશે, જ્યારે ધર્મ અનુસાર પ્રાપ્ત કરેલ લક્ષ્મી દ્વારા વ્યવહાર સંચાલન સુંદર અને સ-રસ થશે, એ નિસંદેહ છે. 'અર્થ' શબ્દ લક્ષ્મીનાં સંદર્ભમાં ઉલ્લેખાયેલ હોવાની સાથે-સાથે, એમાં જીવન વ્યવહારની જરૂરિયાતની અનિવાર્ય ચીજ-વસ્તુઓનો પણ સામાન્ય રીતે સમાવેશ થાય છે.

સંપૂજ્ય 'દાદા ભગવાન' કહે છે તેમ લક્ષ્મી 'બાય પ્રોડક્ટ' છે, અર્થાત્ પોતે 'સ્વ-સ્વરૂપ'માં એટલે કે ચોથા પુરુષાર્થમાં (મોક્ષમાં - મુક્તજીવનમાં) સ્થિર થાય એટલે વ્યવહાર ચલાવવા માટે જરૂરી લક્ષ્મી વગેરે વ્યકિતને એની મેળે કુદરતી રીતે યથાયોગ્ય સમયે પ્રાપ્ત થયા જ કરે, લક્ષ્મીના અનુસંધાનમાં 'દાદા ભગવાન'નું યથાર્થ કથન છે કે 'ભીડ નહિ અને ભરાવો પણ નહિ', અર્થાત્ સામાજિક 'પ્રસંગ' વખતે એની મેળે પોત પોતાના પરિવારની સામાજિક પ્રતિષ્ઠાનાં ધારાધોરણ પ્રમાણે લક્ષ્મી પ્રાપ્ત થઈ 'પ્રસંગ' સારી રીતે ઉકલી જાય. યથાર્થ ધર્મના નિયમનું પાલન હોય તો લક્ષ્મી સહેજા સહેજ સ્વાભાવિક રીતે આવતી રહે છે, જેથી તેનાં ઉપાર્જન માટે કોઈ છળ-કપટ-કાવા-દાવા-ચિંતા-ઉપાધિ કરવાની જરૂર રહેતી નથી. દાદાશ્રી કહે છે કે, 'વેપારમાં ધર્મ હોવો ઘટે પણ ધર્મમાં વેપાર હોવો ન ઘટે'.

જીવન વ્યવહારમાં 'ધર્મ'ના પાયા પર 'અર્થ-ઉપાર્જન' કરતા રહીને કામનાઓની (લૌકિક ઇચ્છાઓની) પરિપૂર્તિ કરવાની હોય છે. સંસારી મનુષ્ય એટલે 'ઈચ્છાઓનું (કામનાઓનું) પોટલું' એમ સામાન્ય રીતે કહેવાય છે. પરંતુ આ 'કામ' નો યોગ્ય રીતે અને માનવ સમાજમાં બીજાઓને અથવા પોતાના 'આત્મહિત'ને હાનિ પહોંચાડ્યા સિવાય અને બીજાઓને બને તેટલો 'લાભ' પહોંચાડતા રહીને પોતાની કામનાઓ શમાવવી ઘટે. ન્યાયોચિત અને ધર્મપૂર્ણ જીવન જીવતા રહીને, સ્વ ઉપાર્જિત દ્રવ્યથી, પોતાની અને પોતાના કુટુંબની કામનાઓ શમાવવી ઘટે. અને તો જ સમાજ જીવનની વ્યવસ્થા અને સુલેહ જળવાઈ રહે, અન્યથા 'જર-જમીન અને જોરું એ ત્રણ કજિયાનાં છોરું' એ ન્યાયે ક્લેશ અને કંકાસ-કોર્ટ-કચેરી થયા

વગર રહે નહિ.

જીવનના ચોથા તબક્કામાં 'મોક્ષ' ('મુક્તજીવન')ની પ્રાપ્તિ માટે પોતાનું સમગ્ર ધ્યાન, સમય અને શક્તિ કેન્દ્રિત કરવી ઘટે. જીવનના પ્રથમ તબક્કે 'ધર્મ - આત્મધર્મ - સ્વધર્મ' ની યથાર્થ વૈજ્ઞાનિક સમજ કેળવી, ન્યાયોચિત 'અર્થ-ઉપાર્જન' (અર્થોપાર્જન) કરી, પોતાની અને પોતાનાં આશ્રિત કુટુંબીજનોનું જરૂરી ભરણપોષણ અને કામનાઓનું શમન કરી, પોતાનાં સર્વ ઋણ ચૂકવી પોતે હળવાશનો અનુભવ કરે, એ જરૂરી છે. આ રીતે, સમજદાર વ્યક્તિ, 'ઋણમુક્ત' થતો-થતો બીજી બાજુ મનુષ્ય જીવનનો યથોચિત અનુભવ કરતાં-કરતાં, જીવનના સર્વોચ્ચ ધ્યેય એવા 'મોક્ષ' ('મુક્તજીવન')ની પ્રાપ્તિ તરફ ધ્યાન આપે અને ક્રમે-ક્રમે તે તરફ આગળ ને આગળ વધતો રહી, મનુષ્ય જીવનની સાર્થકતાનો અનુભવ કરી બિલકુલ હળવો થઈ 'મોક્ષ-માર્ગે' આગળને આગળ પ્રયાણ કરે.

આ રીતે 'ધર્મ-અર્થ-કામ અને મોક્ષ' ના ચારેય પાયાના પુરુષાર્થના આધારે સર્વાંગી-સમતોલ જીવન જીવીને તમામ વ્યક્તિઓ 'માનવધર્મ'ની યથાયોગ્ય સમજ પ્રાપ્ત કરી શકે તેવી ઉદાત ભાવનાથી 'VVCRF (વીતરાગ વિજ્ઞાન ચેરીટેબલ રિસર્ચ ફાઉન્ડેશન)' દ્વારા સંચાલિત 'HSRC (હોલિસ્ટિક સાયન્સ રિસર્ચ સેન્ટર)' દ્વારા શરૂ થતો 'સર્ટિફિકેટ' અભ્યાસક્રમ એ ખૂબ જ આવકારદાયક પગલું છે. આ સેન્ટર દ્વારા 'ડિપ્લોમા ઈન યોગ' તેમજ 'યોગ સર્ટિફિકેટ કોર્સ' ના અભ્યાસક્રમ પણ અત્રે આ સંસ્થા દ્વારા ચલાવવામાં આવે છે, તેની સાથે-સાથે પૂરક રીતે મનુષ્ય જીવનની સાર્થકતાની પ્રાપ્તિનાં લક્ષ્ય સહિતનો, આ 'સર્વાંગી જીવન દર્શન વિજ્ઞાન' ('હોલિસ્ટિક સાયન્સ ઑફ લાઈફ ઍન્ડ લીવીંગ' - 'સર્વાંગી જીવન જીવવાનું વિજ્ઞાન' નો સર્ટિફિકેટ કોર્સ સમાજના દરેક સ્તરના, દરેક ઉંમરના અને દરેક વ્યવસાયના વ્યક્તિઓને અત્યંત ઉપયોગી થશે, એવી અમોને ખાતરી છે. નજીકનાં ભવિષ્યમાં ગુજરાતી ભાષાની સાથે-સાથે અંગ્રેજી અને હિન્દી ભાષામાં પણ 'Distance Education Course' ('ઘર બેઠા થઈ શકતો અભ્યાસ કોર્સ') સત્ત્વરે ઉપલબ્ધ કરાવવામાં આવે તેવું અમારું વિનમ્ર સૂચન છે.

વીતરાગ વિજ્ઞાન ચેરીટેબલ રિસર્ચ ફાઉન્ડેશન)' -'HSRC (હોલિસ્ટિક સાયન્સ રિસર્ચ સેન્ટર)' દ્વારા પ્રકાશિત 'Dialogues with Dadaji on Life & Living' ના સારાંશ સ્વરૂપે ગુજરાતી ભાષામાં માનવ જીવનના સર્વાંગી વિકાસ માટે જણાવેલ ચાર પુરુષાર્થ'ધર્મ-અર્થ-કામ અને મોક્ષ'ની સામાન્ય સમજ પૂરા વિશ્વમાં માનવમાત્રને સરળ ભાષામાં સમજાય એવી શૈલીમાં અત્રે વ્યક્ત કરવાનો નમ્ર પ્રયાસ થયો છે. અભ્યાસુ વાચકવર્ગ એક ચિત્તે એનો અભ્યાસ કરી જીવનનો સર્વાંગી વિકાસ સાધ્ય કરે તો અમારો આ પ્રયાસ સાર્થક થયો ગણાશે.

Dr. J. P. Amin,
M. A. (Ind. Cult.) : L.L.B., Ph.D.
M. A. (Eco. Soc.) : L.S.G.D.
Former Principal & Chairman of Dept. of Indian Culture,

## પ્રસ્તાવના

આ વિષમ કાળમાં સમસ્ત જીવન સામાન્યપણે અનેકવિધ સમસ્યાઓ, શંકાઓ અને કલહોથી ભરેલું છે. બહારના અનેક સુખ સાધનો હોવા છતાં પણ આજનો માનવી સુખી નથી, અભાવોથી ઘેરાયેલો જોવા મળે છે. તે આવી સમસ્યાઓનો ઉકેલ શોધે છે પણ સાચી દિશા મળતી નથી. તે મૂંઝવણ અનુભવતો રહે છે અને કરમાઈ જાય છે. એવા સમયે વિશ્વની માનવ જાતને માટે દીવાદાંડીરૂપ પૂજ્ય દાદાશ્રી અંબાલાલ મૂળજીભાઈ પટેલે ભારતીય ધર્મ દર્શનના ક્ષેત્રે 'દીવો દીવાને પ્રગટાવે' એ ન્યાયે જ્ઞાનનો આલોક પાથર્યો છે. અંધકારના અનુભવ પછી ઉજાસનો સાક્ષાત્કાર સૂર્યોદયી પ્રસન્નતા અને તાજગી પ્રસરાવે છે. એવી જ તાજગીની પ્રતીતિ તેમના અંતેવાસીઓ, મહાત્માઓ અને આપ્તપુત્રો અનુભવતા રહયા છે. કહેવાયું છે, કે 'વહેતું નીર' અને 'વહેતું જ્ઞાન' શ્રેયસ્કર હોય છે. એ ન્યાયે પૂજ્ય દાદા ભગવાનની આપ્તવાણી વર્તમાન અને ભાવિજીવન માટે કલ્યાણકારી અને ઉપકારક છે. પૂજ્ય દાદાજીએ 'આપ્ત' શબ્દનો ઉપયોગ સાર્થક રીતે કરેલ છે. આપ્ત એટલે બધી જ રીતે વિશ્વાસ કરવા લાયક. માત્ર સાંસારિક બાબતો જ નહીં પણ મોક્ષપ્રાપ્તિ માટે પણ, ઠેઠ સુધી ભરોસો કરવા જેવું. પૂજ્ય દાદાભગવાને એક સદ્‌ગુરૂ તરીકે પરમજ્ઞાન આપ્યું છે, જે ખૂબ જ ઉપકારક છે અને પ્રત્યેક યુગમાં પ્રાસંગિક છે.

પૂજ્ય દાદાભગવાન દ્વારા પ્રરૂપિત વીતરાગ દ્રષ્ટિથી રાગ-દ્વેષ મુક્ત 'જીવન જીવવાની કળા' પ્રાપ્ત થાય છે. આ વ્યવહાર વિજ્ઞાનમાં મતભેદ, મનભેદ શી રીતે ટળે? મમત્વ, કંકાસ, અજંપો, પૂર્વગ્રહ, હઠાગ્રહ, દુરાગ્રહ, કદાગ્રહ, અથડામણ વગેરે શી રીતે સહજપણે કેવી રીતે દૂર થાય? આ બધાનો જવાબ પૂજ્ય દાદાભગવાનની વાણીમાં સરળ ભાષામાં જોવા મળે છે.

પૂજ્ય દાદાભગવાનની 'આપ્તવાણી' અલગ-અલગ ભાગોમાં પ્રકાશિત થયેલ છે. આ ગ્રંથોમાં પૂજ્ય દાદાજીએ પોતાની સહજ સ્વાભાવિક તળપદી ભાષામાં વીતરાગ જ્ઞાનની સમજ આપી છે. અત્યારે સમય બદલાયો છે. માનવપેઢીઓ બદલાઈ રહી છે, તેની રહેણી-કરણી, રીતભાત અને ભાષા પણ બદલાઈ છે. નગરો, મહાનગરો અને ઉપનગરોમાં રહેતી નવીપેઢી તળપદી ભાષાથી દૂર થયેલી છે ત્યારે આવા જ્ઞાનના અમૃતકોષને માત્ર ભાષાના અજ્ઞાનને કારણે વંચિત શી રીતે રહેવા દેવાય? પેઢી જૂની હોય કે નવી હોય પણ જ્ઞાન પ્રાપ્તિની તેની ભૂખ તો એવીને એવી જ છે. એ ભૂખને સંતોષવાનું પરમ કાર્ય હોલિસ્ટિક સાયન્સ રિસર્ચ સેન્ટર, સુરતે અંગ્રેજી ભાષામાં 'Dialogues with Dadaji on Life & Living' પુસ્તક પ્રકાશિત કરવા દ્વારા કર્યું છે.

આ જ પુસ્તકનો દેશ-વિદેશની ભાષાઓમાં અનુવાદ કરીને લોકો સુધી પહોંચાડવાની પ્રેરણા પરમ પૂજ્ય શ્રી કનુદાદાએ કરી. મારા સદ્‌ભાગ્યે અને મારા પ્રચંડ પુણ્યબળે આ ગ્રંથનો ગુજરાતીમાં અનુવાદ કરવાનો અનન્ય લાભ મળ્યો. બસ, એ

જ ક્ષણથી હું આ સંસ્થા સાથે સંપર્કમાં આવ્યો. અનુવાદનું કાર્ય ધારીએ એટલું સહેલું નથી પણ દેવ-ગુરૂ પસાયે હું આ કાર્ય સંસ્થાના સ્થાપક પ્રમુખ શ્રી વસંતભાઇ પટેલ, અકાદમીય વડા અને ટ્રસ્ટીશ્રી લાલાભાઈ પટેલ તથા મિત્રવર ડૉ.બાલાજી ગણોરકરની હૂંફે-હૂંફે પૂર્ણ કરી શક્યો.

બધા વડીલો-મિત્રો સાથે વિવિધ વાતચીત થતી રહેતી. ચર્ચા-વિચારણા દરમિયાન એક નવો વિચાર સ્ફુર્યો કે આજના દિશાવિહીન થતા જતા, છતાંય કોઈક દિશા ખોળી રહેલ અતિવ્યસ્ત માનવીને એવો રસ્તો બતાવવો જોઈએ કે તે એ માર્ગે આગળ વધીને પોતાનો વિકાસ કરી શકે. તેની પાસે મોટા-મોટા ગ્રંથો વાંચવાનો સમય નથી, મોબાઈલ અને ઈન્ટરનેટની દુનિયાએ તેને જકડી લીધો છે અને સત્સંગોમાં જઇ શકે તેમ નથી ત્યારે તે તેની નવરાશે અને ઈચ્છાએ વાંચી શકે.

આમ Distance Learning Programme નો વિચાર કરવામાં આવ્યો. કહેવત છે ને કે ‘મન હોય તો માળવે જવાય’ એ ન્યાયે આ વિષય ઉપર ચિંતન શરૂ થયું. આ પ્રોગ્રામ આ જ સંસ્થાના આશ્રયે આગળ ધપાવવાનું નક્કી કર્યું. ‘સર્વાંગી જીવન દર્શન વિજ્ઞાન’ પ્રમાણપત્ર અભ્યાસક્રમ પણ તૈયાર થઈ ગયો. હવે Reading-Material ની વાત આવી. નક્કી એ થયું કે આ જ પુસ્તકના ગુજરાતી અનુવાદને અભ્યાસક્રમમાં નક્કી કરેલ વિષયો મુજબ વહેંચી દઈએ તો વાંચકને વાંચવા તથા સમજવામાં સરળતા રહે.

માનવજીવનની સર્વાંગ સાર્થકતા માટે આર્ય સનાતનધર્મમાં ચાર પુરુષાર્થપ્રરૂપેલા છે.: ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. દરેક વ્યક્તિએ આ ચારેય પુરૂષાર્થો પર સરખું ધ્યાન આપવાની જરૂર છે. તો જ સમતોલ રીતે જીવનવ્યવહાર ચાલી શકે અને સમાજના એક સંસ્કારી વ્યક્તિ તરીકે પોતે પરસ્પર ઉપકારપૂર્ણ જીવન જીવી શકે અને જીવનની સાર્થકતાનો આનંદપૂર્ણ અનુભવ કરી શકે. આ કાર્ય માટે આ અભ્યાસક્રમ ઉપકારક નીવડે એવો ઉદ્દેશ્ય આ અભ્યાસક્રમનો છે.

આવા ઉમદા ઉદ્દેશ્યથી આ પ્રમાણપત્ર અભ્યાસક્રમને ચાર વિભાગ - ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. આ મુખ્ય ચાર ખંડોમાં તે ગ્રંથના ૧૪૩ પ્રકરણોને હોલિસ્ટિક સાયન્સ રિસર્ચ સૅન્ટરના સહયોગી શ્રી લલિતભાઈના માર્ગદર્શન મુજબ વહેંચી લીધાં. આ ચારેય વિભાગોના અલગ અલગ પુસ્તકો બનશે. જેનો લાભ જિજ્ઞાસુઓ સારી રીતે મેળવી શકશે.

આ અનુવાદકાર્યમાં મારો ઉત્સાહ અને હરખ વધારવામાં પૂજયશ્રી કનુદાદાજીના આશીર્વાદ તથા માનનીય શ્રી વસંતભાઇ પટેલના પ્રોત્સાહને શક્તિ પૂરી પાડી છે. આપના શુભાશિષ સદૈવ અમારા શિરે રહે એવી પ્રાર્થના. આ કાર્યના સંપાદનમાં મિત્રવરશ્રી લાલાભાઈ ડી. પટેલનો હૂંફાળો સ્નેહ અને માર્ગદર્શન પ્રાપ્ત થયું હોઇ હું આપનો ખૂબ-ખૂબ આભાર માનું છું. આપ સહુ તથા ડૉ. બાલાજી ગણોરકર તથા ડો. નયનાબહેન ડેલિવાલાનો ઉષ્મિત સહયોગ મારી આ અધ્યયનયાત્રાને એક પરિણામ સુધી પહોંચાડવામાં નિમિત્ત રહ્યો છે.

શ્રદ્ધા છે, કે આ પુસ્તકો તથા આ સંસ્થાના આ મહત્ત્વાકાંક્ષી કાર્યક્રમ જિજ્ઞાસુઓ તથા વિદ્વાનોને ગમશે અને તેમના માધ્યમથી આ કાર્યક્રમને આગળ વધારાશે અને પૂજ્ય દાદા ભગવાન તથા પૂજ્ય કનુદાદાજીના આશીર્વાદ અને દષ્ટિકોણને સાર્થક કરવાના જ્ઞાનયજ્ઞમાં સહાય કરશે.

રજનીકાંત એસ.શાહ
એમ.એ.,પી.એચ.ડી
કરજણ.

તારીખઃ ૨૪-૧૧-૧૭

# અનુક્રમણિકા

## ધર્મ


| | | |
|---|---|---|
| ૧. | સ્વાભાવિક ગુણધર્મને વ્યક્ત કરે તે  ધર્મ | ૦૧ |
| ૨. | જ્ઞાનીની દ્દષ્ટિએ ધર્મનું સ્વરૂપ | ૦૩ |
| ૩. | વ્યવહાર ધર્મ-નિશ્ચય ધર્મ | ૦૪ |
| ૪. | શુદ્ધ આત્મા : સગુણ-નિર્ગુણ | ૦૬ |
| ૫. | પ્રાકૃત ધર્મ અને પુરૂષ ધર્મ | ૦૭ |
| ૬. | મનુષ્યનો વિકાસ | ૦૭ |
| ૭. | મતમતાંતર શા માટે? | ૦૮ |
| ૮. | સંસારઃ એક કોયડો. | ૦૯ |
| ૯. | નૈસર્ગિક વ્યવસ્થા અને ભૌતિક વિજ્ઞાન | ૧૦ |
| ૧૦. | પુણ્ય અને પાપ | ૧૨ |
| ૧૧. | બુદ્ધિના પ્રકાર | ૧૫ |
| ૧૨. | વેપારમાં પ્રામાણિકતા | ૧૯ |
| ૧૩. | અવધાનની શક્તિ | ૨૦ |
| ૧૪. | અદીઠ તપ | ૨૨ |
| ૧૫. | નિશ્ચેતન-ચેતન | ૨૩ |
| ૧૬. | સજ્જનતા અને દુર્જનતા | ૨૫ |
| ૧૭. | ઊંઘ | ૨૭ |
| ૧૮. | સ્વપ્ન | ૨૮ |

| | | |
|---|---|---|
| ૧૯. | ભય | ૩૨ |
| ૨૦. | હિતાહિતનું ભાન | ૩૪ |
| ૨૧. | જીવનમાં અનુકૂલન (એડજસ્ટમૅન્ટ) | ૩૫ |
| ૨૨. | કુદરતનો કાનૂનઃ 'ભોગવે તેની ભૂલ' | ૩૬ |
| ૨૩. | સ્વદોષ દર્શન | ૪૦ |
| ૨૪. | ભૂલો | ૪૪ |
| ૨૫. | આડાઈ અને સ્વચ્છંદ | ૪૯ |
| ૨૬. | મતાગ્રહ | ૫૩ |
| ૨૭. | દૃષ્ટિ-રાગ | ૫૪ |
| ૨૮. | વેરભાવ | ૫૪ |
| ૨૯. | સંસારસાગરમાં સ્પંદનો | ૫૫ |
| ૩૦. | ક્લેશ | ૫૮ |
| ૩૧. | સુખ અને દુઃખ | ૬૫ |
| ૩૨. | દોષ દૃષ્ટિ | ૬૮ |
| ૩૩. | સ્મૃતિ | ૬૯ |
| ૩૪. | સગવડમાં અગવડ | ૭૧ |
| ૩૫. | ક્રોધ | ૭૩ |
| ૩૬. | લોભ | ૭૪ |
| ૩૭. | કપટ | ૭૬ |
| ૩૮. | ક્રોધ, માન, માયા અને લોભનો ખોરાક | ૭૬ |

| | | |
|---|---|---|
| ૩૯. | ગૃહખાતુ અને વિદેશખાતુ | ૭૭ |
| ૪૦. | સંયોગો | ૭૮ |
| ૪૧. | અક્રમજ્ઞાન અને ક્રમિકજ્ઞાન. | ૮૬ |
| ૪૨. | જીવની અનંત યાત્રા | ૮૬ |
| ૪૩. | પ્રજ્ઞા | ૮૯ |
| | **અર્થ** | |
| ૪૪. | લક્ષ્મીજી ક્યાં વસે છે? | ૯૪ |
| ૪૫. | નાણાભીડ શા માટે હોય છે. | ૯૫ |
| ૪૬. | બુદ્ધિના ઉપયોગની મર્યાદા | ૯૬ |
| ૪૭. | કરકસર | ૯૬ |
| ૪૮. | કોમન સેન્સઃ | ૯૮ |
| ૪૯. | પ્રારબ્ધ અને પુરુષાર્થ | ૯૮ |
| ૫૦. | કેવળ ભાગ્ય પર આધાર ન રખાય | ૧૦૧ |
| ૫૧. | આધિ-વ્યાધિ –ઉપાધિ (ત્રિવિધ તાપ). | ૧૦૩ |
| ૫૨. | પૂરણ અને ગલન | ૧૦૪ |
| ૫૩. | અસુરક્ષિત અને અનાશ્રિત માનવો | ૧૦૫ |
| ૫૪. | નૈસર્ગિક જીવનની સાહજીકતા | ૧૦૬ |

**ધર્મ** એટલે કોઈ પણ જીવને
કોઈ પણ પ્રકારે સુખ આપવું તે.
અને કોઈ પણ જીવને
કોઈ પણ પ્રકારે દુઃખ આપવું તે અધર્મ.

બસ, આટલો જ ધર્મનો અર્થ
સમજવાની જરૂર છે.

– દાદા ભગવાન

## ૧. સ્વાભાવિક ગુણધર્મને વ્યક્ત કરે તે ધર્મ

જિજ્ઞાસુઃ દાદાજી, ધર્મ એટલે શું?

દાદાજીઃ ધર્મ એટલે પદાર્થનો કુદરતી સ્વભાવ, ગુણધર્મ. આ અર્થમાં 'ધર્મ' શબ્દ ફિલોસોફી તેમજ ધર્મગ્રંથોમાં વપરાયો છે. ઉદાહરણ તરીકે સોનું ક્યારે સોનું કહેવાય? જ્યારે તે સોનાનો ગુણધર્મ કે ખાસિયત ધરાવતું હોય ત્યારે જ સોનું એ સોનું કહેવાશે. જો દ્રાક્ષ ખાટી હશે તો તમે શું કહેશો? દ્રાક્ષ તેના ગુણધર્મ પ્રમાણે નથી. જો પિત્તળ ઊપર ઢોળ ચડાવીને આપની સમક્ષ મૂકવામાં આવે અને એ સોનાની જેમ જ ચમકતું હોય પણ જો આપણે સોનીને ત્યાં લઈ જઈને તેની પરખ કરાવીએ તો આપણને સમજાશે કે એ સોનાનો કોઈ ગુણધર્મ નથી ધરાવતું માટે તે સોનેરી છે પણ સોનું નથી.

બે અલગ પ્રકારની કેરીઓ આપની સમક્ષ મૂકવામાં આવી હોય. એમાંની એક કેરી સોડમાતી હોય છે, તે સૂકાઈને ચીમળાઈ જાય છે અને સડવા માંડે છે જ્યારે બીજી લાકડામાંથી બનાવેલી કેરી છે. બીજી કેરીમાં અસલી કેરીની સોડમ સિવાય બધું જ છે પણ એ કરમાય પણ નહિ. સડે પણ નહિ અને પાછળથી દુર્ગંધ પણ નહી મારે છતાં તે બંને કેરી જ કહેવાય છે. લાકડાની કેરી નામની જ કેરી કહેવાશે કારણ કે એનામાં કેરીનો સહજ ગુણ નથી અને અસલ કેરી એનો ગુણધર્મ ધરાવે છે. એ જ રીતે એના ગુણધર્મ અને સ્વભાવરૂપે હોય તો જ એ મૂળ પદાર્થ કહેવાય.

જુઓ, આપણે પુદ્ગલને શુદ્ધાત્મા તરીકે સમજી બેસવાની ભૂલ કરીએ છીએ. એ મૂળ પદાર્થ નથી અને સહજ ગુણધર્મમાં નથી પણ શુદ્ધાત્માથી વિપરીત છે. જ્યારે શુદ્ધાત્માને જ આપણે આત્મા તરીકે સ્વીકારવો જોઈએ કારણ કે આત્મા એ શુદ્ધ પદાર્થ છે અને તે જ તેનો સાચો અને કુદરતી ગુણધર્મ છે.

દાદાજીઃ તમે કોણ છો?

જિજ્ઞાસુઃ હું અમિત છું.

દાદાજીઃ તમારુંનામ શું?

જિજ્ઞાસુઃ મારુંનામ અમિત છે.

દાદાજીઃ 'હું અમિત છું' અને 'મારું' નામ અમિત છે. આ બંને નિવેદનોમાં તમને કોઈ વિરોધાભાસ જણાય છે? ' નામધારક અને નામ બંને એક અને સમાન શી રીતે હોઈ શકે? જે દિવસે તમને સ્મશાનમાં લઈ જવામાં આવશે ત્યારે તમે તમારુંનામ ગુમાવશો. તમારુંનામ મ્યુનિસિપાલિટીના રજીસ્ટરમાંથી કાઢી નાખવામાં આવશે. મને જણાવો કે આ કોનો હાથ છે? આ કોનો પગ છે?

જિજ્ઞાસુ: મારો જ વળી.

દાદાજી: એ તો તમારા શરીરનું અંગ છે. એમાં તમારું શું છે? તમારી અંદર કોનું મન છે?

જિજ્ઞાસુ: એ મારું મન છે.

દાદાજી: અને આ કોની વાણી છે?

જિજ્ઞાસુ: એ પણ મારી જ છે.

દાદાજી: અને આ કોની ઘડિયાળ છે?

જિજ્ઞાસુ: એ મારી ઘડિયાળ છે.

દાદાજી: આ શરીર કોનું છે?

જિજ્ઞાસુ: આ મારું શરીર છે.

દાદાજી: તમે કહો છો કે એ મારું છે પણ તમને લાગે છે કે નામ અને નામી અલગ જ હોવાં જોઈએ?

જિજ્ઞાસુ: હા ગુરુજી.

દાદાજી: તો પછી તે ધારક કોણ છે? તમે કદીયે એનો વિચાર કર્યો છે ખરો?

જિજ્ઞાસુ: ના હજી સુધી નથી કર્યો.

દાદાજી: આ ઘડિયાળ સારું છે એમ વિચારીને તમે ઘડિયાળ ખરીદ્યું છે, આ કપડું તમે ઝીણવટથી જોઈ વિચારીને ખરીદ્યું છે અને તમને લાગ્યું કે આ સારી સ્ત્રી છે ત્યાર પછી જ તમે તેની સાથે લગ્ન કર્યું છે.

જિજ્ઞાસુ: હા ગુરુદેવ.

દાદાજી: તો પછી મારા પ્રિય અમિત!તમે શા માટે આત્માનો અનુભવ નથી કર્યો ? કહે જોઉં કે આ બધી વસ્તુઓ ક્ષણિક છે કે કાયમી? ખરેખર તો આ બધી કામચલાઉ ગોઠવણો છે. શુદ્ધાત્મા જ સનાતન છે પણ જો તમે શુદ્ધાત્મા સાથે નાશવંત પદાર્થોને જોડવાનો પ્રયાસ કરશો તો શું તમને આ જોડાણથી સાચો જવાબ મળી શકશે ખરો? ગણિતમાં પણ જો તમારું અનુમાન જ જો ખોટું હોય તો પછી સાચો જવાબ શી રીતે મેળવી શકશો? તમે શુદ્ધાત્માને અનુભવ્યો નથી.હવે મને કહો કે આ નાનકડી ભૂલ છે કે મૂર્ખામીભર્યો ગોટાળો છે?

જિજ્ઞાસુ: આ તો ખૂબ જ ભારે છબરડો છે, દાદાજી!

## ૨. જ્ઞાનીની દૃષ્ટિએ ધર્મનું સ્વરૂપ

જિજ્ઞાસુ: દાદાજી, આ જગતમાં જાત જાત અને ભાત ભાતના ધર્મો કેમ હોય છે?

દાદાજી: આપણે જાણીએ છીએ કે વર્તુળને ૩૬૦ અંશ હોય છે. જુદી-જુદી વિચારધારાવાળા લોકો અલગ-અલગ ડિગ્રીઓ પર રહેલા છે અને બધા પોતપોતાના દૃષ્ટિકોણ પ્રમાણે વાસ્તવિકતાને નિહાળે છે. તેઓ તેમના વિચારોની વિભિન્નતા માટે વિવશ છે કારણ કે તેઓ પોતાના દૃષ્ટિકોણથી સચ્ચાઈને જુએ છે. આ બધા એમ માને છે કે તેઓ જે જુએ છે તે જ માત્ર સત્ય અથવા યથાર્થ છે અને તેઓ તેમના દૃષ્ટિકોણ મુજબ સાચા છે. જે ૧૨૦ અંશ પર ઊભો છે તેને હું ૮૦ અંશ પર પાછો બોલાવીને 'હું' પૂછું કે સાચું કોણ છે? તો તે એકદમ સમજી જશે કે આ બધા મતભેદો માત્ર જુદા-જુદા દૃષ્ટિકોણને કારણે જ છે.

દરેક સાપેક્ષ ધર્મ એક ચોક્કસ સ્થાન પર બેઠેલો છે, જે એની યથાર્થને જોવાની દૃષ્ટિ નક્કી કરે છે પણ 'હું' સમગ્ર વર્તુળના કેન્દ્રમાં બેઠેલો છું અને તેથી મારી દૃષ્ટિ દોષરહિત છે માટે બધા જ દૃષ્ટિકોણ એમાં સમાઈ જાય છે. કેન્દ્રસ્થ જ્ઞાનીને યથાર્થની સંપૂર્ણ સૂઝ છે તે પોતાના અનુભવથી સત્યને જાણે-સમજે છે અને તે સત્યની સમજ તમારા સુધી પહોંચાડે છે.

જિજ્ઞાસુ: તો જગતના આ બધા ધર્મો સાચા નથી?

દાદાજી: આ બધા જ ધર્મો સાચા છે પણ તે બધા સાપેક્ષ ધર્મો છે. તેમના મૂળમાં અલગ-અલગ દૃષ્ટિકોણ રહેલો છે. પણ જો તમે સત્યને સમજવા ઈચ્છતા હોવ તો તમારે હવે કેન્દ્રમાં આવવાનું રહ્યું. કેન્દ્રમાં આવવું એ સાચો ધર્મ છે, જેમાં બધા જ પ્રકારની સચ્ચાઈ છે. જે સચ્ચાઈના બધા જ અંશોને સમાવેશ કરે છે એ આત્મધર્મ છે કારણ કે તે જિજ્ઞાસુને આત્માનુભૂતિ તરફ લઈ જાય છે. જે કેન્દ્રમાં બેસે છે તે બધાના દૃષ્ટિકોણને સમાવી લે છે અને તેથી તેને કોઈપણ ધર્મ સાથે મતભેદનું કોઈ કારણ રહેતું નથી. તેથી જ 'હું' કહું છું કે હું જૈનોનો મહાવીર છું, વૈષ્ણવોનો શ્રીકૃષ્ણ છું, સ્વામીનારાયણનો સહજાનંદ છું, ખ્રિસ્તીઓનો ઈશુ છું, પારસીઓનો જરથુષ્ટ્ર છું અને મુસ્લિમોનો અલ્લાહ છું.

'હું' દિવ્યતાનું ઉત્પત્તિસ્થાન છું. તમે જે માગો તે બધું જ આપીશ. જીવનની દરેક ક્ષણનો સદુપયોગ કરો કારણ કે સમય તો સરી જતી રેતીની જેમ સરી રહ્યો છે. જો તમે પરમ પદ માટે તૈયાર હો તો હું તમને પરમાત્મપદ આપવા તૈયાર છું પણ તમે એના માટે કેટલા સજ્જ છો તેના પર બધો આધાર છે. હું પૂર્ણ જ્ઞાન તમને આપી શકું છું પણ એ તમને પચવામાં ભારે પડશે કારણ કે મેં ૩૬૦ અંશ પ્રાપ્ત કરી લીધેલ છે. પણ આ કળિયુગનો સમય એવો છે કે હું પણ માત્ર ૩૫૬ અંશને જ પચાવી શક્યો છું. હું પણ છેલ્લા ૪ અંશ પચાવી નથી શક્યો તેથી હું ૩૫૬ અંશ પર અટક્યો છું. પણ હું તમને સંપૂર્ણ કેવળજ્ઞાન

આપી શકું છું.

આખુંય જગત ભઠ્ઠીમાં ભૂંજાતા શક્કરીયાની જેમ ચારે બાજુએથી ભૂંજાઈ રહેલું છે. હું જોઉં છું કે તે પેટ્રોલની જ્વાળાઓમાં બળી રહ્યું છે માટે મારે તો આ માનવજાતને દુઃખો અને યાતનાઓથી મુક્તિ અપાવવી એ જ મહત્વનું છે. આ દુનિયામાં મારા અસ્તિત્ત્વનો આ જ માત્ર ઉદ્દેશ્ય છે. મારા જ્ઞાનની સમજથી અર્ધું જગત કલ્યાણ પામશે અને અર્ધું જગત મારા અનુયાયીઓ દ્વારા. જો કે હું કોઈ 'કર્તાહર્તા' નથી, હું તો માત્ર એક 'નિમિત્ત' છું.

જર્મનલોકો 'પરમ સત્ય (absolute truth)'ની ખોજમાં છે. એ માટે તેઓ ભારતમાંથી સેંકડો ગ્રંથો લઈ ગયા છે પણ એ શોધવું એ કંઈ સહેલી વાત નથી.'હું' આજે 'પરમસત્ય'માં સ્થિત છું. સમસ્ત સંસાર સાપેક્ષતાના સિદ્ધાંતમાં (theroy of relativity) છે. જેઓ મારી સાથે જોડાયેલા છે અને જેઓ મારા દ્વારા મહાત્મા રૂપે દિક્ષીત છે તેઓ વાસ્તવિકતાના સિદ્ધાંતમાં (theroy of reality) છે.

જગતની આ 'કેશ બેંક ઓફ ઇનસ્ટંટ ડિવાઈન સોલ્યુશન્સ' છે. હું એક જ કલાકમાં તમારા હાથમાં રોકડા મૂકી દઉં છું. હું તમને આત્મામાં મૂકી દઈશ. અન્યત્ર માત્ર વાયદા જ છે અને તે પણ ઉધાર. હપ્તા ભર્યે જાવ. પ્રિય મિત્ર! તમે આ બધું તો ઘણા જન્મોથી કરી રહ્યા છો અને છતાંપણ તમે તમારા લક્ષ્ય સુધી પહોચ્યા નથી,એ કેવું? ક્કારણ કે આગળના જન્મોમાં તમને 'રોકડા' માં ચૂકવણી થઇ નથી. તમને તો પરમાનંદ અથવા મોક્ષ માટે માત્ર ઠાલા વચનો જ મળ્યાં છે.

## ૩. વ્યવહાર ધર્મ-નિશ્ચય ધર્મ

જિજ્ઞાસુઃ દાદાજી, વ્યવહાર ધર્મ અને નિશ્ચય ધર્મ શું છે તે સમજાવો.

દાદાજીઃ કેટલાક લોકો એમ કહે છે કે અમારો તો વ્યવહાર ધર્મ છે પણ ખરેખર એમ ન કહી શકાય. જ્યાં સુધી તમે નિશ્ચય ધર્મને પામ્યા નથી, શુદ્ધાત્માનો અનુભવ નથી કર્યો ત્યાં સુધી તમે શી રીતે વ્યવહાર ધર્મ આચરી શકો? નિશ્ચય ધર્મ અને વ્યવહાર ધર્મને ક્યારે છૂટા પાડી શકાય? જયારે જ્ઞાની તેમની અનંત-અસીમ શક્તિથી તમારા આત્મા અને અનાત્મ વચ્ચે વિભાજક રેખા દોરીને બંનેને જુદા પાડી આપે ત્યારબાદ જ તમે અનુભવ કરી શકો કે આ મારું 'ક્ષેત્ર' અને આ પારકું ક્ષેત્ર. જ્ઞાની બંનેને જુદા પાડે છે : ગૃહખાતું અને વિદેશખાતું. માટે જ્યાં સુધી તમે નિશ્ચય ધર્મને પામ્યા નથી ત્યાં સુધી તમે વ્યવહાર ધર્મ વિષે કેવી રીતે કશું કહી શકો? આ તો બધા લૌકિક ધર્મ કહેવાય. લોકો દ્વારા માનવામાં આવે તે લૌકિક ધર્મ. એ પરંપરાગત ધર્મ છે. એ 'લોકોત્તર ધર્મ' નથી.

ધર્મ શું કરે છે? તે આપણી ખરાબ આદતો ને દૂર કરે છે અને સારી આદતોનું બીજારોપણ કરે છે. આ લૌકિક ધર્મ શું કહે છે? જે તમારા ખરા હિતમાં હોય તે અપનાવો અને જે તમને પ્રતિકૂળ નીવડશે તેને ન અપનાવો. એ તમને શું બોધપાઠ આપે છે? કે

ચોરી કરશો નહીં, કદી પણ જુઠ્ઠું બોલશો નહિ. જેનાથી તમને સરવાળે આનંદ મળે તે કામ કરો વિગેરે. સમસ્ત જગતે એ સ્વીકાર્યું છે કે સત્કર્મો કરવાં એ જ ધર્મ છે! અમે એને લૌકિક ધર્મ કહીએ છીએ. અનિષ્ટ કર્મો તરફથી ઇષ્ટ કર્મો તરફની આપણી ગતિ એટલે લૌકિક ધર્મ જ્યારે શુદ્ધાત્માને પામવો એ નિશ્ચય ધર્મ છે.

જો તમે મોક્ષ ઈચ્છતા હોય તો તમારે નિશ્ચય ધર્મને અપનાવવો જ રહ્યો. નિશ્ચયધર્મમાં વ્યક્તિ ઇષ્ટ અને અનિષ્ટ કર્મોમાંથી છૂટકારો મેળવે છે, સુખદ કે દુઃખદ, ખરું કે ખોટું ..બધી દ્વૈતાત્મક સ્થિતિઓથી મુક્ત થઇ જાય છે. 'સ્વધર્મ' જ નિશ્ચય ધર્મ છે અને તે આત્મધર્મ (અલૌકિક ધર્મ) છે. બાકીના લૌકિક ધર્મો પુદ્ગલ ધર્મો છે. નિશ્ચય ધર્મમાં સંકુચિત ક્ષેત્રો (વાડા) નથી હોતા, કોઈ પંથ નથી હોતો, કોઈ ધજા નથી હોતી, ગ્રહણ પણ નહિ અને ત્યાગ પણ નહિ. કોઈ ભેદભાવ પણ નહિ. નિશ્ચયધર્મ (અલૌકિક ધર્મ) નિષ્પક્ષ ધર્મ છે.

જિજ્ઞાસુ: જો કે ધર્મોમાં તો અનેક પંથ હોય છે.

દાદાજી: પક્ષપાત મોક્ષને અવરોધે છે. લોકો મોક્ષ ચાહે છે અને છતાં પણ મત-મતાંતરમાં સડ્યા કરે છે! જ્યારે તમે એમ કહો કે 'હું જ સાચો છું.' ત્યારે તમે આપોઆપ તમારા પ્રતિપક્ષીને ખોટો પ્રમાણિત કરી દો છો. બીજાને ખોટો કહીને તમે ક્યારેય મોક્ષ પ્રાપ્ત નહિ કરી શકો. પક્ષાપક્ષીની લાગણી અને ભેદભાવોને બાજુએ મૂકીને, સંકુચિત સમર્થન (વાડાબંધી) માંથી બહાર નીકળીને તમે જ્યારે કેન્દ્રમાં આવશો ત્યારે જ અભેદ ચેતનના ધામને પ્રાપ્ત કરી શકશો. પંથને સમર્થન આપી આપીને તમે પંથનો પાયો મજબૂત કર્યો અને તમે તમારી જાતને અસંખ્ય જન્મોની શૃંખલામાં જકડી દીધી. તમારે મુક્તિ જોઈએ છે કે પછી પંથમાં સડયા કરવું છે? જુઓને, ધર્મમાં ઝઘડા કેટલા વધી ગયા છે, ધર્મ વિવિધ પંથોમાં (વાડાઓમાં) વહેંચાઈ ગયો છે. ધર્મમાં પરસ્પર યુદ્ધરત છાવણીઓ ગોઠવાઈ ગઈ છે! જ્યાં ક્રોધ,માન,માયાચાર અથવા લોભ જેવા કષાય હોય ત્યાં ન તો મોક્ષ હોય કે ન ધર્મ હોય. તો પછી લોકો ધર્મમાં તે કષાયોને આશ્રય શા માટે આપે છે? લોકો તેમના સંપ્રદાયિક વાડાને મજબૂત કરવા માટે જ આવું કરે છે ને?

લોકો ધર્મને રેસકોર્સની હદે ખેંચી ગયા છે. તેઓ શિષ્યોની સંખ્યાવૃદ્ધિની હરીફાઈમાં ઉતરી ગયા છે! જો કોઈ આચાર્યને પાંચ ચેલા હોય તો મારે અગિયાર હોવા જોઈએ! એક માણસે ઘેર તેની પત્ની અને બે બાળકો આમ ત્રણ ઘંટ ઘેર છોડી દીધા અને તેના ગળે અગિયાર ચેલાઓ (ઘંટ) વળગાડ્યા! તે આખો વખત પોતાના ચેલાઓ પ્રત્યે આક્રોશ અને ક્રોધ વ્યક્ત કર્યા કરીને અજંપ રહ્યા કરે છે. આવી અજંપાભરી પ્રવૃત્તિને શી રીતે મુક્તિનું સાધન કહેવું?

વીતરાગ તો રાગથી મુક્ત છે માટે તે સામાન્ય રીતે આવી કઠોર ભાષાનો ઉપયોગ નહિ કરે પણ આવા સંજોગોમાં બીજું થઇ પણ શું શકે? તેમની બીમારીઓમાંથી સાજા કરવા પૂર્ણતયા કરુણાવાન અને છતાં પૂર્ણ વીતરાગતા સાથે કઠોર વાણી મારા

હોઠમાંથી સરી પડી છે. જો કે તેમનો પણ કોઈ દોષ નથી. તેઓ પણ મુક્તિ ઝંખે છે પણ તેમના આડે અજ્ઞાન આવે છે. ખરેખર સમય ખરાબ ચાલે છે. અને બધા તેના તોફાની વંટોળીયામાં ફસાઈ ગયા છે. મને તો પૂરેપૂરી સહાનુભૂતિ છે. મારી નજરમાં તો બધા નિર્દોષ છે કારણ કે મારી દૃષ્ટિ નિર્દોષ છે અને એ દૃષ્ટિને કારણે મને આ વિશ્વ બિલકુલ નિર્દોષ જણાય છે.

## ૪. શુદ્ધ આત્મા : સગુણ-નિર્ગુણ

જિજ્ઞાસુઃ કેટલાક લોકોનું કહેવું છે કે ભગવાન અને આત્મા નિર્ગુણ છે.

દાદાજીઃ મારા ભાઈ! તું ભગવાનની શા માટે નિંદા કરે છે? લોકો કહે છે કે ગાંડો માણસ નિર્ગુણ હોય છે! જોકે ગાંડપણ એક જાતનો ગુણધર્મ છે, ગુણ છે. તમે શી રીતે ગાંડા માણસ માટે કહી શકો કે તે ગુણધર્મ રહિત છે? તમે એને ગુણ વિનાનો શી રીતે કહી શકો?

'આત્મા'ને નિર્ગુણ કહીને તેઓ એમ બતાવે છે કે 'આત્મા' તો ગાંડા માણસ કરતાંય નકામો છે! જાણે 'આત્મા' જડ ન હોય! 'આત્મા' ગુણ વિનાનો નથી. એના પોતાના ગુણ છે. આત્મા કે ભગવાનને નિર્ગુણ કહીને લોકો આડા માર્ગે ફંટાઈ ગયા છે અને ગેરમાર્ગે દોરવાયા છે માટે મારી પાસે આવો, હું તમને સાચી સમજ આપીશ.

શુદ્ધાત્મા એના પોતાના એવા સ્વાભાવિક ગુણધર્મ ધરાવે છે જે પ્રકૃતિના ગુણધર્મોથી એકદમ જુદા છે. શુદ્ધાત્મામાં પ્રકૃતિના કોઈ ગુણધર્મ નથી તેથી તે નિર્ગુણ કહેવાય છે. શુદ્ધાત્માના ગુણધર્મ અસીમ છેઃ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત શક્તિ, અનંત સુખ અને અનંત આનંદનું ધામ છે.

આત્માને ગુણ વગરનો શી રીતે કહી શકાય? શુદ્ધાત્મા તેના ગુણથી અલગ નથી માટે જો તમે એમ કહો કે આત્માને ગુણ નથી તો એનો અર્થ એ થાય કે તમે તેના ગુણોને સમજ્યા નથી અને તો આત્માનો અથવા 'સ્વ'નો અનુભવ જ નહિ કરી શકો કારણ કે શુદ્ધાત્મા તેના પોતાના ગુણધર્મોથી અલગ નથી. દરેક પદાર્થની તેની આગવી સ્વભાવગત વિશેષતાઓ હોય છે. જો તમે પદાર્થની વિશેષતાઓને જાણશો તો જ તમે પદાર્થને સમજી શકશો. દા.ત. જો તમે સોના વિષે જાણવા માંગતા હોય તો તમારે સોનાના ગુણધર્મને સમજવા પડે. ત્યારબાદ જ તમે સોનાને અન્ય ધાતુઓથી અલગ પાડી શકો. સોનું તેના વિશેષ ગુણ-લક્ષણથી અલગ ન હોઈ શકે. ફૂલ અને તેની સુગંધને જુદા ન પાડી શકાય. તેની મહેક પરથી આપણે કહી શકીએ છીએ કે આનું ફૂલ છે. એ જ રીતે 'આત્મા'ને તેના વિશિષ્ટ ગુણો દ્વારા જાણી શકાય છે અને એ જ રસ્તો 'શુદ્ધાત્મા'ને જાણવા માટેનો છે. વ્યક્તિએ 'સ્વ'નો ધર્મ સમજવાની જરૂર છે. આપણે અનંતાનંત જન્મો દ્વારા પ્રકૃતિના ધર્મને જાણ્યા છતાં પણ કોયડાનો ઉકેલ નથી મળ્યો. આપણે આપણી મંજિલને 'પામ્યા' નથી.

જિજ્ઞાસુઃ જુદા-જુદા ધર્મોમાં જુદાં-જુદાં વિધિ વિધાન અને આચાર જોવા મળે છે..

દાદાજીઃ આ બધા ધર્મો સાપેક્ષ છે. વિશ્વના પ્રવર્તમાન ધર્મો પ્રકૃતિના ધર્મો છે, દેહની પ્રકૃતિ. શુદ્ધાત્માનો ધર્મ એ જ સર્વશ્રેષ્ઠ ધર્મ છે. એ જ સાચો ધર્મ છે. દેહને સ્નાન કરાવવું, ખવડાવવું, અથવા ઉપવાસ કરાવવો અને અન્ય વિધિ વિધાનો, આ બધા તો સાપેક્ષ ધર્મો છે.

પ્રવર્તમાન ધર્મો અને તેમનું આચરણ પ્રકૃતિ સાથે સંબંધિત છે અને એટલે જ તે કોઈ મેળ વગરનું અને કોઈના કાબૂ બહારની બાબત છે, કારણ કે તે આત્માના સ્વક્ષેત્રની બહારની બાબત છે.

## ૫. પ્રાકૃત ધર્મ અને પુરૂષ ધર્મ

જિજ્ઞાસુઃ આ વિશ્વમાં જુદા જુદા સ્વભાવવાળા લોકો છે.

દાદાજીઃ સર્વ વિકલ્પો, દાખલા તરીકે 'હું આ છું.'; 'હું ફલાણો છું' વગેરે પ્રકૃતિના ક્ષેત્રમાં આવે છે.

જેમ કે વૈશ્ય, ક્ષત્રિય અથવા મુસ્લિમ તેની પ્રકૃતિના ગુણ પ્રમાણે ઓળખાય છે. વૈશ્ય વિચારશીલ અને ડહાપણભર્યો સ્વભાવ ધરાવતો હોય છે. પટેલ તો ક્ષત્રિય છે એટલે સ્વભાવે બહાદુર હોય છે. પટેલ તેના વિરોધીનો શિરચ્છેદ પણ કરી દે; પણ જો તે રીઝે તો પોતાની જાતનું બલિદાન પણ આપી દે. સાચે જ વ્યક્તિએ-વ્યક્તિએ સ્વભાવ જુદો હોય છે. અને આ ફરક અનહદ હોય છે.

મન, વાચા અને કાયા પ્રકૃતિના ત્રણ હિસ્સા છે. આ ત્રણે પરિણામસ્વરૂપ (ઈફેક્ટીવ) છે અને જ્યારે ભ્રાંતિને કારણે તેમાં નવા કારણો (causes) મૂળ નાંખી દે છે ત્યારે તેમાંથી કારણ પ્રકૃતિ આકાર લે છે અને તેના પરિણામ સ્વરૂપે કાર્ય પ્રકૃતિ રૂપકમાં આવે છે.

જ્યાં સુધી વ્યક્તિ પોતાના સાચા 'સ્વત્વ'ને ન સમજે ત્યાં સુધી પ્રાકૃત ધર્મ છે જ્યારે પોતે ખરેખર કોણ છે તે સંબંધી શંકાઓ અદશ્ય થઈ જાય અને વ્યક્તિ ખરેખર પોતે શુદ્ધાત્મા જ છે તેવો નિશ્ચય થઈ જાય છે ત્યારે તે 'પુરૂષ' બની જાય છે અને ત્યારબાદ આ કારણ પ્રકૃતિ રચાતી અટકે છે.

## ૬. મનુષ્યનો વિકાસ

જિજ્ઞાસુઃ માણસો બધા જુદા જુદા પ્રકારના હોય છે.

દાદાજીઃ સાચું. મનુષ્યના ચૌદ લાખ સ્તર છે. તેમાં ઊપરના માત્ર પચાસ હજાર સ્તરના લોકો આ સત્સંગને સાંભળવા માટે લાયક છે. બધાને માનવજીવન પ્રાપ્ત તો હોય પણ સઘળા માનવો એકસરખા વિકસિત ન હોઈ શકે. આંતરિક વિકાસ માટે દરેક લોકોની પોતાની કક્ષા હોય છે અને તેમનો ભગવાન પ્રત્યેનો અભિગમ તેમના પોતાના વિકાસ મુજબ હોય છે અને

કુદરતના કાયદા મુજબ તેમનો તેમના ભગવાન પ્રત્યે સમર્પણ ભાવ, ભક્તિ અને શાસ્ત્રો તેમના વિકાસને અનુરૂપ જ હોય છે.

મનુષ્યોને તેમના વિકાસ પ્રમાણે જુદા-જુદા ધોરણો (સ્કૂલની જેમ ) હોય છે અને તેમના પોતાના વિકાસને અનુરૂપ ભગવાન પ્રત્યેની માન્યતા ધરાવે છે.

આ બધાં ધોરણો સાપેક્ષ (લૌકિક) ધર્મો બાબતે હોય છે.

### ૭. મતમતાંતર શા માટે?

જિજ્ઞાસુઃ ગુરુદેવ! માણસને લોકો સાથે મતભેદ કેમ થાય છે?

દાદાજીઃ દરેક વ્યક્તિનો પોતાનો દષ્ટિકોણ હોય છે. એટલે તે એક જ પદાર્થને અન્ય કરતાં જુદી રીતે જુએ છે. ચોર તેના પોતાના દષ્ટિબિંદુથી ચોરી કરે છે. ધ્યાન રાખજો, તે પોતે ચોર નથી. બીજાના દષ્ટિ-બિન્દુને ખોટું કહેવું એટલે તેના આત્માને ખોટો કહેવા જેવું છે.

જિજ્ઞાસુઃ એ શી રીતે?

દાદાજીઃ કારણ કે એ એની માન્યતા છે એટલે તે પોતાને દેહ સ્વરૂપ સમજે છે માટે ચેતન માટે આમ કહેવું ખોટું ગણાય. તે તેના દષ્ટિકોણ મુજબ સાચો છે. કેમ કે જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી તેનો દષ્ટિકોણ જ તેનો પૂરેપૂરો આધાર છે. તે જ્ઞાનદિક્ષિત થયા બાદ કેન્દ્રમાં આવે છે અને પછી તેનું અજ્ઞાન અને દષ્ટિકોણ આધારના અભાવે નિરાધાર બની જાય છે.

જિજ્ઞાસુઃ પણ એવા લોકો પણ છે જે દેખીતી રીતે ખોટા હોય છે.

દાદાજીઃ હું કોઈને પણ 'તું ખોટો છે' એમ કહેતો નથી. અરે! હું તો ચોરને પણ ખોટો કહેતો નથી કારણ કે તે તેના દષ્ટિબિંદુ મુજબ સાચો છે. પણ હા, હું તેને ચોરીના કારણે ઉદ્ભવતી અસરોની સમજ આપીશ.

જિજ્ઞાસુઃ માણસે અન્યના વિવિધ અભિપ્રાયો અને મંતવ્યો કેવી રીતે લેવા જોઈએ?

દાદાજીઃ બીજાના દષ્ટિકોણને કદીયે ખોટો કહેશો નહિ. જે બાબત તમને વિપરીત લાગે છે, તે તો સામેવાળાનો દષ્ટિકોણ છે.

જિજ્ઞાસુઃ દાદાજી, સ્યાદ્વાદ એટલે શું?

દાદાજીઃ સ્યાદ્વાદ બધા જ દષ્ટિકોણને સ્વીકારે છે કારણ કે સત્ય જટિલ અને વિવિધતાભર્યું હોય છે. 'હું' કેન્દ્રસ્થ છું જેથી 'હું' સ્યાદ્વાદમાં છું. જો તે કોઈપણ જાતનો વિરોધી દષ્ટિકોણ ન ખમી શકે તો એ સ્યાદ્વાદ શી રીતે કહેવાય?

## ૮. સંસારઃ એક કોયડો.

જિજ્ઞાસુઃ આ સંસારની રચના કોણે કરી છે?

દાદાજીઃ ખ્રિસ્તીઓ કહે છે કે આ જગતનો સર્જક ભગવાન (God) છે. મુસ્લિમો કહે છે અલ્લાહે એની રચના કરી છે. હિંદુઓ કહે છે કે સૃષ્ટિ ઈશ્વરે (ભગવાન) બનાવી છે. આ બધા તેમના પોતપોતાના દૃષ્ટિકોણથી સાચા છે પણ હકીકતમાં ખોટા છે. જો તમારે હકીકત જાણવી હોય તો હું તમને જણાવીશ. જ્યારે કોઈ બાબતનાં બધાં જ પાસાંઓ સ્વીકારાયાં હોય ત્યારે જ તો એ યથાર્થ જ્ઞાન અથવા knowledge કહી શકાય. હું સંપૂર્ણ ૩૬૦ ડીગ્રીને સ્વીકારું છું અને એટલે હું સંપૂર્ણ જ્ઞાની છું. 'હું' કેન્દ્રમાં બેઠેલો હોઈ આ હકીકતોને છતી કરી શકું છું. ભગવાને સંસાર ઘડ્યો છે એવી ચિરપરિચિત માન્યતા છે પણ હકીકતે તે આ સંસારનો સર્જક બિલકુલ નથી.

હકીકતમાં તો આ સંસારને કોઈએ બનાવેલ નથી.

જિજ્ઞાસુઃ તો પછી એનો સર્જક કોણ છે?

દાદાજીઃ આ સંસાર એક આપોઆપ કોયડારૂપ છે. મેં મારા જ્ઞાનથી એને જોયેલ છે. મેં અખિલ સંસાર અને તેની સૂક્ષ્માતિસૂક્ષ્મ વિગતો પ્રત્યે મારા સંપૂર્ણ જ્ઞાનથી દૃષ્ટિપાત કરેલ છે. મેં આ સંસારને બહારથી અને અંદરથી બંને રીતે જોયેલ છે.

કોયડારૂપ આ સંસારને જે ઉકેલે છે એ ઈશ્વરત્વ પ્રાપ્ત કરે છે. જેઓ આમ કરી નથી શકતા તે એ કોયડામાં ખોવાઈ જાય છે અને વ્યગ્રતા અનુભવે છે! મેં આ કોયડાનો ઉકેલ શોધી લીધો છે અને ઈશ્વરત્વને પામ્યો છું. મારા માટે-શુદ્ધાત્મા અને પુદ્ગલ બંને એકદમ અલગ પદાર્થ છે પણ જેઓ તેમને એકદમ પૃથક પદાર્થો છે એ રીતે જોઈ (સમજી) શકતા નથી તેઓ આ કોયડામાં ફસાય છે.

ભગવાન સર્જક નથી, સર્જક ન હતા અને સર્જક બનશે પણ નહી. 'સર્જક' 'Creator` શબ્દનો અર્થ શું છે? સર્જક એ કુંભાર જેવો છે અને કુંભારે મહેનતના નામે વૈતરું કરવાનું હોય છે. શું તમે એમ માનો છો કે ભગવાન મજૂર (વેઠિયો) છે? જો અમદાવાદના આ ઉદ્યોગપતિઓ જરાય મહેનત કર્યા વગર સહેલાઈથી ચાર ઉદ્યોગોને સંભાળી શકતા હોય તો પછી ભગવાને શા માટે આવી મજૂરી કરવી જોઈએ! સખત મહેનત કરનારો માણસ મજૂર જેવો જ છે પણ ભગવાન આવા નથી. અને ધારોકે ભગવાન આ બધાની રચના કરવાની જવાબદારી લે તો પછી બીબામાંથી નીકળતા ઉત્પાદનોની જેમ દરેક્ના ચહેરા એક સરખા બીબાઢાળ હોત અને જો આપણે કહીએ કે ભગવાન તટસ્થ છે તો પછી એક જણ તેના જન્મથી જ ફૂટપાથ પર જીવનભર સૂવે છે અને બીજો ભવ્ય બંગલામાં કેમ રહે છે?

જિજ્ઞાસુઃ તો પછી આ સંસારનું સંચાલન કોણ કરે છે.?

દાદાજીઃ ભલે, હું તને એક જ વાક્યમાં જવાબ આપું છું કે સંસારનું આ જંગી તંત્ર શી રીતે કામ કરે છે. પછી તું પોતે આ બધી વિગતોનું અન્વેષણ કરજે. જો, આ સંસાર વૈજ્ઞાનિક સાંયોગિક પૂરાવાઓના આધારે ચાલે છે. આકાશમાં કોઈને ય ફૂરસદ નથી કે આ વિશ્વના ભારેખમ તંત્રને ચલાવે. હું એને 'વ્યવસ્થિત શક્તિ' કહું છું જે સઘળું તેના વ્યવસ્થિત ક્રમમાં રાખે છે અને નિયમન કરે છે.

## ૯. નૈસર્ગિક વ્યવસ્થા અને ભૌતિક વિજ્ઞાન

આજકાલ વિદેશી રાષ્ટ્રોમાં ભૌતિક વિજ્ઞાન ઘણું વિકસી રહ્યું છે પણ તે Normality પ્રાપ્ત કરે તેની તાતી જરૂર છે. તો જ સુખી થઇ શકાશે. ૯૭ અંશ ફેરનહીટ તે Below Normal તાપમાન કહેવાય છે અને ૯૯ અંશ ફેરનહીટ તાપમાન Above Normal ગણાય છે. ૯૮ અંશ ફેરનહીટ તાપમાન તે સામાન્ય (normal) તાપમાન ગણાય.

અમેરિકા અને અન્ય વિદેશી રાષ્ટ્રો વિજ્ઞાનના વધારે પડતા વિકાસમાં સપડાયા છે અને ભારત (ઇન્ડિયા) જરા ઓછા વિકાસમાં સપડાયેલ છે. નોર્માલિટી ખૂબ જ આવશ્યક છે. આ વિદેશીઓ વધારે પડતી બિનજરૂરી શોધખોળોમાં ખોવાઈ ગયા છે. છતાં પણ તેમને જે જોઈએ છે તે મળતું નથી. આ એ બતાવે છે કે તેઓ ગેરમાર્ગે અટવાયા છે. અત્યારે તો તેઓ એટલા બધા અસહજ બની ગયા છે કે તેમની કારમાં પંક્ચર થયું હોય તો તેની માહિતી કોઈ ટૅકનોલોજી દ્વારા મળે એટલા માટે સાધન રાખે છે!

પશ્ચિમના લોકો ભૌતિકવિજ્ઞાનના ક્ષેત્રે ખૂબ જ આગળ વધી ગયા છે.તેઓ એટલા બધા અસહજ થઇ ગયા છે કે લોકો હવે એમ કહેશે કે 'અમારે આ વૈજ્ઞાનિકો જ જોઈતા નથી.' આ બધી ક્રાન્તિકારી પરિવર્તનોની તૈયારીઓ છે, સર્વાંગી પરિવર્તનની જોરદાર તૈયારીઓ છે.

મારા પ્રિય વૈજ્ઞાનિકો! આ શરીરને ઉપયોગી એવા સાધનોની શોધખોળ કરો. લોકોને રોજ હજામત કરવાની હોય છે .....એવું કાંઇક શોધી કાઢો કે તેમની દાઢી રોજ ઉગે જ નહિ! આ શરીરને ખરેખર જેની જરૂર છે અને દરેક જણ તેની જરૂરિયાતો પૂરી કરી શકે તેવી શોધખોળોની જરૂર છે.

જુઓ, એકાએક ભારે વરસાદ થવા માંડે અને અટકવાનું નામ જ ન લે તો શું થાય? બધે નુકસાન પહોંચાડે. અતિરેક હંમેશા તકલીફ વધારે છે અને નુકસાન પહોંચાડે છે.

જિજ્ઞાસુઃ આપણે સામાન્ય (Normal) જીવન કેવી રીતે જીવવું જોઈએ?

દાદાજીઃ જુઓ, લોકો તો જરાક વધારે ગરમી પડે તો બુમરાણ મચાવી દે છે. એક દિવસ મારા એક મિત્રની બૂમ હતી કે 'આજે તો ભારે ગરમી છે! ઓહ! ભારે ગરમી છે.' ત્યારે મેં કહ્યું કે ધારો કે તમને ગરમીના નિયંત્રણ કેન્દ્રના નિયામક પદે નિયુક્ત કરવામાં આવ્યા હોત તો તમે કેટલી ગરમી પડવા દેત? પછી તેમણે કહ્યું કે હું પણ એટલી જ માત્રામાં ગરમી પડવા દેત. પછી મેં કહ્યું કે જો તમે પણ એટલી જ માત્રામાં ગરમી પડવા દેવાના હતા તો પછી બુમરાણ શેની મચાવો છો? આ ગરમી તો કુદરતી છે. જેમ-જેમ જરૂરિયાત ઊભી થતી જાય તેમ-તેમ કુદરત તે જરૂરિયાત પૂરી કરતી હોય છે પણ આ કમનસીબ લોકો કુદરતની વગોવણી કરીને તેની સંવાદિતાને અવરોધવાનો પ્રયત્ન કરે છે.

ધારોકે કોઈ માણસ સરસ ઈસ્ત્રીદાર વસ્ત્રો પહેરીને ક્યાંક બહાર નીકળે અને વરસાદ પડવા માંડે ત્યારે એ વરસાદ પર અકળાય......કોઈ કહેશે કે આજે તો મારી દીકરીનું લગ્ન છે, આજે વરસાદ ન પડે તો સારું. જ્યારે ખેડૂત ચાતકની જેમ વરસાદની ખૂબ જ આતુરતાપૂર્વક રાહ જોતો હોય. જ્યારે આવા વિરોધાભાસ ઊભા થાય ત્યારે કુદરત પણ અવરોધાય.....

આ બ્રહ્માંડીય રચના આપણી લાગણીઓ અને કુદરતના વિવિધ પરિબળો સાથે રચાતી સંવાદિતા (ગોઠવણ) પ્રમાણે કાર્ય કરે છે, માટે કુદરતની પ્રવૃત્તિઓને ખલેલ ન પહોચાડો. તમે કુદરતી રીતે જ ચોક્કસપણે બધું જ પ્રાપ્ત કરશો. કોઈ એમ વિચારે કે આવતી કાલે સૂર્યોદય નહિ થાય તો શું થશે? માત્ર ખલેલ કે અવરોધ. માટે બ્રહ્માંડની પ્રવૃત્તિઓમાં મહેરબાની કરીને કોઈપણ પ્રકારનો અવરોધ ઊભો ન કરો.

જ્યારે પણ કોઈ અતિરેક થાય છે ત્યારે બધું ખતમ થઇ જાય છે. જો કોઈએ લાંબા સમય સુધી બેસવાનું થાય તો એ થકવી દેનારી પ્રક્રિયા બની જાય છે, અને વધારે પડતી ઊંઘ પણ થકવી દેનારું કામ છે. દુઃખ અને સુખ આ બન્ને સાપેક્ષ છે. કલ્પના કરો કે સૂર્યના તાપમાં અમીર માણસ ચાલવા નીકળે તો તે બાવળના કાંટાળા ઝાડના આછા-પાતળા છાંયડામાં પણ આરામ કરવા માટે બેસશે! પણ જો આપણે તેને ત્યાં ચાર કલાક બેસવા માટે કહીશું તો તે એમ કરવાની ના કહી દેશે કારણ કે આવી કાંટાળી જગ્યામાં લાંબો સમય સુધી બેસવામાં તે કંટાળો અનુભવે છે.

જો કોઈ સાત ફૂટ લાંબો માણસ ભારતમાં આવે તો તે ઊંચો દેખાશે અને જો આપણે એવા દેશમાં જઈએ કે જ્યાંના લોકોની ઊંચાઈ સામાન્ય રીતે સાત ફૂટની હોય ત્યાં આપણે વામન દેખાઈશું. માટે હવે તમે સમજો કે આ બધું તો પરસ્પર સાપેક્ષ છે. કોઈ લાંબો લાગે કે ટૂંકો તે પરસ્પર સાપેક્ષ બાબત છે.

જો કોઈ પંચાવન વર્ષની ઉંમરે પણ ભણવા જતો હોય તો લોકો શું કહેશે? મૂર્ખ! તું લગ્ન ક્યારે કરીશ? એ તો અસામાન્ય ગણાય. તેમજ જો બે વર્ષના બાળકને પરણાવીએ તો તે પણ અસામાન્ય ગણાશે.

## ૧૦. પુણ્ય અને પાપ

જિજ્ઞાસુ: ગુરૂદેવ! માણસે શા માટે પુણ્યકર્મો કરવાં જોઈએ અને પાપકર્મોથી દૂર રહેવું જોઈએ?

દાદાજી: જુઓ, આ દુનિયામાં બે સાર તત્ત્વો છે-શુદ્ધાત્મા અને પરમાણુ. જો તમે કોઈને શાંતિ અને સુખ આપ્યું હશે તો તમને પુણ્યકર્મ પ્રાપ્ત થશે અને જો કોઈને દુઃખ આપ્યું હશે તો પાપ કર્મ ઉપાર્જન થશે. પુણ્યકર્મની પારિણામિક અસર એ છે કે તેનાથી સુખ મળે છે અને તમારી ઈચ્છાઓ પણ પૂરી થાય છે. બીજી બાજુ પાપકર્મો પોતાની સાથે એવી પારિણામિક અસરો લાવે છે કે જે તમને દુઃખોની સાથે પીડા આપે છે. આપણું પુણ્યકર્મ આપણી ઈચ્છાને અનુકૂળ ફળ આપે છે અને પાપકર્મ આપણી ઈચ્છાથી પ્રતિકૂળ ફળ આપે છે. તમારા કર્મોને આધારે જ્યારે તમે ભૂતકાળના પુણ્યકર્મ અથવા પાપકર્મોના પરિણામોમાંથી પસાર થશો ત્યારે તમે વળી ફરી એક વખત નવું પાપકર્મ અથવા પુણ્યકર્મ બાંધતા હોવ છો.

જિજ્ઞાસુ: એમ કેમ? કૃપા કરીને વિસ્તારથી સમજાવો .

દાદાજી: (૧)પાપાનુબંધી પાપ: (જ્યારે જૂનાં પાપકર્મથી પરેશાન હો ત્યારે નવા દુષ્કર્મોનું ઉપાર્જન કરવું.) વ્યક્તિ તેનાં પાપકર્મોનાં ફળ ભોગવતો હોય ત્યારેપણ તે પાપકર્મની લઢણમાં ચાલતો જ રહે છે....તે અન્ય સજીવને દુઃખ આપ્યા જ કરે છે અને તેનો ક્રૂર આનંદ મેળવે છે. દા.ત. કસાઈ, માછીમાર કે શિકારી જીવતા જીવને યાતના આપે છે અને નવાં પાપકર્મોનો બંધ કરે છે.

(૨)પુણ્યાનુબંધી પાપ: (જૂનાં પાપકર્મો ભોગવતી વખતે પણ નવાં પુણ્યકર્મોની કમાણી કરવી.)

કોઈ વ્યક્તિ તેનાં જૂનાં પાપકર્મોને કારણે દુઃખી રહેતો હોય પણ નવા સત્કર્મો કરતો હોય, દાખલા તરીકે કોઈ ગરીબ માણસ પોતાના અત્યારના કપરા જીવનમાં પણ નૈતિકતાપૂર્ણ જીવનમૂલ્યોવાળી જિંદગી તરફ આગળ વધતો હોય.

(૩) પાપાનુબંધી પુણ્ય: (જૂનાં પુણ્યકર્મોનાં ફળ ભોગવતી વખતે નવા પાપકર્મોનો બંધ કરવો.) વ્યક્તિ પાછલા શુભ કર્મોનાં મીઠાં ફળરૂપી સુખ માણી રહ્યો હોય છે પણ નવાં ભયંકર દુષ્કર્મોના ઢગલાનું ઉપાર્જન કરે છે. હાલમાં આ કેટેગરીના લોકો વધતા જાય છે. અમીર માણસ પાસે વિશાળ બંગલો છે પણ ત્યાં તે આનંદથી રહી શકતો નથી. તે અનૈતિક રીતે પૈસા કમાવા માટે ઘરની બહાર જ વધારે રહે છે. તેની પત્ની પણ વધારે ને વધારે સમય ઘરની બહાર જ રહીને ફેશન માર્કેટમાં વધારે ને વધારે ખરીદી કરતી રહે છે અને તેની દીકરી પણ કારમાં જ્યાં ત્યાં ફરતી રહે છે. હવે ઘરમાં માત્ર એક જ માણસ રહી જાય છે અને તે છે ઘરનો નોકર! તેના અતીતના ઉમદા કાર્યોને લીધે પેલા અમીર માણસ પાસે વિશાળ બંગલો, કાર, ફ્રીઝ વગેરે છે. પણ હાલમાં તે પાપકર્મો બાંધી રહ્યો છે. તે પોતાનો સમય લોભપૂર્તિ અને આસક્તિમાં વેડફી રહ્યો છે અને તે પોતાની સુખ સમૃદ્ધિનો આનંદ નથી લઈ શકતો. આવા પ્રકારના લોકો હંમેશાં તેમની ઈન્દ્રિયજન્ય ખુશીઓ મેળવવા માટે

બીજાને લૂંટવામાં રચ્યા-પચ્યા રહે છે. અહંકાર અને હઠપૂર્વક કરેલાં તપ તેમજ દુરાગ્રહી ક્રિયાકાંડોના પાલનથી માણસ પાપાનુબંધી પુણ્ય બાંધે છે.

(૪) પુણ્યાનુબંધી પુણ્યઃ (જૂનાં પુણ્યકર્મોના મીઠાં ફળ માણતા હોઈએ ત્યારે નવાં સત્કર્મો બાંધવાં.) વ્યક્તિ તેના પૂર્વ શુભકર્મોનું ફળ ભોગવતો હોય અને સાથોસાથ પોતાના આધ્યાત્મિક વિકાસ માટે શુભ અભ્યાસ તેમજ ધર્મક્રિયાઓને અનુસરે ત્યારે એ વધુને વધુ નવાં શુભકર્મો પ્રાપ્ત કરતો જાય છે અને આખરે મોક્ષનું ફળ પ્રાપ્ત કરે છે.

જે આત્મકલ્યાણ માટે તપ અને વિધિ-વિધાનને સમજી વિચારીને અનુસરે તે પુણ્યાનુંબંધી પુણ્યપ્રાપ્ત કરે છે અને પુણ્યોદયે જો જ્ઞાનીપુરૂષનો સત્સંગ પ્રાપ્ત થઇ જાય તો તેને અવશ્ય મોક્ષની પ્રાપ્તિ થાય છે.

સત્કર્મો વિના કોઈ ધન પ્રાપ્ત કરી શકતું નથી. પારિણામિક પ્રભાવને આધારે તમે જે તે વ્યક્તિના ગત જન્મના પુણ્યકર્મોને સમજી શકો છો .

જિજ્ઞાસુઃ આ જગતમાં સર્વોત્તમ પુણ્યવાનનું જીવન કેવું હોય?

દાદાજીઃ પ્રથમ નંબરે એ કે જેને સહજાસહજ વિચાર આવે અને નક્કી કરે તે કોઈપણ ઈચ્છા વિના કે જરાય મહેનત કર્યા વિના વર્ષો સુધી પ્રાપ્ત થયા કરે તે. બીજા ક્રમે, જે ઈચ્છા રાખે છે અને વારંવાર નક્કી કરે છે તે સાંજે સહેલાઈથી મેળવી લે છે તે. ત્રીજા ક્રમે, જે ઈચ્છા ધરાવે છે અને થોડાક પ્રયત્નો કરીને પ્રાપ્ત કરે છે. ચોથે ક્રમે, જે ઈચ્છા ધરાવે છે અને ઘણા બધા પ્રયત્નો પછી મેળવે છે. પાંચમા ક્રમે ઈચ્છા કરવા છતાં અને ખૂબ જ મહેનત કર્યા બાદ પણ તેને જે જોઈએ છે તે મેળવવામાં નિષ્ફળ નીવડે છે. જુઓ, આ મજૂરી કરનારે ખૂબ જ ભારે પરિશ્રમ કરવો પડે છે, લોકોની ગાળો ખાવા છતાંય પૈસો કમાઈ શકતા નથી અને છતાં તેમને એટલી ઓછી રોજી મળે કે એ કમાણીથી ઘેર રોટલા ભેગા થવાશે કે કેમ એ પણ નક્કી નથી. તેઓ ઘોર પરિશ્રમ કરે છે છતાંય તેમની મહેનતના પ્રમાણમાં તેમને ખાસ કાંઈ મળતું નથી !

જિજ્ઞાસુઃ કેટલાક લોકોનું કહેવું છે કે જો અજાણતાં પાપ થઇ જાય તો તેનું કોઈ ફળ હોતું નથી.

દાદાજીઃ કેમ નહીં? અજાણતાં તમે તમારો હાથ અગ્નિમાં મૂકો પછી તમને સમજાશે કે તેની કોઈ અસર થાય છે કે નહિ? જાણી-સમજીને આચરેલું પાપ અને બેદરકારીમાં આચરેલું પાપ બંને એકસરખાં છે પણ અજાણતાં આચરેલ પાપનું ફળ અજાણ્યે વેઠવાનું છે અને જાણી-સમજીને આચરેલા પાપના ફળને જાણી-સમજીને ભોગવવું પડે......માત્ર આટલો જ ફરક છે.

જિજ્ઞાસુઃ કૃપા કરીને દૃષ્ટાંત આપો.

દાદાજીઃ આપણે બે ભાઈઓનો દાખલો લઈશું. એકની ઉંમર સોળ વર્ષની છે અને બીજો બે વર્ષનો છે. તેમની માતાનું મરણ થયું. બંને ભાઈઓએ આ પાપના ફળની અસરો વેઠવાની જ હતી પણ મોટાએ સભાનાવસ્થામાં વેઠવાનું હતું જ્યારે નાનાને અજ્ઞાતભાવે વેઠવાનું હતું.

સત્કર્મ પણ અજ્ઞાતપણે થઇ શકે છે. દા.ત. તમે ખાંડની બેગ ઘેર લઈ જઈ રહ્યા છો એ બેગમાં ઝીણું કાણું છે. તેમાંથી ખાંડ વેરાઈ રહી છે. આનાથી કીડીઓને લાભ થયો. આ અજાણતા થયેલું સત્કર્મ છે. એટલે એનું ફળ પણ તમે અજાણતાં ભોગવશો. માણસ સત્કર્મ અને દુષ્કર્મના ચક્કરમાં અટવાય છે. તે દુષ્કર્મો અને સત્કર્મોના આ દ્વૈતભાવમાંથી ક્યારેય છૂટી શકતો નથી. જો તે સત્કર્મ કરે છે તો તે દેવગતિનો અનુભવ કરે છે ખરો પણ મોક્ષ પામતો નથી. જો તમે એવા જ્ઞાનીનો સત્સંગ પામવા માટે ભાગ્યશાળી હો કે જે આત્મજ્યોત જગાવે અને તમારા પાપોને બાળીને ભસ્મ કરી નાખે અને શુદ્ધાત્માનો તમારો અનુભવ તમારા હાથમાં ધરી દે તો જ મોક્ષ પામી શકો છો. ત્યાં સુધી જીવમાત્રે આ અટપટા-જટિલ સંસારમાં-ચોરાસી લાખ યોનિમાં ભટકવું જ પડે છે. ઝાડ-પાન વગેરે એકેન્દ્રિય એવા દરેક જીવોથી માંડીને પંચેન્દ્રિયજીવો અંતહીન દુઃખો ભોગવે છે, જેમ કે કોઈ માણસને ગુનેગાર ઠેરવીને અંધાર કોટડીના અંધારામાં પૂરી દેવામાં આવે અને માત્ર બે વખતનું ખાવાનું જ આપવામાં આવે. આત્મા પર આવાં ગાઢ આવરણ હોય છે. જો પંચેન્દ્રિય માનવે આટલું બધું સહેવાનું હોય તો અન્ય એકેન્દ્રિય વગેરે ઓછી ઇન્દ્રિયવાળા જીવોને કેવાં અને કેટલાં દુઃખો સહેવા પડતાં હશે? છ ઇન્દ્રિય ધરાવતું કોઈ પ્રાણી નથી. આ વૃક્ષો અને પ્રાણીઓ તિર્યંચગતિમાં તેમનું આયખું વિતાવે છે. આ તેમને માટે આકરું બંધન છે. માનવ-જીવન એ સાદી જેલ જેવું છે.

આ નારકીય જીવન તો ખૂબ જ રિબાવનારૂ અને કષ્ટદાયી છે. જો હું નરકનું યથાર્થ વર્ણન કરીશ તો તમે બીકના માર્યા મરી જશો. એ ઊકળતા ભાત કરતાં પણ હજારો ઘણું વધારે દર્દનાક છે. માણસ એક ભવમાં કેટલીયે વાર મોતની યાતનામાંથી પસાર થાય છે છતાં મોત આવતું નથી. આ નારકી શરીર તો પારા જેવું છે. દેહના દરેક અંગો વારંવાર કપાય છે અને વારંવાર પુનઃ જોડાઈ જાય છે કારણ કે તેને દુઃખ જ સહેવાનું છે. એટલે મોત નથી. દુઃખ તો સહેવું જ પડે છે. નારકીય જીવન તો આજીવન કેદની સજા સમાન છે.

દેવ-દેવીઓનું જીવન સ્વર્ગલોકમાં નજરકેદ જેવું જ છે અને તેમના માટે પણ મોક્ષ નથી. ઉદાહરણ તરીકે તમે લગ્નના ઉત્સવની મોજમજામાં બધું ભૂલી જાવ છો કારણ કે તમે ઇન્દ્રિયસુખોમાં તલ્લીન થઇ જાવ છો. તમે આઈસક્રીમનો આનંદ ઉઠાવો છો અને તમારી જીભ પણ મધુર સ્વાદના આનંદમાં વ્યસ્ત થઇ ગઈ હોય છે. બેંડનું મધુરું સંગીત કાનને બહુ ગમે છે, વરરાજાની આંખમાં આનંદ તરવરે છે. મીઠી સુગંધ નાકને આકર્ષે છે અને મિઠાઈઓ જીભને તૃપ્ત કરે છે. આમ આ બધી જ પાંચેય ઇન્દ્રિયો પોતપોતાના કામમાં રોકાઈ જાય છે અને છતાંય મન તો અશાંત છે. આવી હાલતમાં 'સ્વ' ની યાદ આવી જ

ન શકે. આવી સ્થિતિ છે દેવ-દેવીઓની અવસ્થાની. તેમનો આનંદ વિપુલ માત્રામાં છે તેથી તેઓ અજાગૃતિની અસરમાં હોય છે. તેમને 'શુદ્ધાત્મા' અને મોક્ષનો કોઈ વિચાર જ નથી આવતો. તેઓ શારીરિક-માનસિક વેદનાઓ, અશાંતિ, ઈર્ષા તેમજ આ વધારે પડતા ઇન્દ્રિય સુખોથી કંટાળો અનુભવે છે. આ તો લગ્ન પ્રસંગના સતત ચાર દિવસ મિઠાઈ અને ગરિષ્ટ ભોજન કર્યા પછી પાંચમા દિવસે તમને સાદો ખોરાક-ખીચડી ખાવાની જ ઈચ્છા થાય એવું છે. આ દેવ-દેવીઓ ધરતી પર માનવીય જીવનની ઈચ્છા રાખે છે અને ભરતક્ષેત્રમાં કોઈ ઉમદા પરિવારમાં જન્મ લેવા ઈચ્છે છે, જેથી કરીને તેઓ પ્રસંગોપાત જ્ઞાનીપુરૂષને પ્રાપ્ત કરી શકે.

જો કોઈ જ્ઞાનીપુરૂષનો મેળાપ થઇ જાય તો જીવનની સમસ્યાઓનો અંત આવી જાય નહીં તો અસ્તિત્ત્વની આ ચાર ગતિઓમાં ભવ ભવના ફેરા ફરવા પડે.

જિજ્ઞાસુઃ આ સંકલ્પ અને વિકલ્પ શું છે?

દાદાજીઃ વિકલ્પ એટલે 'હું' અને સંકલ્પ એટલે 'મારું'. ' હું અમિત છું' એ વિકલ્પ છે. આ સૌથી વધારે શક્તિશાળી વિકલ્પ છે. અને 'આ મારી પત્ની છે.' આ મારાં સંતાન છે અને આ મારો બંગલો, કાર વગેરે છે, આ બધા સંકલ્પ છે (માલિકીપણું).

## ૧૧. બુદ્ધિના પ્રકાર

જિજ્ઞાસુઃ કૃપા કરીને બુદ્ધિ વિષે સમજણ આપો.

દાદાજીઃ બુદ્ધિના બે પ્રકાર છેઃ સમ્યકબુદ્ધિ અને વિપરીતબુદ્ધિ. સમ્યક બુદ્ધિ મોક્ષ તરફ લઈ જાય છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ કર્યા બાદ જ તે મળી શકે છે અને તે ખરેખર સત્ય શું છે તેનું સાચું ચિત્ર આપે છે. બહુ ઓછા લોકો સમ્યક બુદ્ધિને પામી શકે છે અને જયાં સમ્યકબુદ્ધિનો અભાવ હોય ત્યાં વિપરીતબુદ્ધિ ચોક્કસપણે હોય છે. વિપરીત બુદ્ધિ મોક્ષની વિરોધી છે. ઉલટું બતાવીને વ્યક્તિના ઐહિક જીવનનો પાયો મજબૂત કરવાનો બુદ્ધિનો એ સ્વભાવ છે અને સાથોસાથ એ કોઈને પણ મોક્ષ સાધ્ય કરવા દેતી નથી. બુદ્ધિ પોતાની આંખો ઐહિક બાબતો પર ઠેરવી રાખે છે અને આખો વખત લાભ અને નુકસાનની વચ્ચે જ અટવાયેલી રહે છે. તે મોક્ષનો વિચાર કરતી નથી. તે માત્ર સંસારને જ અનુસરે છે.

જિજ્ઞાસુઃ ગુરુદેવ! માણસને વધારે પડતી ચિંતા કોણ કરાવે છે. એમ લાગે છે કે બુદ્ધિ અહીં સહાયતા નથી કરતી!

દાદાજીઃ જેમ બુદ્ધિ વધે તેમ ચિંતાઓનો ગુણાકાર થતો જાય છે. જો બે વર્ષના બાળકની માતા મરણપથારીએ પડેલી હોય તો તે દુઃખનો અનુભવ નહિ કરે. બાળક કદાચ હસતું હોય કે પછી રમ્યા કરતું હોય. જયારે તેનો (માતાનો) બાવીસ વર્ષનો પુત્ર

કદાચ ખૂબ જ રડતો હશે. તેની બુદ્ધિ વિકસિત થઇ ગઈ છે અને તેની સાથે તેની ચિંતાઓ પણ વધી ગઈ છે. મજૂરો ને કોઈ ચિંતા હોય એમ લાગતું નથી. રાત્રે તેમને ઘસઘસાટ ઊંઘ આવી જાય છે પણ પૈસાદારને ઘણી ચિંતા સતાવે છે. અરે રાત્રે તેમને ઊંઘ પણ આવતી નથી. આમ કેમ? તેમની બુદ્ધિ વિકાસ પામી ગયેલી હોય છે. જ્યાં બુદ્ધિ હોય ત્યાં ચિંતાઓ અને અજંપો સાથોસાથ આવે છે. જ્યાં બુદ્ધિ ત્યાં હંમેશાં અહંકાર-'હું કરું છું' આવે; અને તેની સાથે જ ચિંતા આવે. તે બુદ્ધિ આપણને ભગવાનથી વિખૂટા પાડે છે! ભગવાન શ્રીકૃષ્ણે બુદ્ધિને વ્યભિચારિણી કહેલી છે. તેમણે કહ્યું છે કે ''તે જીવને આ સંસારમાં ભટકાવ્યા કરે છે.''

જિજ્ઞાસુઃ બુદ્ધિ કેટલી અને ક્યાં સુધી જરૂરી છે?

દાદાજીઃ જ્યાં સુધી કોઈએ જ્ઞાન પ્રાપ્ત ન કર્યું હોય ત્યાં સુધી બુદ્ધિ ઉપયોગી છે. જો કોઈનો હાથ પત્થર (સંસારી વિટંબણાઓ) નીચે દબાઈ ગયેલો હોય તો હોશિયારીપૂર્વક હાથને કાઢી લેવા માટે તે ઉપયોગી થઇ શકે છે અને તેનો ઉપયોગ ફરીથી તેમાં ફસાઈ ન જવાય તે માટે થઇ શકે છે. તેનો ઉપયોગ ધન સંચય માટે કે કોઈને છેતરવાના કામમાં ન કરવો જોઈએ. આમ કરવામાં મોટો ખતરો ઊભો થાય છે.

ધન આપણને આપણા પુણ્યકર્મોના ઉદયને પ્રતાપે પ્રાપ્ત થાય છે. તે માત્ર બુદ્ધિની જ નીપજ નથી. મોટા-મોટા ઉધોગપતિઓ અને અમીર લોકો પાસે કદાચ બુદ્ધિ ન હોય પણ ધન દોલત તેમને વિપુલ પ્રમાણમાં પ્રાપ્ત થાય છે અને તેમના સેક્રેટરીઓ અને તેમના મેનેજરો પોતાની બુદ્ધિનો ઉપયોગ કરે છે. મેનેજરો ઇન્કમટેક્ષ ઓફિસમાં જઈને શાંતિથી અધિકારીના કટુશબ્દો સાંભળે છે જ્યારે તેમના 'શેઠીયાઓ' તો ઘેર આનંદથી મીઠી નીંદર માણતા હોય છે.

ભગવાને કહ્યું છે કે 'સ્વ'ને પામવા માટેની તમારી દરેક ક્રિયાઓ અને તમારા આચાર-વિચારો વિષે ચીવટ અને ચોકસાઈથી અમે સમજાવ્યું છે તે રીતે નિખાલસતાપૂર્વક આચાર-વિચાર પળાવા જ જોઈએ. તમારી બધી જ ક્રિયાઓ જેમ કે સામાયિક, પ્રતિક્રમણ અને ફરી ફરીને ભૂલો નહિ કરવાનું પ્રત્યાખ્યાન વગેરે જે રીતે સમજાવવામાં આવેલ છે તે રીતે થવું જ જોઈએ. એમાં પોતાની બુદ્ધિ વાપરવાની નથી.

જો આપણે જગતનો તાત્ત્વિક રીતે વિચાર કરીએ તો કોઈનો કાંઈ દોષ નથી પણ સંજોગો એવા છે કે સામેનાની બીમારીઓને મટાડવા માટે અમારે પૂરેપૂરી સહાનુભૂતિ સાથે કડવું કહેવું પડે છે.

દુનિયાના બધા લોકો સદ્‌બુદ્ધિ અને વિપરીત બુદ્ધિની સીમાઓમાં ફાંફાં મારે છે. સદ્‌બુદ્ધિ સારી વસ્તુઓ બતાવે છે અને વિપરીત બુદ્ધિ ખરાબ વસ્તુઓ બતાવે છે પણ છેવટે તો આ બંને બુદ્ધિઓ ભૌતિક જીવન-સાંસારિક જીવન તરફ દોરી જવા માટે નિર્માયેલી છે. માટે, હું તેને વિપરીત બુદ્ધિ કહું છું. વિપરીત બુદ્ધિ આપનાર અને લેનાર બંનેને નુકસાન પહોચાડે છે.

જ્યારે સમ્યકબુદ્ધિ બંનેને માટે લાભદાયી છે. બુદ્ધિને કારણે આપણે ઘણું સહન કરવું પડે છે. જો તમારા પરિવારમાં કોઈ માંદુ હોય અને જો બુદ્ધિ એમ કહે કે એ વ્યક્તિ જીવશે નહિ તો કલ્પના કરો કે શું થાય? બુદ્ધિ તમને આખી રાત રડાવતી રહેશે.

જિજ્ઞાસુ: જુદા જુદા લોકોમાં શું બુદ્ધિનો પ્રકાર અલગ અલગ હોય છે?

દાદાજી: જુઓ, વેપારી લોકો કુશાગ્ર બુદ્ધિવાળા હોય છે. એટલે તેમને વધારે વેઠવું પડે છે. બુદ્ધિના આ પ્રકારનો અભિગમ મોક્ષપથ પર પાછળ પાડી દે છે. મોક્ષ પ્રાપ્ત કરવો એ તો શૂરવીરોનું વીરતાભર્યું પરાક્રમ છે, ક્ષત્રિયો બળવાન હોય છે. આત્મા તો જ્ઞાતિથી પર હોય છે પણ પ્રકૃતિ સંબંધિત લક્ષણો ગૂંચવી નાખે છે અને ભ્રમિત કરી દે છે. ચોવીસ તીર્થંકરો બધા જ ક્ષત્રિય હતા. જ્યારે ક્ષત્રિયોને મોક્ષની ભાવના થાય ત્યારે તેઓ તરત જ નક્કી કરી લે કે આ સંસારી વસ્તુઓ (ભૌતિક પદાર્થો) વ્યર્થ છે. જ્યારે વાણિયા મોક્ષની પ્રાપ્તિ માટે ભાવ આવે ત્યારે પણ આ ભૌતિક પદાર્થો પ્રત્યે મમત્વ રાખતા હોય છે! આવી બુદ્ધિથી ચેતતા રહેજો. મુક્તિપથ પર એ બહુ મોટો ગૂંચવાડો સર્જે છે.

વાણિયાને લોભની ગ્રંથિ હોય છે, જે દેખાતી નથી! જ્યારે ક્ષત્રિય તેના સ્વભાવની ઉગ્રતા સર્વત્ર બતાવે છે! પણ જ્યારે તે તેના કારણે વેઠે છે ત્યારે માર પણ ખાય છે અને પોતાની ભૂલને સમજે પણ છે. મંદિરના ભંડારમાં પૈસા નાખવા માટે જ્યારે ક્ષત્રિય તેના ખિસ્સામાં હાથ નાખીને મુઠ્ઠી ભરીને સિક્કા કાઢે છે ત્યારે નીકળેલા બધા સિક્કાથી ભંડાર પૂરે છે પણ વાણિયો ઘેરથી નક્કી કર્યા પ્રમાણે મંદિરના રસ્તે છૂટ્ટા કરાવીને પરચૂરણ લઈને દરેક મંદિરમાં પાંચ કે દશ પૈસા ભંડારમાં પૂરશે. વણિકને શુભ ઈચ્છા ઉદય પામી હોવા છતાં. હજીયે તે તેની બુદ્ધિનો ઉપયોગ કરે છે!

જિજ્ઞાસુ: પણ બધા કહે છે કે પૈસા કમાવા માટે બુદ્ધિ અનિવાર્ય છે.

દાદાજી: ધન-દોલત શું છે? એ તો પૂરણ અને ગલન એટલે કે ભરણ અને બહાર ખાલી કરવું. જો તે પ્રવાહમાં આવક હોય તો તે બહાર વહાવી દેવું પણ જરૂરી છે. એ તો ખાતાવહીમાંનો હિસાબ છે. પણ લોકો અહીં બુદ્ધિનો ઉપયોગ કરીને ડખો કરી મૂકે છે. આ નાદાન લોકો તેમની શક્તિ પૂરણ અને ગલનમાં જ વેડફી દે છે. પૈસો તો બેંક બેલેન્સ છે. માત્ર ખાતુ જ અને તે પણ પૂર્વનિશ્ચિત છે! છતાં લોકો પૈસા કમાવામાં તેમની બુદ્ધિ વાપરે છે અને આમ પોતાનું ધ્યાન અને આવનારો ભવ આ બધું વેડફી નાખે છે.

જિજ્ઞાસુ: વ્યવસાયિક બાબતો અટપટી અને વિષમ હોય છે અને તેમાં ઘણી બુદ્ધિ વાપરવી પડે.

દાદાજી: સામાન્ય વ્યવહારમાં બુદ્ધિનો ઉપયોગ પર્યાપ્ત હતો પણ લોકો તો છળ-કપટની કળામાં હોશિયાર થઇ ગયા છે. ચાલ (trick) એટલે ઓછી બુદ્ધિવાળા બીજા વ્યક્તિનું શોષણ કરવું અને તેની વસ્તુઓ પચાવી પાડવી. તેને પોતાની શઠબુદ્ધિ દ્વારા છેતરવો. ચોરની જેમ આ ચાલબાજ પણ ખૂબ જ પહોંચેલી માયા હોય છે. આવા ચાલબાજને તો ભયાનક

નારકીય જીવનની સજા જ મળે. જેઓ વાણિયાબુદ્ધિ વડે પોતાના સ્વાર્થને પોષતા હોય તે તેમના પડોશીઓના હિતની પણ પરવા કરતા નથી. પોતે સ્વબુદ્ધિથી રચેલી વાડને કારણે તેઓ સાંસારિક જીવનવ્યવહારમાં પણ શી રીતે શોભે? વાણિયાબુદ્ધિવાળો માણસ તેના સ્વાર્થને જ ધ્યાનમાં રાખે છે. તે હંમેશાં સ્વાર્થવૃત્તિમાં જ રચ્યોપચ્યો રહેતો હોય છે.તે કદીયે પોતાનો સ્વાર્થ ઉઘાડો પડી જાય એવો શબ્દ નહિ બોલે.

જો તમે વાણિયાબુદ્ધિ માણસને કોઈક બાબતનો ન્યાય કરવાનું કહેશો તો તે એ બાબતની દરકાર રાખશે કે સામેવાળી વ્યક્તિ રાજી થશે કે નારાજ થશે અને સાથે-સાથે તેનો મત-મંતવ્ય એવો તો સગવડીયો હશે કે સામેવાળા પક્ષે કોઈ નારાજ ન થાય. તે એને નારાજ ન થવા દેવા માટે જુઠ્ઠું પણ બોલશે! તે કદાચ ખોટો ચુકાદો પણ આપી દે. પણ માંહે બેઠેલો ભગવાન, આ બધું સારી રીતે જુએ છે અને જાણે છે કે તેણે બંને તરફ પડદો રાખેલ છે. જે કડવું ન લાગે તેવું પણ સાચું બોલવું જોઈએ પણ આ માણસ સત્યને છુપાવીને ખોટા ચુકાદા આપે છે. કોઈ ગુનેગારને નિર્દોષ સાબિત કરવો એ તો પોતાને શિરે ભારે મોટી જવાબદારી નોતરવા જેવું છે. દરેકે સત્યને તેના હકીકત રૂપમાં જ કહેવું જોઈએ.

કોઈ એમ પૂછી શકે કે આમ કેમ? આના કારણો કયા છે? જવાબ એ છે કે વાણિયાબુદ્ધિ સંકુચિત, સ્વાર્થી લુચ્ચાઈવાળી અને ચીલાચાલુ રીતે સારા સંબંધો સાચવવા અને શાંતિ-એખલાસ જાળવવા માટે સામેવાળી પાર્ટીને અંધારામાં રાખે છે. તેની અંદર બધા જ અનિષ્ટો સાચવી રાખેલા હોય છે જે સ્વાભાવિક રીતે તેને મોક્ષ પ્રાપ્ત કરે ત્યાં સુધી પીડા આપે અને પજવણી કરે. તે તેને ભયાનક ત્રાસ પહોંચાડે છે અને સહેલાઈથી મોક્ષ પ્રાપ્ત ન કરવા દે.

ઘણા વણિક બુદ્ધિવાળા લોકો જંતુને મારતા નથી કે કોઈના ખિસ્સામાંથી લઈ પણ લેતા નથી, આમ સ્થૂળ ચોરી અને સૂક્ષ્મ હિંસા છોડી દીધી પણ સૂક્ષ્મ ચોરી અને અતિસૂક્ષ્મ ચોરીઓ મોટા પાયે ચાલતી હોય છે. આ સ્થૂળ ચોરીવાળાની જમાત તો કયારેક આગળ આવશે પણ સૂક્ષ્મ ચોરી કરનારા પેલા શઠચોરો કદી ઊંચા નહિ આવે.

ભગવાને આને 'સૂક્ષ્મહિંસા' કહી છે. તેમણે ચેતવેલ પણ છે કે બંદૂકધારી હત્યારાની સમસ્યાનું તો ટૂંક સમયમાં નિવારણ થઇ જશે પણ ચાલબાજ વ્યક્તિની સમસ્યાનું નિવારણ નહિ થાય. હત્યારો ક્યારેક મોક્ષ પ્રાપ્ત કરશે પણ બુદ્ધિથી સૂક્ષ્મ હિંસા કરનાર વ્યક્તિ તો અંધારામાં હવાતિયાં જ મારતો રહેશે. બંદૂકધારી હત્યારો નરકમાં જશે, ફરીને પાછો આવીને મોક્ષનો માર્ગ શોધશે પણ હોશિયારીથી મારનારો દુન્યવી કીચડમાં ઊંડેને ઊંડે ખૂંપતો જશે. તેની પાસે ધનના ઢગલા હશે, જેનું તે દાન પણ કરી શકે છે અને આમ બીજ ઉગતાં જ જશે અને સાંસારિક જીવન પણ ચાલતું જ રહેશે. આ બધી પૉલીશવાળી ટ્રીક કહેવાય. જ્ઞાનીપુરૂષમાં ચાલબાજીનો ગુણ (પ્રપંચ) નથી હોતો.

શું વાણિયાબુદ્ધિ વ્યક્તિ ચાલ પર નથી નભતો? ચાલબાજી બિલકુલ ન આવડવી તે સારી બાબત છે. હું જ્ઞાન પ્રાપ્ત કરતા

પહેલાં લોકોને આવી યુક્તિ-પ્રયુક્તિઓ શીખવાડતો હતો પણ તે માત્ર તેના પ્રત્યે કરુણાભાવ ઉપજવાને કારણે અને તેમાં હું જાળમાં ફસાઈ ગયો. પછી મેં આવું કરવાનું છોડી દીધું. કોઈ રમત (ચાલબાજી) નહિ. માત્ર જીવન જેવું છે એવું જીવવું. મન, વચન અને કાયાથી એકરાગ (સંવાદિતા) હોવો જોઈએ, કોઈ વિસંવાદિતા ન હોવી જોઈએ.

ધારો કે તમે આ ઘડિયાળ નેવું રૂપિયામાં ખરીદ્યું છે અને પછી એકસોને દસ રૂપિયામાં વેચી દેવાનો વિચાર કરો છો. તમે શું કરશો? તમે કદાચ એમ કહેવામાં ચાલ ચાલશો કે ''મને આ ઘડિયાળ એકસોને દસ રૂપિયામાં પડી છે અને હું તેની મૂળ કિંમતે જ વેચી રહ્યો છું.'' આવી ચાલ ચાલવા કરતાં, તમે એમ ચોક્ખેચોક્ખું કેમ નથી કહેતા કે મેં આ ઘડિયાળ નેવું રૂપિયામાં ખરીદી છે અને એક્સો દસ રૂપિયામાં વેચવા માંગુ છું? જો ખરીદનારની તે લેવાની ખરેખર ઈચ્છા હશે તો તે એક્સો દસ રૂપિયા આપીને પણ ખરીદી લેશે. વ્યવસ્થિત શક્તિ એવી છે કે તમે ચોક્કસ એકસોને દસ રૂપિયા મેળવશો, ભલે ને પછી તમે રમત કરો કે ન કરો. જો કુદરતી વ્યવસ્થા આવી અટલ અને ચોખ્ખી હોય તો તમે શા માટે આવી રમતો કરીને જવાબદારી વહોરો છો. તમે નાહક જવાબદારી વહોરી લો છો અને તેનું પરિણામ તમારું અધઃપતન છે.

લક્ષ્મીજી તમારી શા માટે ઉપેક્ષા કરે છે? કારણ કે તમે ચાલ પર ચાલ રમતા રહ્યા છો. ચાલ રમવાની આદતમાં જ તમે મોટા થયા છો. અન્યથા વાણિયો તો વેપાર કરે અને પ્રામાણિકતાથી વેપાર કરીને પૂરતું ધન કમાય. તેને કદીયે નોકરી કરવાની હોય ખરી?

## ૧૨. વેપારમાં પ્રામાણિકતા

જિજ્ઞાસુ: વેપારી તરીકે વ્યક્તિએ શું કરવું જોઈએ?

દાદાજી: હું તમને તમારા માટે સૌથી હિતકારી વાત કરીશ. ''ચાલબાજી કરવાનું છોડો. પ્રામાણિકતાથી વેપાર કરો.'' તમારા ઘરાકોને સાચું કહો કે તમે માત્ર ૧૫% નફો ચડાવો છો અને જો તેમને માલ લેવો હશે તો ખરીદશે. ભગવાને શું કહ્યું છે? ''જો તમને ત્રણસો રૂપિયા મળવાના હશે તો અચૂક મળશે જ. ભલે પછી તમે ચાલબાજી કરો કે પછી ઈમાનદારીથી ધંધો કરો. તમને એક પાઈ વધારે નહિ મળે કે ઓછી નહિ મળે.'' તો પછી શા માટે ચાલબાજી કરવાનું કે ચોરી કરવાનું જોખમ લો છો? તમે થોડા દિવસ તમારો વેપાર ચોખ્ખી રીતે અને ન્યાય-નીતિપૂર્વક કરો અને પછી જુઓ કે શું થાય છે? શરૂઆતમાં તમને છ મહિના કે વરસ દિવસ થોડીક તકલીફ રહેશે પણ પછી તો તમારો ધંધો ખૂબ ફાલશે. તમે સારું કામકાજ કરશો. લોકો પણ એ સમજી જશે કે આ માણસનો ધંધો ચોખ્ખો અને પ્રામાણિક છે અને વિશ્વસનીય છે. તે ઘાલમેલીયો નથી અને પછી તો ગ્રાહકો તમારી દુકાને આવતા જ રહેશે અને તમારે એમને પંપાળવાની કે ખુશામત કરવાની જરૂર પણ નહિ રહે.

તમારી દુકાને આવનાર ગ્રાહકોની સંખ્યા વ્યવસ્થિતશક્તિના ક્ષેત્રની અંદર રહેલી છે અને તે સદૈવ સુયોજિત અને

સુવ્યવસ્થિત છે પણ કાઉન્ટર (ગલ્લા) પર બેઠેલો દુકાનદાર મનમાં એમ વિચારતો રહે કે'' જો હમણાં ગ્રાહક આવે તો સારું; હું ઈચ્છું છું કે ગ્રાહક હમણાં આવે.'' એમ વિચાર્યા કરીને પોતાનું ધ્યાન અને સમાધિને પણ બગાડે છે. માટે જો કોઈએ નક્કી કરી રાખ્યું હોય કે ઈમાનદારીથી ધંધો કરવો છે તો તેને મળશે જ. ભગવાને કહ્યું છે કે ''જો તમે આહાર અને સોનામાં ભેળસેળ કરશો તો તમે એ રીતે ભયંકર અપરાધ કરી રહ્યા છો.'' કચ્છીઓ પણ આ ચાલબાજીની ભયાનક બીમારીના શિકાર છે અને એ કળામાં તો તેઓ વાણિયાને પણ પાછળ રાખી દે તેવા થઈ ગયા છે!

જિજ્ઞાસુઃ આ સમય એવો છે કે માણસે આવા ચાલબાજો અને ખોટું થતું હોય તો આંખ આડા કાન કરી દેનારા લોકો વચ્ચે રહેવાનું હોય છે.

દાદાજીઃ તમારે એ વાત હંમેશાં ધ્યાનમાં રાખવી કે તમે આ બધી રમતોથી કેવી રીતે દૂર રહો. જો તમારા મનમાં આ ભાવ હોય તો તમે પશ્ચાત્તાપ દ્વારા આ મોટી જવાબદારીમાંથી બચી જશો અને તમને સાનુકૂળ સંજોગો આવી મળશે જેમાં તમારે કોઈ ચાલ નહિ રમવી પડે અને તમારો વ્યવસાય પણ વિકસશે. લોકો તમારા ધંધાની પ્રશંસા કરશે.

જો આપણે મુક્તિ ઈચ્છતા હોઈએ તો જ્ઞાનીપુરૂષની સલાહ અને માર્ગદર્શન મુજબ ચાલવું પડશે અને જો આપણે મોક્ષ ન ઈચ્છતા હોય તો પછી ઘેટાચાલ ચાલવી રહી. પણ આપણે મનમાં હંમેશાં સાવધ રહેવું જોઈએ કે મારે આ ચાલબાજીઓમાં લપેટાવું નથી. પછી આપણને મનગમતો પ્રામાણિક વ્યવસાય અવશ્ય મળશે.

આપણી વ્યાવસાયિક નીતિ-રીતિ એવી હોવી જોઈએ કે જો નાનું બાળક પણ આપણી દુકાને આવે તો તેમના મા-બાપને તેના ઠગાઈ જવાની જરાય ધાસ્તી ન રહે.

## ૧૩. અવધાનની શક્તિ

જિજ્ઞાસુઃ દાદાજી, શું દ્વેષભાવ બુદ્ધિને કારણે થાય છે?

દાદાજીઃ ટૂંકી બુદ્ધિવાળાને દ્વેષ વધારે આવે છે. જ્યારે વિકસિત અને ઉદાર બુદ્ધિવાળા માણસને દ્વેષ ન આવે. બુદ્ધિની આવી અનેક બિનજરૂરી ચૂંથાચૂંથ જીવનની સહજ ગતિમાં ગૂંચવાડા સર્જતી હોય છે. જ્યારે આપણે museum (સંગ્રહાલય) માં જઈએ છીએ ત્યારે કોઈ ચીજ પર નફરતનો ભાવ વ્યક્ત કરીએ છીએ ખરા?

જિજ્ઞાસુઃ ઘણા લોકો એકસાથે ઘણાં કામ કરી શકે તેવી સમર્થ બુદ્ધિ ધરાવતા હોય છે.

દાદાજીઃ માણસની બહુવિધ પ્રવૃત્તિઓ પર ધ્યાન આપવાની ક્ષમતા બુદ્ધિ-શક્તિ પર અવલંબે છે. ચોરી કરતી વખતે ચોરોનું એક જ સમયે સોળ જેટલી બાબતો પર ધ્યાન હોય છે! ચોર કાંઈ પણ ખાધાપીધા વિના ચોરી કરવા માટે નીકળે છે એટલે તેની

એકાગ્રતાની શક્તિ વધી જાય છે જે તેને ચોરી કરતી વખતે એકીસાથે અનેક બાબતોમાં ધ્યાન રાખવામાં સહાયક થાય છે. ચોરી ક્યાં કરવી? કઈ જગ્યાએ? ક્યારે? પોલીસ ક્યાં છે? ખિસ્સું ક્યાં છે? કયા ખિસ્સામાં પર્સ છે? કેવી રીતે પર્સ તફડાવવું? કેવી રીતે બચીને ભાગી જવું? કયા દરવાજેથી ભાગી જવું? આમ એક જ સમયે ચોર આવી સોળ જેટલી બાબતો પર ધ્યાન આપી શકે છે !

પૂર્વજન્મમાંથી તેની બુદ્ધિના આશય સાથે કર્મનો જથ્થો પણ માણસ લઈને આવે છે અને તે રૂપકમાં આવે છે અને તે અનુસાર આ જન્મમાં વ્યવહાર આચરે છે. ખરેખર, જીવન એટલે પૂર્વકર્મનો જથ્થો Discharge થવાની પ્રક્રિયા, બીજું કશું જ નહિ !

મનની અનેકવિધ ધ્યાનની શક્તિ વધારે હોય પણ જો તમે વધારે પડતી મિઠાઈ ખાધી હોય તો તે શક્તિ ઘટી પણ શકે છે. જો અનેકવિધ ધ્યાનની શક્તિ જ્ઞાનને પરિણામે હોય તો તેમાં કોઈ વધ-ઘટ નહિ થાય.

જિજ્ઞાસુઃ શું બુદ્ધિ એ માયા છે?

દાદાજીઃ ના, જેને માયા કહેવામાં આવે છે તે ખરેખર તો અજ્ઞાન છે. જ્યારે કોઈને જ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે અજ્ઞાન અથવા માયા ભાગી જાય છે અને ધીમે-ધીમે ક્ષીણ થઈ જાય છે પણ અંતઃકરણ તો રહે જ છે. બુદ્ધિ રહે જ છે. તે સાંસારિક જીવનમાં ફાયદા મેળવવા માટે ઘોંચપરોણો કર્યા કરે છે અને સંસારભરમાં રખડાવે છે. આ બુદ્ધિ કેવી છે? કોઈ તમારા દીકરાને જાળમાં ફસાવવા માંગે તો તમારી બુદ્ધિ તમને તેમાં હસ્તક્ષેપ કરવા માટે ફરજ પાડશે જ.

સાચું કહીએ તો વ્યવસ્થિત શક્તિ જ દુનિયામાં બાબતોનું સંચાલન કરે છે. છતાં પણ બુદ્ધિ આ બધામાં માથું મારે છે. સૌથી પહેલાં તો મન બુદ્ધિને સંદેશો આપે છે. તે મનને પૂછે છે કે તેં શું કહ્યું? શું?...અને દખલ કરે છે. દરેક બાબતમાં બિનજરૂરી રીતે માથું મારવા માટે બુદ્ધિ હંમેશાં તૈયાર જ હોય છે. જ્યારે પોતે રાત્રે ઊંઘમાં કોઈ સપનું જોતો હોય ત્યારે બુદ્ધિ કોઈ ખલેલ પહોચાડતી નથી તેથી તો તેની અંદર બધું સારું જ ચાલે છે. તો પછી તમે કેમ સમજતા નથી કે આ જાગૃતાવસ્થા પણ સ્વપ્ન જ છે!

જિજ્ઞાસુઃ એમ! કૃપા કરીને ઉદાહરણ આપો.

દાદાજીઃ ધારો કે મોટર ડ્રાઈવર કાર ચલાવે છે અને તેની સામેની તરફથી બીજું વાહન આવતું હોય અને તે વખતે તેની સાથે બેઠેલું કોઈ જો ડ્રાઈવરનો હાથ પકડી લે તો શું થાય? તેના પરિણામે કદાચ અકસ્માત થાય. પણ લોકો બહુ હોશિયાર હોય છે. તેઓ સ્ટીયરીંગ વ્હીલ પકડી નથી લેતા કારણ કે તે ડ્રાઈવરના હાથમાં સલામત છે. દરેક જણે પોતપોતાના કામમાં જ ધ્યાન આપવાનું હોય. લોકો કાર વિષયક બાબતમાં આ સત્યને સમજે છે પણ તે પોતાની અંદર જે કાંઈ બને છે તેને સમજવામાં

નિષ્ફળ નીવડે છે. ત્યાં તો પોતે દખલ કરે છે એટલે બિનજરૂરી હસ્તક્ષેપ થાય છે. જો લોકો દખલ કરવાનું બંધ કરી દે તો કોઈપણ જાતની અવ્યવસ્થા કે ગૂંચવાડા ઊભા થાય જ નહિ. માટે જે રીતે કાર ચલાવતા ડ્રાઈવર પર કાર ચલાવવાનું છોડી દેવાય છે તે રીતે ઘટનાઓને પણ સાહજિક રીતે ઘટવા દેવી રહી.

જિજ્ઞાસુ: તત્ત્વબુદ્ધિ કોને કહેવાય?

દાદાજી: "હું શુદ્ધાત્મા છું", એ સમજી જવાય તેને તત્ત્વબુદ્ધિ કહેવાય. જો કોઈ આ સત્યને સમજી જાય તો તેની દેહબુદ્ધિ વિનષ્ટ થઇ જાય. જે બુદ્ધિ માત્ર દેહ પૂરતી જ મર્યાદિત હતી તે તત્ત્વમાં પરિણમે છે. તત્ત્વબુદ્ધિ એ જ સમ્યકબુદ્ધિ છે. જ્યારે સાચું જ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે સમ્યક્બુદ્ધિનો આવિર્ભાવ થાય છે. એની ગેરહાજરીમાં વિપરીત બુદ્ધિનું શાસન પ્રવર્તિત રહેતું હોય છે.

## ૧૪. અદીઠ તપ

જિજ્ઞાસુ: દરેક ધર્મે જુદાં-જુદાં તપ નક્કી કરેલાં છે, તેમાંથી કયું તપ કરવું સારું?

દાદાજી: સાચુ તપ તો અદીઠ-અગોચર હોવું જોઈએ.

જિજ્ઞાસુ: એ શી રીતે?

દાદાજી: જુઓ, અહંકાર તો જ્ઞેય રૂપમાં છે અને તમે શુદ્ધાત્મા છો. જ્ઞાતા અને જ્ઞેયનો સંબંધ હોય ત્યાં જ્ઞેયનું રક્ષણ શી રીતે કરાય? જો તમે માત્ર અહંકારનું જ રક્ષણ કરો તો તમારે તેની અન્ય આનુષાંગિક નબળાઈઓને પણ બચાવવી પડશે. આ બધા જ્ઞેય છે અને તેઓ અનંત છે. હવે તમારે અદીઠ તપ કરવાનું છે. તમારે ધ્યાન રાખવાનું છે કે તમે અહંકાર વગેરેમાં તન્મય ન થઇ જાવ. પૂર્ણજાગૃતિ જ સાચું તપ છે. અર્થાત અદીઠ તપ છે.

જિજ્ઞાસુ: સાધકે શા માટે અદીઠ તપ કરવું જોઈએ?

દાદાજી: આ અદીઠ તપ કરવું જરૂરી છે કારણ કે પદાર્થોને કેવળ જાણવાને બદલે ચિરકાળથી ખોટી રીતે જીવને પદાર્થો સાથે તન્મયતા કેળવવાની ટેવ પડી ગઈ છે. પદાર્થો સાથે ખોટી રીતે તન્મયાકાર થવાની આ વૃત્તિ અદીઠ તપથી ધીરે-ધીરે નબળી પડશે અને એકવાર તમે જ્યારે અદીઠ તપ કરશો એટલે તમારો અહંકાર નબળો પડશે. પરિણામે જીવનના કોયડાઓ ઉકેલાઈ જશે. એકવાર તમે અદીઠ તપ કરવાનો નિર્ણય કરી લેશો કે તે આપોઆપ થતું જ રહેશે. એ અહંકારનો શો અર્થ કે જે તમને ડગલે ને પગલે અંતરાયરૂપ થાય છે અને તમે સુંદર સોહામણા હોવા છતાંય ભૂંડા દેખાડે છે?

જ્ઞાત કદીયે જ્ઞાતા બની ન જાય તેની જાગૃતિ એ જ આ અદીઠ તપ છે. અહંકારને ઓગાળી દેવામાં રાખવામાં આવતું સતર્ક

ધ્યાન એ અદીઠ તપ જ છે!

જીવનયાત્રા દરમિયાન વ્યક્તિ (જિજ્ઞાસુ) આભ્યંતર અંતરાયોનો સામનો કરે છે. અહંકાર તો ભારે અંતરાય છે. તમારે એનો ઉકેલ લાવવા માટે સુસજ્જ રહેવાનું છે. અરે, અન્યો દ્વારા આપવામાં આવતું માન-તાન પણ અસહ્ય હોય છે.

જિજ્ઞાસુ: એ કેવી રીતે?

દાદાજી: જે વ્યક્તિ અપમાનોને વેઠી શકે છે માત્ર તે જ માન કે સન્માનને વેઠી શકે છે. એકવાર કોઈકે મને પૂછ્યું કે ''લોકો તમને પુષ્પો આપે છે પણ તમે શા માટે સ્વીકારો છો?'' મેં કહ્યું કે ''ભલે તેઓ તમને ફૂલ આપે. ભલે તમને હાર-તોરા પણ કરે પણ તમે તે માન-અકરામને સહન નહિ કરી શકો !'' લોકો તો ફૂલોના ઢગલા જોઈને આશ્ચર્યચકિત થઈ જશે. જ્યારે તમે કોઈની આગળ નમો ત્યારે જો જો કે શું થાય છે, તે એકદમ પોતાની બેઠક ઊપરથી ઊભો થઈ જશે!

## ૧૫. નિશ્ચેતન-ચેતન

જિજ્ઞાસુ: કૃપા કરીને ચેતન વિષે સમજાવો.

દાદાજી: તમારા અસ્તિત્ત્વમાં એકસાથે બે ભાગ રહેલા છે. એક નિશ્ચેતન-ચેતન અને બીજું શદ્ધ ચેતન. તમે નિશ્ચેતન ચેતનને, ચેતન સમજવાની ભૂલ કરો છો. બંને ભાગ મિક્ષ્ચરના રૂપમાં છે અને સંયોજનના રૂપમાં નહિ. અન્યથા બંનેના મૂળ ગુણ અથવા લક્ષણ વિનષ્ટ થઈ ત્રીજો કોઈ પદાર્થ ઊભો થઈ જાત.

જિજ્ઞાસુ: મારા માટે આ બિલકુલ નવી વાત છે!

દાદાજી: લોકો જેને ચેતન તરીકે જાણે છે. હું એને નિશ્ચેતન ચેતન કહું છું કારણ કે એ ચેતન જેવું ભાસે છે, ચેતનને મળતી આવતી લાક્ષણિકતાઓ બતાવે છે પણ એની અંદર ચેતનનો એકપણ સાચો ગુણ નથી. તો પછી તેને શી રીતે ચેતન કહી શકાય?

જિજ્ઞાસુ: કૃપા કરીને થોડાક ઉદાહરણ આપો.

દાદાજી: દાખલા તરીકે, પિત્તળ વિષે વિચાર કરો. જો તેને બફ મારવામાં આવ્યો હોય તેથી શું તે સોના જેવું દેખાતું નથી? તે સોનાનું લક્ષણ ધરાવે છે પણ આપણે જ્યારે સોનીને ત્યાં ચકાસવા માટે લઈ જઈએ છીએ ત્યારે ખબર પડે કે એ સોનું છે કે પછી પિત્તળ. સોની એ તપાસે છે કે એની અંદર સોનાના ગુણ છે કે કેમ? જો તેમાં સોનાની વિશેષતા ન હોય તો પછી તે સોનું નથી. તે સોનાની લાક્ષણિકતા ધરાવે છે પણ એનામાં અસલી સોનાનો મૂળ ગુણ નથી માટે તે અસલી સોનું નથી.એ જ રીતે જે ચેતન જેવું દેખાય છે અને ચેતનની ખાસિયતો ધરાવતું હોય એમ લાગે છે પણ તેની અંદર ચેતનનો એકપણ ગુણ નથી તો

પછી તેને ચેતન શી રીતે કહી શકાય? એટલે હું તેને નિશ્ચેતન ચેતન કહું છું. પિત્તળ સોના જેવું દેખાય છે પણ જ્યારે તેના ઉપર કાટ આવી જાય છે ત્યારે ખબર પડી જાય છે કે તે સોનું નહિ પણ પિત્તળ છે. એ જ રીતે સોનું પણ તેનો ગુણ વ્યક્ત કરે જ છે.

જિજ્ઞાસુ: આપણા શરીરનું કેવું છે?

દાદાજી: આ શરીર પણ મિશ્ર ચેતન છે. અર્થાત નિશ્ચેતન ચેતન. આપણો શુદ્ધાત્મા એ શુદ્ધ ચેતન છે. ગયા જન્મમાં જેની પ્રતિષ્ઠા કરવામાં આવી છે તે જ પ્રતિષ્ઠિત ચેતન એટલે કે મિશ્રચેતન. કાં તો ચેતન એકલું જ બરાબર છે કે પછી અચેતન એકલું જ બરાબર છે પણ મિશ્રચેતનને સમજવું સરળ નથી કારણ કે તે ચેતન જેવી વિશેષતાઓ બતાવે છે તેથી તે ગેરમાર્ગે દોરે છે.

જિજ્ઞાસુ: દાદાજી! એ શી રીતે ગેરમાર્ગે દોરી જાય છે?

દાદાજી: ભગવાને કહ્યું છે કે ''તમે વાવમાં ઊતરીને તમારો પડઘો અનુભવજો પણ કદી મિશ્રચેતન (અન્ય વ્યક્તિ-ખાસ કરીને વિજાતીય વ્યક્તિ) સાથે સ્પંદન કરશો નહિ.''જો મિશ્રચેતન સાથે સામાન્ય વ્યવહાર હોય ત્યાં સુધી કોઈ વાંધો નથી પણ તમારે કદીયે મિશ્રચેતન સાથે લપસવું નહિ. જેમને હું લપસતા જોઉં છું તેમને ચેતવું છું અને મિશ્રચેતનની બાબતમાં તો હું એ વ્યક્તિને જરૂર ચેતવીશ.

જડની બાબતમાં ડર નથી, કોઈ સમસ્યા નથી. આ બીડી પણ અચેતન (નિર્જીવ) છે એટલે મેં કોઈ વાંધો લીધો નથી. આ જડ (અજીવ) વસ્તુ તો તમારા કર્મના ખાતામાં તે પ્રકારના કર્મની સિલક વધી હોય અને જો હિસાબ ચૂકતે ન થયો હોય તો તમારી અંદરના પરમાણુઓ એની જોર-જોરથી માંગણી કરી શકે અને તેથી મને ખૂબ જ તકલીફ અનુભવે. પણ મિશ્ર ચેતન બાબતમાં તો હું ચેતવું કે: ''અરે ઓ મૂર્ખ! જાગ, ભલે અહં સાથે પણ તું ચેતી જા. મિશ્ર ચેતન પ્રત્યે ગાફેલ રહેવું એ અક્ષમ્ય બાબત છે, તમારા આવતા જન્મને પણ એ બગાડી શકે છે.''

જિજ્ઞાસુ: દાદાજી! એવું શી રીતે?

દાદાજી: શું સિનેમા કદી આપણી વિરુદ્ધ વાંધો ઉઠાવશે કે દાવો કરશે ખરૂ કે તમે મારો આનંદ શા માટે ઉઠાવો છો? ના, એવું તો કદાપિ નહિ બને કારણ કે તે અચેતન છે. જ્યારે મિશ્રચેતન વાંધો ઉઠાવશે કારણ કે તેને આંતરિક શાંતિ નથી. અંદર તો ભારે આગ લાગેલી છે. જો અંદર શાંતિ હોય તો પછી કોઈ વાંધો નથી આવતો. એટલે હું કહું છું કે મિશ્રચેતન વિષે તમારી અંદર ગમે તેવો ખરાબ વિચાર જાગે (વિજાતીય પક્ષની અન્ય વ્યક્તિ માટે) તો તેને તમારે મિટાવવો જ રહ્યો. તેને પ્રતિક્રમણની મદદથી ભૂંસી દેવો જ રહ્યો. મિશ્રચેતનની બાબતમાં તકલીફ એક જ છે કે તે મુક્તિ મેળવવા માટે નડતર થતું

હોવાની સાથે અંદર આવતા સુખને પણ અવરોધે છે.

સિનેમા જોવાની ઇચ્છા અથવા જીભનો સ્વાદ આવી કોઈ મુશ્કેલી સર્જી શકે તેમ નથી પણ મિશ્રચેતન ગૂંચવાડો ઊભો કર્યા વિના રહી શકે? ભજીયા કે પકોડાંના નાસ્તાનો વાંધો નથી પણ મિશ્રચેતનને તો માઠું લાગી જાય. આ સંસારી જીવન અને તેના આનુષાંગિક મુદ્દાઓ મિશ્રચેતનને કારણે જ છે. મિશ્રચેતન તો 'બ્લેક હોલ' છે. જો તે બંધ થઇ જાય તો પછી શી તકલીફ?

તમારે તેનાથી સલામત અંતર રાખવાનું છે જેથી તમે મુક્ત મને બેસી શકો. જો મન ભજીયા માટે જોરજોરથી બૂમો મારે કે મારે ભજીયાં ખાવાં છે તો તે આપી દો જેથી કરીને તે તમને શાંતિથી સારી રીતે બેસવા દે. પણ મિશ્રચેતન આમ નહિ કરવા દે. જ્યારે તમે સત્સંગ કરતા હોય ત્યારેય તે આંખમાં રેતીના કણની જેમ ખૂંચતું રહે છે.

જિજ્ઞાસુઃ કૃપા કરીને મનુષ્યની આંતરિક અને બાહ્ય કામગીરી વિષે સમજાવો.

દાદાજીઃ નિશ્ચેતનચેતન તો મિકેનિકલ ચેતન છે. બહારનો ભાગ પૂરેપૂરો યંત્રવત છે. બાહ્ય યંત્રને ચલાવવા માટે કળ દબાવવી પડે છે, જ્યારે વીતેલા જન્મમાંથી તમે સાથે લાવેલા એવી તે આંતરિક મશીનરી તો પોતે જ સ્વયં સંચાલિત છે એટલે તેને ગતિમાં આવવા માટે બીજા કશાની જરૂર રહેતી નથી. તમે તેમાં ઇંધણ નાખો એટલે ચાલ્યું.

સૂક્ષ્મ શરીર તો મિકેનિકલ ચેતન છે. જ્યારે 'મેં કર્યું, મેં કર્યું' પ્રકારનું અભિમાન ભૂલથી પેદા થાય ત્યારે કર્મની બેટરી ચાર્જ થઇ જાય છે અને આવતા જન્મનાં બીજ રોપાઈ જાય છે.

જિજ્ઞાસુઃ અમે તો માનીએ છીએ કે આ આત્મા જ બધી આભ્યંતર પ્રવૃત્તિઓ કરે છે.

દાદાજીઃ આ સમગ્ર સંસાર અચેતનને ચેતન માને છે અને વિચારે છે કે આત્મા જ એમાં સક્રિય થયેલ છે પણ આત્મામાં આવી પ્રવૃત્તિ કદીયે સંભવતી નથી. આ સત્યની અનુભૂતિ ક્યારે થાય? આ સંસાર માને છે કે આ અચેતનની સાથે રહીને ચેતન સંસારને ચલાવે છે પણ ચેતન તો અચેતનથી સદંતર જુદુ જ છે અને જે ચલાવે છે તે પણ જુદું જ છે. જે દરેક જીવને ગતિશીલ કરે છે તે પણ ભિન્ન છે.

વિભાવિક ગુણ કે જે આત્માની ભ્રાંતિમાંથી ઉત્પન્ન થયેલ છે તે અચેતન-ચેતનરૂપે વ્યક્ત થયેલ છે. વિભાવિક ગુણ અર્થાત એ લક્ષણ કે જે આત્માની ભ્રાંતિમાંથી નિષ્પન્ન થયેલ છે. એ રીતે મિશ્ર ચેતન કાર્યરત થાય છે.

## ૧૬. સજ્જનતા અને દુર્જનતા

જિજ્ઞાસુઃ આ સંસારમાં સારા અને દુષ્ટ એમ બંને સ્વભાવવાળા લોકો હોય છે.

દાદાજીઃ સાચું, સજ્જન અને દુર્જન બન્ને પ્રકારના લોકો આ સંસારમાં હોય જ છે અને દુર્જનને લીધે જ સજ્જન માણસની કિંમત થતી હોય છે. જરા કલ્પના કરો કે જો બધા જ સજ્જન હોત તો!

જિજ્ઞાસુઃ દાદાજી! જુદા-જુદા લોકોની શી વિશેષતાઓ હોય છે?

દાદાજીઃ સામાન્ય રીતે ચાર પ્રકારના લોકો હોય છેઃ

(૧) સજ્જન વ્યક્તિઃ જે કદીયે દુર્જન માણસના ઉપકારમાં આવે નહિ.

(૨) દુર્જન વ્યક્તિઃ તે વારંવાર બીજાને નુકસાન પહોંચાડતો રહે છે.

(૩) કૃતજ્ઞ વ્યક્તિઃ એવો વ્યક્તિ જે બીજાના ઉપકારને કદીયે ભૂલતો નથી અને અન્ય દ્વારા થયેલ નુકસાનને કદીયે યાદ કરતો નથી.

(૪) કૃતઘ્ન વ્યક્તિ : એવો વ્યક્તિ કે જે બીજાના ઉપકારોને ભૂલી જાય છે અને પોતાને કોઈ લાભ ન થવાનો હોય તો પણ જાણીજોઇને બીજાને નુકસાન પહોચાડે.

મહાસાગરની ઊંડાઈ સહેલાઈથી મપાય પણ સંસાર સાગરની ઊંડાઈ પામી ન શકાય!

જિજ્ઞાસુઃ સત્તાધારી તરીકે માણસે કેવી રીતે વર્તવું જોઈએ?

દાદાજીઃ જે પોતાની સત્તાનો દુરુપયોગ કરે છે તે પોતાની સત્તા ગુમાવી દે છે. જો કોઈ વ્યક્તિ તેને આપવામાં આવેલી સત્તાના ગૌરવને અનુરૂપ કાર્ય ન કરે તો તે પોતાની સત્તા ગુમાવી દે છે. જો તમારો નોકર તમારા માટે અપશબ્દો વાપરે તો સામે તમારે અપશબ્દો વાપરવાના નથી. જો તમે તેના સ્તર પર નીચે ઉતરી જશો તો તમારી સત્તા અને પદનું ગૌરવ ખોઈ બેસશો.

જિજ્ઞાસુઃ સત્ય અને અસત્ય વિષે કાંઇક સમજાવો.

દાદાજીઃ જૂઠ તો છાપરે ચડીને પોકારે અને સત્ય પણ મોભારે ચડીને બોલવાનું. અસત્ય ફટાફટ બોલી નાખશે. જ્યારે સત્યને બહાર આવતાં સમય લાગશે. અસત્ય તો જલદી પોતાનો દાવો કરશે.

જિજ્ઞાસુઃ વિચિત્ર લોકો સાથે કેવો વર્તાવ કરવો જોઈએ?

દાદાજીઃ ઝઘડો કરવામાં કોઈ માલ નથી પણ ડખાનું નિરાકરણ લાવવામાં જ મજા છે. વ્યક્તિએ ન્યાયપૂર્ણ વ્યવહાર રાખવો જોઈએ. લોકોને સમજાવી-પટાવીને નિરાકરણ લાવવું જોઈએ. તેમની સાથે ઝઘડો કરવાનો ન હોય. સદબુદ્ધિ ધરાવનાર જ

શાણો ગણાય છે.

ન્યાય શું છે? કોર્ટમાં જવું જ ન પડે તે ન્યાય કહેવાય. પણ જો કોઈએ કોર્ટમાં જવું જ પડે તો તે દેખીતી રીતે અન્યાય છે.

જિજ્ઞાસુઃ માણસે કેવી રીતે સાર્થક માનવજીવન જીવવું જોઈએ?

દાદાજીઃ લોકકલ્યાણ માટે તમારા મન, વચન, કાયા અને આત્માની શક્તિઓને કામે લગાડો. જો તમે માત્ર તમારા જ લાભ માટે આ સાધનોનો ઉપયોગ કરશો તો તમે આવતા ભવમાં પાંચસો વર્ષના આયુષ્યવાળુ રાયણનું વૃક્ષ થશો. લોકો તમારા ફળનો આનંદ લેશે, તમારું લાકડું બાળશે અને લોકો માટે તમે કેદી જેવું જીવન જીવશો. એટલે જ ભગવાન કહે છે કે તમારા મન,વાણી,કાયા અને આત્માનો બીજા માટે ઉપયોગ કરો અને પછી જો તમને કોઈ દુઃખ પડે તો તમે મને કહેજો!''

જિજ્ઞાસુઃ મનુષ્ય તરીકે જીવતી વખતે વ્યક્તિ માટે કેવા પ્રકારનું જોખમ અને જવાબદારી હોય છે?

દાદાજીઃ જે લોકોએ જગતનો નાશ કરવાનો પ્રયત્ન કર્યો છે તેઓ આ કાર્ય કરતાં-કરતાં પોતે જ વિનષ્ટ થઈ ગયા છે. મનુષ્યપણું ખૂબ જ મોટું ભય સ્થાન છે. આ એક કસોટી છે છતાં લોકો તેમાં મોજ મનાવે છે. એમાં તો અનેક ભયસ્થાનો છે કે જ્યાં માણસનું પતન થઈ શકે છે. પ્રત્યેક ક્ષણ મોતનો ભય ઝઝૂમે છે તો પછી શા માટે એક ક્ષણ પણ વેડફવી? કંઈક એવું કરો કે જેથી તમારો આવતો જન્મ સુધરે. માનવભવ તો દિશા નિર્ણાયક છે,

અહિયાંથી જ જીવનની અન્ય ગતિઓના રસ્તા પડે છે. અહિયાથી આત્માની વ્યક્તિગત રીતે પોતાના કર્મો પ્રમાણે ચાર ગતિઓ--નારકીય ગતિ,તીર્યંચ ગતિ,,માનવ ગતિ અને દેવગતિ થઈ શકે છે. અહીંથી મોક્ષ પણ પામી શકાય છે. જો તમે જ્ઞાનીપુરૂષનો સત્સંગ કરો તો ખરેખર તમે નસીબદાર છો કારણ કે તેમની પાસેથી તમને મોક્ષપ્રાપ્તિના અંતિમ લક્ષ્યની પ્રાપ્તિનું માર્ગદર્શન મળશે.

## ૧૭. ઊંઘ

જિજ્ઞાસુઃ ઊંઘ વિષે સમજાવો.

દાદાજીઃ જીવમાત્ર માટે ઊંઘ જરૂરી છે પણ ઊંઘનું પ્રમાણ ક્યાંય જળવાતું નથી. આ કેવા લોકો છે અને કેવા દિવસો છે? નહિતર આટલું બધું વધારે પડતું ઊંઘી જ કેવી રીતે શકે? માણસોની જેમ શું પક્ષીઓ અને પ્રાણીઓ ઊંઘે છે ખરાં? ઊંઘ એવી સપ્રમાણ હોવી જોઈએ કે વ્યક્તિ દિવસે ઊંઘે નહિ. પણ આ બધા લોકો સૂર્યોદય થયા છતાં પથારીમાં પડ્યા પડ્યા દસ-દસ કલાક લાંબી ઊંઘ ખેંચી કાઢે છે. શું જીવનનો અર્થ આ રીતે ઊંઘતા રહેવાનો છે?

જિજ્ઞાસુઃ જો કે ઘણા લોકો અપૂરતી ઊંઘની ફરિયાદ કરે છે.

દાદાજીઃ સાચી વાત છે, ઘણા લોકો ઊંઘી શકતા નથી. અમેરિકામાં ૮૦% લોકોને ઊંઘતા પહેલાં સ્લીપિંગ પિલ્સ (ઊંઘ લાવવા માટેની ગોળી) લેવી પડતી હોય છે. આ ભયાનક બીમારી છે અને સ્લીપિંગ પિલ્સ તો ઝેર છે, જે તેમને કબર સુધી લઈ જાય છે. તમે ચંદ્રમા પર જાવ છો પણ તમે તમારી ગોળીઓની આ ગુલામીને કેમ ઘટાડી શકતા નથી? ખરેખર હવે તમારે એની (ગુલામીથી મુક્તિ) જરૂર છે. તમારા દેશના લોકો અનિદ્રાની બીમારીથી પીડાય છે. માટે આ સમસ્યા પર વિચાર કરો. ઊંઘ તો કુદરતી બક્ષિસ છે પણ તમે ખોઈ બેઠા છો. તમારી સમૃદ્ધિ, સુખ સગવડો અને વૈભવથી શું વળવાનું છે? તમારી ધનસંપત્તિ કયો આનંદ લાવી શકશે? શું આ બધું વ્યર્થ નથી?

જિજ્ઞાસુઃ કુદરતી ઊંઘના અભાવનું કારણ શું છે?

દાદાજીઃ આ લોકોએ કુદરતી ઊંઘ ખોઈ દીધી છે કારણ કે તેમનું ખાનપાન અને શારીરિક શ્રમ સપ્રમાણ નથી. ખાનપાન અને શારીરિક શ્રમ ખૂબ જ સપ્રમાણ હોવાં જોઈએ. જેથી શારીરિક શ્રમ થાક પેદા કરે અને તેનાથી ઘસઘસાટ ઊંઘ આવી જાય. પરિશ્રમના પ્રમાણમાં ખાનપાનની વ્યવસ્થિત ગોઠવણી સ્વાભાવિક રીતે ઊંઘ લાવે છે. કેટલાક કહેવાતા સુધરેલા દેશોમાં અનિદ્રાની બીમારી તો તાતી સમસ્યા છે પણ મારી પાસે તેનો કુદરતી ઈલાજ છે. હું તેમને સામાન્ય ખોરાક, સામાન્ય ઊંઘ અને સ્વાભાવિક આનંદ સાથે સહજ-સ્વાભાવિક જીવન જીવવાની રીત શિખવાડીશ.

જિજ્ઞાસુઃ સામાન્ય રીતે કેટલી ઊંઘ લેવી જરૂરી હોય છે?

દાદાજીઃ ઊંઘને કેટલો સમય આપવો જોઈએ? શારીરિક થાકમાંથી તાજગી મેળવવા માટે જરૂરી હોય એટલો. આટલો સમય તમારી ઊંઘ માટે પૂરતો છે. ભગવાને ત્રણ કલાક ઊંઘવાનું કહ્યું છે. તમારો જન્મ આખી જિંદગી ઊંઘમાં વેડફવા માટે નથી થયો.

જ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ કલાકો સુધી ઊંઘતા રહેવાનું ઈચ્છનીય નથી. એટલે તમે વધારે ને વધારે સમય જ્ઞાતા-દૃષ્ટા તરીકે જાગૃત રહો. છેલ્લા વીસ વરસોથી હું કદીયે દોઢ કલાકથી વધારે ઊંઘ્યો નથી. જ્ઞાનજાગૃતિની હાજરીમાં મેં ઘણાં બધા વરસ મારી રાતો વિતાવી છે.

ગૌતમસ્વામીએ ભગવાન મહાવીર સ્વામીને પૂછ્યું કે ''ઊંઘતા રહેવું સારું કે પછી જાગતા રહેવું સારું?'' મહાવીર સ્વામીએ જવાબ વાળતા કહ્યું કે ''૧૦૦૦માંથી ૯૯૯ જણા ઊંઘતા સારા. પણ એકાદ પરોપકારી જીવ જાગતો સારો. .''

**૧૮. સ્વપ્ન**

જિજ્ઞાસુઃ કૃપા કરીને અમને સ્વપ્ન વિષે સમજાવો.

દાદાજી: સ્વપ્નનું વિજ્ઞાન ખૂબ જ ગહન અને રહસ્યમય છે. અનેક મહાન વૈજ્ઞાનિકો એનું રહસ્ય સમજવામાં વ્યસ્ત છે. તેઓ સ્વપ્નમાં શરીરનો કયો ભાગ સક્રિય છે, એ સમય (સ્વપ્નકાળ) દરમિયાન અંતઃકરણનું શું કાર્ય હોય છે વગેરે શોધે છે પણ સ્વપ્નનું વિજ્ઞાન તો અકળ છે. તે તો અંતર્વિજ્ઞાન છે. સ્વપ્નમાં સ્થૂળ દેહના બધા જ માર્ગ (દ્વાર) બંધ હોય છે. માત્ર સૂક્ષ્મ શરીર-મન, બુદ્ધિ અને ચિત્ત પ્રવૃત્ત હોય છે. અહંકાર કાંઇ જ કરી શકતો નથી. ઊંઘમાં જો અહંકાર પણ Effective હોત તો સ્વપ્નદૃષ્ટા ઊભો થઈને ચાલતો થઈ જાય, લડાઈ-ઝઘડા કરે અને ખળભળાટ મચાવી દે. તે કદાચ સ્વપ્નની બધી જ પ્રવૃત્તિઓને પ્રતિભાવ આપત પણ સ્વપ્નના ક્ષેત્રમાં અહંકારનું કશું ઉપજતું નથી. તેમ છતાંય જાગૃતાવસ્થામાં એને એવું ભાન થાય છે કે “હું કરી શકું છું”! હકીકતમાં જીવનની દરેક સ્થિતિમાં તે કંઈપણ કરવામાં અસહાય છે પણ જાગૃતાવસ્થામાં કર્તાભાવ આવી જાય છે.

જિજ્ઞાસુ: શું સપનાં કોઈ રીતે સાચાં હોય છે?

દાદાજી: સપનાં સાચાં અને વાસ્તવિક હોય છે. તે સાચાં અને Effective હોય છે. તે વૈજ્ઞાનિક પરીક્ષણથી પૂરવાર કરી શકાય છે. અર્થાત્ સ્વપ્નનો પ્રભાવ અને તેની વૈજ્ઞાનિકતા પૂરવાર થઈ શકે છે. સૂક્ષ્મ શરીર દ્વારા અનુભવાતી સપનાંની અસર સ્થૂળ દેહ પર પણ અનુભવાય છે. એટલે તે સ્વપ્નોની અસર હોય છે.

જિજ્ઞાસુ: કૃપા કરીને દૃષ્ટાંત આપી સમજાવો.

દાદાજી: જો મુફલિસ માણસ રાજા બની જાય તો તેને ખૂબ જ આનંદ થાય છે અને રાજાને જો સપનું આવે કે તે કંગાળ થઈ ગયો છે તો એ ખૂબ જ ખિન્નતા અનુભવે છે. એ સ્વપ્નાવસ્થામાં એવો ખળભળાટ થાય કે એને જાગૃત અવસ્થામાં જેવું દુઃખ અનુભવાય એવું જ સ્વપ્નાવસ્થામાં પણ થાય. તે રડે પણ ખરો અને જ્યારે જાગે ત્યારે તે તેની આંખોમાં આંસુઓની ભીનાશ પણ અનુભવે અને ખળભળી પણ ઊઠે. સ્વપ્નોની અસર જાગી ગયા પછી પણ લંબાય તો તે રડ્યા જ કરે. નાનાં બાળકો સપનાંની અસરને લીધે ચોંકી ઊઠે છે અને તેમને બીક ભરાયેલી હોવાથી રડયા જ કરે છે. ભયાવહ સપનાંની અસર દેહ ઉપર થાય છે, તેના શ્વાસોચ્છ્વાસ વધી જાય છે. તેનું બ્લડપ્રેશર વધી જાય છે અને નાડીના ધબકારા પણ વધી જાય છે. આ બધી અસરોને વૈજ્ઞાનિક રીતે સાબિત કરી શકાય છે. જો સપનાં આવાં અસરદાર હોય તો પછી તેને આપણે શી રીતે ખોટાં કહી શકીએ?

પહેલાં કદી મને ન મળ્યો હોય એવો એક માણસ હતો કે જેણે સપનામાં મારાં દર્શન કર્યા હતા. આ અસાધારણ ઘટનાને કેવી રીતે સમજાવી શકાય? આ તે કેવું જટિલ અને ગહન છે! જે પૂર્વે કદીયે જોયેલું નથી તે સપનામાં દેખાય જ નહિ.

જિજ્ઞાસુ: એમ કે?

દાદાજીઃ એ કદાચ તમે તમારા પૂર્વ જન્મોમાં જોયું હોય. સપનાં તો અસંખ્ય જન્મચક્રોનો સમૂહ છે. એ બિલકુલ અજાણ્યું હોય એવું નથી. ઘણાનું કહેવું છે કે દિવસ દરમિયાન એક જ વાતનું કરેલું મનન અને સેવન સપનામાં ફરીથી આવે છે પણ દિવસ દરમિયાન તો આપણું મન તો સેંકડો વિચારોમાં ભમ્યા કરતુ હોય છે. શું તે બધા જ સપનાંમાં ફરીથી આવે છે ખરા? અને દિવસ દરમિયાન જેનું તમે મનન નથી કર્યું તે શું સપનામાં નહિ આવે?

જિજ્ઞાસુઃ હા, આવું બને છે.

દાદાજીઃ સપનાંમાં કારણદેહ અને સૂક્ષ્મદેહ આ બંને શરીરો સક્રિય હોય છે. સ્થૂળદેહ એમાં ભાગ લેતો નથી. એક માણસે સપનું જોયું કે તે ખૂબ માંદો થઇ ગયો છે. ડોક્ટરોએ આવીને તેને તપાસીને કહ્યું કે નાડી ચાલતી નથી અને મૃત જાહેર કર્યો! તેણે પણ અનુભવ્યું કે તે મરણ પામ્યો છે! તે પોતાના શબના અંતિમ સંસ્કાર થતા જોઇને ડરીને જાગી ગયો! (હું રહી ગયો અને મારૂં શરીર બાળી દેવામાં આવ્યું એમ સમજીને!)

સપનામાં અપરણીતો લગ્ન કરી રહ્યા છે, પિતા બની રહ્યા છે અને તેમનાં સંતાનોનાં લગ્ન થતાં પણ સપનામાં જુએ છે !

જિજ્ઞાસુઃ સપનાં આવવાનું કારણ શું છે?

દાદાજીઃ દશ્યમાન જગત તો જાગૃતાવસ્થામાં ઉપાર્જિત પૂર્વકર્મોનું ફળ છે. સ્વપ્નો પણ સારા અથવા ખરાબ કર્મોનું ફળ છે પણ તેની અસર હળવી હોય છે.

વ્યક્તિની ગ્રંથિઓનું પરિણામ આ સ્વપ્ન છે. તે બંને દેહોએ (કારણદેહ અને સૂક્ષ્મદેહ) બાંધેલ પૂર્વકર્મોની ઉપજ છે. આ કર્મ ત્રણે દેહો (સ્થૂળ,સૂક્ષ્મ કારણદેહ) એ સાથે મળીને બાંધેલું કર્મ નથી. માટે તે ફક્ત બે દેહો (કારણદેહ અને સૂક્ષ્મદેહ) દ્વારા જ વેદાય (અનુભવાય) છે.

જિજ્ઞાસુઃ તમે સ્વપ્નાવસ્થામાં હો ત્યારે કર્મબંધન થાય ખરું?

દાદાજીઃ ના, સ્વપ્ન તો એક અસર છે. જ્યાં સુધી અહંકાર નિષ્ક્રિય હોય ત્યાં સુધી કર્મબંધન થાય નહિ.

જિજ્ઞાસુઃ ઘણા લોકોને તેમનું સપનું યાદ નથી રહેતું.

દાદાજીઃ સપનામાં કારણદેહ અને સૂક્ષ્મદેહ સક્રિય હોય છે. પ્રતિષ્ઠિતઆત્મા સપનું જુએ છે જ્યારે શુદ્ધાત્મા પ્રતિષ્ઠિત આત્માનો જ્ઞાતાદષ્ટા છે. જેટલાં ગાઢાં કર્મ એટલું વ્યક્તિને અસ્પષ્ટ દેખાય પણ જો કર્મનું પડ પાતળું હોય તો સ્વપ્ન વધારે સ્પષ્ટ દેખાય છે. ઘણા કહે છે કે તેમને સપનું આવતું જ નથી. તેમને સપનાં આવે તો છે જ પણ તેઓ પોતાના ગાઢા કર્મોને લીધે સપનાંને યાદ નથી રાખી શકતા.

જિજ્ઞાસુ: સપનામાં જ્ઞાનીપુરૂષના દર્શન થવા પાછળનું રહસ્ય શું છે?

દાદાજી: એક માણસે કહ્યું કે "દાદા, હું બે કલાક સુધી સપનાંમાં રડતો રહ્યો પણ તમારા દર્શને મને સાંત્વના આપી અને બધું ઠીક થઇ ગયું! મને ફૂલ જેવી હળવાશનો અનુભવ થયો. "મેં કહ્યું, ભાઈ, તમારા વસ્ત્રો ભીના ન થયા?" તમે દાદાને રૂબરૂમાં મળવાથી થનાર લાભ કરતાં સપનામાં દાદાના દર્શન કરીને અને તેમના આશીર્વાદ મેળવીને તમને ઘણું મળ્યું છે. આ દાદા સપનામાં પણ ઘણું બધું કરી શકે એવા સમર્થ છે! પણ તમારે જાણવું-સમજવું જોઈએ કે શું માંગવું? આપણા કેટલાક મહાત્માઓ સપનાંમાં રોજ દાદાનાં દર્શન કરે છે. શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે,

"જેનું સ્વપ્ને પણ દર્શન પામે રે,

તેનું મન ન ચઢે બીજે ભામે રે."

અર્થાત જો જ્ઞાનીપુરૂષના એકવાર સપનામાં ય દર્શન થઇ જાય તો તમારા મનની અન્ય ભ્રમણાઓ છૂટી જાય છે.

જિજ્ઞાસુ: કહેવામાં આવે છે કે જીવન એક સ્વપ્ન છે.

દાદાજી: શું તમને કારણદેહ અને સૂક્ષ્મદેહ આ બંને દેહનું સપનું સાચું લાગે છે?

જિજ્ઞાસુ: ના. તો જ્ઞાનીઓ આ જાગૃત જીવનને કઈ રીતે જુએ છે?

દાદાજી: ઊંઘમાં આવતું સ્વપ્ન બે દેહોનું પરિણામ છે. પૂર્ણ જાગૃતાવસ્થામાં પણ જ્ઞાનીપુરૂષને આ ત્રણ દેહનું સ્વપ્ન સાચું ન લાગે. લોકો ભ્રાંતિને કારણે ત્રણ દેહના (જાગૃતાવસ્થા) ના સ્વપ્નને સાચું માની બેસે છે.

જિજ્ઞાસુ: કૃપા કરીને હજી વધારે વિસ્તારથી દૃષ્ટાંત સાથે સમજાવો.

દાદાજી: મુફલિસ સપનામાં જ્યારે રાજા બની જાય છે ત્યારે રોમાંચ અનુભવે છે! પણ જેવો જાગ્યો તે જ ક્ષણે જેમનો તેમ રહી જાય છે. એ જ રીતે જાગૃત અવસ્થા પણ સપનું છે. આ દુન્યવી જીવન સ્વપ્ન જેવું છે. જેવો આ સ્વપ્નમાંથી તે જાગ્યો કે તેને તેમાં આનંદ રહેતો નથી તેમ વ્યક્તિ જ્યારે અહીયાંથી જાય છે ત્યારે એની સાથે કશું જ આવતું નથી. તમારું બધું જ અહીંનું અહીયાં જ રહી જાય છે.

આ સંસારી જીવન ઉઘાડી આંખનું અને પેલું બંધ આંખોનું સપનું છે. બંનેની અસર છે. ફરક એટલો જ કે પેલા જાગૃતાવસ્થાના સપનામાં અહંકાર છે.

તમે હજારો સપનાં જુઓ છો પણ તેની તમારા ઉપર કોઈ અસર રહેતી નથી કારણ કે તમે સ્વપ્નના જ્ઞાતા અને દૃષ્ટા છો અને તે

સમયે અહંકાર નિષ્ક્રિય છે. જ્ઞાનીપુરૂષ જીવનના બધાં ક્ષેત્રોમાં જાગૃતાવસ્થામાંય પળેપળ જ્ઞાતા અને દૃષ્ટા રહે છે. તેમની અંદર અહંકારનો એક છાંટો પણ હોતો નથી. માટે, જાગૃતાવસ્થામાં પણ તેમને બધું સ્વપ્નવત જ લાગે છે.

જ્ઞાનીપુરૂષ તો સંપૂર્ણપણે જ્ઞાતા અને દૃષ્ટા હોય છે.

**૧૯. ભય**

જિજ્ઞાસુ: કૃપા કરીને ભય વિશે અમને સમજાવો.

દાદાજી: સંસારમાં દરેક સજીવ પ્રાણીને ભય સતાવતો હોય છે. દરેક જીવમાં ભયની અવધારણા એક મર્યાદામાં હોય જ છે. જ્યારે ભયાવહ સંજોગો ઊભા થાય ત્યારે તે ડર અનુભવે છે. માણસ જ માત્ર વિપરીત (બિનજરૂરી-અજ્ઞાત) ભય અને વિપરીત માન્યતાઓને કારણે પીડાય છે.

જિજ્ઞાસુ: વિપરીત ભય શું છે?

દાદાજી: વિપરીત (અજ્ઞાત) ભય અર્થાત ભય એક જ હોય પણ તેને સો જાતના ભય દેખાય છે, જે નથી આવવાનો તે ભય પણ અનુભવાય છે. જ્યારે બીકનું કોઈ જ કારણ ન હોય તો પણ તે ડર અનુભવે છે. અરે જે વસ્તુ બનવાની નથી તે પણ આવા વ્યક્તિને ડરાવે છે. દાખલા તરીકે, એક જણે ફક્ત એક જ માણસને જમવા માટે તેડયો હોવા છતાં પણ તેને લાગે છે કે જાણે તેણે એકસો મહેમાનોને જમાડવાના છે! આમ, આ અકારણ બીક એ કાલ્પનિક અથવા ભ્રમાત્મક ખૂબ જ તીવ્રપણે વણસી ગયેલી બીક છે.

જિજ્ઞાસુ: ભયને કોણ પોષે છે?

દાદાજી: દ્વેષને કારણે કોઈ તિરસ્કાર અને સૂગથી કશાકની અવગણના કરે તો તે વસ્તુ તેને હંમેશાં ભયભીત રાખશે. માણસ પોલીસથી કેમ ડરે છે? તેના પ્રત્યે અણગમો અને સૂગને કારણે માણસ તેનાથી ડરે છે! આમ વ્યક્તિ કોઈને માટે અણગમો તથા નફરતને કારણે ડર અનુભવે છે. શું અદાલત કોઈને ખાઈ જાય છે? શું અદાલત જાતે જ કોઈ તકલીફ કે સંકટ ઉભું કરે છે? ના, પણ રાગ-દ્વેષને કારણે વ્યક્તિને અદાલતની બીક લાગે છે. ડર એ રાગ-દ્વેષ અને અંદર રહેલ નફરતની અભિવ્યક્તિ છે.

સાપમાં ભગવાનનાં દર્શન ન કરવાથી તે ભયભીત થાય છે. સાપનું દેખાવું એ કેવળ સાંયોગિક પ્રમાણ જ છે. જો કોઈને સાપનો ભેટો થઈ જાય તો એવી સ્થિતિમાં તે ડર્યા વિના ઊભો રહે તો સાપ ધીમેથી ચૂપચાપ ત્યાંથી સરકી જાય છે. જો તમારી સાથે એવા કાર્મિક હિસાબ બાકી નહિ હોય તો તે સાપ તમને કશું નહિ કરે.

આ સંસારમાં સંસરણમાર્ગ (સંસારયાત્રા) તો સજીવ અસ્તિત્ત્વની ઉત્ક્રાંતિની એક ભયજનક જીવનયાત્રા છે. આપણે તેને ઐહિક જીવન કહીએ છીએ. આપણે જાણીએ છીએ કે તે ભ્રમણાયુક્ત છે. તે બિહામણી માન્યતાઓથી ભરપૂર છે.

જિજ્ઞાસુ: કૃપા કરીને ઉદાહરણ આપીને સમજાવો.

દાદાજી: સૂવા જતાં પહેલાં, જો કોઈને પોતાના રૂમમાં ભૂત અથવા સાપ હોવાનો ડર પેદા થઇ જાય તો બીકને કારણે તે આખી રાત ઊંઘી નહિ શકે. જ્યારે સવાર પડતાં સૂર્યપ્રકાશમાં એ કાલ્પનિક ભય અદશ્ય થઇ જશે. એ જ રીતે ઐહિક જીવનમાં પણ ભાતભાતના કાલ્પનિક ભય હોય છે.

જિજ્ઞાસુ: અવિરતરૂપે આપણને પજવતા ભય અને ભડકાટ વિષે કૃપા કરીને વિસ્તારથી સમજાવો.

દાદાજી: જો કોઈને ભૂતના ખ્યાલની ભયાવહતા અને હવે મારું શું થશે એવી બીક સતાવતી રહેતી હોય તો પણ એવા ભયનું હકીકતે કોઈ કારણ હોતું નથી. અજવાળું થતાં જ આવી માન્યતા અદશ્ય થઇ જશે પણ આ સંસારમાં ઘણા સમય સુધી ભય અને આવી બીક રહ્યા કરતી હોય છે.

આ સાંસારિક જીવનમાં જ્યારે કોઈને કશાકનો ભય સતાવે ત્યારે વ્યક્તિ એવી અવાંછિત સ્થિતિ અથવા વ્યક્તિ માટે દ્વેષ અનુભવે છે અને એના કારણરૂપ સંજોગો અથવા વ્યક્તિથી બચવાનો પ્રયત્ન કરે છે. આત્માના અજ્ઞાનથી ભયની લાગણી જાગે છે. જ્યારે ભડકાટ ને ફફડાટ સંગી ચેતનાને લીધે રહે છે.

જિજ્ઞાસુ: સંગી ચેતના કેવી રીતે કામ કરે છે તેનો દાખલો આપી સમજાવો.

દાદાજી: કોઈ વ્યક્તિ જ્યારે ધ્યાનમાં હોય કે પ્રાર્થના કરી રહ્યો હોય તેવામાં મોટો ધડાકો સંભળાય અને એના કારણે તેનું શરીર ધ્રૂજી જાય છે, ચોંકી ઊઠે છે અને તમારા શરીરમાં આઘાતના તરંગો ઊભા થઈ જાય છે. આ પ્રક્રિયા સ્વયંસંચાલિત હોય છે. એને સંગી ચેતના કહેવાય છે.

જિજ્ઞાસુ: આ બધા ભય અને ભડકાટનું મૂળ કારણ શું છે?

દાદાજી: કોઈ પોતાની સત્તા બહારની બાબતમાં અથવા અનધિકૃત રીતે જો કોઈ માથું મારે તો શું થાય? જો ક્લાર્ક કલેકટરની ખોટી સહિ કરે તો તે આખો વખત ભયભીત રહેશે. કારણ કે એની પાસે કલેકટર તરીકે દસ્તાવેજ ઉપર હસ્તાક્ષર કરવાની સત્તા નથી હોતી.

એ જ રીતે આ સંસારમાં લોકો પોતાની સત્તામાં ન રહેતાં, અન્યની સત્તામાં દખલ કરે છે. જગતના લોકો પરસત્તામાં જ રહે છે. ‘હું અમિત છું’ એ પરસત્તા છે. તે તેના આત્માને ઓળખતો નથી પણ હંમેશાં પરસત્તામાં જ રહે છે. પોતાની સત્તા તો

તેણે જોઈ કે જાણી નથી એટલે તે હંમેશાં ભયભીત અને અનેક ભડકાટમાં જ રહે છે.

જિજ્ઞાસુઃ જાણે આપણી સાથે કશું અજુગતું બની જશે અથવા આપણે જે ઈચ્છીએ છીએ તે નહીં મળે તો, એવા એવા ઉચાટમાં હંમેશાં અમે રહીએ છીએ.

દાદાજીઃ લોકો સઘળું વિના પ્રયત્ને મેળવી શકે છે પણ શ્રદ્ધા હોવી જોઈએ અને છતાં આખો વખત જેની ઈચ્છા હોય તે નહી મળે તો શું થશે તેની બીક અને ખોટા ભડકાટમાં જ રહે છે. આ વિપરીત (ખોટો) ભય છે. બુદ્ધિ શેના માટે છે? એ શાતા આપવા માટે છે. કોઈને ડરાવવા કે ચોંકાવી દેવા માટે નથી. જે બુદ્ધિ ડરાવે છે તે વિપરીત બુદ્ધિ છે અને તે માથું ઊંચકે તે પહેલાં તેને દબાવી દેવી જોઈએ અને મિત્ર! જો તારે કશાકથી ડરવું જ હોય તો મોતનો ડર રાખ. પ્રત્યેક ક્ષણ મોતની નજર તારા ઉપર છે. આવો છે આ સંસાર! છતાં તું શા માટે એનો ડર રાખતો નથી? જો તું મોતથી ડરીશ તો તું ખંતપૂર્વક મોક્ષનો માર્ગ શોધી શકીશ. આશ્ચર્ય તો એ વાતનું થાય છે કે લોકો આ વિષયમાં બિલકુલ બેદરકાર અને જડ થઇ ગયા છે.

## ૨૦. હિતાહિતનું ભાન

જિજ્ઞાસુઃ ઘણીવાર વ્યક્તિ પોતાનું ખરું હિત શેમાં છે તે બાબતમાં સ્પષ્ટ નથી હોતો.

દાદાજીઃ વ્યક્તિએ જાણવું-સમજવું જોઈઅ કે કયા કાર્યોથી પોતાને સુખ થાય છે અને કેવાં કાર્યોથી લાંબેગાળે દુઃખી થવું પડે છે. દરેકે પોતાની વિવેકબુદ્ધિનો ઉપયોગ કરીને નક્કી કરી લેવું જોઈએ કે પોતાના હિતમાં શું છે? જ્યારે કોઈ પાસે પોતાના હિત અને લાભની સમજ નથી હોતી ત્યારે તે બીજાની નકલ કરવા માટે પ્રેરાય છે પણ, તમે જાણો છો કે આ જગતમાં કોણ અનુકરણીય છે? જે શાણો અથવા સમજદાર હોય તેનું અનુકરણ કરાય, પરંતુ જગતમાં શાણા અને ડાહ્ય માણસો તો ભાગ્યે જ જોવા મળે છે. આ સંજોગોમાં તમે કોનું અનુસરણ કરશો? જ્યાં સુધી કોઈ એમ માને કે 'હું અમિત છું', તે પોતાનું અસલ સ્વરૂપ જાણતો નથી અને તે પોતે જ કોઈની નકલસ્વરૂપ છે. તમારે સાચાનું અનુકરણ કરવાનું હોય, પણ નકલીની નકલ કરીને શું મેળવશો? સ્મરણ રહે, કે ફક્ત સત્યથી જ લાભ થાય છે, બીજા કશાથી નહિ.

માત્ર જ્ઞાની જ અસલી છે. બાકીના બીજા બધાં નકલી છે. આજકાલ તો નકલખોરી એક ફેશન બની ગઈ છે. આજે તો લોકોમાં ઊભા રહેવાની, ચાલવાની, ઊંઘવાની અને બેસવાની વગેરે જેવી ઘણી બધી બાબતોની શૈલીની નકલ થઇ રહી છે!

જિજ્ઞાસુઃ સદાચારની અગત્યતા વિષે અમને વિગતે સમજાવો.

દાદાજીઃ સતયુગમાં લોકો સંસારી જીવનમાં પોતાના હિત માટે સભાન હતા. એ દિવસોમાં દુરાચાર ન હતો. તેઓ પ્રામાણિક અને સદાચારી હતા. પણ અત્યારે તો સર્વત્ર અનૈતિકતા પ્રવર્તિત છે તો પછી પોતાના હિત માટે કોઈ શી રીતે

સભાન રહે? ઉલટાનું, લોકો દેખાદેખી દુરાચાર શીખી ગયા છે. તેમની અંદર રહેલા આત્માને ઓળખવાની દરકાર કરતા નથી અને તેમના શુદ્ધાત્મામાં રહેલ શક્તિઓનો ઉપયોગ પણ કરતા નથી.

આત્માને સમજવાની તમારી વિવેકબુદ્ધિ જેમજેમ વિકસતી જશે તેમતેમ તમારી વાણી તટસ્થ અને મમતાથી મુક્ત બનતી જશે, ક્રમે-ક્રમે શદ્ધ થતી જશે અને લોકો ભલે મિત્ર હોય કે શત્રુ, ફરિયાદી હોય કે આરોપી વૃત્તિવાળો હોય એ બધાં જ એને સ્વીકારશે.

જિજ્ઞાસુઃ કોઈ વ્યક્તિ કેવી રીતે આ વિવેકબુદ્ધિને વિકસાવી શકે?

દાદાજીઃ વ્યક્તિએ એ બાબતમાં સતત ધ્યાન રાખવું જોઈએ કે પોતાના આત્મહિતમાં શું છે? આને દ્વિસ્તરીય જાગૃતિ કહેવામાં આવે છે. હકીકતમાં (૧)'હું કોણ છું?' અને (૨) 'વ્યવહારિક જીવનમાં મારા આત્મા માટે શું સારું અને શું નુકસાનકારક છે?' એની જ તકેદારી રાખવાની છે. શુદ્ધાત્મા કદીયે દગો દેતો નથી પણ આ દુન્યવી જીવન છેતરામણું હોય છે માટે તમારા સાચા સ્વહિત માટે શું સારુંછે અને શું ખરાબ તે અંગે ચેતી જાવ. ડાહ્યો માણસ કદીયે વિષ અથવા જંતુનાશક દવા પીએ ખરો? કોઈપણ વ્યક્તિ આવા મૂર્ખામીભર્યા વિચારનો અખતરો નહિ કરે.

## ૨૧. જીવનમાં અનુકૂલન (એડજસ્ટમૅન્ટ)

જિજ્ઞાસુઃ કૃપા કરીને જીવનમાં એડજસ્ટમૅન્ટ વિષે સમજાવો.

દાદાજીઃ દરેક વ્યક્તિના જીવનમાં સિદ્ધાંતો હોવા જોઈએ અને તેમ છતાં સંજોગો પ્રમાણે અનુકૂળ-ઍડજસ્ટ થઈ જવું જોઈએ. જે પોતાના સંજોગો સાથે અનુકૂલન સાધી લે છે તે ખરો માણસ કહેવાય છે. બધા જ સંજોગો સાથે અનુકૂલન સ્થાપવાની આવડત વ્યક્તિને મોક્ષ તરફ લઈ જાય-એવું આ અચરજભર્યું હથિયાર છે! માટે તમે એવા સાથે પણ અનુકૂલન સાધો, જે અનુકૂલન Adjustment માટે તૈયાર ન હોય. રોજબરોજના જીવનમાં શું તમે ઘરમાં પણ સાસુ, વહુ અને નણંદ વચ્ચે વિસંગતતા નથી જોતા? પણ જેમને અંતહીન ભવચક્કરોમાંથી મોક્ષ પામવો હોય તેમણે પોતે બીજા સાથે ગોઠવાવું જ રહ્યું.

જિજ્ઞાસુઃ કૃપા કરીને લગ્નજીવન માટે સમજાવો.

દાદાજીઃ લગ્ન જીવનમાં જો પતિ કે પત્ની પૈકી કોઈ એક આવેશમાં આવીને ફાડ ફાડ કરે તો બીજાએ સાંધી દેવાનું કામ કરવું જોઈએ. તો જ પરિવારમાં સંબંધ ટકશે અને શાંતિ જળવાશે. જે લોકો અનુકૂલન નથી સાધી શકતા તે બધાં લોક અભિપ્રાય મુજબ ગાંડા કે તરંગી ગણાય છે. ભૌતિક જીવન અને વ્યવહારિક બાબતોમાં આગ્રહ અને જીદ કરવી યોગ્ય નથી. ચોર સાથે

પણ અનુકૂલન સાધી લેવું જોઈએ. આજના મનુષ્યની દશા ઘાણીના દાબડા બાંધેલા અને ગોળ ગોળ ફરતા રહેતા બળદ જેવી કફોડી દશા છે. તેમાંથી નીકળવા માટે કોઈ રસ્તો રહેતો નથી. એકવાર જાળમાં ફસાયા કે પછી બહાર નીકળાય જ નહિ! જે બધે જ અનુકૂલન સાધી લે તે જ ખરો માણસ છે.

જિજ્ઞાસુ: આપણી રોજબરોજની જિંદગીમાં અનુકૂલન વિષે દૃષ્ટાંત આપો.

દાદાજી: એકવાર હું ન્હાવા માટે ગયેલો. ગરમ પાણી ભરેલી ડોલમાં કોઈ ટમ્બલર મૂકવાનું ભૂલી ગયેલું. હું તો જ્ઞાની છું એટલે અનુકૂલન સાધી લઉં. જ્યારે મેં એ બાલદીમાં હાથ બોળ્યો ત્યારે ખબર પડી કે એમાંનું પાણી ગરમ હતું. મેં ઠંડા પાણીનો નળ ચાલુ તો કર્યો પણ તેમાંથી પાણી આવતું ન હતું. એટલે હું મારા શરીર પર એ પાણી ધીમે-ધીમે લગાડતો રહ્યો. અને આમ મેં પાણી ઠંડુ પાડ્યું. બધા મહાત્માઓને એ દહાડે લાગ્યું કે દાદાએ ન્હાવામાં વધારે સમય લીધો! પણ હું બીજું કરી પણ શું શકું? ગરમ પાણીને ઠંડુ પડતાં સમય તો લાગે જ. અને હું બીજા લોકોની જેમ 'આ લાવ, તે લાવ, આ કર, પેલું કર' કહીને તમાશો કરવા માંગતો ન હતો. મેં ગમે તેમ કરીને અનુકૂળતા સાધી લીધી. 'એડજસ્ટ' (અનુકૂલન) શબ્દ સાચા અર્થમાં ફરજપરસ્ત અને સાચા ધર્મજીવનનો સંકેતક શબ્દ છે. માણસની આ જ સાચી ફરજ છે. આ જગતમાં આપણે હકારાત્મકતા અને નકારાત્મકતા બંને વચ્ચે અનુકૂલન કેળવવાનું છે. નકારાત્મકતાને હકારાત્મક્તામાં ફેરવવાની છે અને સકારાત્મકતાને નકારાત્મકતામાં. જો કોઈ મને પાગલ કહે તો હું કહીશ કે હા, તમે સાચા છો અને આમ એ વાતચીતને પૂર્ણવિરામ મૂકી દઉં.

જિજ્ઞાસુ: ડાહ્યું કોણ?

દાદાજી: જે સમજુ હોય તે કદીયે કોઈની લાગણી ન દુભવે. અને બીજા દ્વારા આપવામાં આવેલ દુ:ખને સ્વીકારી લે છે. તે અન્ય પર ઉપકાર કરે છે. અને જે ઊઠે ત્યારથી જ બીજા પર ઉપકાર કરે છે અને અન્યની મદદ કરે છે. આવો વ્યક્તિ માણસ કહેવડાવવાને લાયક હોય છે. તે અચૂક મોક્ષ તરફ જતી રાહ પર ક્યારેક પહોંચી જ જાય છે.

## ૨૨. કુદરતનો કાનૂન: 'ભોગવે તેની ભૂલ'

જિજ્ઞાસુ: કૃપા કરીને આપણા જીવનમાં દુ:ખના ભોગવટા બાબતે કુદરતના નિયમની સમજ આપો.

દાદાજી: આ જગતના કાયદાના ન્યાયાધીશો સર્વત્ર જોવા મળે છે પણ કર્મનો નિયમ છે કે 'ભોગવે તેની ભૂલ.' આ એક જ નિયમ આખી દુનિયાનું નિયંત્રણ કરે છે પણ દુનિયા સાંસારિક ન્યાયમાં અટવાયેલી છે. સાંસારિક ન્યાય ભ્રમ છે અને તે સંસાર-ચક્રને કાયમ ચાલતું રાખે છે.

જિજ્ઞાસુઃ મને આ બરાબર સમજાતું નથી માટે કૃપા કરીને વિસ્તારથી સમજાવો.

દાદાજીઃ ધારો કે, કોઈનું પર્સ કોઈ ઉઠાવી ગયું હોય તો વ્યવહારિક ન્યાય શું કરે? લોકો જેનું પર્સ ઉઠાવી લેવાયું હોય તેને સધિયારો આપે-આશ્વાસન આપે કે, "કેવું દયાજનક છે. આ ગૃહસ્થે પોતાનું પર્સ ગુમાવી દીધું છે અને મુશ્કેલીમાં આવી પડ્યોછે." આમ કહીને, સહાનુભુતિ દેખાડનારા દુઃખ વ્યક્ત કરશે, એટલું જ નહીં પણ ઉઠાવગીરને ભલભલી ગાળો આપશે! જ્યારે કુદરતનો ન્યાય, ખરો ન્યાય તો જે લૂટાયો હોય તેનો વાંક કાઢે છે.

જુઓ, અત્યારે કોણ દુઃખી છે? પેલો ચોર કે પછી જેનું પર્સ ચોરાયું છે તે વ્યક્તિ? ચોક્કસ, જે હાલમાં પરેશાની અનુભવી રહ્યો છે તે દોષિત છે. જ્યારે ખિસ્સાકાતરું તો પકડાશે ત્યારે તે ચોર કહેવાશે પણ હમણાં તો તે રેસ્ટોરન્ટમાં સારું ખાઈ-પીને મોજ કરશે અને લીલાલહેર પણ કરશે. જ્યારે તે પકડાશે ત્યારે તે તેના કરેલ ગુનાનું ફળ ભોગવશે પણ અત્યારે દુઃખી કોણ છે? પેલો જે આ ઘટનાનો શિકાર થયો છે તે અને કુદરતી ન્યાય એમ કહે છે કે પેલા સહન કરનારની જ ભૂલ છે, જે ગયા ભવમાં કરેલી છે. તે પોતે પૂર્વકર્મની ભૂલનું પરિણામ ભોગવી રહ્યો છે અને તે કારણે જ તે લૂંટાયો અને આજે ભોગવી રહ્યો છે. હું આજે સ્પષ્ટપણે અને કોઈપણ જાતના પૂર્વાગ્રહ વિના કહીશ કે કુદરતી નિયમ કે જે કુદરતની અદાલતમાં પ્રવર્તે છે, તે છે-'જે ભોગવે તેની ભૂલ.'

જિજ્ઞાસુઃ આપ એ કહેવા માંગો છો કે મારી કોઈ ભૂલ ન હોય તો કોઈપણ દુઃખ આડેધડ આવતું નથી.

દાદાજીઃ હા, દરેક જણ પોતાની જ ભૂલની કિંમત ચૂકવે છે. વાગવાથી જે દુઃખ અનુભવે તેની ભૂલ છે. પત્થર મારનારની ભૂલ નથી. તમારી આસપાસ કોઈ કેવી ભૂલ કરે છે, તેનો વાંધો નથી અને જો તેનાથી તમને નુકસાન ન થાય તો તેમાં તમારી કોઈ ભૂલ નથી. આમ છતાં આ ભૂલોની જો તમારા ઊપર અસર થાય તો પછી તમારો વાંક. આ જગતમાં જે વ્યક્તિના વધારે વાંક હોય તેને વધારે વેઠવું પડે છે. જે વેઠે છે તેની ભૂલ છે. જે વ્યકિત કડવાશ અનુભવે છે તે કર્તા છે અને Doership (કર્તૃત્વ) બીજું કાંઈ નથી પણ અહંકાર છે.

જિજ્ઞાસુઃ કૃપા કરીને ઉદાહરણ સહિત સમજાવો.

દાદાજીઃ ધારો કે તમારા બનાવેલા મશીનના ગિયરમાં તમારી આંગળી કપાઈ જાય છે છતાં તમે એમ રજૂઆત કરો કે એ ભાઈ મશીન, મેં તને બનાવ્યું છે તો શું તે મશીન તેને છોડે ખરું? મશીન તમને નહિ છોડે. તે તમને જણાવશે કે જે તમે ભોગવો છો તેમાં તો તમારો દોષ છે. એ જ રીતે આ જગત એક યંત્ર છે અને લોકો ગિયર્સ છે! જો એમ ન હોત તો કોઈ પત્ની તેના પતિને દુઃખી કરે નહિ અને કોઈ પતિ તેની પત્નીને દુઃખી કરે નહિ. દરેક જણ પોતાના ઘરને સુખી જ કરે, પણ એવું નથી. બાળકો, પતિ અને પત્ની બધાં જ ગિયર્સ છે.

જિજ્ઞાસુ:શું આ રીતે ઘટનાઓ અને સંજોગો નિયંત્રિત થાય છે?

દાદાજીઃ કુદરતનો કાયદો માત્ર દોષિતને જ સજા કરે છે. એકજ ઘરમાં સાત માણસો ઊંઘતા હોય પણ સાપ આવીને માત્ર એક જ દોષિતને કરડી જાય છે. આ રીતે વ્યવસ્થિત એક સુવ્યવસ્થિત રીતે પોતાનું કાર્ય કરે છે.

જિજ્ઞાસુઃ તો પછી શું એમ કહેવું સાચું છે કે કોઈએ ઝઘડાનો ન્યાય કરવા માટે બીજાને સામેલ કરવા નહિ?

દાદાજીઃ જ્યારે 'જે ભોગવે તેની ભૂલ' નો કુદરતી ન્યાય લાગુ પડતો હોય ત્યારે કોઈ કોર્ટના જજના ઠરાવ-ચુકાદાની જરૂર નથી રહેતી. બહારનો જજ તો માત્ર લવાદ છે અને લવાદ શું કરવાનો? તે બંને પક્ષોને સાંભળીને તેમની મૂર્ખતા બદલ ઠપકો આપે છે. તે પોતાની ગરિમાને ઢાંકવાનો અને સાચવવાનો પ્રયત્ન કરે છે અને બીજાને ઉઘાડા પાડે છે. કુદરતના કાનૂનને માટે કોઈ જજની જરૂર નથી!

જિજ્ઞાસુઃ જો કે બધા એમ જ વિચારે છે કે પોતે નિર્દોષ છે.

દાદાજીઃ સાચું, જ્યારે લોકો પોતાનો કેસ જાતે ચલાવતા હોય ત્યારે શું કરે છે? તેઓ અપરાધી થવાને બદલે પોતે જ જજ અને વકીલ બનીને પોતાને અનુકૂળ હોય એવો ચુકાદો આપે છે અને ગભરાયા વિના ભૂલોની પરંપરા ચાલુ રાખે છે.

જિજ્ઞાસુઃ તો પછી કોની પાસેથી ન્યાય મેળવવો?

દાદાજીઃ પોતાની જાત પ્રત્યે પણ તટસ્થ અને નિષ્પક્ષ એવા જ્ઞાનીપુરૂષ પાસેથી ન્યાય મેળવવો રહ્યો. પણ જે પોતે જ જજ, વકીલ અને જ્યુરીસદસ્ય એમ સર્વસ્વ હોય તો કોની તરફેણમાં ચુકાદો આવે? એની પોતાની જ તરફેણમાં આવશે !

આ રીતે આત્મા કર્મની સાંકળમાં બંધાતો જ જાય છે. એની અંદરનો જજ કહેશે કે તેં ભૂલ કરી છે પણ તેની અંદરનો વકીલ તેનો બચાવ કરશે અને તેને નિર્દોષ જાહેર કરશે. આમ તે કર્મબંધન કર્યા જ કરે છે. આધ્યાત્મિક પ્રગતિ માટે અને આત્મહિતને માટે દરેકે જાણવું-સમજવું જોઈએ કે ખરેખર કોણ ભૂલ કરે છે અને બંધન માટે કોણ જવાબદાર છે? હા, દોષ તો તેનો પોતાનો જ છે. સંસારી ન્યાયમાં તે ભોગ બન્યો છે પણ ભગવાનના ન્યાય અને કુદરતના કાનૂન મુજબ "જે ભોગવે તેની ભૂલ છે."

દાદાએ તેમના જ્ઞાનમાં આ જોયું છે અને કહે છે 'જે ભોગવે તેની ભૂલ છે.'

જિજ્ઞાસુઃ આપ એ કહેવા માગો છો કે જ્યારે મોક્ષને રસ્તે ચાલતા હોઈએ ત્યારે દરેકે કુદરતના કાનૂનને અનુસરવો જોઈએ?

દાદાજીઃ 'ભોગવનાર જે કાંઈ ભોગવે છે તેને માટે તે પોતે જવાબદાર છે!' આ સમજ તમને મોક્ષના માર્ગ સુધી લઈ જશે. અન્યમાં દોષ જોવા તે સાવ ખોટી વાત છે. પોતાના દોષને કારણે બીજો કોઈ નિમિત્ત થાય છે અને તે તમને દુઃખ પહોંચાડે

છે. જો તે નિમિત્ત કોઈ જીવતી વ્યક્તિ હોય તો તમે એની સાથે તકરાર કરો. પણ ધારો કે નિમિત્ત જીવિત ન હોય ત્યારે જેમ કે કાંટાવાગે ત્યારે તે શું કરે? ચાર રસ્તા ઉપર કાંટો પડ્યો હોય અને હજારો લોકો તેના ઊપરથી પસાર થઈ જાય છે છતાંય તેમને વાગતો નથી અને અમિત તેના પરથી ચાલીને પસાર થાય છે અને એ કાંટો તેને વાગી જાય છે. આમ નવાઈ લાગે તેવું છે કે વૈજ્ઞાનિક સાંયોગિક પુરાવા આવી બરાબર રીતે કામ કરે છે. કાંટો માત્ર અમિતને જ વાગે છે. એટલે વ્યવસ્થિત આ બનાવ માટેના બધા જ સંજોગો એકઠા કરે છે. નિમિત્ત સંજોગો માટે જવાબદાર નથી. ધારો કે કોઈ કશી દવા છાંટે તો લોકોને તેનાથી ખાંસી થાય છે અને છીંકવા માંડે છે એટલે તકરાર થઇ જાય! પણ જો રસોડામાંથી મરચાંની તીખાશની તીવ્ર ગંધ આવે અને ખાંસી ચડે છતાં પણ કોઈ તકરાર નથી કરતું. આમ, જે છીંડે ચડે તેની ઝાટકણી કાઢી નાખવામાં આવે છે.એ જ રીતે લોકો નિમિત્તને દોષ આપે છે. પણ જો અંદર રહેલા સત્યને સમજે કે આવું કેમ બને છે અને આવું કોણ કરે છે તો કોઈ તકલીફ નહિ પડે કે કોઈ સમસ્યા ઊભી નહિ થાય.

ધારો કે તમે લપસણા મેદાનમાં બૂટ પહેરીને ચાલવા જાવ અને લપસી પડો તો કોનો વાંક નીકળે? સારું, આ ઘટનામાં તમને જ ઠપકો મળે. તમારે એ જાણવું જોઈતું હતું કે જો તમે એની ઉપર ઉઘાડા પગે ચાલ્યા હોત તો તમારા અંગૂઠાની પકડ તમને લપસવા ન દેત. અહીં કોની ભૂલ છે? ભીની માટી, તમારા બૂટ કે તમારી?

જો તમને કોઈકના ચહેરા પર અણગમા પ્રેરિત રોષ જોવામાં આવે તો એ તમારી ભૂલ છે. આવા પ્રસંગે તેની અંદર તમારે આત્માને જોવો પડે અને વારંવાર એ આત્માની ક્ષમા માગવી જોઈએ. ત્યાર પછી જ તમે ઋણાનુંબંધમાંથી છૂટી શકશો.

જે દુઃખ અનુભવતું હોય તેની ભૂલ છે અને જે આનંદ તેમજ સુખ અનુભવે છે તે એનો પુરસ્કાર છે. જગતનો નિયમ નિમિત્તને દોષિત ઠરાવે છે પણ ભગવાનનો નિયમ યથાર્થ અને સત્ય છે. તે સાચા દોષિતને દોષિત ઠરાવે છે. આ કાયદો એવો સચોટ અને અફર છે કે એને કોઈ બદલી શકે એમ નથી. દુનિયામાં એવો કોઈ કાયદો નથી જે કોઈને અઘટિત દુઃખ પહોચાડે. અરે સરકારનો કાનૂન પણ આવું ન કરી શકે. જે દુઃખ ભોગવે તેનો દોષ.

દાદાજીઃ પોતે જે દુઃખ વેઠી રહ્યો છે તેના ઊપરથી પોતાની ભૂલની માત્રા માપી શકાય છે.

જિજ્ઞાસુઃ કૃપા કરીને ઉદાહરણ સાથે સમજાવો.

દાદાજીઃ ધારો કે કોઈ પરિવારમાં દસ સભ્યો હોય. તેમાંથી બે તો કદીયે એ વિચારતા જ નથી કે આ ઘર કેવી રીતે ચાલે છે, બે જણ પરિવારને મદદ કરવાનો વિચાર કરે છે અને બીજા બે જણ ખરેખર મદદ કરે છે. જ્યારે એક હંમેશાં એ વાતે ચિંતિત રહ્યા કરે છે કે ઘર કેવી રીતે ચલાવવું અને બીજાં બધાં શાંતિથી ઊંઘ્યા કરે છે. અહીં કોનો દોષ છે? એનો કે જે સહન કર્યા કરે છે તેનો જ! જે હંમેશાં ચિંતા કરતો રહે છે તેનો દોષ છે, જે ઊંઘ્યા જ કરે છે તેનો કોઈ વાંક નથી!

જો સાસુ તેની વહુને ઠપકો આપતી જ રહે છતાંય વહુ ખુશ હોય પણ સાસુ અકારણ સહેતી હોય અને અકારણ દુઃખી થતી હોય તો ભૂલ સાસુની જ છે. પરિવારમાં જો કોઈ વહુને પજવતું હોય અને તે વેઠતી હોય તો તેનો દોષ છે. જો તે દેખીતા કોઈ કારણ વિના જ સહેતી હોય તો તે દોષિત છે. આવું થવાનું કારણ તેનો જૂનો કર્મનો હિસાબ પતાવટ માટે ઉદય પામ્યો છે. તેણે એકની એક ભૂલ ફરીથી કરવી નહિ જોઈએ અન્યથા તેણે હજી ફરીથી સહેવું પડશે.

જિજ્ઞાસુ: દુઃખ સહન કરતી વખતે ખરેખર કેવું વલણ હોવું જોઈએ?

દાદાજી: ભલે ને પછી કડવું હોય કે મીઠું પોતાના ઉપર જે આવી પડે છે તે તેણે સ્વીકારી લેવું જોઈએ અને પોતાના ખાતામાં જમા કરી લેવું જોઈએ.તો જ ખાતું સરભર થશે.

આ સંસારમાં, જૂના ખાતાં વગર તમે કોઈની સાથે આંખ પણ મિલાવી નહિ શકો. ખાતાથી કશુંય પર શી રીતે હોઈ શકે? તમે જે કાંઈ પણ બીજાને આપ્યું છે તે જ તમને પાછું મળશે જ્યારે આવું કાંઇ બને ત્યારે આનંદથી સ્વીકારી લો કે હવે ખાતુ સરભર થઇ ગયું. બીજી રીતે વર્તીને અથવા જો તમે એની એ જ ભૂલનું પુનરાવર્તન કરશો તો તમારે ફરી વેઠવું જ પડશે. 'આખી દુનિયા તમારી જ છે.' તમે આખા સંસારના સ્વામી છો પણ તમે તમારી ભૂલોથી બંધાયેલા છો. માટે તમારા દુઃખનું કારણ શોધો.

આપણી જ ભૂલોએ આપણને જકડી રાખેલ છે. બીજાએ આપણને બાંધી નથી રાખ્યા બધી ભૂલો ખપી જાય ત્યારે મોક્ષ થાય. હું તમને આવો સ્પષ્ટ અને શુદ્ધ કાનૂન સમજાવું છું પછી તમારે ન્યાય-અન્યાયની ચિંતા શા માટે કરવાની હોય? આ ઘણી ગહન વસ્તુ છે. આ બધાં શાસ્ત્રોનો સાર છે. આ સિદ્ધાંત-'ભોગવે તેની ભૂલ' દ્વારા હું કુદરતનો કાનૂન કેવી રીતે કામ કરે છે તે સમજાવું છું.

## ૨૩. સ્વદોષ દર્શન

જિજ્ઞાસુ: લોકો શા માટે બીજામાં દોષ જુએ છે?

દાદાજી: લોકો રોજ મંદિર જાય છે અને ભગવાન સમક્ષ બે હાથ જોડીને ગાય છે કે :-

''હું તો દોષ અનંતનું ભાજન છું કરુણાળ.

દીઠા નહિ નિજ દોષ તો તરીએ કોણ ઉપાય.''

જો તમે એમને પૂછો કે હજી તમારી અંદર કેટલા દોષ બાકી છે ત્યારે તેઓ કહેશે કે, ''ફક્ત બે કે ત્રણ જ દોષ છે.'' કોઈવાર તેમને થોડો ગુસ્સો અને થોડો લોભ થઇ જાય, બસ એટલું જ. કહેશે, હવે મારી અંદર અન્ય કોઈ દોષ રહ્યા નથી! થોભો,

થોડીવાર પહેલાં તો તમે ગાતા હતા ને કે ''હે પ્રભુ! હું અનંત દોષોથી યુક્ત છું?'' ત્યારે તેઓ કહેશે કે ''ગીત તો જેવું હોય એવું ગાવું જ પડે પણ સાચે જ મારી અંદર વધારે દોષ છે જ નહિ.'' જોયુંને, તેઓ ભગવાનને પણ કેવા છેતરી રહ્યા છે!

જિજ્ઞાસુઃ ઓહો, એમ કે?

દાદાજીઃ ભગવાન કહે છે કે ''જેની અંદર કેવળ બે જ દોષ હોય તો તે ત્રણ જ કલાકમાં મોક્ષ મેળવી શકે છે.'' જો તમે કોઈ મહાન કહેવાતા સંત અને આચાર્યને પૂછો તો કહેશે કે તેમની અંદર ભાગ્યે બે કે ત્રણ જ દોષ છે. જો તેમની અંદર માત્ર બે કે ત્રણ જ દોષ હોય તો તેમને ત્રણ જ કલાકમાં મોક્ષ મેળવી લેવો જોઈએ પણ તેઓ તો હજી અહીયાં જ છે. કારણ કે તેમની અંદર અસંખ્ય દોષો છે. તેમ છતાં તમે જો એમને બીજાના દોષ બતાવવાનું કહો તો તેઓ બીજાના અસંખ્ય દોષ બતાવશે પણ તેમને પોતાની અંદર રહેલ દોષ નથી દેખાતા! બધાંને બીજાના જ દોષ નજરે ચડે છે.

જિજ્ઞાસુઃ તો પછી કોઈ પોતાના દોષ શી રીતે જુએ?

દાદાજીઃ શુદ્ધાત્માને અનુભવ્યા પછી જ તમે તમારા દોષ નિહાળી શકો છો. આત્માનુભૂતિ તમારી અંદર તાટસ્થ્યભાવ જન્માવે છે. જો તમે તમારા દોષોને ઓળખ્યા હોય તો તમે અત્યાર સુધીમાં મોક્ષ પ્રાપ્ત કરી લીધો હોત અથવા તમે જ્ઞાનીના પદે બિરાજેલા હોત. પણ આ વિષયમાં કોઈનો દોષ નથી. આ તો કળિયુગની અસરનું કારણ છે. જે સંજોગો નિર્માયા હોય એ રીતે બધું બનતું હોય છે. માટે કોઈને દોષ શી રીતે દેવાય?

જિજ્ઞાસુઃ આપણે આપણા દોષોથી મુક્ત શી રીતે થઈ શકીએ?

દાદાજીઃ જ્યારે તમને જ્ઞાનીપુરૂષના આશીર્વાદ મળ્યા હોય ત્યારે તમને તમારા દોષ દેખાવાની શરૂઆત થઈ જાય છે. સૌથી પહેલાં તો તમે અનુભવશો કે તમારી અંદર અનંત દોષ છે એટલે તમે એ જોવાનું શરૂ કરી દો છો અને તમે એ શોધી શકશો. એકવાર તમે તમારા દોષ જુઓ છો તે તેમની વિદાયનો સંકેત છે અને ધીરે-ધીરે તે વિલુપ્ત થઈ જશે. તમે તમારી અંદર રહેલ પ્રમાદને કારણે પોતાના દોષ જોઈ શકતા નથી.

એકવાર તમે એ બરાબર સમજી લો કે તમારી અંદર અનંત દોષ છે એટલે તમે એ દોષોને શોધી કાઢવાનું શરૂ કરી દેશો. કોઈ બહેરા માણસના ઘરમાં કોઈ ચોર પેસે તો શું થાય છે? વાસણો કે તવા વગેરે પડવાથી ભારે અવાજ થાય તો પણ તે બહેરો માણસ નહિ સાંભળી શકે. એ જ રીતે કોઈ વ્યક્તિ પોતાના દોષને જોઈ શકતો નથી એટલે તે તેમાંથી છૂટી શકતો નથી. એકવાર તે પોતાના દોષ શોધવાનું શરૂ કરી દે તેમ-તેમ દોષ વિલુપ્ત થવા માંડશે.

કેટલાક દોષ ખૂબ જ ચીકણા હોય છે અને તે વિલુપ્ત થવામાં લાંબો સમય લે છે પણ એકવાર તમે જુઓ કે પછી તે અંતે તો

થોડાક જ દિવસો કે વરસમાં વિલુપ્ત થવા લાગશે. જો ચોર ઘરમાં ઘૂસી જાય તો તે કેટલો સમય ઘરમાં રહેશે? ચોક્કસ, ઘરમાલિકને ખબર ન પડે ત્યાં સુધી જ. ઘરમાલિકને ખબર પડતાં જ તે ભાગી છૂટશે.

જિજ્ઞાસુઃ શું આપણે બીજાના દોષ કે અવગુણ ન જોવા જોઈએ?

દાદાજીઃ જો આપણે કોઈના દોષ જોવા જ ઈચ્છતા હોય તો આપણે માત્ર આપણા જ દોષ જોવા જોઈએ. જ્યારે આપણે બીજામાં દોષ જોઈએ છીએ ત્યારે આપણું મન કેટલી વ્યાકુળતા અનુભવે છે અને તેમના ગુણ જોઈએ ત્યારે કેવું ખુશ થઇ જાય છે? બીજામાં દોષ જોવા કરતાં આપણે આપણી પોતાની ભૂલો સુધારવી જોઈએ. જો આપણા પૂર્વના કર્મના ખાતાંમાં લખેલ નહિ હોય તો કોઈ આપણી બૂરાઈ નહિ કરે.

જો તમે તમારી અંદરનો એક દોષ પણ શોધી કાઢો તો તમે ભગવાનની નજરમાં માણસ કહેવાશો. જો આ વિકરાળ જગતમાં તમે પોતાના દોષ શોધીને સુધારી લેશો તો તમે સાચા અર્થમાં માણસ કહેવાશો. આ જગતમાં તમે બધું જ શોધી શકશો પણ તમને પોતાના દોષ નહિ જડે.

જિજ્ઞાસુઃ તો પછી કોઈ પોતાના દોષ શી રીતે જોઈ શકે?

દાદાજીઃ જ્ઞાનીપુરૂષ જ તમારા દોષ ઉપર પ્રકાશ પાડીને તમને જગાડી શકે છે. તમને તમારા દોષ દર્શન કરાવવાની અજોડ અને નિર્વિવાદ આધ્યાત્મિક સત્તા માત્ર જ્ઞાનીપુરૂષ પાસે જ છે. જે તમને આવી ઊંડી ભૂલ બતાવી શકે છે તેને ભગવાન 'સુપર હ્યુમન' (મહામાનવ) કહે છે.

આવું ક્યારે બને? જ્યારે તમે જ્ઞાનીપુરૂષના સંપર્કમાં આવો ત્યારે બને અને તે તમને તટસ્થ-પક્ષપાત રહિત બનાવે છે. જ્યાં સુધી તમે પોતાની જાત પ્રત્યે તટસ્થ નહિ થાવ ત્યાં સુધી તમે તમારા પોતાના દોષ જોઈ નહિ શકો. જ્યાં સુધી જ્ઞાનીપુરૂષ તમને આત્માનો અનુભવ નહિ કરાવે, ઓળખ નહિ કરાવે ત્યાં સુધી તમે તમારી જાત પ્રત્યે નિષ્પક્ષપાતની નહિ કેળવી શકો. જ્ઞાન ક્યાંય દોષ શોધતું નથી જ્યારે બુદ્ધિ બધાંમાં દોષ શોધે છે. તે પોતાના ભાઈને પણ છોડે નહિ.

જિજ્ઞાસુઃ દાદાજી! આ વૃદ્ધ લોકો શા માટે યુવાનોમાં દોષ જુએ છે અને યુવાનો તેમનાથી નાનામાં અને એ લોકો તેમનાથી યે નાના લોકોમાં દોષ જુએ છે. આ લોકોના દૃષ્ટિકોણ શા માટે ટકરાય છે?

દાદાજીઃ એ તો મોટો નાનાનો શિકાર કરે એવું છે. 'મારી ભૂલ છે' એમ કહેવું વધારે સારું કહેવાય. ભૂલ માની લેવાથી સમસ્યાનું નિરાકરણ આવી જાય છે. હું જાણું છું કે બીજા લોકો ભૂલનો ભાર નહિ વેઠી શકે માટે એની જવાબદારી હું લઈ લઉં છું. હું બીજામાં દોષ જોતો જ નથી. જો મારું પેટ સમુદ્ર જેવું ઉદાર હોય તો હું શા માટે બીજાને ભૂલની કડવાશ ગળી જવા દઉં?

જુઓ મુંબઈના કચરો-પૂંજો અને ગટરની ગંદકીને દરિયો પોતાના પેટમાં કેવો અપનાવી લે છે! આવું જ આપણે પણ કરવું જોઈએ. એનાથી આપણા બાળકો તથા આપણી આસપાસના લોકો ઉપર સારો પ્રભાવ પડશે અને તેઓ આપણી પાસેથી કંઈક શીખશે. આપણાં બાળકો પણ અનુભવશે કે આપણું હૃદય મહાસાગર જેવું વિશાળ છે! જે કાંઈ તમને આવી મળે તેને અપનાવી લો અને તમારા ખાતાંમાં જમા કરો. કુદરતનો વ્યવહાર જીવનનો નિયમ છે. "જે માણસ તમારું અપમાન કરે છે તે તેની શક્તિ પણ આપે છે, માટે હસતાં મુખે બધાં અપમાન સ્વીકારી લો."

જિજ્ઞાસુ: પણ શા માટે વારંવાર ભૂલો થાય છે?

દાદાજી: જુઓ, આપણે એક આંખ પર હાથ દાબીને ચંદ્રમાને જોઈશું તો બે ચંદ્રમા દેખાશે. આ કોનો દોષ છે? જગતમાં લોકોને આવું જ બને છે. તેઓ મિનિટેમિનિટ અને પળેપળ ભૂલો કરે છે. તેઓ પર-સમય એટલે કે અનાત્મની બાબતોમાં હંમેશાં ગૂંચવાયેલા રહે છે. તેમની પાસે બીજા માટે સમય છે પણ પોતાના માટે સમય નથી. તેમણે 'પોતાના માટે'-પોતાના આત્મા માટે એક પળનો સમય પણ ફાળવેલો નથી. જે લોકો પોતાના આત્માને ઓળખતા નથી તેઓ અનાત્મ, પરસમયની બાબતોમાં ડૂબેલા હોય છે.આત્માનુભૂતિ બાદ જ તમે સ્વસમયની બાબતમાં જાગૃત રહી શકો.

મોટાભાગના લોકોની દૃષ્ટિ દોષપૂર્ણ યા વિકૃતદષ્ટિ હોય છે; તેથી તે લોકો બીજાના દોષ જ જોતા હોય છે પણ પોતાના દોષ જોઈ શકતા નથી. તમારે તમારી દૃષ્ટિને નિર્દોષ બનાવવી પડશે. પહેલાં તો તમે આત્માનુભૂતિ કરી લો (દોષમુક્ત થઈ જાવ). આનાથી તમારી દૃષ્ટિ નિર્મળ થશે. જો તમે બધાંને નિર્દોષ જોશો તો જ તમે મુક્ત થઈ શકશો! લોકો પોતાના દોષોને કારણે બંધન અનુભવે છે. જે માણસનો અપરાધજન્ય દોષ હોય છે તેને જ પોલીસ બંધનમાં લે છે.

જિજ્ઞાસુ: દાદાજી! આનો કર્મ સાથે શું સંબંધ છે?

દાદાજી: લોકો કર્મની વાતો કરે છે પણ કર્મ એટલે શું તેની તેમને સમજ હોતી નથી. વ્યક્તિના પૂર્વજન્મના દોષો જ તેનાં કર્મ છે. આત્મા તો દોષોથી મુક્ત હોય છે અને સાચે જ નિર્દોષ હોય છે પણ તે વ્યક્તિના દોષને કારણે બંધાયેલો હોય છે. તમે તમારા પોતાનામાં જેટલા દોષ જોશો એટલી મુક્તિ (હળવાશ) તમે અનુભવશો. કેટલાક દોષો લાખો પડથી રચાયેલા હોઈ શકે છે. આવા દોષને હટાવવા માટે તમારે તેને માટે લાખો વખત જોવા પડશે. દોષો તો મન, વચન અને કાયા સાથે જડાયેલા હોય છે.

જિજ્ઞાસુ: મુમુક્ષુ શી રીતે પોતાના દોષ જુએ છે અને તેમની સાથે વર્તે છે?

દાદાજી: આપણે આપણા મન, વાણી અને કાયાના દોષને ક્ષણે-ક્ષણે જોવા જોઈએ. આ દુષમકાળમાં કોઈપણ દોષમુક્ત નથી. જેટલા દોષ જણાયા એટલાં આત્મપ્રકાશનાં કિરણ વધ્યાં કહેવાય. આ યુગમાં અક્રમજ્ઞાનની પ્રાપ્તિ એ અનોખી અને

અપૂર્વ છે! તમારે માત્ર જાગૃત રહેવાનું છે અને તમે પૂર્વજન્મમાં જે સંચિત કરેલ હોય તેનાથી ભારમુક્ત થવાનું છે અને તેને ધોઈને દોષમુક્ત થવાનું છે. આત્મજાગૃતિ તો અબાધપણે જળવાવી જ જોઈએ. જો તમે દિવસે પણ ઊંઘતા જ રહેશો તો તમે કોઈ પ્રગતિ નહિ કરી શકો. પણ જો તમે તમારા પોતાના દોષોને નીરખ્યા જ કરતા રહેશો અને ધોતા રહેશો તો તમે આધ્યાત્મિક વિકાસ કરી શકશો. દાદાની પાંચ આજ્ઞાઓનું પાલન કરવાની જાગૃતિ તમને મદદ કરશે. તે આત્માની ઉન્નતિ કરાવશે. આત્મજાગૃતિ માટે સત્સંગ અને પુરુષાર્થહોવાં આવશ્યક છે. સત્સંગનું પ્રથમ સોપાન આજ્ઞાંકિતતા છે.

જો તમે સંસારીજીવનના નાટકના સંભવિત નુકસાનથી અસરમુક્ત રહી શકો તો તમે આ સાંસારિક જીવનના આખરી સોપાન પર છો તેમ કહી શકાય. તમારે તો માત્ર એટલું જ કરવાનું કે આ સંસારી નાટકમાં તમારી ઉપર જે કાંઈ દોષારોપણ થતું લાગે તેનાથી અસરમુક્ત રહો. કર્મના હિસાબ વિના તમારી તરફેણમાં કે વિરોધમાં કોઈપણ કશું ય નહિ બોલે. જો તમે બીજાના દોષ જોશો તો મલિન થશો અને પોતાના દોષ જોશો તો ચોખ્ખા થશો. સત્સંગ તમારી બધી જ ગંદકી સ્વચ્છ કરે છે. પ્રમાદી વ્યક્તિ જ પરદોષ દર્શન વધારે પ્રમાણમાં કરશે.

## ૨૪. ભૂલો

જિજ્ઞાસુઃ આધ્યાત્મિક પ્રગતિની રાહ ઉપર ચાલતા હોઈએ ત્યારે આપણે પોતાની ભૂલોને કેવી રીતે દૂર કરી શકીએ. તે સમજાવો.

દાદાજીઃ અજ્ઞાનવશ કરેલી ભૂલો અને જે ભૂલો અંધારામાં દટાઈ રહે છે તે દેખાતી નથી. આત્માની જાગૃત ચેતનાની જ્યોત (જાગૃતિની જ્યોત) ફેલાતાં જ પોતાની વધારે ને વધારે ભૂલો જણાવા માંડે. અરે, સ્થૂળ ભૂલોની વિદાય પણ તમારી આંખનું તેજ વધારી દે. જેમ-જેમ તમારા દોષો ભૂંસાતા જશે તેમ-તેમ તમારી વાણી પણ એવી થશે કે બીજાને પણ સાંભળવી ગમે.

જિજ્ઞાસુઃ મોટા ભાગના લોકો એમ વિચારે છે કે પોતે દોષ રહિત છે.

દાદાજીઃ કોઈ એમ ન કહી શકે કે ''હું દોષ મુક્ત છું.'' તમારે એવું કદાપિ ન કહેવું જોઈએ કે તમે દોષ મુક્ત છો. માત્ર કેવળજ્ઞાની જ દોષ મુક્ત હોય છે. તમારી આંધળુકિયા તેમજ અંધારામાં ધરબી દીધેલી ભૂલો તમારા ધ્યાન બહાર નીકળી જ જાય.

જિજ્ઞાસુઃ જે ભૂલો અજ્ઞાનતામાં કરેલી છે અને અંધારામાં દબાઈ રહેલી છે તેનાથી અમે કેવી રીતે છૂટી શકીએ?

દાદાજીઃ આવી આંધળી ભૂલો ભૂલ કરનારને પણ ખૂંચતી નથી તો પછી આવી અદીઠી ભૂલોથી તમે શી રીતે છૂટો? અક્કડ માણસની ઘણી દેખીતી ભૂલો બીજા બધાંની અદીઠ ગંભીર ભૂલો કરતાં સારી. જેટલી તમારી જાગૃતિ પ્રબળ બને એટલી

વધારે ભૂલો તમે જોઈ શકો. જેવો ત્યાં ક્લેશ ઊભો થશે કે તમારી દેખીતી ભૂલો બધી દૂર જતી રહેશે પણ જે ભૂલો અદષ્ટ છે તેવી સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ ભૂલોથી છૂટી શકવું સહેલું નથી. જો જ્ઞાનીપુરૂષ દ્વારા પ્રકાશ પાડવામાં આવે તો અંધારામાં થયેલી ભૂલો પ્રકાશમાં આવે.

જિજ્ઞાસુઃ એને માટે આપણે કેવો પુરુષાર્થકરવો જોઈએ?

દાદાજીઃ જ્યારે તમને આત્મજ્ઞાન થાય ત્યારે ખરો પુરુષાર્થશરૂ થાય છે. જ્યારે તમે શુદ્ધાત્માને અનુભવો એટલે પુરુષાર્થઅને સ્વપરાક્રમ શરૂ થઈ શકે. આત્મા તો પ્રકાશમાન છે જ અને એટલે તેના પ્રકાશમાં વ્યક્તિ પોતાની ઊંડી ભૂલોને ય જોઈ શકે છે.

મુશ્કેલ સંજોગોમાં જ્ઞાન તમને બચાવવા માટે આવે છે. જ્યારે કોઈ તમારા કાન કાપતું હોય ત્યારે જો જ્ઞાન હાજર થાય તો એ સાચું જ્ઞાન છે.

જ્ઞાનીની ઊંઘ માત્ર એકાદ જ કલાકની હોય છે. તે હંમેશાં તેના શુદ્ધાત્મા પ્રત્યે સજાગ હોય છે. જે ઓછું ઊંઘતો હોય અને જેનો ખોરાક ઓછો હોય તે આત્માની જાગૃતિમાં વધારો કરી શકે છે. વધારે પડતી ઊંઘ તો આધ્યાત્મિક જડતા છે. એ તો આત્માને કોથળામાં પૂરવા બરાબર છે. વધારે પડતો ખોરાક લેવાય એ પણ આધ્યાત્મિક જડતા જ છે. લોકોને દોષ શું છે તેની સમજ નથી. પોતાના દોષોને તો સ્વપરાક્રમ દ્વારા જ જોઈ શકાય છે અને દૂર કરી શકાય. પોતાના દોષનું નિવારણ કરવા માટે તમારે યજ્ઞ (જ્ઞાનીપુરૂષની અથવા તેમના મહાત્માઓની સેવા) કરવી પડે અથવા સ્વપુરુષાર્થકરવો પડે. સ્વપુરુષાર્થવિના તમને જ્ઞાનનું ફળ પ્રાપ્ત નહિ થાય. જે દોષો તમને કરડે છે તે ઈલેક્ટ્રિકલ દોષો છે અને તમે એમનાથી સાવધ થાવ અને તેમનું નિરીક્ષણ કરી શકો. પણ તમારી અંદર અંધારામાં ઊંડે દટાયેલા અધમ દોષો તમને પજવતા નથી એટલે તમે એમના પ્રત્યે સભાન નથી. તેના કરતાં ખુલ્લા દોષો સારા. હા, 'ઈલેક્ટ્રિસિટી' સાથેના દોષો સહેલાઈથી જોઈ શકાય છે!

જિજ્ઞાસુઃ આ 'ઈલેક્ટ્રિકલ (Electrical) દોષ' (સભાનપણે કરેલી ભૂલો) શું છે?

દાદાજીઃ જે કર્તાને જ ખૂંચે-કનડે છે તેને હું Electrical દોષ કહું છું અને આંખે અંધારિયા પાટા બાંધેલા અથવા જે ઊંડા અધમ દોષ છેતે તો કર્તાને ખૂંચતા પણ નથી. જે દોષો ખૂંચે છે તે તરત જ ધ્યાનમાં આવી જાય છે અને જે ખૂંચતા નથી તે તો તમારા ધ્યાન બહાર જતા રહે છે. Electrical ભૂલો એ ઉઘાડી ભૂલો છે. તે તમને મૂંઝવણમાં નાખીને અથવા તકલીફ આપીને હટી જાય છે. તેઓ તમને જાગૃત અને સચેત રાખે છે.

ઊંડે પડેલા અધમ દોષો જોવામાં નથી આવતા. અંધારામાં દટાઈ રહેલી ભૂલો માટે તમે પોતે જ બેદરકાર હોવ છો અને

કસૂરવાર છો પણ ત્યાં તમને દોષ દર્શન કરાવનારું કોઈપણ નથી. જ્યારે કોઈ કહે કે 'હું જાણું છું' તો આ અજ્ઞાનની અંધારી ભૂલ છે અને જ્યારે એ કહે છે કે 'મને કોઈ પરવા નથી' ત્યારે તે ભારે ભૂલ કરે છે. જ્ઞાની સિવાય કોઈ એમ કહી ન શકે કે હું દોષ મુક્ત છું. આપણે હંમેશાં એ સમજવું જોઈએ કે 'હું શુદ્ધાત્મા છું' પણ સંસારી જીવનમાં "હું સર્વથા અજ્ઞ છું" એમ ખ્યાલમાં રહેવું જોઈએ. જો તમે આ રીતે માનો અને વર્તો તો તમારે કોઈ સમસ્યા-તકલીફ નહિ રહે.

શુદ્ધાત્મા તો દોષમુક્ત જ હોય છે પણ 'અમિતે' પોતાનામાં ભૂલો જોતાં જ તેમને નિવારતા જવું જોઈએ. મારી આજ્ઞાઓ પાળવાની તમારી પ્રબળ ઈચ્છા હોય તો મારી કૃપાથી તમે એમ કરી શકશો.

જો તમે મારા શબ્દોને સાંભળીને સમજો છો ખરા પણ હજી તમે એને પચાવી નથી શકતા તો પછી તમારી અંદર બહુ મોટી ગ્રંથિ છે. હું કદીયે કોઈને તેની ભૂલ દેખાડતો નથી કારણ કે મારી પાસે સમય નથી. જો હું કોઈને ભૂલ બતાવું તો તે તમારા પુણ્યનો પ્રતાપ છે એ, ચોક્કસ માનજો. અમે અમારી સિદ્ધિ (આધ્યાત્મિક શક્તિ) થી તમારા દોષોની શસ્ત્રક્રિયા કરીએ છીએ. આ કરવા માટે અમારે ઘણી શક્તિ કામે લગાડવી પડે છે.

જેને કોઈ દોષ નથી તેને કોઈ શેઠ કે સાહેબ નથી હોતો! મારે કોઈ સાહેબ નથી એટલે હું તો સાહેબોનો પણ સાહેબ છું કારણ કે મારા કોઈ સ્થૂળ કે દશ્યમાન દોષ નથી. અરે મારા તો સૂક્ષ્મ દોષોએ પણ વિદાય લઈ લીધી છે. હવે મારે સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ દોષો રહ્યા છે પણ હું આ દોષોનો જ્ઞાતા અને દૃષ્ટા છું. ભગવાન મહાવીર પણ આ જ દશામાં હતા. જ્યારે કોઈ જ ચીકાશ ન રહી હોય ત્યારે કોઈ વધારે સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ દોષોને જોઈ શકે છે. ભગવાન મહાવીરસ્વામીએ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું ત્યાં સુધી તેઓ પોતાનામાં રહેલા સૂક્ષ્મતમ દોષ જોયા કરતા. જ્યારે તેમનામાં કોઈપણ દોષ બાકી ન રહ્યો ત્યારે તેમને કેવળજ્ઞાન થયું. કુદરતી નિયમ એવો છે કે જ્યારે તમે સર્વદોષમુક્ત થશો ત્યારે જ તમે મોક્ષ પ્રાપ્ત કરશો.

જિજ્ઞાસુઃ દાદાજી, બાળપણથી લઈને હું મારા જીવનમાં બધા જ પ્રકારની મુશ્કેલીઓમાંથી પસાર થયો છું. હવે મારે મારા બાળકો તરફથી અપમાન અને દુઃખો સહેવા પડે છે. કૃપા કરીને મને સમજાવશો કે મારે આ સ્થિતિમાંથી શી રીતે બહાર નીકળવું? અને આ કોની ભૂલ છે?

દાદાજીઃ જો ચાનો આ કપ તમારાથી ફૂટી જશે તો શું તમને દુઃખ થશે ખરું? જો તમારાથી એ તૂટશે તો તમને કોઈ દુઃખ નહિ પહોંચે પણ જો તમારું બાળક એ તોડી નાખશે તો તમને દુઃખ થશે અને ચિંતામાં આવી જશો. જો તમે એમ વિચારશો કે આ બધું તો મારાં જ જૂના કર્મોના હિસાબનું ફળ છે તો તમને જરાયે દુઃખ કે ઉદ્વેગ નહિ થાય. તમે બીજામાં દોષ જોઈને દુઃખી થાવ છો અને રાત-દિવસ દુઃખ અને ચિંતામાં રહો છો. આ તમારું પોતાનું જ કર્મ છે છતાંય તમે ફરિયાદ કરો છો કે મારે દુઃખ અને અપમાન સહેવું પડે છે.

જિજ્ઞાસુ: શું દરેક જણમાં દોષો ભરેલા હોય છે?

દાદાજી: તમારી અંદરની વખાર દોષોથી ભરેલી છે. જો તમે પ્રત્યેક ક્ષણ તમારો દોષ શોધતા રહો તો તમે એક સાર્થક જીવન તરફ પ્રગતિ કરો છો. એકવાર જો તમારું લક્ષ્ય શુદ્ધાત્મા પર ચોંટી જાય એટલે તમે તમારા દોષો જોવા લાગો છો. આ તો જ્ઞાતા અને દૃષ્ટાનો સંબંધ છે, જેમાં કોઈ દુઃખ કે પીડા નથી. તમારા પાછલા ભવના કર્મોનું બંધ ન હોય તો તમે જરાય મુશ્કેલીમાં નહિ મૂકાવ. મેં મારા દોષ દર્શન કરેલ છે એટલે હું મુક્ત છું. જો તમે પોતે પાંચસો રૂપિયા ખોઈ બેસો તો તમે સહન કરી લેશો. એ જ રીતે, તમારા પોતાના દોષ-દર્શનથી તમારી સહનશક્તિ આપોઆપ વધી જવાની. એ કોનો દોષ હતો? 'હા મારો દોષ હતો', જો તમે આટલું બોલો તો તમે મુક્તિ પામો છો; અન્યથા તમે હજી વધારે બંધનમાં આવો છો.

દરેકને સલાહ આપવામાં આવે છે કે તમે તમારી સહનશક્તિ વધારો પણ સહિષ્ણુતા ક્યાં સુધી વધતી રહે? જ્યારે જ્ઞાનનો તાર તો અંતિમ ધ્યેય સુધી પહોંચી શકે છે પણ સહનશક્તિનો તાર બહુ-બહુ તો કેટલો ખેંચાઈ શકે? સહનશક્તિ મર્યાદિત હોય છે જ્યારે જ્ઞાન તો અમર્યાદ છે. જ્ઞાને મને સમજાવ્યું છે કે કશુય સહન કરવાનું હોતું નથી. સહનશક્તિ તો આંખથી જોઈને લોખંડને ઓગળવા જેવી મુશ્કેલ છે, જ્યારે જ્ઞાન દ્વારા, જરાય હેરાન થયા વિના જૂના કર્મોનો બાકી રહી ગયેલો હિસાબ પણ પૂરો થાય છે અને પરમાનંદ સાથે મોક્ષ પણ મળે છે.

જિજ્ઞાસુ: આપણે પોતાના દોષો અને ભૂલોને જોવા માટે આપણી જાગૃતિને શી રીતે સતેજ બનાવી શકીએ?

દાદાજી: આપણી અંદર અનંત દોષ છે. તેઓ આપણને નિદ્રાવશ કરી દે છે. અન્યથા કોઈ કેવી રીતે ઊંઘી શકે? ઊંઘ તો શત્રુ સમાન છે. એ તો વ્યક્તિની આંતરિક પ્રમાદાવસ્થા (શિથિલતા) છે. ધાર્મિક ક્રિયાકાંડ વખતે પણ ઊંઘ અનિચ્છનીય ગણાય છે અને નડતરરૂપ થાય છે. જ્યારે તમારી ઊંઘ અને ભૂખ ઓછી થવા માંડે ત્યારે તમારે એ સમજવું કે તમારો પ્રમાદ ઓછો થવા લાગ્યો છે. વ્યક્તિના દોષનિવારણની સાથે-સાથે ચહેરો ખીલવા માંડે છે, વાણીમાં મિઠાશ અને મધુરપ આવી જાય છે અને આવી વ્યક્તિ લોકોમાં સન્માન્ય થઈ જાય છે.

જિજ્ઞાસુ: શુદ્ધાત્માનો શદ્ધ ઉપયોગ એટલે શું?

દાદાજી: એ જ કે શુદ્ધાત્માને કદીયે ધ્યાન બહાર રાખવો નહિ અને તેના પ્રત્યે બેધ્યાન રહેવું નહિ.

જ્ઞાની સિવાય કોઈ ઘોષિત નહિ કરી શકે કે ''મારી અંદર એકપણ દોષ નથી.'' જુઓ, આપણા કનુભાઈ, એવા ઉન્નત આધ્યાત્મિક પદ ઉપર બિરાજેલ છે, છતાં તેઓ આવું કદાપિ નહિ બોલે. દરેકે પોતાના દરેક દોષને જોવાના છે અને તેમને છોડવાના છે. તમારે કદીયે 'હું જાણું છું' ની બીમારીના ભોગ થવાનું નથી. તમે શુદ્ધાત્મા છો અને શુદ્ધાત્મા તો દોષમુક્ત અને ભૂલથી પર હોય છે. પણ જો તમારી અંદર 'અમૃતલાલ' તરીકેના જે જે દોષ હોય તે તમારે એ જેમ નજરે ચડતા જાય

તેમ તેમ નિવારતા જવાનું છે.

જો તમે ઈચ્છો તો તમે જ્ઞાનીપુરૂષના આશીર્વાદ અને કૃપાથી આજ્ઞાંકિતતા અને ઉચ્ચ ભક્તિભાવપૂર્વક રહી શકશો. આજ્ઞાંકિતતા પરમ આનંદ લાવે છે. જેઓ અન્યને પ્રબોધિત કરે છે અને પ્રેરિત કરે છે તેમને જ્ઞાનનો પરમાનંદ પ્રાપ્ત થાય છે.

જિજ્ઞાસુ: પોતાના દોષ જોવામાં અને તેમને છોડવાથી આખરે શો લાભ?

દાદાજી: 'સ્વરૂપ-જ્ઞાન' જેવું આવી જાય છે અને સંચાલિત થાય છે કે તરત જ પોતાનો પ્રભાવ બતાવવા માંડે છે અને એમાં કોઈ દુ:ખ નથી. પોતાના સ્વને ઓળખ્યા પછી તમે જ્ઞાતા છો અને જે કાંઈ બને તે જ્ઞેય છે. જ્ઞાતા અને જ્ઞેયના સંબંધોને કારણે તમારે જાતે કશું જ વેઠવાનું રહેતું નથી.

કોઈ શા માટે તમારી સાથે લડે છે? આ બતાવે છે કે તમારો કોઈ દોષ છે. તમારા દોષ તમને બંધનમાં નાખે છે અને ક્યારેક તો એ બંધનમાંથી મુક્ત થવાનું જ છે. આ બધાં સંજોગાધીન સંબંધો તમારા પૂર્વના કર્મના હિસાબોને પરિણામે છે. દરેક જણ પોતાના દોષોથી બંધાયેલ છે. પોતાના દોષોનું દર્શન કરીને જ પોતે મુક્ત થઇ શકે છે. મેં મારા દોષ જોયા છે પરિણામે મને મુક્તિ મળી છે. આત્માનુભૂતિ પછી તમે પણ તમારા દોષો નિવારી મુક્ત થઈ શકો છો.

જે દૃષ્ટિ પોતાના જ દોષો જુએ છે તે સમકિત કહેવાય. એકવાર તમે સાચા રસ્તા પર આવી જાવ કે તરત જ તમારી 'દુન્યવી દુકાન' ખાલી થઇ જાય. જે સમકિતની રાહ પર છે તે હંમેશાં પોતાના દોષ જુએ છે. પણ જે ખોટા રસ્તે છે તે બીજાના ગંદા કપડાં ધોઈ આપે જ્યારે એના પોતાના વસ્ત્રો તો ગંદા જ પડી રહ્યાં હોય છે. મેં મારી જાતે જ્ઞાનમાં જોયું છે કે સંસાર શાનાથી બંધાયેલો છે. દરેક જણ પોતાના દોષોને કારણે જ બંધાયેલો છે.

જિજ્ઞાસુ: દાદાજી! આપણું આખરી દર્શન શું હોવું જોઈએ?

દાદાજી: એકવાર તમે દરેક જીવને નિર્દોષ અને દોષમુક્ત જોવા માંડો છો એટલે તમે મુક્તિ તરફ આગળ વધી રહ્યા છો. આવા દોષરહિત દર્શનથી તમે માત્ર મનુષ્યોને જ નિર્દોષ નહિ જુઓ પણ આ વૃક્ષ વાંકું છે એમ પણ નહી કહો. બધું જેમ હોય તેમ ભલે રહે. તમે આ બીજાંની ભૂલો જોવાનું તો અનંત ભવભવાંતરોથી ચાલુ રાખેલ છે અને હજુ જોતા જ રહેલા છો.!

જિજ્ઞાસુ: શું આપ અમને સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાની ગુરૂચાવી આપી શકો છો?

દાદાજી: જો તમે નીચે જણાવેલી મારી બે ચાવીઓને પકડી શકો તો તમને સમકિત પ્રાપ્ત થઇ શકે છે:

(૧) મન ગ્રંથિઓનું બનેલું છે પણ તે આત્માનો ભાગ નથી. તમે તેને કાબૂમાં લેવા પ્રયત્ન કરશો તો તે તમને ચેલેન્જ

(પડકારશે) આપશે. એકવાર તમે સમજી લો કે એ પૂર્વ જન્મમાં બાંધેલી ગ્રંથિઓનું બનેલું છે અને આગળ કશું કરવાની જરૂર નથી.

(૨) બીજી ગુરૂચાવી છે-"જે ભોગવે તેની ભૂલ."

## ૨૫. આડાઈ અને સ્વચ્છંદ

જિજ્ઞાસુઃ આવું કેમ હોય છે કે ઘણા પ્રયત્નો કરવા છતાં પણ આધ્યાત્મિક વિકાસમાં જોઈએ તેવી સફળતા મળતી નથી?

દાદાજીઃ તમારી અંદર એક વિશેષતા છે, જે સ્વચ્છંદ કહેવાય છે. સ્વચ્છંદ અર્થાત્ પોતાની મરજી મુજબ કામ કરવાની ઢબ. આ હઠ અથવા દુરાગ્રહ એવો દોષ છે કે જે તમને કદાપિ જન્મોના ફેરાઓથી છૂટવા નહિ દે. તમે તમારા અનંત જીવનનું સરવૈયું ચકાસી જુઓ. હિસાબનો એ ચોપડો 'અમિત'ના નામથી ઓળખાય છે! શું અનંતકાળથી તમે આ જ કમાણી કરી છે? તમે આઠ પ્રકારના કર્મોથી બંધાયેલા છો. તમે આ અનંત જ્ઞાનનું એકબિંદુ પણ પામી શકયા નથી. તમારી પાસે સઘળા અનુભવો હોવા છતાંય તમે શાશ્વતસુખનું એક બિંદુપણ પ્રાપ્ત કરી શકયા નથી.

આ ઐહિકસુખ તો કાલ્પનિક અને ખોટી માન્યતા છે. તે સાચું નથી. તમે તો મોક્ષ મેળવવા ચાહો છો, નહિ કે કાલ્પનિક સુખ. તમારી ઉપર કોઈ ઉપરી કે માલિક નથી બેઠેલું. જ્યારે તમે આ અનુભવશો ત્યારે તમને મોક્ષ પ્રાપ્ત થશે. 'સ્વચ્છંદતા' તો તમે પોતે તમારી દવા બનાવતા હોય એવું છે. પોતે જ પોતાના રોગનું નિદાન કરવાનું અને દવા લખી પણ આપવાની અને એ દવા પોતે જ પોતાના માટે તૈયાર કરવાની! તમે મોક્ષના રસ્તા ઉપર ચાલવાની દવા પણ જાતે જ બનાવો છો એટલે જ દવા વિષમય બની ગઈ છે! એટલે જ્યારે કોઈ પ્રશંસા કરે ત્યારે રાગ ઉત્પન્ન થાય છે અને જ્યારે કોઈ ટીકા કરે છે ત્યારે તમારી અંદર દ્વેષભાવ જન્મે છે. ધર્મમાં, ધાર્મિક ક્રિયાઓ, ધાર્મિક ક્રિયાકાંડો (સંસ્કારો) અને શાસ્ત્રોને સમજવામાં તમે સ્વચ્છંદી ન બની શકો. એ તો જાણે તમે વકીલ અને જજનું કામ પણ એકીસાથે કરતા હો એવું થાય. અધ્યાત્મયાત્રામાં સ્વચ્છંદતા તમારા માટે ભારે પતન લાવી શકે છે.

'સ્વચ્છંદતા' અર્થાત સ્વપ્રેરિત વિચારણા, અર્થઘટન (વ્યાખ્યા) અને આચરણ. સ્વચ્છંદતા તમને અધ્યાત્મના ક્ષેત્રે બરબાદ કરી દેશે અને જો તમે આવું ને આવું પોતાની મરજી મુજબ જ ચલાવ્યે રાખશો તો તમે મુક્તિ પ્રાપ્ત કરવાને બદલે અનંત ભવચક્રોના કારણરૂપ એવાં સંસારી જીવનના બંધનો ચોક્કસપણે અર્જિત કરશો. આના કરતાં તો ધર્મના આ સ્ટેશને તમે ન પહોંચ્યા હોત અને પોતાની રીતે ન ચાલ્યા હોત તો સારું થાત. મહેરબાની કરીને તમે જ્યાં હો ત્યાં જ રહો કારણ કે ધર્મના સ્ટેશને પહોંચ્યા પછી તમે જો સ્વચ્છંદતા આચર્યા કરો અને પોતાની મરજી મુજબ વર્ત્યા કરો તો પછી તમે અનંત ભવચક્રોમાં ફરતા રહી સંસારી જીવનમાં અટવાયા કરશો.

જિજ્ઞાસુઃ મોક્ષ પ્રાપ્તિના ઉદ્દેશ્ય જેવા સારા કાર્યમાં આપણે આપણી રીતે પ્રયત્નો કરતા રહીએ તો તેમાં ખોટું શું છે?

દાદાજીઃ આ અટપટા સંસારમાં કોઈ પોતાની બુદ્ધિ કે મન પ્રમાણે ચાલી ન શકે. ભલે પછી તમે તમારી મરજી પ્રમાણે સત્સંગમાં જાવ કે પછી સાધુ બનો, તમે તપ કરો કે સર્વસ્વ પરિત્યાગ કરો અને શાસ્ત્રોનો અભ્યાસ કરો-આ સઘળું સ્વચ્છંદતા કહેવાય છે. આ તમારે જાણી લેવું જોઈએ. કોઈ પોતાની બુદ્ધિ અને મનના આધારે સ્વચ્છંદતાને ન છોડી શકે. શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે, ''સજીવન મૂર્તિના લક્ષ સિવાય જે કાંઈપણ કરવામાં આવે છે તે જીવને બંધનકર્તા છે તેમ અમારૂં હૃદય છે.''

સ્વચ્છંદતા એટલે 'હું અમિત છું'-એવી ખોટી માન્યતા. તમારા વ્યવહાર આત્મા-Relative Self ને મૂળ આત્મા સમજવો એટલે સ્વચ્છંદતા. એકવાર જો તમે Real આત્માનો અનુભવ કરી લો એટલે તમને મોક્ષ મળી જશે. એકવાર તમે સ્વચ્છંદતામાંથી મુક્ત થાવ પછી તમને એક જ કલાકમાં મોક્ષ મળી જશે.

જિજ્ઞાસુઃ મોક્ષ મેળવવા માટે સાધકે ખરેખર શું કરવું જોઈએ?

દાદાજીઃ તમે તમારી બુદ્ધિ દોરવે તે મુજબ ન જીવી શકો. જ્ઞાની ન મળે ત્યાં સુધી, જેનું આધ્યાત્મિક સ્તર તમારા સ્તરથી પાંચ ડિગ્રી ઊંચું હોય એવા વ્યક્તિને અનુસરો. શ્રીમદ્ રાજચંદ્રજીએ ફરમાવ્યું છે કે ''બીજું કંઈ શોધ મા, માત્ર એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યે જા, પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.''

જિજ્ઞાસુઃ તો પછી માર્ગદર્શન મેળવવું અત્યંત આવશ્યક છે?

દાદાજીઃ હા, ખરેખર આધ્યાત્મિક બાબતોમાં તમારે માર્ગદર્શન મેળવવું જ જોઈએ. હાલમાં, સામાન્ય રીતે ધર્મ તો માત્ર સ્વચ્છંદથી જ કરવામાં આવે છે. દાખલા તરીકે, છેલ્લા ઘણાં વર્ષોથી તમે ભક્તિ કરી રહ્યા છો અને તમે કોઈને ગુરૂ તરીકે અનુસરો છો છતાં તમારું નામ ગણગણાતું સાંભળો છો કે તમે વ્યગ્ર થઇ જાવ છો. ઉપરાંત જો કોઈ તમારા વિષે કાંઈ કહે તો ક્યાંક તો તમને રાગ થશે કે દ્વેષ અનુભવાશે. જો તમે રાગ અથવા દ્વેષથી મુક્ત ન થઇ શકો તો ગુરૂ પ્રત્યેનો તમારો સમર્પણ ભાવ શું કામનો?

તેમ છતાં, જો તમારૂં સમર્પણ ફક્ત મુક્તિ માટે જ હોય તો તમે વહેલા કે મોડા જ્ઞાનીપુરૂષના સંપર્કમાં આવશો જ. તમને પોતાની મરજી મુજબ જીવવાનું પરવડે જ નહિ. જો તમે અજાણતાં ય આગનો સ્પર્શ કરશો તો તમે દાઝી જશો. ભલે ને પછી એ અજ્ઞાનને કારણે કરેલ હોય તો પણ તમને તમારા કર્મોનું ફળ મળશે જ! માટે તમારે સહુથી પહેલાં જાણવું જોઈએ કે 'હું કોણ છું? અને આ બધું શું છે?' સ્વચ્છંદમાંથી મુક્ત થયા પછી દાદાનો છંદ તમને સાચવી લેશે અર્થાત મોક્ષ વિષયક બધી બાબતોમાં તમને માર્ગદર્શન આપશે. જ્યારે સ્વચ્છંદ અને આગ્રહ દૂર થાય ત્યારે સ્વરૂપજ્ઞાન તરફ પ્રગતિ થવા માંડે છે.

જિજ્ઞાસુ: દુરાગ્રહી કે સ્વચ્છંદી ન હોય તેવા માણસની ખાસિયત શું છે?

દાદાજી: એવો માણસ વિનમ્ર અને કહ્યાગરો હોય. તે જરૂર પ્રમાણે નરમ થશે અને પાછો પણ વળશે. તે ચોક્કસપણે મોક્ષનો માર્ગ શોધી લેશે અને તેના ઉપર ચાલવા માંડશે. પણ જડ માણસ તમે ઈચ્છતા હશો તેમ નમશે પણ નહિ અને પાછો પણ નહિ વળે. સ્વચ્છંદ, દુરાગ્રહ, હઠ આ બધું મતિભ્રમને લીધે છે જે તમને એમ માનવા પ્રેરે છે કે તમારા દુ:ખો માટે બીજા લોકો જવાબદાર છે. ખરી રીતે જોવા જતાં બીજા કોઈનો નહિ પણ કેવળ તમારો જ આ દુનિયામાં વાંક છે. સ્વચ્છંદ અને આગ્રહ જ તમારા સૌથી મોટા દોષ છે.

ભગવાને મોક્ષવાંચ્છુઓ માટે એક સરસ, સુવ્યવસ્થિત મિક્ષ્ચર બનાવેલ. એમણે આ ફોર્મ્યુલા બધાં માટે ખુલ્લી મૂકેલ પણ આજે એ ફોર્મ્યુલા ખોવાઈ ગઈ છે. આજે હું એ ફોર્મ્યુલા તમારા માટે છતી કરી રહ્યો છું. આ મિક્ષ્ચરના અંગો છે- ૨૦% શાસ્ત્ર, ૭૦% જ્ઞાની પ્રત્યેની વિનમ્રતા અને પૂજ્યભાવ અને ૧૦% ઐહિક ઈચ્છાઓ. તમારા માટે આ દવા સલામત છે.

તેમ છતાં લોકોએ માત્ર શાસ્ત્ર ઉપર જ ભાર મૂક્યો છે અને તેમને મરડો થયો! ભગવાને આ દવા બરાબર હલાવીને દિવસમાં ત્રણ વાર પીવાનું કહ્યું છે છતાં કેટલાક લોકો તેને દિવસમાં ત્રણ વાર કેવળ હલાવતા રહ્યા છે! અને કેટલાકે એ ગોખવાનું શરૂ કરી દીધું કે ''આ દવાને દિવસમાં ત્રણ વાર બરાબર હલાવીને પીવી, આ દવા હલાવ્યા બાદ પીવી. . .''!

આ તો ડોક્ટરો માટેના પુસ્તકમાંથી દવા જાતે બનાવી લેવા જેવું છે. લોકો ડોક્ટરની સલાહ વિના દવા લેતા નથી તેમ છતાં, લોકો સર્વજ્ઞ ભગવાન મહાવીર જેવા સર્વજ્ઞના શાસ્ત્રની દવા જાતે લઈને અનંત જન્મોના મરણનું જોખમ વહોરી લે છે. ભગવાન આને સ્વચ્છંદ કહે છે.

જિજ્ઞાસુ : શું પરંપરાગત પદ્ધતિસર જ અધ્યાત્મમાં આગળ વધવું પડે?

દાદાજી: મુક્તિપંથ ખૂબ જ સાંકડો છે. જો તમે સીધી લીટીએ ન ચાલો તો તમે અથડાઈ જશો. તમારે સલાહ-સૂચન મુજબ જ ચાલવું પડશે નહિતર તમને મોક્ષ નહિ મળે. તમારે અનુકૂલન સાધવુ પડશે કોઈપણ જાતના દુરાગ્રહ વગર તમારે અનુકૂળ થવું જ પડશે. . , સાપ પણ જ્યારે તેના દરમાં પેસે ત્યારે સીધો થઈને ચાલે છે. સંસારી જીવન આડાઈ ઉપર નભેલું છે. તમે તમારી આડાઈને કારણે મુક્તિ પામી શકતા નથી. ભગવાન ઈચ્છે છે કે વ્યક્તિ સાધુ થવાને બદલે પહેલાં સરળ અને સહજ થાય. જો તમે આડાઈમાંથી છૂટી ન શકો તો પછી સાધુ થવાની જરૂર જ શું? આડાઈ તો વિકૃત અહંકાર છે. અને ભલેને કોઈને સાચો રસ્તો પ્રાપ્ત થાય તો પણ આડાઈને કારણે સાચો માર્ગ નહિ સ્વીકારે. એની આડાઈ સાચા માર્ગને પણ ઉપેક્ષા કરશે-નકારશે.

એણે પોતાની પત્ની, બાળકો કે પોતાનાથી વધીને આ આડાઈને પોષી છે. આ આડાઈને કારણે તે અનંત ભવચક્રોમાં

રખડતો રહ્યો છે! આ આડાઈ કોઈને પણ સાચો રસ્તો જોવા દેતી નથી. આડાઈને કારણે સ્વચ્છંદતા ઉત્પન્ન થાય છે અને સ્વચ્છંદતા આધ્યાત્મિક વિકાસ માટે વિષ સમાન છે.

અરે સંસારી જીવનમાં પણ આડાઈવાળા માણસની અવગણના થાય છે અને તેનું માન જળવાતું નથી. જ્યારે નરમાશવાળો માણસ બધાંને ગમતો હોય છે અને તે સૌના તરફથી માન પામે છે. જો સંસારી જીવનમાં પણ જ્યારે આડાઈ ચલાવી લેવામાં નથી આવતી તો પછી મુક્તિ મેળવવાની આશા તો શી રીતે રાખી શકાય? આડાઈ રહેશે ત્યાં સુધી કેવળજ્ઞાન નહિ થાય. તમારે આડાઈના મહાસાગરને ઓળંગવાનો છે. તમે આડાઈના એક કિનારા ઉપર ઊભા છો પણ તમારે સામે કિનારે પહોંચવાનું છે. આડાઈથી તમારો ઉકેલ નહીં લાવી શકો. આડાઈથી મુક્ત થવા માટે તમારે નરમ અને સરળ બનવાનું છે. અરે સાપે પણ દરમાં પેસવા માટે સીધા થવું પડે છે. મુક્તિ માટે વ્યક્તિએ નિખાલસ અને નરમ થવાનું છે. તમારે આ બધી જ ગ્રંથિઓને કાઢી નાખી સીધા અને સરળ બનવાની જરૂર છે.

જિજ્ઞાસુઃ શાસ્ત્રોના અભ્યાસ પછી પણ આપણા મનમાં વધારે ને વધારે શંકાઓ શા માટે રહે છે?

દાદાજીઃ તમે સ્વચ્છંદપૂર્વક શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હોઈ હજી સુધી તમે ભટક્યા કરો છો? કોઈ અંધારામાં ભટકી જાય છે, ગડથોલું ખાઈ જાય છે પણ અજવાળામાં નહિ. બરાબરને? કશુંક જાણ્યા પછી એકપણ ચિંતા ઓછી થઇ છે ખરી? તેના બદલે, અરે, તમે તો આ સાચું કે તે સાચું એમ વધારે ગૂંચવાવ છો. જ્યાં શંકા હોય ત્યાં અજ્ઞાન હોય છે. શંકાની હાજરી હોય ત્યાં જ્ઞાનની ગેરહાજરી હોય છે અને જ્ઞાન પોતાની જાતને નિઃશંક કરે છે.

જ્ઞાન તમને તમારી સઘળી શંકાઓથી મુક્ત કરશે અને તમારી અંદર એક પરમાણું પણ હાલશે નહિ. શંકા તો બીમારી છે અને વ્યક્તિને આત્મા પામવાથી દૂર ધકેલી દે છે. માટે, શંકાને તો ઉગતી જ ડામી દેવી જોઈએ. એકવાર જ્યારે તમે ‘સ્વ’ને પ્રાપ્ત કરી લો, એકવાર તમે ‘સ્વ’ના ચોકઠામાં બરાબર ગોઠવાઈ ગયા હોય ત્યારે કોણ હચમચાવી શકે? સંસારમાં એવું કોઈ તત્ત્વ છે ખરું કે જે સ્વાભાવિક રીતે જ તમારું પોતાનું જ હોય એને ઝૂંટવી લઈ શકે? શંકા તો મહાભયાનક રોગ છે. તમને ખબર પણ ન પડે અને તે તમારી ઉપર ચડી બેસે છે અને તેનાથી છૂટવાની પણ ખબર ન પડે.

જિજ્ઞાસુઃ આપણી પાસે શાસ્ત્રજ્ઞાન હોવા છતાં અંદેશા કેમ આપણને સતાવતા રહે છે ?

દાદાજીઃ આ અનિશ્ચિત અને અસલામત સંસારમાં જ્યારે તમે ઘેરથી બહાર નીકળ્યા પછી હેમખેમ પાછા આવશો કે કેમ એ નક્કી નથી તો તમે કોની ઉપર શંકા કરશો અને કોની ઉપર વિશ્વાસ રાખશો? અને શું આવું પહેલાં નથી બન્યું? શું આ નવું છે? આવું તો પહેલાં બન્યું જ છે! હું તમને ખાતરી આપું છું કે વ્યવસ્થિતના કુદરતી ન્યાયથી વધીને કશું થવાનું નથી. તો પછી કોઈપણ પ્રકારની દહેશતને શા માટે આશ્રય આપવો? અહીં શંકા રાખવા જેવું કશું જ નથી. આ લોકો મુક્તિ, વીતરાગ અને

ધર્મ પ્રત્યે પણ શંકા ધરાવે છે. જો તમે આ રીતે શંકા રાખશો તો તમે ફેંકાઈ જશો!

જિજ્ઞાસુઃ હું એ વાતનું ચિંતન કરવામાં મસ્ત રહું છું કે હું આત્મા છું પણ હું તેને અનુભવી નથી શકતો.

દાદાજીઃ દેહાધ્યાસ દૂર થયા પછી જ 'સ્વ'ને પ્રાપ્ત કરી શકાય. અન્યથા આ દેહાત્મબુદ્ધિ તમને આત્માની અનુભૂતિ નહી કરવા દે. આને માટે દેહાત્મબુદ્ધિ જ ખરેખર તો ગુનેગાર છે. દેહાત્મબુદ્ધિ સંસારી જીવનનું રક્ષણ કરે છે અને તેથી તમે અનંત ભવચક્રોમાં ભટક્યા કરશો. દેહાત્મબુદ્ધિ તમને સાચો માર્ગ જોવા નહિ દે. એકવાર તમે સાચા માર્ગ ઉપર ચાલતા થયે આત્મસાક્ષાત્કારની સંભાવનાઓ વધી જાય છે. સાચા માર્ગ ઉપર હોવું એટલે કે સમકિતની પ્રાપ્તિ થવી. ખોટા માર્ગ ઉપર હોવું એટલે 'હું અમિત છું' એમ માનવું. આત્મરૂપ થવું એ જ જ્ઞાન છે, એટલે કે ખોટી માન્યતા (હું અમિત છું) નું વિનષ્ટ થવું એટલે સાચી માન્યતાનો ઉદય થવો. (હું જ શુદ્ધાત્મા છું). ત્યાર પછી જ કોઈ મુક્તિના આનંદને અનુભવી શકે.

**૨૬. મતાગ્રહ**

જિજ્ઞાસુઃ ઘણા લોકો ખૂબ જ ઉત્સાહ અને શ્રદ્ધા સાથે પોતાના સંપ્રદાયના મત અનુસરે છે, છતાં આધ્યાત્મિક માર્ગ ઉપર અપેક્ષિત વિકાસની ઉણપ રહે છે.

દાદાજીઃ હા, ઘણા લોકો કોઈને કોઈ મતને વળગી રહે છે અને એ પંથને છોડતા નથી. તેઓ પંથ અથવા સંપ્રદાયના પાયાને મજબૂત કરવામાં લાગ્યા રહે છે. તેઓ મતાગ્રહી બની રહે છે અને બીજાના દૃષ્ટિકોણ પ્રત્યે આંધળા બની જાય છે. તેમણે પસંદ કરેલ પક્ષ-સંપ્રદાયના મતના પાયાને મજબૂત કરવામાં રાત-દિવસ વિતાવે છે. અરે મૂર્ખ! તારે મુક્તિ જોઈએ છે કે પછી તારા મતને જ વળગી રહેવા માંગે છે?

જિજ્ઞાસુઃ દાદાજી! તો પછી મુક્તિ મેળવવામાં શું મતાગ્રહ જરાય સહાયક નહિ થાય?

દાદાજીઃ મોક્ષ અને પક્ષ બંને વિરોધાભાસી છે. વ્યક્તિ મુક્તિનો રસ્તો ત્યારે જ શોધી લે છે જ્યારે તે બધાં જ દૃષ્ટિકોણથી ઉપર આવી જાય છે. જ્યાં પક્ષપાત નથી હોતો ત્યાં ભગવાનનો વાસ હોય છે. ત્યાં મુક્તિ હોય છે. જે અન્યના દૃષ્ટિકોણ પ્રત્યે અંધ હોય છે તે કદીયે આત્માને જોઈ શકતો નથી. જો તમે મતાગ્રહી હો અને માત્ર પોતાના જ દૃષ્ટિકોણને વળગી રહો તો અન્યના સત્યનો તમે કેવી રીતે સ્વીકાર કરી શકશો? અને તમારો આગ્રહ તો ક્ષણજીવી બાબત પ્રત્યે જ છે?

તમારે જરૂર છે તે સનાતનની ને છતાં તમે ક્ષણિક વસ્તુઓ પ્રત્યે મતાગ્રહી રહેવાનું ચાલુ રાખો છો તો પછી આત્મ-સાક્ષાત્કાર શી રીતે કરી શકશો?

આત્મા સિવાયના કોઈપણ આગ્રહથી એકદમ મુક્ત થઇ જાવ ત્યારબાદ જ તમે આત્મસાક્ષાત્કાર કરી શકશો. બધી જ

ઈચ્છાઓને છોડી દો અને માત્ર સત્યને જાણવા માટેની ઈચ્છા કેળવશો તો જ તમે અંતિમ સત્યને પામી શકશો.

## ૨૭. દૃષ્ટિ-રાગ

જિજ્ઞાસુઃ ગુરૂદેવ! કૃપા કરીને કોઈ ચોક્કસ વિચારધારા પકડી રાખવા અંગે વધારે પ્રકાશ પાડો.

દાદાજીઃ મતાંધતા કરતાં દૃષ્ટિ-રાગ (કોઈક દૃષ્ટિબિંદુ માટે આંધળુકીયા આસક્તિ) વધારે નુકસાનકારક છે. એમ કહેવાયું છે કે ભગવાન અંધશ્રદ્ધાના વિરોધી નથી પણ કોઈ એક ચોક્કસ ધર્મ પ્રત્યે ધર્મ ઝનૂની આગ્રહ (માન્યતા) ના વિરોધી છે.

જિજ્ઞાસુઃ દૃષ્ટિ-રાગ એટલે શું?

દાદાજીઃ જુઓ, ૩૬૦ પ્રકારના દૃષ્ટિકોણ છે અને દરેક દૃષ્ટિકોણના અનંત દૃષ્ટિબિંદુઓ છે. આમાંના કોઈ એક દૃષ્ટિબિંદુ પ્રત્યે ઉદ્દામ માનસિકતા ધરાવવી એ દૃષ્ટિ-રાગ છે. જ્યારે કોઈ વ્યક્તિ જ્ઞાનીપુરૂષના સંપર્કમાં આવે છે ત્યારે દૃષ્ટિ-રાગ દૂર થઈ જાય છે. દૃષ્ટિ-રાગવાળા માણસના આત્મા ઉપર ધૂંધળો પરદો ઢંકાયેલો હોય છે. સંસારીજીવનના રાગ-દ્વેષ કદાચ જતા રહેશે પણ દૃષ્ટિ-રાગ મટશે નહિ. આ બિમારી આ જન્મમાં કે આવનારા અનંત ભવચક્રોમાં પણ મટવાની નથી! દૃષ્ટિ-રાગનાં લક્ષણો કયાં કયાં છે? એની અંદર વીતરાગતાનું એક પણ લક્ષણ હોતું નથી. હું જે કહું છું તે કદાચ અભણ માણસ સમજી શકશે પણ દૃષ્ટિ-રાગથી પીડાતો માણસ સમજી નહિ શકે. દૃષ્ટિ-રાગ બધી આસક્તિઓની પણ આસક્તિ છે. જ્યારે એ ધરમૂળથી નાશ પામે ત્યારે જ આત્માને સમજી શકાય.

## ૨૮. વેરભાવ

જિજ્ઞાસુઃ આપણને કરડવા માટે આવતા સાપને આપણે શું મારવો નહીં જોઈએ?

દાદાજીઃ એને મારવા કરતા ત્યાંથી ખસી જવું યોગ્ય છે. જો તમને ધમધમાટ કરીને તમારી તરફ આવતી ટ્રેઈન દેખાય તો શું કરો? તમે થોડાક પાછા હટીને તેના પાટા પરથી બાજુમાં ખસી જશો. સાપ તો પંચેન્દ્રિય જીવ છે. જો તમે તેને મારી નાખશો તો તે વેર લેવા માટે કૃત સંકલ્પ છે. એને એમ લાગે છે કે એના કોઈ વાંક—ગુના વગર મારી નાખવામાં આવ્યો. એટલે બીજા ભવમાં તે તમને મારી નાખશે.

જિજ્ઞાસુઃ શું આપણે આપણા ઘરમાં જીવ-જંતુઓને મારવા નહી જોઈએ?

દાદાજીઃ આ આખો સંસાર અદાવત અથવા વેરઝેરમાંથી ઉદભવેલો છે. શા માટે? આ નાનકડી કીડી પણ એમ અનુભવે છે કે એની પાસે જો શક્તિ હોત તો એ તમને હેરાન-હેરાન કરી નાખત! જુઓ, જ્યારે તમે અજવાળું કરો છો ત્યારે આ માંકડ કેવા ખીજાઈ અને ડરીને સંતાઈ જાય છે. એક બાજુ એ એમ ગભરાય છે કે 'તમે એને મારી નાખશો', બીજી બાજુ એને લાગે છે કે

– આ તો મારો ખોરાક છે, મારો ખોરાક પામવા માટે હું શા માટે માર્યો જાઉ? તે તેની સાથેના તમારા ઋણાનુબંધને કારણે તમારું લોહી ચૂસે છે.

બે પ્રકારના બંધન હોય છે - પ્રેમ અને વેર. પ્રેમમાં પૂજ્યભાવ હોય છે પણ વેર બંધનમાં નાખે છે. પ્રેમ અને સ્નેહ બંને સ્વભાવે ચીકણા છે પણ ક્યારેક સુકાય પણ છે. પણ વેર અથવા દુશ્મનાવટ મટતાં નથી. દિવસે દિવસે વેર વધતું જાય છે (ઉગ્રતા પામતું જાય છે.) અને મજબૂત થતું જાય છે.

## ૨૯. સંસારસાગરમાં સ્પંદનો

જિજ્ઞાસુ: સંસારી જીવનમાં થયા કરતાં સ્પંદનો પર પ્રકાશ પાડીને અમને વિગતે સમજાવો .

દાદાજી: સંસારી જીવન તો પરમાણુઓનો મહાસાગર છે. જ્યારે આ પરમાણુઓ તરંગિત થાય છે ત્યારે તેઓ મોજાં પેદા કરે છે. જે બીજા સાથે અથડાઈને અવાજ ઉત્પન્ન કરે છે. આ અથડામણ વધારે ને વધારે સ્પંદનો ઊભા કરે છે અને એ કંપન વધારે મોજાં ઉત્પન્ન કરે છે. જે ક્યારેક તોફાનમાં પરિણમે છે. આ બધાં તરંગોનું મૂળ માત્ર પરમાણુઓ જ છે. આત્મા જો સ્પંદનોમાં લીન બની જાય તો તરંગો વધારે શક્તિશાળી બની જાય છે. આ સંસાર પણ સમુદ્ર જેવો જ છે. એક કંપન અન્ય અસંખ્ય તરંગોને જન્મ આપે છે. આખો સંસાર આ પડઘાઓને કારણે ઉત્પન્ન થયેલો છે. દરેક પ્રકારના પડઘા સાચા હોય છે અને એક લયમાં સંભળાતા હોય છે.

જિજ્ઞાસુ: આ સ્પંદનો કેવી રીતે ઉદ્ભવે છે?

દાદાજી: વાવની અંદર, જો તમે મોટા અવાજે બોલો કે 'તું ચોર છે' તો શું થશે? પાછો પડઘો સંભળાશે કે 'તું ચોર છે'. અને જો તમે મોટેથી બોલો કે 'તમે રાજા છો' તો પડઘામાં એ જ સંભળાશે કે 'તમે રાજા છો'. અને સમ્રાટનો પડઘો 'સમ્રાટ' જ સંભળાશે. આ સંસાર પણ વાવ જેવો જ છે. તમે જે પડઘો સાંભળો તેનો આધાર તમે જે કંપનો છોડો છો તેના ઉપર છે.

કુદરતનો નિયમ છે : 'ક્રિયા અને પ્રતિક્રિયા સરખા અને પરસ્પર સામસામાં હોય છે'. એટલે તે તમારા ઉપર અવલંબે છે કે તમે કેવા પ્રકારનો પડઘો સાંભળવા ઈચ્છો છો? જો તમે કોઈને ચોર કહેશો તો તમને પણ ચોર કહેવામાં આવશે. તમને શું સાંભળવાનું ગમે છે એ બધું સંપૂર્ણપણે તમારા ઉપર આધાર રાખે છે માટે એ પ્રમાણે તમારે તમારાં સ્પંદનો છોડવા જોઈએ. જો તમે પત્થર ન ફેંકો તો કોઈ સ્પંદનો ઊભા નહિ થાય અને સામેવાળી વ્યક્તિમાં પણ મોજાં નહિ ઉદ્ભવે અને એનાથી આપણને કોઈ નુકસાન પણ નહિ થાય. પણ શું થાય ? દરેક જણ નાના કે મોટા સ્પંદનો ઊભા તો કરે જ છે. કોઈ નાનો પત્થર ફેકે છે તો કોઈ મોટી શિલા.

અજ્ઞાનના આવરણને કારણે સ્પંદનો ઊભા થાય છે અને એટલે વ્યક્તિ પરવશ થઇ જાય છે. જ્યાં જ્ઞાન હોય ત્યાં સ્પંદનો નથી હોતાં. ભગવાન કહે છે કે, 'સ્પંદનો પેદા ન કરો' પણ માણસ સ્પંદનો પેદા કરવાનું બંધ કરતો નથી....માટે જો આપણે શાંતિથી જીવવા માંગતા હોય તો આપણે સ્પંદનો પેદા કરવાનું ટાળવું જોઈએ. જો તમે વધારે સ્પંદનો એકઠાં કરો તો તમને નારકીય જીવન મળી શકે છે. હળવા સ્પંદનોવાળા લોકોને દેવગતિ મળી શકે છે. સમુદ્ર આપણને નડતો નથી પણ આપણે પત્થર ફેંકીને સ્પંદનો પેદા કરીએ છીએ. સમુદ્ર સામાન્ય રીતે શાંત અને ખલેલ રહિત હોય છે પણ સ્પંદનો તેને તોફાની બનાવી મૂકે છે. ભગવાન શું કહે છે? 'આપણે આપણા પોતાના માટે એક પળ પણ વાપરતા નથી અને બધો સમય સ્પંદનો પેદા કરવામાં જ વાપરીએ છીએ'. જેમ અન્ય લોકો સ્પંદનો પેદા કરે છે તેમ તમે પણ કરો છો, એટલે તમે નથી ડૂબી શકતા કે નથી તરી શકતા.

દેહનાં સ્પંદનો તમને બાંધતાં નથી અને તે નુકસાનકારક પણ નથી પણ વાણી અને મનનાં સ્પંદનો તમને બંધનમાં નાખે છે અને નુકસાનકર્તા છે. ભગવાને તેમને સમરંભ (વિચારની શરૂઆત), સમારંભ (પ્રક્રિયા ચાલુ કરવા અને અભિવ્યક્તિ કરવાનો નિર્ણયનો પ્રારંભ) અને આરંભ(દશ્યમાન કાર્ય) કહેલ છે. મનમાં પ્રથમ સ્પંદનનો ઝબકારો એ સમારંભ છે દાખલા તરીકે તમે સૌથી પહેલાં ચર્ચગેટ જવાનું વિચારો છો. પછી તમે ત્યાં જવાનું નક્કી કર્યું, તમે ચર્ચગેટ જવાનું બી વાવ્યું તે સમારંભ અને જ્યારે તમે તમારા નિર્ણયને કાર્યમાં રૂપાંતરિત કરીને ચર્ચગેટ જવાની યાત્રાનો પ્રારંભ કરો છો તેને આરંભ કહેવામાં આવે છે. જીવનની આ સમસ્યાનો ઉકેલ શી રીતે લાવી શકાય? જ્યારે મન અવમાનના અનુભવે કે પછી તરછોડનો અનુભવ કરે ત્યારે શું થાય છે? આ બીજાને અને પોતાને પણ લાગુ પડે છે. જેમણે સાંસારિક જીવનનો ત્યાગ કરેલો છે એ લોકોમાં અવમાનના અને તરછોડનો ભાવ અતિશય હોય છે પણ વીતરાગ ભલે ને પછી તે અપમાનિત કે ઉપહાસિત થયો હોય છતાં પણ કદીયે તે કોઈપણ પ્રકારના સ્પંદન ઉત્પન્ન થવા દેતો નથી.

જિજ્ઞાસુઃ આપણા સ્પંદનોના પરિણામ શું આવે છે?

દાદાજીઃ પોતાના મનને કારણે વ્યક્તિ જાળમાં ફસાય છે. ઉપરાંત તે પરણે છે ત્યારે તે અન્ય મિશ્ર ચેતન (મન, વચન, કાયા અને અહંકારના મિશ્રણ) સાથે લપેટાય છે. જે અલબત્ત, તેનું નથી. જ્યારે પિતા સાથે ય ઘર્ષણ ઉભું થઇ શકતું હોય તો પછી પત્ની સાથે કેમ નહિ થાય? પત્ની મિશ્રચેતન છે. ત્યાં તમારે શું કરવાનું? તમારે બધાં સ્પંદનો અટકાવી દેવાં જોઈએ. પિતા સાથે સ્પંદનો ધારો કે ચલાવી લેવાય પણ તમારી પત્ની સાથે સ્પંદનો સ્વીકાર્ય નથી. તેનાથી તમને શું લાભ મળશે? આ સંસારમાં સ્પંદનો કદીયે ઉગતાં અટકતાં નથી !

આ જીભ અને વાણી સર્જન કરે છે, નાશ કરે છે અને વળી પાછું સર્જન કરે છે. આમ શા કારણે? એ તમારા પૂર્વજન્મ

અહંકારને કારણે., એ તો તમારા અહંકારને કારણે તમારી જીભ કોઈને ઠપકો આપે છે જેથી સ્પંદનો સર્જાય છે. આજે આપણે જે દુઃખો સહન કરીએ છીએ તે મોટે ભાગે વાણીનાં સ્પંદનોનું પરિણામ છે.

જિજ્ઞાસુઃ તો પછી, સ્પંદનો શી રીતે શાંત પડે?

દાદાજીઃ આ સ્પંદનો વિષે અજ્ઞાન પ્રવર્તે છે. જો તમે જ્ઞાનથી સજ્જ હોવ અને પછી જો સ્પંદનો હોય તો કોઈ નુકસાન નથી.

ભગવાન કહે છે કે, “સ્પંદનનું નિમિત્ત થશો નહિ.” આ દેહમાં કોઈપણ સ્પંદન પેદા થવા દેશો નહિ. આ દેહ તો ક્ષીણ થવા માટે જ નિર્માયો છે. તેમાં સ્પંદનો કર્યા કરવાથી શું ફાયદો?

કળિયુગના આ વિષમ કાળમાં સત્કર્મો કરવાનું તમારા ભાગે ભાગ્યે જ આવે છે. તમને દુષ્ટો સાથે રહીને દુષ્કર્મ કરવાની ફરજ પાડવામાં આવે છે! કળિયુગમાં આપણે એટલા ભાગ્યશાળી નથી હોતા કે સારા કામોમાં ભાગીદાર થઈએ પણ આપણે દુષ્કર્મોમાં ખોટા લોકો સાથે જોડાવું પડતું હોય છે!

મહાત્માઓને જ્ઞાન મેળવ્યા પછી પોતાનાં નકારાત્મક સ્પંદનોમાંથી ઉદ્ભવતા પોતાનાં નકારાત્મક કાર્યો બિલકુલ ગમતાં નથી. કાર્ય નકારાત્મક હોય કે પછી સકારાત્મક જ્યારે તમે એના જ્ઞાતાદૃષ્ટા રહો છો કે નવાં સ્પંદનો ઉદ્ભવતા નથી અને ક્યારેક સ્પંદનો શમી પણ જાય છે. પણ જેઓ આત્માનુભવી નથી તેઓ પોતાના આત્માની મૂઢાત્મ દશામાં છે તેઓ નકારાત્મક સ્પંદનોને ઓળખવામાં નિષ્ફળ જાય છે. એટલે ત્યાં બેવડા સ્પંદનો સર્જાય છે-એક તો પોતાની ક્રિયાનાં અને બીજાં અજ્ઞાનને કારણે થતી પ્રતિક્રિયાનાં અને જ્યાં અજ્ઞાન છે ત્યાં તેમને એ વાતનો અંદાજ પણ નથી હોતો કે ક્યારે સ્પંદનો ઉદભવી જાય. આત્મજ્ઞાન સિવાય ભલે ને પછી તે સંસારી હોય કે પછી સર્વત્યાગી હોય-કોઈને આની ખબર નથી હોતી. એટલે જ્યાં અજ્ઞાન હોય ત્યાં દહેશત હાજર જ હોય છે-કાલ્પનિક ભય રહે છે. અને ત્યાં તો સ્પંદનો ઉદ્ભવે જ.

જિજ્ઞાસુઃ ગુરૂદેવ! કૃપા કરીને આ સ્પંદનોના મૂળ કારણ વિષે સમજાવો.

દાદાજીઃ ધારો કે ચકલી દર્પણની સામે આવીને બેસે છે. પછી દર્પણનું શું થશે? એ તો એનું એ જ રહે છે પણ ચકલી તેમાં એના જેવી જ બીજી ચકલીને જુએ છે એકસરખી આંખો, ચાંચ વગેરે. એ પ્રતિબિંબને કારણે ચકલી એમ સમજે છે કે એની સામે બીજી ચકલી આવીને સામે બેઠી છે અને આયનામાં પડતા પોતાના પ્રતિબિંબને ચાંચ મારવા લાગે છે. જેવી માન્યતા બદલાય છે તેવી જ રીતે દૃષ્ટિ પણ બદલાય છે અને પછી માન્યતા એ હકીકત બની જાય છે.

આ આયનો પણ કેવો અદ્ભૂત છે! પણ લોકોમાં એ એટલો બધો સામાન્ય થઈ પડ્યો છે કે લોકો તેનું રહસ્ય સમજી જ નથી શકતા. તેમને આયનામાં જોવાનું, વાળ ઓળવાના અને મોઢા ઉપર પાઉડર લગાડવાનું ગમે છે. એમ લાગે છે કે આયનાએ

પોતાનું મહત્વ, એનું સાચું મૂલ્ય ગુમાવી દીધુ છે. અન્યથા આયનો તો એક ચમત્કાર છે.

પુદ્ગલનો ચમત્કાર તો જુઓ! જ્યારે ચકલી આયના સામે બેસે છે ત્યારે એનું જ્ઞાન બદલાતું નથી પણ એની માન્યતા બદલાય છે. તે એમ માને છે કે એમાં બીજી ચકલી છે એટલે તે તેને ચાંચ મારતી રહે છે અને લડ્યા કરે છે. એવું જ આ સંસારમાં છે જ્યાં એક સ્પંદનની પ્રતિક્રિયા સ્વરૂપે અન્ય અસંખ્ય સ્પંદનો ઉદ્ભવેછે. જ્ઞાન બદલાતું નથી પણ ક્ષણેક્ષણે માન્યતાઓ બદલાય છે. જો જ્ઞાન બદલાતું હોત તો આત્માની હાજરીને તેણે ક્યારનીય વિદાય આપી દીધી હોત. આત્મા અને જ્ઞાનનું અસ્તિત્ત્વ અલગ-અલગ નથી. પદાર્થ અને તેનું સહજ લક્ષણ હમેશાં સાથે જ રહે છે અને અભિન્ન છે. એ જ રીતે આત્મા અને જ્ઞાન પણ હમેશાં સાથે જ રહે છે અને અભિન્ન છે! પણ કોઈ પોતાની કલ્પના અને ધારણા મુજબ જુએ છે અને એટલે ખરેખર એમ બને છે, વ્યક્તિ જેવું વિચારે એવો થઈ જાય!

## ૩૦. ક્લેશ

જિજ્ઞાસુઃ કૃપા કરીને જીવનમાં ક્લેશ અને બળતરા વિષે સમજાવો. આપણે ઘેર હોય કે ધંધા ઉપર કે પછી ઑફિસમાં હોઈએ સર્વત્ર આ બધું જીવનભર અનુભવતા જ હોઈએ છીએ.

દાદાજીઃ ‘‘ક્લેશના વાતાવરણમાં જેને જરાયે ક્લેશ ન થાય તેનું નામ મોક્ષ.’’ જેણે જરા જેટલો ય ક્લેશ અનુભવેલો નથી તે મોક્ષ પામી જાય છે. ક્લેશનું વાતાવરણ તો હમેશાં રહેવાનું જ. શું સૂર્યના તાપથી ગરમી નહિ લાગે? પવન વાતો હોય ત્યારે શું બારી-બારણા ઉઘાડ-બંધ નહિ થાય. જ્યારે આવું બને ત્યારે તમારે માત્ર એટલું જ કરવાનું કે તમે સલામત અંતર જાળવી રાખો. ક્લેશના વાતાવરણમાં તમે શી રીતે મુક્તિનો અનુભવ કરી શકો? દાદાનો મોક્ષ એવો છે કે તમે આ બધાં ક્લેશ-કંકાસ વચ્ચે પણ મુક્તિનો અનુભવ કરી શકશો.

ભગવાન કોઈ બાબતને કદીયે બંધન તરીકે નથી માનતા. એ તો પ્રકૃતિ છે કે જે ખાય છે, પીએ છે અને બધાં જ કાર્યો કર્યા કરે છે. આ બધી પ્રવૃત્તિઓ તમને બંધનમાં નથી નાખતી. બધા ક્લેશથી મુક્તિ એટલે જ તો મોક્ષ. જેને ગમે તેવા સંજોગોના દબાણમાં પણ કોઈ સ્પંદન ન થાય તેણે શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હોય એમ કહેવાય. કંટાળાજનક અને વિપરીત સંજોગોમાં તમે તમારી લાગણીઓને જેટલી દબાવેલી રાખશો, એટલો વધારે આંતરિક ક્લેશ પેદા થશે. અરે, ગુરૂ અને તેના શિષ્યો પણ ક્લેશ અનુભવે છે.

દાદા પાસેથી જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી ગમે તેવા વિકટ સંજોગોમાં પણ ક્લેશ નથી પેદા થતો. દાદાએ કેવા પ્રકારનું જ્ઞાન આપ્યું છે? તેઓ કદીયે દુઃખ (ગમગીની) અનુભવતા નથી અને વીતરાગતાનો આનંદ અનુભવે છે. તમે બધા ક્લેશોથી મુક્ત થઇ જાવ પછી મોક્ષ મળે. તમે આ જગતમાં જ મોક્ષ અનુભવો છો. ક્લેશ વેળાએ તમને એવું લાગે છે કે જાણે તમારું હૃદય અને

આત્મા બંને આગની ઉપર શેકાય છે અને તમે ગમે એટલી મહેનત કરો તો પણ તમે એ આગને હોલવી શકતા નથી. અરે ઓ પ્રિય! શું તમારે આ રીતે જીવ બાળ્યા કરવાનો છે? ભલે તમારા કપડાં આગને પકડી લે પણ પોતે સળગી ન જતા......તમે તો સતત ક્લેશમાં સળગ્યા જ કરો છો. પ્રસંગોપાત તમે મોહમાં ખોવાઈ જાવ છો પણ પાછા તમે ક્લેશમાં સળગવા માંડો છો. આખું જગત દુઃખ અને પીડામાં આળોટતું રહે છે. ભ્રમ અને અજ્ઞાનને કારણે તમે અલ્પ સમય માટે દુઃખ અને પીડાને ભૂલી જાવ છો પણ સંતાપ કદીયે નાશ પામતો નથી. પણ જો જ્ઞાની દ્વારા તેનો નાશ થઈ જાય તો પછી મોક્ષનો અનુભવ થાય છે.

જિજ્ઞાસુઃ ક્લેશજનક પરિસ્થિતિઓમાં ઘણા લોકો આત્મહત્યા કરી લે છે.

દાદાજીઃ આ સમયમાં સર્વત્ર ક્લેશ, ચિંતા અને દુઃખના તરંગો હોય છે. અરે જમવાના સમયે પણ ક્લેશ થાય છે. જ્યારે વાત વણસી જાય ત્યારે અસહિષ્ણુ લોકો આત્મહત્યા કરવાનો પ્રયત્ન કરે છે પણ શું આત્મહત્યા કરવાથી પ્રશ્નનું નિરાકરણ આવી જાય છે ખરું? ઉલટાનું તમે તો તમારા પ્રશ્નને આવનારા બીજા ભવમાં સાથે લઈ જાવ છો અને તેથી આવતા ભવમાં યાતનાઓ ઘણી બધી વધી જશે. એટલે હિતાવહ તો એ છે કે તમે ગમે તે રીતે આ કપરો સમય આ જ જીવનમાં પસાર કરી જાવ. આ બધું યોગ્ય સમજણનો અભાવ બતાવે છે.

સાધકઃ જ્યારે માણસ આપઘાત કરી લે છે ત્યારે શું થાય છે?

દાદાજીઃ માણસ આત્મહત્યા કરીને મરી જઈ શકે છે પણ તેણે તેનું દેવું વાળવા અને બાકી રહેલ જવાબદારીઓ પૂર્ણ કરવા માટે પાછું આવવું પડશે. માણસ તરીકે તેણે દુઃખોનો સામનો તો કરવાનો આવશે જ, પણ એનો અર્થ એવો નહિ કે કોઈએ ગભરાઈને આત્મહત્યા કરી લેવી. આત્મહત્યા કરી લેવાનાં પરિણામો ખૂબ જ માઠાં હોય છે. ભગવાને આત્મહત્યા કરવા સામે નિષેધ ફરમાવેલો છે કારણ કે તેના પરિણામો ખૂબ જ ગંભીર કહી શકાય એવાં છે. કોઈએ આત્મહત્યા કરી લેવાનો વિચાર સુદ્ધાં પણ કરવો ન જોઈએ. કર્મનું તમારે જે કાંઈ દેવું ચૂકવવાનું બાકી રહ્યું હોય તે ચૂકવી દેવાનું નક્કી કરો, પણ ક્યારેય આત્મહત્યા કરવાનો વિચાર કરશો નહિ. ભગવાન રામે ખૂબ જ દુઃખો અને પીડાઓનો સામનો કર્યો હતો. તેમને રાજપાટ છોડવાનું કહેવામાં આવ્યું અને ચૌદ વર્ષ માટે વનમાં મોકલી દેવામાં આવ્યા. તેમનું વનનું એક દિવસનું દુઃખ આ લોકોની આખી જિંદગીના દુઃખ બરાબર છે. તેમ છતાં આ અધીરા લોકો કશું કરે નહિ અને તેમના કાલ્પનિક ક્ષુલ્લક દુઃખોની બસ ફરિયાદો જ કરતા રહે છે!

દુઃખ અને સુખ તો આમંત્રિત મહેમાનો જેવા છે. તેમને ધક્કો મારીને દૂર હડસેલી દેવા કરતાં આમંત્રિત મહેમાનોનું જેમ સ્વાગત કરીએ છીએ તેમ તેમને આવકારવાં જોઈએ. આ સંસારીજીવન તો દુઃખોનો મહાસાગર છે. સંસારી ફરજો બજાવતી

વેળાએ કોઈએ ગભરાવું ન જોઈએ. જો તમે દુર્વ્યવહાર નથી ઈચ્છતા અને કર્મની ખાતાવહી તમે બંધ કરી દેવા ઈચ્છતા હોય તો પોતાના દુર્વ્યવહારનાં પરિણામોનો વિચાર કરજો કે જ્યારે તે તમને ફરી પાછાં ભોગવવાનાં આવે ત્યારે તેને વેઠી શકશો કે કેમ? તેનો પણ વિચાર કરી લેજો.

સાધકઃ માણસ વિવિધ પ્રકારનાં દુઃખો વેઠે છે.

દાદાજીઃ ત્રણ પ્રકારનાં દુઃખ હોય છે. એક શારીરિક દુઃખ, એ સીધું અને ખરું દુઃખ છે. દાંતનો દુખાવો, આંખોની પીડા, લકવા વગેરે દૈહિક પીડાઓ છે. બીજું તમારા માટે કોઈના દ્વારા વપરાયેલા કટુ શબ્દોને કારણે લાગતું દુઃખ. તમે લાંબા સમય સુધી આવા દુઃખને સંઘરી રાખો છો. અને ત્રીજું દુઃખ જે તમે વેઠી રહ્યા છો તે છે માનસિક દુઃખ.

સાધકઃ ગુરુદેવ! આ ત્રણે પ્રકારના દુઃખો બાબતે કેવી સમજણ કેળવવી?

દાદાજીઃ વ્યક્તિને મન અથવા વાચાના દુઃખની કોઈ અસર ન હોવી જોઈએ. વ્યકિતને શારીરિક પીડાની અસર તો રહેશે અને તે તેણે વેઠવી જ રહી. પણ તમારે એ સમયે આત્મરૂપે, દુઃખોના જ્ઞાતા અને દૃષ્ટા રૂપે રહેવું જોઈએ. તમને મન અને વાણી બાબતેની પીડા તો ન હોવી જોઈએ.

જ્યારે તમે હાર્ટ એટેક વિષે સાંભળો કે તે વેળાએ છાતીમાં તીવ્ર વેદના થતી હોય છે. આ સાંભળીને, જો કોઈ એમ વિચારવા માંડે કે જો મને હાર્ટ એટેક આવશે તો શું થશે, પછી તે માનસિક યાતનાને આમંત્રણ આપીને તેમાં વધારો કરતો રહે છે. એના કરતાં માણસે આવા વિચારને કહેવું જોઈએ કે ‘ચાલતો થા’. જ્યારે તમારા આ શરીરને છોડવાનો સમય આવશે ત્યારે ખરો. શું તે વ્યવસ્થિત પર અવલંબિત નથી? પછી આવા વિચારો કરી શા માટે બિનજરૂરી દુઃખ પેદા કરવું? શરીરની બધી જ બીમારીઓના તમે માત્ર નિરીક્ષક જ બની રહો. અને જો તમે બીમારી મુક્ત હો તો પછી શા માટે આ સંસારમાં મોજમજાથી જીવવું નહીં?

ભગવાને કહ્યું છે કે આપણે કેવળ શારીરિક દુઃખોને દુઃખ તરીકે સ્વીકારવાં. અન્ય પીડાઓ સાચી પીડા નથી. પ્રાણીઓને શા માટે બીજાં કોઈ દુઃખ નથી હોતાં? કારણ કે તેમનું મન અમર્યાદ નથી. જો તેમને ખાવાનું આપશો તે તમારી પાસે દોડીને આવશે કારણ કે તે સમજે છે કે તેમને કશું ખાવાનું મળશે. અને જો તમે લાકડી લેશો તો તેઓ દૂર ભાગી જશે. આ બધું તેમના મનને કારણે છે. તે સિવાય શું તો બીજા કશાનો વિચાર કરે છે ખરાં? ગાયોનાં મન ભટકતાં નથી એટલે તેમને કોઈપણ પ્રકારની માનસિક પીડા કે સમસ્યાઓ નથી હોતી અને છતાં તેમનું ઐહિક જીવન આપણા જીવન જેવું જ છે. તેઓ બુદ્ધિશાળી પણ નથી છતાં તેમનો સંસાર ચાલતો જ રહે છે. તો પછી તમારો સંસાર પણ કેમ ન ચાલે? ગાય કરતાં તમારું મન તો વધારે વિકસિતઅને ઝડપી છે તો પછી તમે તેનો લાભ કેમ નથી ઉઠાવતા? શા માટે આ વિકસિત અને ઝડપી મન

તકલીફનું કારણ બની જાય છે? દુઃખના સઘળા વિચારોને તગેડી મૂકો અથવા તેમ ન બની શકે તો કોઈપણ ભોગે તેવા વિચારોને સ્વીકારશો તો નહીં જ.

ગાય અને ભેંસને હોય છે તેવી જ શારીરિક પીડાઓ આપણને હોય છે પણ તેમને વાચા સાથે સંકળાયેલ સમસ્યાઓ નથી હોતી. જ્યારે તમે તેમને અપશબ્દો કહો ત્યારે પણ તેમને કોઈ તકલીફ થતી નથી કારણ કે તેમનું મન અને તેમની બુદ્ધિ મર્યાદિત હોય છે. માણસે આવી વધારાની પીડાઓ તો કાઢી મૂકવી જોઈએ.

શું ગાયો અને ભેંસોને તેમના સંતાનોને પરણાવવાની ચિંતાઓ હોય છે ખરી? જો તમે તમારા ઘરમાં વીંછીને અજવાળામાં આવતો જુઓ તો તમે તેનાથી ગભરાયેલા જ રહેશો. પણ જો તે અંધારામાં તમારા ઘરમાં આવી જાય અને તમે તેને ઘરમાં આવતો જુઓ નહિ તો તમને તેની બીક નહિ લાગે. તમે ફૂલ લાઈટ (બુદ્ધિ) ને ડીમ કરી શકો પણ ડીમ લાઇટને ફૂલ લાઈટ નહિ કરી શકો. જો ગાયો અને ભેંસોનું જીવન ચાલતું હોય તો શું તમારે પણ એ પ્રમાણે ન કરવું જોઈએ? અરે જેમનામાં કોઈ જાગૃતિ જ નથી એવા લોકોનું જીવન પણ ચાલે જ છે. આખો સંસાર ચાલે છે તો પછી તમે 'લૅટ ગો' કરતા નથી, ચલાવી લેતા નથી?

દુઃખ શરીરને લાગે છે, કપડાંને નહિ. કેટલાક લોકો તો કોઈ તેમના વસ્ત્રોને સ્પર્શે છે ત્યારે ચિંતામાં પડી જાય છે. જો તમે કોઈ લગ્નપ્રસંગમાં જતા હોય ત્યારે જો કોઈ તમારાં કપડાં પર થૂંકે તો તમે ફરિયાદ કરશો કે "તે મારાં કપડાં પર થૂંક્યો." તો હું કહીશ કે "હા, એ સાચું છે કે તે તમારા પર થૂંક્યો. પણ એ તમારું દુઃખ ખરેખર નથી કારણ કે તે તમારા શરીરને તો સ્પર્શ્યો જ નથી." જ્યારે કંઈ તમારા શરીરને સ્પર્શે ત્યારે જ તેને દુઃખ કહેવાય.

જો તમારી પત્નીનું વલણ તકલીફ આપતું હોય તો તે તો તેના શરીરને સ્પર્શી ઊભું થાય છે, પણ તમારા શરીરને તો સ્પર્શતું નથી તો પછી શા માટે તમે એને તમારા મન પર એટલું બધું લો છો? તમારે તો માત્ર તમારા જ્ઞાનમાં જ એટલે કે જાણવા માત્ર તરીકે લેવાનું છે. બસ એટલું જ.

વેપારી તેના ખભા પર આ કાલ્પનિક દુઃખનો ભાર સતત રાખીને ફરતો જ રહે છે. ધંધાનાં ચિંતાજન્ય દુઃખ પણ હોય છે. અને સમાજનાં પણ દુઃખ હોય છે. પણ એ સાચું દુઃખ નથી. હું ધંધાનું દુઃખ ધંધાની સાથે જ રાખું છું અને સમાજનું દુઃખ સમાજની સાથે રાખું છું. મારે પારકું દુઃખ મારી જોડે શા માટે રાખવું?

સાધકઃ ગુરુદેવ! આપ આપના ધંધામાં બનતા માઠા બનાવોને આપ કેવી રીતે હેન્ડલ કરો છો (સંભાળો છો)?

દાદાજીઃ હું બધું જ જુદું રાખું છું. જો ધંધામાં ખોટ જાય તો હું એમ કહું છું કે ધંધાએ ખોટ કરી. હું નફા કે ખોટનો માલિક નથી, એનો માલિક તો ધંધો છે, એ તો એકદમ અલગ Entity—અસ્તિત્ત્વ છે. માટે હું શા માટે હું મારા માથે લઉં. નફા કે ખોટથી

મને કોઈ અસર થતી નથી. જો ધંધો ખોટ કરે અને જ્યારે ટેક્સ અધિકારી આવે ત્યારે હું ધંધાને કહીશ કે ભાઈ ધંધા! જો તારી પાસે તારે ભરવાપાત્ર વેરાના રૂપિયા હોય તો તું ભરી દે અને દેવામાંથી છૂટો થા, આમ કર, તારે તારું દેવું તો ચૂકવવું પડશે.

અમારા બાંધકામ કોન્ટ્રેક્ટ (Construction Contract)ના ધંધામાં ખબર મળે કે પાંચસો ટન લોખંડ દરિયામાં પડી ગયું છે, તો હું સૌથી પહેલાં તો એ પૂછું કે "કોઈ મરી ગયું નથી ને ?" વ્યક્તિનું મોત જો કે તેના કર્મના હિસાબ પ્રમાણે થાય છે પણ આપણે એ બાબતે નિમિત્ત ન બનવું જોઈએ.

સાધકઃ મને આ અભિગમ બહુ સારો અને મૌલિક લાગ્યો. કૃપા કરીને આપણે જીવનમાં જે દુઃખો અને યાતનાઓનો સામનો કરીએ છીએ તેને હૅન્ડલ કરવાની કળા વિષે હજી વધારે સમજાવો.

દાદાજીઃ જો તમે મને કહો કે મને કાનમાં દુખાવો થાય છે તો હું તમારી વાત સાંભળીશ. જો તમે મને તમારા દાંતના દુખાવાની ફરિયાદ કરશો તો તે ય સાંભળીશ. અરે જો તમે કહો કે મને ખૂબ ભૂખ લાગી છે, તો તે પણ સાંભળીશ. આ બધું દુઃખ તરીકે સ્વીકૃત છે. પણ જો તમે ફરિયાદ કરો કે ટોસ્ટ પર બટર અને સોસ કે મુરબ્બો લગાડેલો નથી, તો હું નહિ સાંભળું. જો તમે આ દેહને થોડી ખીચડી ખવડાવી શકતા હોય તો આ શરીર કોઈ ફરિયાદ નહિ કરે. ત્યારપછી શરીર તમને કોઈપણ ધ્યાન કરવા માટે રજા આપશે; દુર્ધ્યાન કે બીજું ગમે તે, એ તો જે તમને ગમે તે.

જો કોઈ તમારા વાળ કાપે તો તમને દુઃખ નહિ થાય પણ જો  કોઈ કાન કાપે તો દુઃખ થશે.

આ દુનિયામાં કશું જ રડવા જેવું (શોક કરવા જેવું) નથી. અને જ્યાં અને જ્યારે પણ રડવાનો પ્રસંગ આવે ત્યારે તમારે ખુશ થવું જોઈએ. જો તમે નકારાત્મક પરિસ્થિતિને સકારાત્મક આંકડાથી ભાગાકાર કરશો તો નકારાત્મક ભાગનો છેદ ઊડી જશે. જ્યાં પણ તમારે દુઃખ કે શોક સહન કરવાનો થાય છે તેનો ફરિયાદો કે અસ્વીકાર દ્વારા ગુણાકાર કરવાને બદલે જો તમે ખુશીપૂર્વક સ્વીકારથી તે બાબતનો ભાગાકાર કરશો તો કોઈ રકમ બાકી બચશે નહિ, શેષ વધશે જ નહીં.

એક માણસે મને કહ્યું, "હું મારા સમાજમાં માન-સન્માન ખોઈ બેઠો છું." તેણે સમાજથી શા માટે દુભાવું જોઈએ? જે તમારા શરીરને સ્પર્શે છે તે જ દુઃખ કે વ્યથા છે. જો કોઈને આવા નકારાત્મક વિચારો હોય તો તેને અચૂક તેમની અસર થવાની છે. તે આ પીડા લઈને જો સતત આવું નકારાત્મક વિચારતો રહે તો તે સમસ્યા ઉભી કરશે જ, ભલેને પછી તે તકલીફ આવવાની ન હોય. નકારાત્મક વિચારોની ઈફેક્ટ અવાંછનીય પરિણામ છે.

કોઈ માણસે મને કહે કે "મારી પત્નીએ મને આમ કહ્યું અને મને દુઃખી કર્યો." એ દુઃખ નથી કારણ કે તે તેને શારીરિક રીતે સ્પર્શતું નથી. આ નોતરેલા પ્રોબ્લેમ્સ દુઃખ છે જ નહિ. નાના દીકરાના દુઃખના ભારને કોઈ પોતે ઉઠાવી લે છે પણ જ્યારે તે મૃત્યુ પામે છે ત્યારે તમે તેની સાથે કેમ જતા નથી? ત્યાં તો પોતે નથી જતા.

જ્ઞાનીઓ ખૂબ જ શાણા હોય છે. તેમણે બધું તારણ કાઢી રાખેલું છે. અને સમયચક્રના આ કઠણ વર્તમાનકાળમાં તમને નથી લાગતું કે તેની અસર જ્ઞાનીને પણ નહીં થતી હોય? આ કાળચક્રમાં જ્ઞાની કોઈ જ દુઃખદાયક ઘટનાઓ કે વિપરીત સંયોગોનો સામનો નહીં કરવાનો થતો હોય? તેને પણ હર કોઈની જેમ આવી બધી મુશ્કેલીઓ આવ્યા જ કરતી હોય છે પણ તે પોસ્ટ ઑફિસના સૉર્ટીંગ બોક્ષની જેમ બધી વ્યવસ્થા આગોતરી કરી લે છે. પોસ્ટઑફિસમાં ટપાલોને જુદી પાડવા માટેનાં નાના-નાનાં ખાનાં હોય છે, નડિયાદની ટપાલ, સુરતની ટપાલ, ઑફિસની ટપાલ વગેરે. એ જ રીતે જ્ઞાની યોગ્ય ખાનાંમાં દુઃખોને મૂકી દે છે; જેમ કે ધંધાનું ખાનું, સમાજનું ખાનું, ઑફિસનું ખાનું, અને પછી શાંતિથી ઊંઘી જાય છે.

જો સિનેમા હૉલની છત તૂટી પડે તો તમારે બધાએ ખુશ થવું જોઈએ કે ચાલો કોઈને વાગ્યું તો નથી ને? અને જો કોઈને વાગ્યું હોય તો તમારે એ રીતે ખુશ થવું જોઈએ કે ભલે, કોઈ મર્યું તો નથી.

તમારે રાહત અને ટેકો આ રીતે લેવો જોઈએ. બધું જ જે તે લાગતા વળગતા ખાનાઓમાં રાખવું જોઈએ - બધું જ એના યોગ્ય ખાતામાં મૂકો. જે તમારા શરીરને સ્પર્શે છે તે વસ્તુઓ સાથે જ ખરેખર તો તમારી નિસ્બત રહે છે. જો તમારા પિતાજી બીમારીથી પીડાય, તો તેનો ભાર તમે તમારા શિરે ન લો. આમ છતાં તેમને શું થયું છે તેની તમારે તપાસ કરવાની છે. પછી તમારે તેમની જરૂરી મેડીકલ સારવાર અને દવા કરાવવાની છે. પણ જાણે તમે નાટકમાં હોય એમ અલિપ્ત રહો. જો આ જીવન એક ક્ષણિક નાટક ન હોત, તો દીકરાને તેના પિતા જ્યારે મૃત્યુ પામે ત્યારે ફરજીયાત સાથે જવું જ પડત. એમ ખરું કે નહિ? જેમ જ્યારે કોઈ મરણ પામે છે ત્યારે જીવનને આપણે નાટક જેવું સમજી જઈ તે પ્રમાણેનો વ્યવહાર કરીએ જ છીએ. તો પછી જ્યારે કોઈ દુઃખમાં હોય ત્યારે કેમ નહિ?

આત્મસાક્ષાત્કાર થયા પછી શક્ય છે કે કોઈપણ કારણે જરાય કષ્ટ ન થાય. આ જ્ઞાનીપુરુષો શા માટે સનાતન આનંદમાં રહે છે? એનું કારણ એ કે તેમને ખબર છે કે બધી બાબતમાં કેવી રીતે વર્તવું જોઈએ અને તે તમને શીખવે પણ છે કે કઈ રીતે વર્તવું.

કોઈપણ બાબત માટે જો તમે વધારે પડતું નહિ વિચારો તો બધું સરસ જ થશે. જ્યારે તમે વિચારવાનું કે ચિંતા કરવાનું શરૂ કરો ત્યારે તે કામ નક્કી બગડવાનું જ છે એમ સમજજો. કારણ કે આ વિચારો અહંવાળા વ્યક્તિમાં ઊગે છે જે પોતે નિરાશ્રિત છે. જો આ વિચારો આશ્રિત (અહમ્મુક્ત દા.ત. પ્રાણીઓ)માં ઉગે તો તે જુદી વાત છે.

આ બધાં દુઃખો ક્યાંથી આવે છે? એ બધાંએ હકીકતમાંથી આવતાં હોય છે કે તમે દુઃખી માણસનું શરણું લીધું છે. જો તમે સુખી માણસનું શરણું લીધું હોય તો કોઈ દુઃખ શેનું રહે? દાદા સંપૂર્ણપણે સુખી અને આનંદી છે, એમની શરણમાં ચાલ્યા જાવ તો પછી કોઈ તકલીફ રહે ખરી?

કપટથી કામ લેનારો દુઃખી છે અને એવા માણસનું શરણું લેવાથી તો દુઃખી થવાય. એવો ચાલાક અને દુઃખી માણસ પોતાની જાતને દુઃખ મુક્ત કરી શકતો ન હોય તો પછી આપણને શી રીતે દુઃખોમાંથી છોડાવી શકે? એવા માણસ જે પરમાનંદી હોય, નિષ્કપટ હોય અને જે ઈચ્છાઓથી પર છે એવાનું શરણું લેશો તો કોઈ તકલીફ નહિ રહે. જેમ ક્લેશ વધે તેમ ઝઘડા ખુલ્લમખુલ્લી રીતે બહાર આવી જાય છે. જે ઝઘડાખોર હોય એની સાથે તમે સૌહાર્દભર્યો વ્યવહાર શી રીતે રાખી શકશો? એ તો ખાટી છાસને ગળપણવાળી બનાવવાનો પ્રયત્ન કરવા જેવું છે. મીઠી (મોળી) છાસ પણ ખાટી થઈ જાય એવું છે. એના કરતાં આવા વ્યક્તિથી દૂર રહેવું સારૂ. બીજો વિકલ્પ એ છે કે આત્મજ્ઞાની થયા હોય તો સારું કે જે સમજે છે કે તે તો રેકોર્ડ જ છે ને આવી રેકર્ડ વાગતી રહે છે. જ્ઞાની વ્યક્તિ દરેકમાં આત્માને નિહાળે છે પણ તમે તો જેલમાં પૂરાયેલા છો તો તમે એવું શી રીતે કરી શકો? આ કેવું છટકું છે? પરિવારનો દરેક વ્યક્તિ એક જ વ્યક્તિ પર તૂટી પડે તો પછી ગૃહયુદ્ધની દશામાં એ શી રીતે સુખી રહી શકે? એ તો રાત્રે ઊંઘવા પણ પામતો નથી. ઘરનાં માણસો નારાજ થવાની બીકે તે જમવાનું આમંત્રણ પણ છોડી દે છે! પ્રત્યેક ક્ષણે દુઃખ છે અને તે તેણે સહેવાનું જ છે. કર્મની અસર તો જુઓ! વ્યક્તિ પોતાના ઘરમાં પણ વિરોધી વાતાવરણમાં રહે છે. તમે આ સંસારમાં દુઃખમાંથી છૂટી શકતા નથી.

એક માણસે એકવાર મારી પાસે આવીને કહ્યું કે ''દાદા! મને મારી પત્ની ગમતી નથી.''

દાદાજીઃ તમને તમારી પત્ની કેમ નથી ગમતી?

સાધકઃ તે સહેજ લંગડી છે અને ખોડંગાય છે.

દાદાજીઃ શું તમે તમારી પત્નીને ગમો છો?

સાધકઃ હું તો તેને ગમું જ છું, દાદાજી. હું સોહામણો અને ભણેલો ગણેલો છું. પૈસા કમાઉ છું અને મને કોઈ ખોડખાંપણ નથી. એટલે હું ન ગમું એવું કોઈ કારણ તેની પાસે નથી.

દાદાજીઃ આ જ તારી ભૂલ છે. તમારા ભૂતકાળના ખરાબ કર્મો છે કે તમારી પત્ની દિવ્યાંગ છે જ્યારે તમારી પત્નીને તેની પાછલી જિંદગીના સત્કર્મોને લીધે તમે તેને પતિ તરીકે મળ્યા છો. તમે જેવું વાવો તેવું લણો છો પછી તમે બીજાને શા માટે દોષ આપો છો? જુઓ, આ તમારી ભૂલ છે માટે આવું કરો છો. હવે આવી કોઈ ભૂલનું ફરીથી પુનરાવર્તન કરશો નહિ. એ ભાઈ સમજી ગયો અને તેનું દુઃખ ભાંગી ગયું અને તે પુનઃ સુખી થઈ ગયો. સંઘર્ષનો વિલય એ જીવનનું એક મહત્વનું અંગ છે. આનંદ સંઘર્ષના વિલયને અનુસરે છે. તમને કદાચ જ્ઞાન ન હોય પણ તમે એમ કઈ રીતે કહી શકો કે ઘરમાં ધર્મ છે? તમે જ્યારે કોઈપણ પ્રકારની પરિસ્થિતિને (વાતાવરણને) સહન કરો અને ઘરમાં બળતામાં ઘી ન હોમો તો તમે ઉમદા માણસ કહેવાવ. ભગવાનનો વાસ એવા ઘરમાં હોય છે. જો ઘરમાં કલહ હોય તો સર્વનાશ જ થઈ જાય. ભગવાન લક્ષ્મીજી સાથે

'આવજો' કહી દેશે અને ભગવાન ચાલતા થઈ જશે. ધર્મિષ્ઠ ઘરમાં કલહ નથી હોતો અને જો એકવાર થઈ પણ જાય તો તે ઘરની ચાર દીવાલો પૂરતો જ મર્યાદિત હોય છે. અને દરેક જણ એ વાતનું ધ્યાન રાખશે કે આવું ફરીથી ન બને. લક્ષ્મીજી તેમના નિયમોને આધીન હોય છે. જ્યારે સંપૂર્ણ પ્રામાણિકતા હોય છે અને જે કંઈ ઉછીનું-ઉધાર લીધું હોય તે પરત કરવા માટે તત્પર રહે છે ત્યારે લક્ષ્મીજીના નિયમ પાળ્યા ગણાય. જો તમે લક્ષ્મીજીની ભક્તિ કરો અને બીજી બાજુ તેમના નિયમ પણ તોડો તો કેવી રીતે રાજી રહે?

સાધકઃ ઘરમાં મન-દુઃખને કારણે બાળકોએ ઘણું વેઠવું પડતું હોય છે.

દાદાજીઃ નાનું બાળક પણ મારા શબ્દોને સાંભળે છે અને રાજીપો અનુભવે છે. તેને પણ એક સાદી સમજ છે કે શું ઠંડુ છે અને શું ગરમ છે. જ્યારે ઘરમાં ઝઘડો ઉદ્ભવે ત્યારે તે બધું નિહાળે છે અને માતા-પિતા દ્વારા બોલાયેલા દરેક શબ્દોને તોલે છે. પછી તે એનું વિશ્લેષણ કરે છે અને નક્કી કરે છે કે કોની ભૂલ છે. એને લાગે છે કે તે કશું કહેવા માટે કે માર્ગદર્શન આપવા માટે હજી ઘણો નાનો છે પણ એ વિચારે છે કે તે મોટો થયા પછી જેનો વાંક છે તેને સીધા કરશે. અરે, બાળક ક્ષુબ્ધ વ્યક્તિ અને સૌમ્ય વ્યક્તિને સારી રીતે ઓળખી શકે છે.

સાધકઃ શું કોઈ નહિ ને કોઈ કર્મોને કારણે ક્લેશ ઉદ્ભવે છે?

દાદાજીઃ કલહ અને સંઘર્ષનો સમય તો ગમે તે રીતે વીતી જાય છે પણ એ સમય દરમિયાન તમને અનેક જીવન ચક્રો સુધી બંધનમાં રાખનાર કર્મોના બીજ પેદા થાય છે. ઝઘડાનાં બીજ જે વવાયા છે તે અનંત જીવનચક્રો સુધી સુષુપ્ત પડ્યા રહે છે, જેવા તેમને સાનુકુળ સંજોગો પ્રાપ્ત થાય છે કે તરત જ તે પાંગરવા માંડે છે. જ્ઞાનીપુરુષ આ સંઘર્ષના બીજ ને બાળી શકે છે, જેથી ત્યારબાદ કલહ ઉદ્ભવે જ નહિ. શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે "જેને ઘેર એક દિવસ ક્લેશ વગરનો જશે તેઓને મારા નમસ્કાર છે."

## ૩૧. સુખ અને દુઃખ

જિજ્ઞાસુઃ દુઃખ પડવાનું કારણ શું છે?

દાદાજીઃ આ બધી કલ્પના છે. સુખ અને દુઃખ તો મનની ધારણા છે. પોતે કોઈક ચીજ કે બાબતને સારી માનવાની કલ્પના કરવાથી તેને એ સુખ આપે છે. જ્ઞાનીના મતે તો દુઃખ જેવું કશું જ હોતું નથી. જો કે લોકસંજ્ઞા (લોકમત) મુજબ તો એને દુઃખ જ કહેવાય છે. પણ જ્ઞાનીની સંજ્ઞા અનુસરનારને દુઃખ ક્યારેય આવતું નથી. સંસારમત (લોકસંજ્ઞા) મુજબ ચાલનાર વ્યક્તિ તો ગમે ત્યાં જાય પણ તેને એક દિવસ માટે પણ સુખ મળતું નથી.

હકીકતમાં દુઃખ શેને કહેવાય? જો કોઈ માણસ ભૂખ્યો થાય પણ તેને કશું જ ખાવાનું મળતું નથી અને પેટ ખાલી હોવાને કારણે દુખે -આને દુઃખ કહેવાય. ખૂબ તરસ લાગી હોય અને પીવા માટે પાણી ન મળતું હોય એ દુઃખ છે. બંને નસકોરાં પાંચ મિનિટ જોરથી બંધ કરી દે તો ગૂંગળામણ થાય, આને દુઃખ કહેવાય. આપણે બાહ્ય ટેન્શન વેઠી શકીએ પણ ખોરાક, પાણી અને હવા વિના ચલાવી શકીએ નહિ. અન્ય ટેન્શન ને કારણે કોઈ મરી નથી જતું !

આ લોકો બિનજરૂરી ટેન્શન લઈને ફરે છે. જીવન જરૂરિયાતની તમામ ચીજો મળતી હોય તો પણ આ દુષમકાળનું મન ગમે ત્યાંથી દુઃખ પેદા કરી ને પીડા ભોગવતુ હોય છે. ખાવાપીવા ન મળતું હોય, પહેરવા ઓઢવા વસ્ત્ર ન મળતું હોય કે સૂવા માટે જગ્યા ન મળતી હોય તો આ બધાને દુઃખ કહેવાય. આ બધું જ મળતું હોય તેને દુઃખ છે એમ કઈ રીતે કહી શકાય? લોકોનાં મન વાંકાં- દુષમ છે એથી જ દુઃખી છે, જો મન સુશમ—સરળ થાય ત્યારે જ સુખી થશે. વાંકુ મન જ્યાં કાંઈ પણ ચિંતા ઉપાધિનું કારણ નહીં હોય ત્યાં ક્લેશનું કારણ ખોળી કાઢશે. કોઈને દાઢ દુઃખતી હોય તે દુઃખ છે એ તો માની શકાય પણ કોઈ પણ પીડા નહીં હોવા છતાં લોકો અકળાયા જ કરતા હોય છે!

જિજ્ઞાસુઃ તો દુઃખની ખરી વ્યાખ્યા શી છે?

દાદાજીઃ ''જે બાબતનો ઉપાય હોય તેને જ ખરેખર રીતે તો દુઃખ કે પીડા કહી શકાય.'' જેનો ઉપાય નથી તેને દુઃખ કહેવાય જ નહીં. આપણને પીડા થાય ત્યારે ઉપાય નથી શોધતા? દાખલા તરીકે કોઈને યુદ્ધમાં પગ કપાઈ ગયો તો તે કોઈ રીતે પાછો આવવાનો નથી, તેનો કોઈ ઉપાય નથી માટે તેને દુઃખ કહી શકાય નથી. પણ જો તેને મોઢા પર ગૂમડું નીકળ્યું હોય તો તે પીડાનો ઉપાય-ઈલાજ છે, માટે એ દુઃખ કહેવાય.

કોઈ માણસ કહે કે એને કોઈ વાતે દુઃખ નથી પણ પગે દાદર થઈ છે એનું દુઃખ છે! આને શી રીતે દુઃખ કહેવું ? અરે ભાઈ, તને ખંજવાળ છે પણ તે તો તારા હાથ આપમેળે ખંજવાળે પણ છે જ ને ?

જિજ્ઞાસુઃ પણ દાદાજી, મારે હમણાં આર્થિક પરિસ્થિતિ વણસી ગઈ છે, એ તો મોટું દુઃખ નથી શું ?

દાદાજીઃ જો ભાઈ પરિસ્થિતિ તો બદલાયા જ કરવાની. શું દિવસ પછી રાત નથી આવતી? હાલ તારી નોકરી છૂટી ગઈ છે પણ શું કાલે નવી નોકરી નહીં મળે? ઘણો ખરો વખત તો માણસને નાણાંભીડ હોતી નથી પણ એનો લોભિયો સ્વભાવ કેડો મૂકતો નથી. એટલું જ જોવાનું કે કાલે જમવાનું મળશે કે કેમ? બોલ, તારે એવી તકલીફ આવી પડી છે?

જિજ્ઞાસુઃ ના, ના. એવું તો કાંઈ નથી.

દાદાજીઃ તો પછી તારે દુઃખ છે એમ શી રીતે કહેવાય? માણસને દુઃખ ન હોય છતાં દુઃખ રડ્યા કરતો હોય છે. આવી

બિનજરૂરી ફરિયાદ કર્યા કરવાથી અકળામણ થયા જ કરે અને કોઈને તો હૃદયરોગનો હુમલો ય આવી જાય! જેનો ઉપાય જ નથી તેને દુઃખ કહેવાય જ નહીં. પીડા થતી હોય તો તેની સારવાર લઈને પીડા શમાવવી રહી પણ જેની સારવાર જ નથી એને તો દુઃખ કહેવાય નહીં. પણ અત્યારનો સમય કેવો છે ને માનવીનું મન ક્યાં રોકાયેલું હોય છે, જાણો છો ? ગમે તેવી રીતે ક્યાંથી વધારે ને વધારે ધન એકઠું કરવું, ભલે તે બીજાને લૂંટીને કે ભેળસેળ કરીને હોય અથવા બીજાના હકની ચીજો કે વિષય કેમ કરીને પોતે ભોગવી લેવાના પેંતરામાં જ ઘણા લોકોનું મન રોકાયેલું રહેતું હોય છે. આ બધામાંથી બહાર નીકળે તો સુખી થવાનો કોઈ રસ્તો નીકળે. બાકી આમ ને આમ તો કોઈને ક્યાંથી ખરું સુખ મળવાનું ?

જિજ્ઞાસુઃ ખરું સુખ કોને કહેવાય?

દાદાજીઃ ખરું સુખ તો જ્યારે કોઈ ‘હું કોણ છું’ એ શોધવાના ઉપાયમાં મુખ્યત્વે (main production) લાગેલો રહે ત્યારે તેના ગૌણ ફળ (by-product) રૂપે સંસારી સુખ તો મળે જ છે. સારું શરીર, સારું ઘર, સારી પત્ની, સગવડો વગેરે પૂર્વ જન્મનાં સુકૃત્યોને કારણે મળે છે. જો આ બધું કેવળ મહેનતથી જ મળતું હોત તો મજૂરોને આ બધું જરૂર પ્રાપ્ત થાય, પણ એમ થતું નથી. લોકોમાં વિપરીત માન્યતા પેસી ગઈ છે જેથી કેવળ બાય-પ્રોડક્ટ (પૈસા અને કાલ્પનિક સુવિધાઓ) નાં કારખાનાં ચલાવે છે. બાય-પ્રોડક્ટનું કારખાનું તે વળી કરવાનું હોતું હશે? આમ ને આમ બાય-પ્રોડક્ટના ચિંતવનમાં તો અનંત અવતાર બગાડ્યા પણ કંઈ સાર્થક થયું નહીં!

વિચારો કે સામેવાળાને શું ગમે છે? સામેવાળાને ગમતું હોય એવું કરીને માણસ અન્ય લોકોને સુખ આપી શકે છે અને આ સત્કાર્ય તેને પુણ્ય કમાવા માટે મદદ કરે છે. જેથી તેને બાય-પ્રોડક્ટ તરીકે દુન્યવી સુખો પ્રાપ્ત થશે.

જિજ્ઞાસુઃ જીવનમાં વિચાર અને આદર્શો (સિદ્ધાંત) શા માટે બદલાતા રહે છે? અને વ્યક્તિ પોતે જે બાબતને શ્રેયસ્કર માનતો હોય તેનાથી વિપરીત આચરણ કેમ કરે છે?

દાદાજીઃ આ બધી ક્રમિક વિકાસની પ્રક્રિયા છે. જીવનયાત્રાના પ્રથમ માઈલે તમને જે જ્ઞાન મળશે તે દરેક તબક્કે વિકસતું જ જશે. પૂર્વભવમાં કોઈનો એવો અભિપ્રાય હોય કે ચોરી કરવામાં કશું ખોટું નથી પણ આ જીવનમાં એને કદાચ જુદા જ પ્રકારનું જ્ઞાન મળે, જેના કારણે તે એમ વિચારે કે ચોરી કરવી એ ખરાબ વસ્તુ છે. આ સિદ્ધાંતને બરાબર સમજવા છતાં તે ચોરી કર્યે જાય તો તે તેના પૂર્વજન્મનો પ્રભાવ છે એટલે તે ચોરી કરતો જ રહે છે. આનો એકાએક અંત નહિ આવે કારણ કે એકવાર તે સક્રિય થઇ જાય તો પછી એ અસરોને અટકાવી શકાતી નથી. આ અસરો ડિસ્ચાર્જ થઈને ખલાસ થઇ જવી જોઈએ અને આ પૂરૂં ન થાય ત્યાં સુધી કોઈ મરે નહિ. આ બધું હું જે કહું છું તેનો આશય એ છે કે પૂર્વભવની તમારી જે કાંઈ ખોટી માન્યતાઓ હોય તેને બદલવી જ રહી. તમે તમારા નિર્ણયમાં દૃઢ રહો, કે તમારે હવે ચોરી કરવાની જ નથી અને તે

વાતને તમે હમેશાં યાદ રાખો. જ્યારે-જ્યારે તમને ચોરી કરવાનો વિચાર આવે ત્યારે ત્યારે ચોરી કરવાના એ વિચારોને જડમૂળથી દૂર કરી દો. ત્યારપછી જ તમે તેમાં સફળ થશો અને આવતા ભવ માટે યોગ્ય કર્મ અર્જિત કરશો. દરેક વ્યક્તિની બુદ્ધિનો આશય યથાસમય બદલાયા કરતો હોય છે પણ જે આશય મૃત્યુની ક્ષણોમાં આખરે રહે તે બીજા જન્મમાં પણ ચાલુ જ રહે છે.

જિજ્ઞાસુ: જીવનમાં આદર્શ અભિગમ શું હોવો જોઈએ?

દાદાજી: સંસારીઓને વ્યવહાર ધર્મ શીખવવા માટે, મારું કહેવું એ છે કે ''માત્ર તમારો જ વિચાર ન કર્યા કરો, બીજા લોકો પ્રત્યે ઉપકારક રહો અને અન્યની મદદ કરતા રહો.'' તમારા સ્વાર્થ માટે કોઈ કામ ન કરો. સંસારના કલ્યાણ માટે તમે સેવા કરો. જો તમે તમારી પાસેનું બધું જ પોતાની પાછળ વાપરી નાખશો તો તે નકામું જશે અને જો તમે બીજા માટે થોડુંક વાપરશો તો તે આવતા ભવ માટેનું ભાથું તૈયાર થઇ જશે. શુદ્ધાત્મા ભગવાન શું કહે છે? ''હું એવા લોકોની કાળજી રાખું છું, જે બીજાની કાળજી રાખે છે અને જે માત્ર પોતાનામાં જ રચ્યાપચ્યા રહે છે તેમને હું તેમના ઉપર જ છોડી દઉં છું.''

## ૩૨. દોષ દૃષ્ટિ

જિજ્ઞાસુ: આપણે જ્યારે અન્યમાં દોષ જોઈએ છીએ તેનું કારણ શું એ હોય છે કે તે દોષ આપણી અંદર પણ રહેલ છે?

દાદાજી: ના, જ્યારે આપણે બીજામાં દોષ જોઈએ છીએ એ બધાં દોષ આપણી અંદર હોય કે ન પણ હોય. માણસની બુદ્ધિ શું કરે છે? તે હમેશાં વ્યક્તિના પોતાના દોષોને ઢાંકી દે છે અને બીજામાં રહેલા દોષોને શોધે છે. દોષ શોધતા રહેવાનું કામ વિકૃત બુદ્ધિનું છે. જેની અંદર એકપણ દોષ નહિ હોય તે કદીયે બીજામાં દોષ નહિ શોધે. એને આવી ખોટી આદત નથી હોતી. તે સર્વત્ર નિર્દોષત્વને જુએ છે. જ્ઞાન એવું હોવું જોઈએ કે વ્યક્તિ કોઈની અંદર ક્યાંયે કદીયે દોષ જોવા પ્રેરાય નહિ.

જિજ્ઞાસુ: દોષ દેખીતી રીતે જ જોવા મળતા હોય તો પણ આપણે શા માટે બીજામાં દોષ જોવા ન જોઈએ?

દાદાજી: દોષ તો ગટર જેવા હોય છે. આપણે આપણી શેરીમાં ગટરને ખુલ્લી રાખતા નથી. બાળક પણ આવું તો નથી કરતો. દરેક રસોડાને મોરી-ગટર હોય છે પણ આપણે તે ખુલ્લી નથી રાખતા. દરેકમાં કોઈ ને કોઈ દોષ હોય. કોઈ ચીડિયો હોય કે ઉતાવળિયો કે લપલપીયો હોય. આ દોષ જોવાપણું તો જાણે ગટર ખોલતા હોય એવું છે. આપણે વ્યક્તિના સદ્ગુણોને જોવા જોઈએ, અવગુણ નહિ જોવા જોઈએ. જો આપણે ગટર જોવા જ માંગતા હોઈએ તો બીજાની નહિ પણ આપણે આપણી જ ગટર જોવી જોઈએ. જો એ ઉભરાતી હોય તો આપણે એને સાફ કરવી જોઈએ પણ આપણને એ ખબર જ નથી પડતી કે આપણી ગટર ક્યારે જામ થઈ જાય છે અને ક્યારે ઉભરાય છે. અને જો કોઈને ખબર પડે તો તે કરી પણ શું શકે? લાંબાગાળે તે આવા ગંદવાડથી ટેવાઈ જાય છે અને રોગચાળો ફેલાય છે. કોઈ માણસ શાસ્ત્ર વાંચે છે પણ તે માત્ર વાંચવા

ખાતર જ વાંચતો હોય છે. ''કોઈનું ભૂંડું બોલો નહિ.'' છતાં વ્યક્તિ બીજાની પ્રત્યે અણગમો, દોષારોપણ દેખાડવા કે નિંદા કરવામાં પાછો પડતો નથી!

જિજ્ઞાસુઃ તો પછી શું આપણે કોઈની ટીકા કરવી જ ન જોઈએ?

દાદાજીઃ જો આપણે બીજા માટે કશું ખોટું કહીએ તો તે આપણા માટે નુકસાનકારક છે. આપણને શેરીમાંની ગટરનું ઢાંકણું ખોલવાનું ગમતું નથી પણ આપણને લોકોની 'ગટર'નું ઢાંકણું ખોલવામાં મજા પડે છે. આ તે કેવી વિચિત્રતા છે! કોઈની ટીકા કરવી એટલે દસ રૂપિયાની નોટને બદલે એક રૂપિયાની નોટ લેવા જેવું છે. અર્થાત્ દસ રૂપિયા આપીને સામેથી એક જ રૂપિયો લઈએ છીએ. જે પરનિંદા કરે છે તે હમેશાં નુકસાનમાં જ રહેતો હોય છે. આપણે શા માટે આપણી શક્તિ આવા નિરર્થક કામમાં વાપરવી જોઈએ? તમારી શક્તિ બિનજરૂરી પરનિંદાને કારણે ધીરે ધીરે વેડફાતી જાય છે. જો આપણે એ વાતથી નિશ્ચિત હોઈએ કે આ તલ નથી પણ રેતી છે તો પછી તેને પીલીને તેલ કાઢવાની તકલીફ શા માટે ઉઠાવવી જોઈએ? એ તો સમય અને શક્તિનો દુર્વ્યય છે. પરનિંદા કરીને તમે સામેવાળાના કપડાં ઉપર જામી ગયેલ ગંદકીને ખુલ્લેઆમ ધોઈ આપીને તમારાં કપડાંને ગંદાં કરો છો! પણ મૂઆ તું તારી ગંદકીને ક્યારે સાફ કરીશ?

હું 'મૂઆ' શબ્દનો ઉપયોગ વારંવાર કરું છું. એને શી રીતે સમજાવું? એનો ઘણો સૂક્ષ્મ અને ગંભીર અર્થ છે. એ તો મીઠો ઠપકો અથવા લાડ છે, છતાં એના પ્રત્યે કોઈ સૂગ કે નફરત નથી હોતી. એનો ઘણો ગૂઢાર્થ છે! તળપદીબોલીમાં એ શબ્દ વપરાય છે પણ છે ખુબ જ તાકાતવાળો. દરેક વાક્ય તમને વિચારતા કરી મૂકે છે. એટલે જ્ઞાનીનો તે ખૂબ જ હૃદયવેધક શબ્દ પ્રયોગ છે, હા, તેનો સીધો સંબંધ 'માતા સરસ્વતીદેવી સાથે છે.'

(આ ગ્રંથમાં 'મૂઆ' શબ્દનો અર્થ મરેલો, અરે ઓ વ્હાલા, મારા વ્હાલા, ઓ ભોળિયા જીવ, મૂર્ખ, અલ્પમતિ તરીકે ફકરાની જરૂરિયાત પ્રમાણે વપરાયો છે.)

## ૩૩. સ્મૃતિ

જિજ્ઞાસુઃ ગુરૂદેવ! વ્યક્તિ પોતાના ભૂતકાળને ભૂલી શકતો નથી? આનું રહસ્ય શું છે?

દાદાજીઃ ભૂતકાળ તો એવો છે કે જ્યારે તમે તેને યાદ કરવાનો પ્રયત્ન કરો ત્યારે તમે યાદ કરી નથી શકતા અને તમે ભૂલવા માંગતા હોય ત્યારે ભૂલી શકતા નથી. એટલે જ એને ભૂતકાળ કહેવાયો છે. ઘણા લોકો અતીતને ભૂલવા ઈચ્છે છે પણ તેઓ ભૂલી નથી શકતા. સમ્યકજ્ઞાન વિના સંસારમાંથી સ્મૃતિની સંપૂર્ણપણે નાબૂદી અશક્ય છે! તમારો જે વસ્તુ પ્રત્યે વધારે રાગ હોય તે વધારે યાદ આવે તેમજ જેટલો વધારે દ્વેષ હોય તો તે પણ વધારે યાદ આવે.

જિજ્ઞાસુ: કૃપા કરીને વધારે દાખલા આપીને સમજાવો.

દાદાજી: સાસુને ભૂલવા માટે સ્ત્રી (વહુ) તેના પિયરમાં રહેવા માટે જાય છે પણ તે નફરત હોવાને લીધે અને અણગમાને કારણે સાસુને ભૂલી નથી શકતી. તે તેના પતિને પણ યાદ કરતી રહે છે કારણ કે તેણે આ સ્ત્રીને સુખ આપેલું છે એટલે આ ઘટનાએ તેની અંદર રાગ જન્માવ્યો છે.

જિજ્ઞાસુ: દુઃખદ સ્મૃતિનું મૂળ કારણ શું છે? અને વ્યક્તિ તેનાથી શી રીતે મુક્ત થઈ શકે?

દાદાજી: જેણે તમને વધારે ખુશ અથવા નારાજ કર્યા હોય તેને તમે યાદ કરો છો. તમે એ વસ્તુ સાથે રાગ અને દ્વેષને કારણે જોડાયેલા છો. જો તમે એ કડીને તોડી નાખો તો પછી કશું યાદ આવતું નથી અને તેની વિસ્મૃતિ થાય છે. જે વિચારો આપોઆપ ઝબૂકે છે તેને સ્મરણશક્તિ કહેવામાં આવે છે. જ્યારે આ બધા વિચારોનું ધોવાઈ જાય ત્યારે સ્મૃતિ લુપ્ત થાય છે અને ત્યારે વ્યક્તિનું સ્વાભાવિક મુક્તહાસ્ય અને સહજ આનંદ ઉત્પન્ન થાય છે.

સ્મૃતિ મનમાં તાણ અને મનોદબાવ (ટેન્શન) વધારે છે અને મોઢાં ઉપર તેના ભાવો ઉપસી આવે છે. માટે કોઈ હસતો હોય ત્યારે પણ તે આનંદયુક્ત અને મુક્તહાસ્ય વેરતો નથી. માણસે-માણસે અલગ-અલગ પ્રકારની સ્મૃતિ હોય છે. તમે જેને યાદ કરતા હોય તેને કદાચ બીજા કોઈ યાદ ન પણ કરતા હોય કારણ કે જુદા-જુદા પદાર્થો પ્રત્યે દરેકના પોતપોતાના રાગ-દ્વેષ (ગમા-અણગમા) હોય છે. એટલે એ ગમા-અણગમા ઉપર (રાગ-દ્વેષ) પર સ્મૃતિ અવલંબે છે.

જિજ્ઞાસુ: અવશ્ય, આપણે સ્મૃતિમુક્ત થવા ઈચ્છતા હોય તો તે કેવી રીતે સંભવે?

દાદાજી: સ્મૃતિ પોતે જ કહે છે કે ''મને ભૂંસી કાઢો, મને દૂર કરી દો, મને દૂર કરી દો. (ભૂલી જાવ).'' જો સ્મૃતિ ન રહે તો ભારે ગૂંચવાડો સર્જાય. તમને એ યાદ જ નહિ રહે કે તમારે શું ભૂલવાનું છે. બીજી કઈ રીતે તમે જાણી શકશો કે તમારા રાગ-દ્વેષ શેમાં રહેલા છે? જે તમે યાદ કરો છો તે બાબત નિકાલ માટે સ્મરણપટમાં આપોઆપ જ આવે છે. સ્મરણ આવતું હોવાથી તમે તે બાબત પ્રત્યેના રાગ-દ્વેષના ગુંદરને દૂર કરી શકો છો.

જ્યારે તમને કંઈ યાદ આવતું હોય તેને ત્યારે જ તમે સાફ કરી દો તો તે હમેશાં માટે ભૂલાઈ જશે. તમે કશાકને યાદ કરો છો કારણ કે  તમે ત્યાં ચોંટી રહેલા છો. તમે એને દૂર કરો, તેનો પસ્તાવો કરો અને ફરીથી આવું નહિ કરવાનું નક્કી કરો. માટે આવી રીતે ભૂંસી નાખવાની ક્રિયા તે સ્મૃતિને જડમૂળથી ઉચ્છેદ કરી નાખશે. ખરેખરૂં જ્ઞાન તો એને કહેવાય જે સંસારને ભૂલવામાં મદદ કરે છે !

## ૩૪. સગવડમાં અગવડ

જિજ્ઞાસુ: જીવનમાં સુખ સગવડો વિષે પ્રકાશ પાડવાની કૃપા કરો.

દાદાજી: ભગવાન કહે છે કે ''અગવડમાં પણ સગવડ ખોળી કાઢો.'' અસ્વીકાર્ય એવી અસુખકારક પરિસ્થિતિઓમાં પણ સગવડ રહેલી હોય છે પણ તે શોધી લેવાની તમારી અંદર આવડત નથી.

જિજ્ઞાસુ: કૃપા કરીને ઉદાહરણ આપો.

દાદાજી: એક વ્યક્તિને પાંચ વર્ષ પહેલાં ખરીદી લાવેલ સોફા-સેટ જૂનો લાગ્યો એટલે તેને સોફા માટે અરૂચિ થઈ અને આમ એણે સગવડમાં અગવડ ઊભી કરી ! આ સમયમાં, લોકો આરામ ખુરશીમાં બેઠા-બેઠા પણ વ્યગ્રતા અનુભવી રહ્યા હોય છે. પણ ભાઈ! જીવનમાં તમે કોકવાર વ્યગ્રતા અનુભવો તો ચાલે પણ તમે તો કાયમ દુઃખી જ રહો છો! અને આખો વખત દુઃખ અને પીડાઓની ફરિયાદ કર્યે જાવ છો! સુખી થવા માટે આ મુંબઈમાં બધું જ છે પણ તમે પોતે જ દુઃખોમાં સપડાયેલા છો. સુખ સગવડ હોય જ છે પણ હજી તેમાં પણ વધુ ને વધુ સુખ સુવિધાઓ મેળવવા માટેના પ્રયત્નો અગવડમાં પરિણમે છે!

પડોશીને ઘેર નવો સોફા-સેટ જોઈને એક સ્ત્રી તેના પતિ સાથે છ મહિના સુધી એવો જ સોફા-સેટ ખરીદી લાવવા માટે ઝઘડો કરતી રહી. તે સ્ત્રી એવો જ નવો સોફા-સેટ ઉધાર ખરીદી લાવી. જ્યારે એ સોફા-સેટ તૂટી ગયો ત્યારે તેને ખૂબ જ દુઃખ થયું. તમે આજકાલ જે સોફા-સેટ ખરીદી લાવો છો તે સારી રીતે બનાવેલા નથી હોતા. આવા સોફાના પાયા ટૂંકાગાળામાં જ તૂટી જાય છે! આમ તમે જીવનમાં નવા સોફા-સેટનું સુખ મેળવવામાં અસુખ ઊભું કરી દીધું ! પ્રિય! શું તમારે આ રીતે જીવ બાળીને દુઃખી થવું જોઈએ? ભલે તમારાં કપડાં બળે પણ તમારાં દિલને, તમારા જીવને બળવા દેશો નહિ.

જિજ્ઞાસુ: તો પછી આવી બાબતોમાં આદર્શ અભિગમ શું હોઈ શકે?

દાદાજી: આપણે બીજાની દેખાદેખી ન કરીએ એ જ આપણા માટે આદર્શ ગણાય. ઓછી બુદ્ધિવાળા લોકો જ બીજાની દેખાદેખી ચાલીને દુઃખી થાય છે. દરેક ઘર-પરિવારોમાં હવે સોફા-સેટ હોય છે પણ આપણી પાસે પણ એવા જ સોફા-સેટ શા માટે હોવા જોઈએ? આપણે મૌલિક રહેવું જોઈએ અને કોઈનું અનુકરણ કરવું ન જોઈએ; આપણે આપણા લીવીંગ-રૂમમાં(બેઠક ખંડ) ભારતીય બેઠક વ્યવસ્થા રાખી શકીએ છીએ. રૂવેલ (ભરેલી) પોચી ગાદીઓ, તકિયા અને ડાઘા વગરની સ્વચ્છ સફેદ ચાદર બિછાવેલી હોવી જોઈએ! આમ આપણે કોઈની નકલ નથી કરતા અને આપણી પાસે આરામદાયક બેઠક વ્યવસ્થા પણ થઈ જાય છે!

ખરેખર તો માણસને શું જોઈએ? એને ખોરાક, કપડાં અને માથા ઊપર એક છત (રોટી, કપડા ઔર મકાન) જ જોઈએ પણ આજકાલ લોકો પોતે જ પોતાના માટે મુશ્કેલીઓ ઊભી કરી દે છે. સાચું કહું તો આ સંસારમાં દુઃખ જેવું કશું છે જ નહિ. માત્ર

સમજના અભાવે માણસ પોતાના માટે દુઃખો સર્જી દે છે.

તમારો પડોશી આજે તમને બોલાવે અને કાલે કદાચ ન પણ બોલાવે પણ એ શા માટે દરેક વખતે તમને બોલાવે જ એવી અપેક્ષા રાખો છો? જ્યારે તે તમને માન આપે છે ત્યારે તમે ગૌરવ અનુભવો છો. અને તમારી દરકાર લીધાનું સુખ અનુભવો છો. પણ જ્યારે ન બોલાવે ત્યારે તમને દુઃખ થાય છે પણ એ સમજવું હિતાવહ છે કે કોઈ બોલાવે તો પણ ઠીક અને ન બોલાવે તો પણ ઠીક!

જિજ્ઞાસુઃ તો પછી કોઈ શી રીતે સુખ મેળવે?

દાદાજીઃ આપણી પાસે અને આપણી આસપાસ સુખ અને આનંદની રેલમછેલ છે પણ પોતાને એ ખબર નથી હોતી કે તે પામવું શી રીતે? ફક્ત એક જ પ્રકારનું સાચું સુખ હોય છે પણ આ સંસારે એને જુદા-જુદા પ્રકારોમાં વહેંચી નાખેલ છે. હકીકત જાણ્યા બાદ શું ખરેખર ખુશી ટકશે ખરી? કાલ્પનિક સુખોમાં આપણે ક્યાં સુધી ખુશ રહી શકીએ? પણ થાય શું? આપણે ફસાઈ ગયા છીએ, એટલે આપણે શું કરી શકીએ?

જિજ્ઞાસુઃ દાદાજી! શું આપણે આ જગતમાં સપડાઈ ગયા છીએ?

દાદાજીઃ આ બધું કેવું છે એ સમજાવવા માટે હું એક બનાવની વાત કરીશ.

એક વાણિયો અને એક મુસ્લિમ બંને ખાસ મિત્રો હતા. એકવાર મોહરમમાં આ બંને મિત્રો લટાર મારવા માટે નીકળ્યા. રસ્તામાં તેમણે તાજીયાનું જુલુસ (સરઘસ) જોયું. પેલો મુસ્લિમ તો ખૂબ જ ઉત્સાહિત થઇ ગયો. જુલુસ (સરઘસ) માં જોડાવાની પોતાની ઈચ્છાને એ રોકી ન શક્યો અને વાણિયાને 'બે મિનિટમાં જ પાછો આવ્યો' કહીને પોતે તાજીયાના મોટા સરઘસમાં જોડાઈ ગયો અને 'યા હુસેન.....યા હુસેન..'..ના નારા લગાવવા લાગ્યો. પેલો વાણિયો તો સડકની બાજુમાં ઊભો રહીને તેના પાછા આવવાની રાહ જોતો રહ્યો. એ બે મિનિટનો અડધો કલાક થઇ ગયો. મુસ્લિમ મિત્ર તો સરઘસના જોશમાં સરઘસમાં જ રોકાઈ ગયો એને પાછા વળવાનું મન જ ન થયું. દર પાંચ મિનિટે તે વાણિયો તેને બોલાવવા માટે ઈશારા કરતો રહ્યો પણ પેલો મુસ્લિમ મિત્ર સરઘસની બહાર જ ન નીકળ્યો. આમને આમ એક કલાક વીતી ગયો અને પેલા વાણિયા એ મરણીયા થઇને એનો હાથ પકડીને બહાર લાવવા માટે પ્રયત્ન કર્યો પણ ઉલટાનો તે સરઘસની ભીડમાં ખેંચાઈ ગયો. અને એનો મિત્ર 'ફકત બે જ મિનિટ. બે જ મિનિટ' બોલતો ગયો અને સાથે-સાથે 'યા હુસેન, યા હુસેન' પણ બોલતો રહ્યો. અને વાણિયાએ પણ 'યા હુસેન, યા હુસેન બોલવાની ફરજ પડી પણ તે કાંઇક જુદી રીતે જ બોલતો ગયો કે "આવી ફસ્યા ભાઈ, આવી ફસ્યા."

આ સંસાર પણ આવો જ છે! એકવાર જો તમે સંસારમાં આવી જાવ અને ફસાયા તો પછી એ ફસામણમાંથી છૂટવું મુશ્કેલ છે.

જિજ્ઞાસુઃ તો પછી આ ફાંસલામાંથી બહાર શી રીતે નીકળવું?

દાદાજીઃ માત્ર જ્ઞાની જ તમને આ ફાંસલામાંથી બહાર કાઢી શકે. આ ફાંસલો ખોટી માન્યતાઓ અથવા ભ્રમણાઓનો છે. એકવાર ખોટી માન્યતાઓ દૂર થઇ જાય તો મુક્તિ સંભવ છે પણ આ ખોટી માન્યતાઓ અને ભ્રમણાઓ કેવી રીતે નીકળે? જ્યારે જ્ઞાની તમને જાગૃત કરે ત્યારે જ તમારી ખોટી માન્યતાઓ નિર્મૂળ થાય. બીજું કોઈ પણ આ કરી શકે તેમ નથી. એમની હાજરી અને એમના ચેતનવંતા સ્પર્શથી તમે આ જગતની જંજાળથી મુક્ત થઇ શકો. બાકી તો જેમ જેમ તમે બહાર નીકળવાનો (છૂટવા) પ્રયત્ન કરો એટલા તમે આ કળણવાળા કાદવરૂપ સંસારમાં ઊંડે ને ઊંડે ઉતરતા જાવ છો.

## ૩૫. ક્રોધ

આ સંસારમાં કોઈ એવું નથી જે ક્રોધને નાથી શકે. ક્રોધ બે સ્વરૂપમાં વ્યક્ત થાય છે : કઢાપો અને અજંપો. જે લોકો ક્રોધને જીતે છે તે દશ્યમાન ક્રોધ-કઢાપાના રૂપમાં જીતે છે. કઢાપો દબાવવાથી અજંપો વધે છે. જ્યારે લોકો દાવો કરે કે 'મેં ક્રોધને જીતી લીધો છે', તેથી તેમનું મિથ્યાભિમાન વધે છે. સાચું કહું તો ક્રોધને ક્યારેય સંપૂર્ણપણે નાથી શકાય નહિ. તે બહારથી નિયંત્રિત લાગે છે. ક્રોધ તો આગ જેવો છે. તે પોતે કેવળ પોતાને બાળતો નથી પણ તેની આસપાસના બીજાબધાને પણ બાળતો હોય છે.

ક્રોધના પરમાણુઓ ખૂબ જ તીવ્ર હોય છે. તે તો ડબ્બામાં રહેલ ગનપાઉડર જેવો છે. જ્યારે તે સળગે છે ત્યારે તે ચારેબાજુ તણખા, જ્વાળાઓ અને ગરમી વેરે છે અને જ્યારે બધો ગનપાઉડર વપરાઈ જાય છે ત્યારે તે શાંત પડી જાય છે. એવું જ ક્રોધ સાથે પણ છે. ક્રોધ પણ ઉગ્ર પરમાણુઓમાંથી બનેલો છે. જ્યારે તે વ્યવસ્થિતના (વૈજ્ઞાનિક સાંયોગિક પુરાવા) નિયમાનુસાર ફૂટે છે ત્યારે તે પરમાણુઓ ચારે બાજુએથી સળગી ઊઠે છે. ગરમ મિજાજ એ ખરો ક્રોધ નથી.

જિજ્ઞાસુઃ તો પછી ખરો ક્રોધ શું છે?

દાદાજીઃ ખરો ક્રોધ તો આકસ્મિક રીતે વિસ્ફોટ થયા પછી રહેતી કડવાશને ગણાય છે. જ્યારે જીવ બળે છે ત્યારે ક્રોધ ગણાય છે. જ્યારે વ્યક્તિ અંદરથી બળતો હોય ને બળતરા અનુભવતો હોય ત્યારે તેની આસપાસના બીજા પણ એ આગને અનુભવશે. અગ્નિના બંને સ્વરૂપોમાં પાછળથી પણ કડવાશ રહેતી હોય છે. ઉગ્રતા જુદી વસ્તુ છે. ક્રોધ બાદ અંતરમાં કડવાશ રાખ્યા કરવી એ જ સાચા અર્થમાં ક્રોધ છે.

જિજ્ઞાસુઃ કૃપા કરીને દૃષ્ટાંત આપો.

દાદાજીઃ દાખલા તરીકે, રાત્રે પતિ અને પત્ની વચ્ચે ઝઘડો થયો. ક્રોધ એવો તો ભભૂક્યો કે બંને આખી રાત ઊંઘી નહિ

શક્યા, જાગતા જ પડી રહ્યા. સવારે, પત્નીએ ચાનો કપ પછાડીને આપ્યો. તેનો પતિ સમજી ગયો કે તેના ગુસ્સામાં હજીય કડવાશ રહેલી છે. આ ક્રોધ કહેવાય છે.

ક્રોધમાં દુઃખ યા કડવાશની અસર વધારે સમય સુધી રહે છે. શા માટે? ઘણાને જીવનભર આ કડવાશ અથવા પીડા લાંબા સમય સુધી રહેતી હોય છે. પિતા-પુત્ર પણ લાંબા સમય સુધી એકબીજાથી વિમુખ રહી શકે છે. ક્રોધની ખબર આપણને ક્રોધ કરનારના ચહેરા ઉપર ઝલકતી રીસ પરથી પડે છે.

જે કોઈ ગુસ્સો કરાવનાર પરિસ્થિતિમાં પણ ગુસ્સે નથી ભરાતો તે શુભ ચારિત્રવાળો માણસ છે.

સદ્વ્યવહાર વ્યક્તિના સાંસારિક જીવનને સુધારે છે અને એને કલ્યાણકારી બનાવે છે જ્યારે મુક્તિનો ઉપહાર તો શુદ્ધાત્માના સાક્ષાત્કાર બાદ થતા શુદ્ધચારિત્રથી મળે છે.

### ૩૬. લોભ

જિજ્ઞાસુઃ કૃપા કરીને લોભ વિષે અમને સમજાવો.

દાદાજીઃ સઘળા કષાયોમાં (ક્રોધ, માન, કપટ અને લોભ) લોભની સૌથી લાંબી અસર હોય છે અને એનાથી છૂટવું મુશ્કેલ હોય છે. લોભ અર્થાત્ કોઈ ઈચ્છાને આશરો આપવો. લોભિયા માણસનું અપમાન કરવામાં આવે તો પણ તે હસતો રહે છે! જ્ઞાનીપુરૂષ પણ આવી સ્થિતિમાં હસતા રહે છે પણ લોભિયો તેની લોભની ગ્રંથિને વધારે પોષતી વેળાએ હસતો રહે છે.

જિજ્ઞાસુઃ કૃપા કરીને દૃષ્ટાંત આપો.

દાદાજીઃ જ્યારે ગ્રાહક વેપારીને ફરિયાદ કરતો હોય કે તેણે એના દિકરા પાસેથી પચાસ પૈસા વધારે લઈને છેતરી લીધો છે ત્યારે તે વેપારી જરાય અકળાતો નથી. એ વેપારી તો આરામથી તેની ગાદી ઉપર આનંદથી બેસી રહે છે અને હસતો રહે છે. તે આવા સંજોગોમાં સહેલાઈથી ક્ષુબ્ધ થઈ જાય એવો નથી હોતો. રસ્તેથી પસાર થતા લોકો દુકાનની આજુબાજુ ટોળે વળવા માંડ્યા. તેમણે જોયું કે વેપારી તો શાંત, ગંભીર અને નિરાંતે બેઠો છે જ્યારે પેલો ગ્રાહક હતાશામાં આવીને જોર જોરથી બોલતો જાય છે. ટોળામાંના લોકોએ તો એવી ટીકા પણ કરી કે "આ માણસનું ચસકી ગયું છે!" તેમણે તેને ખખડાવ્યો અને ત્યાંથી જરા પણ ઉત્પાત મચાવ્યા વિના ચાલ્યા જવા માટે કહ્યું. તે લોકોએ કહ્યું કે આ વેપારી તો ખૂબ જ પ્રતિષ્ઠિત વ્યક્તિ છે. તે કદીયે નાના છોકરાને પણ છેતરે નહિ. પેલો વેપારી તો આ સાંભળીને મનોમન હસતો રહ્યો. શા માટે? કારણ કે તેની અંદર રહેલા લોભે તેને વિચારતો કરી મૂક્યો કે "આ મૂર્ખ ગુસ્સે થઈને જોર જોરથી બોલીને જતો રહેશે પણ મારે શા માટે પિત્તો ગુમાવવો? મને તો પચાસ પૈસા મળી જ ગયેલા છે ને!"

લોભી વ્યક્તિ બહારથી સજ્જન અને સમજદાર દેખાય છે! બીજી બાજુ, અભિમાની માણસ જો કોઈ એનું અપમાન કરશે તો કદીયે હસશે નહિ. તેનો ગુસ્સો એકાએક સાતમા આસમાને ચડી જશે, જ્યારે લોભી માણસ ગુસ્સે નહિ થાય.

જિજ્ઞાસુ: લોભી માણસને ક્યારે ગુસ્સો ચડે છે?

દાદાજી: કટોકટીની વેળાએ, જ્યારે પોતાના લોભની તક કે બાબત હાથમાંથી સરી જતી હોય ત્યારે અને જ્યારે એનું કપટ ટકી ન શકતું હોય (ઉઘાડું પડી જાય) ત્યારે તેને ગુસ્સો આવે છે.

ભગવાન કહે છે કે લોકો માન અને ક્રોધને કારણે હેરાન થાય છે. અહંકાર અથવા કાલ્પનિક માન-પ્રતિષ્ઠાને કારણે માણસ નફરત અને ઘૃણાને પોષે છે. ક્રોધમાં પોતે તો બળે જ છે પણ બીજાને પણ બાળતો હોય છે.

જિજ્ઞાસુ: લોકો પોતાના ક્રોધ અને માનને નિયંત્રિત કરવાનો પ્રયત્ન કરે તો છે પણ તેમાં ભાગ્યે જ સફળતા મળે છે.

દાદાજી: લોકો ભગવાનના શબ્દોને અનુસરવાનો પ્રયાસ કરે છે. કદીયે ગુસ્સો કરવો નહિ, કદીયે અભિમાન કરવું નહિ;" અને તેઓ ક્રોધ અને માન આ બંનેને નિયંત્રિત કરવાનો પ્રયત્ન કરે છે. તેઓ ત્રિયોગ સાધનાનો પ્રારંભ કરે છે. આ સાધના દ્વારા ક્રોધ અને માન એક મર્યાદામાં ઘટે છે અને પછી બુદ્ધિનો પ્રકાશ વધે છે, જે લોભને વધારે ઉત્તેજન આપે છે. બુદ્ધિનો પ્રકાશ તેના લોભને ફાયદો પહોચાડવા માટે વધારે કપટ કરવામાં મદદરૂપ બને છે.

ક્રોધ અને માન અણઘડ અને સરળ હોય છે. કોઈ કદાચ ક્રોધ અને માનના દોષો પ્રત્યે ધ્યાન દોરી શકે છે. જ્યારે લોભ અને કપટ એવાં છે કે પોતાની અંદર રહેલ આ લોભ અને કપટની હાજરીની ખબર પોતાને પણ નહિ પડવા દે. એકવાર જો લોભ અને કપટ દાખલ થઈ જાય તો પછી સહેલાઈથી બહાર નહિ નીકળે.

જન્મથી લઈને એક ક્ષણ માટે પણ લોભિયાને લોભથી પીછો છોડાવવાનું લગભગ અશક્ય છે. તેની ચેતના તેની લોભવૃત્તિ સાથે સતત ઘર કરી ગયેલી હોય છે પણ અહંકારી માણસ જ્યાં જાય ત્યાં હંમેશાં પોતાના માન અને મોભાની દરકાર રાખતો હોય છે. ઘરમાં હોય કે પછી બહાર હોય તે સદૈવ તેના મિથ્યાભિમાનની અસર તળે રહેતો હોય છે અને જો કોઈ તેને અપમાનિત કરે તો તેને ગુસ્સો ચડી જાય છે.

જિજ્ઞાસુ: વ્યક્તિના મોક્ષ માર્ગને કોણ અવરોધે છે?

દાદાજી: ક્રોધ, લોભ, માન અને કપટ વ્યક્તિના મોક્ષ પથને અવરોધે છે. કપટ હંમેશાં લોભને છાવરે છે. આપણે નથી જોતા કે કેટલાક વેપારીઓ વજન કરતા ઓછો માલ આપે છે અને માલનું ઓછું માપ ભરતા હોય છે. ક્રોધ પોતાનું અભિમાન અથવા પ્રતિષ્ઠાને બચાવવા માટે કરે છે. લોકો ક્રોધ, માન, કપટ અને લોભના આધારે જીવતા હોય છે. ક્રોધ, માન, કપટ

અને લોભના બે પ્રકાર છે. નિયંત્રિત અને અનિયંત્રિત.

દાખલા તરીકે, જ્યારે તમને કોઈની સાથે ગુસ્સો ચડ્યો હોય તો તેને તમે દબાવીને શાંત પાડી દો છો આ નિયંત્રિત ક્રોધ. જો કોઈ માણસ આ સ્તરે પહોંચી જાય તો તેનું સાંસારિક જીવન સરસ અને સરળ થઇ જશે. અનિયંત્રિત ક્રોધમાં ક્રોધને દબાવી દેવાના બધા પ્રયત્નો વ્યર્થ સાબિત થાય છે એને ફાટતા રોકી શકાતો નથી. તે એના માટે અને બીજાને માટે પણ નુકસાનકારક સાબિત થાય છે. કપટ અને લોભની ગ્રંથિઓ ક્રોધ અને માનની ગ્રંથિઓ કરતાં વધારે સજ્જડ અને પ્રબળ હોય છે એમનાથી છૂટવું સહેલું નથી. લોભને શા માટે સૌથી મોટો દોષ માનવામાં આવે છે? લોભ કોઈનું પડાવી લે છે અને બીજાને વંચિત રાખે છે. જો તમે આજવા સરોવરનું બધું પાણી માત્ર પોતાની જરૂરિયાતો પૂરી કરવા માટે પોતાની તરફ જ વાળી લો તો શું બીજા લોકો પાણીથી વંચિત નહિ રહે? આ જ રીતે લોભિયો માણસ બધું પોતાના માટે જ એકઠું કર્યે જ જાય છે.

## ૩૭. કપટ

જિજ્ઞાસુઃ કૃપા કરીને કપટ વિષે સમજાવો.

દાદાજીઃ વસ્તુઓ કે બાબત જેમ છે તેમ ન કહેવી તેને કપટ કહેવામાં આવે છે. કપટ એ મન, વચન અને કાયા આ ત્રણેને અસર પહોંચાડે છે સ્ત્રીમાં કપટ અને મોહના પરમાણુઓ વધારે હોય છે. પુરૂષમાં ક્રોધ અને માનના પરમાણુઓ વધારે હોય છે. જો વ્યક્તિ કપટ અને મોહના વધારે પરમાણુઓને આકર્ષે તો પછી બીજા ભવમાં તે સ્ત્રીદેહમાં પરિણમે અને જો ક્રોધ અને માનના વધારે પરમાણુઓ ને આકર્ષે તો બીજા ભવમાં તે પુરૂષદેહમાં પરિણમે.

સ્ત્રીઓ તેમના કાલ્પનિક ભયને લીધે કપટ કરે છે. આનાથી ગાઢા આવરણયુક્ત અજ્ઞાનની રચના થાય છે. મોહ વિમૂઢતાનું આવરણ રચે છે. બીજી બાજુ પુરૂષમાં માન ટોચ પર હોય છે, જે વધારે જાગૃતિમાં પરિણમે છે. જેટલું કપટ વધારે એટલો મોહ વધારે હોય છે.

## ૩૮. ક્રોધ, માન, માયા અને લોભનો ખોરાક

જિજ્ઞાસુઃ પોતાની અંદરના ક્રોધ, માન, કપટ અને લોભની ચોકડી સાથે વ્યક્તિએ કેવી રીતે રહેવું?

દાદાજીઃ આ ચોકડીમાંના દરેકને કેવી રીતે પ્રોત્સાહિત થતા રોકવા તે શીખવાનું છે. જુઓ, આ ચારેય-ક્રોધ, માન, કપટ અને લોભ વ્યક્તિ પાસેથી તેમનું પોષણ ચોરી લે છે પણ લોકોને આ સમજાતું નથી. જો આ ચારેયને ત્રણ વર્ષ માટે ભૂખ્યા રાખવામાં આવે તો તેઓ ઊભા ન રહે. તેમને પોષતો કયો ખોરાક છે? જો તમને આની ખબર ન હોય તો તેમને મરતાં સુધી શી રીતે ભૂખ્યા રાખશો? આ સમજના અભાવે લોકો તેમને ખવડાવ્યે જાય છે અને પોષ્યે જ જાય છે. અન્યથા તેઓ શી રીતે

ટકી શકે? તેમનું અસ્તિત્ત્વ તો અતિ પ્રાચીનકાળથી છે માટે તમારે એમને ખવડાવતા અટકાવવાનું છે. દરેક જણ બળજબરીપૂર્વક તેમને ખેંચી કાઢવા પ્રયત્ન કરે છે પણ તેઓ એવા તો નઠોર છે કે એ રીતે તે બહાર નીકળતા જ નથી.

જ્યારે તમારૂં ચેતન પ્રગટ થશે ત્યારે તમે પોતાની અંદરનો બધો મેલ અને ગંદકી ઘસી-ઘસીને બહાર કાઢીને શુદ્ધ કરી શકશો. પેલા દોષ કોઈપણ પ્રકારની હિંસા કે બળજબરીને વશ નહિ થાય. હા, અહિંસાત્મક ઉપચાર જ તેઓ દૂર કરી શકાશે.

જિજ્ઞાસુઃ ગુરુદેવ! કોઈ શી રીતે પોતાના ક્રોધ, માન, કપટ અને લોભને પોષવાનું બંધ કરી શકે?

દાદાજીઃ ગુરૂ ક્યારે તેના ચેલાને ઠપકો આપે? તે જ્યારે ગુસ્સે થાય ત્યારે આવું કરે છે. એ સમયે જો કોઈ પૂછે કે ‘‘ગુરુદેવ તમે એને શા માટે ખખડાવો છો?’’ ગુરુ જવાબ આપતા કહે છે કે ‘‘એ એને જ લાયક છે !’’ આ છાવરવાની વાત જ ક્રોધનો ખોરાક છે. ક્રોધને છાવરવો એ જ ક્રોધનો ખોરાક.

કોઈ કંજૂસ માણસ તમને તેના માટે ચાની પડીકી ખરીદી લાવવા માટે કહે અને તમે તે ૩૦ પૈસામાં ખરીદી લાવો. ત્યારે તે તમને કહે છે કે આટલી મોંઘી ચા ખરીદી લાવ્યા? આવા શબ્દો તેની લોભવૃત્તિને પોષે છે અને કોઈ એ ચાની પડીકી ૮૦ પૈસામાં ખરીદી લાવે ત્યારે ઉડાઉ માણસ એમ માને છે કે ચા ઉમદા ગુણવત્તાવાળી છે. આમ તે તેના ઉડાઉપણાના લોભને પોષે છે. આ તેનો ખોરાક થયો. આપણે તો મધ્યમમાર્ગી રહેવું.

હવે, કપટને કયું તત્ત્વ પોષે છે? ધારો કે જેના લોહીમાં કાળાબજારિયાવૃત્તિ હોય અને જ્યારે કપટની વાત નીકળે ત્યારે તે એમ કહેશે કે, ‘‘કોઈપણ સંજોગોમાં હું તો કાળાબજાર નહિ કરૂં.’’ આમ, તે તેની અપ્રામાણિકતા પર પ્રામાણિકતાની મહોર મારવાનો પ્રયત્ન કરશે. આ કપટનો ખોરાક છે.

માન માટે કયો ખોરાક જોઈએ? ધારો કે રસ્તામાં તમને ચંદુલાલ મળ્યા. તમે તેમનું અભિવાદન કરતા કહો છો કે ચંદુલાલ કેમ છો? એ વખતે ચંદુલાલ પોરસાઈને ખુશ થઈ જાય છે અને તેમનું માન બહેકી જાય છે. હા, આ જ કપટનો ખોરાક છે.

આત્મા સિવાય સઘળું પોષણ ઉપર નભે છે. ચાલો, આપણે ક્રોધ, માન, કપટ અને લોભને ઠંડો આવકાર આપીએ અને તેમનું પોષણ થાય એવું કશું આપીએ નહિ.

## ૩૯. ગૃહખાતુ અને વિદેશખાતુ

જિજ્ઞાસુઃ જીવનભર વ્યક્તિએ વિવિધ પ્રકારની સમસ્યાઓ, વસ્તુઓ અને સંજોગો વચ્ચે રહેવું પડતું હોય છે.

દાદાજીઃ સંજોગો તો સતત બદલાતા જ રહે છે પણ માણસે શુદ્ધાત્માને લગતા સંજોગો બાબતમાં ચોક્કસાઈ અને ચીવટ

રાખવી જોઈએ.

જિજ્ઞાસુઃ કૃપા કરીને ઉદાહરણ સાથે સમજાવો.

દાદાજીઃ જુઓ, જ્યારે વંટોળ સાથે ઝંઝાવાત કે જ્વાળામુખી પરદેશમાં જેમ કે પેરુ અથવા અન્યત્ર ફાટી નીકળે કે એવી કોઈ કુદરતી આફત સર્જાય ત્યારે આપણા દેશના પ્રધાનમંત્રી કેબીનેટની મિટિંગ બોલાવે છે. તે આશ્વાસન અને એ ઘટના સાથેની નિસબતનો પત્ર લખાવે છે અને પેરુ અથવા અન્ય કોઈ આવી અસરવાળા દેશના પ્રધાનમંત્રીને વિદેશ મંત્રાલયના પ્રધાન મારફત મોકલી આપે છે. તે એ પત્રમાં એ કમનસીબ પ્રકોપથી જે મૃત્યુ પામ્યા હોય કે ક્ષતિગ્રસ્ત થયા હોય એવા પ્રત્યે દુઃખની લાગણી પહોંચાડે છે. તે તેમાં ભારે આઘાત અને સહાનુભૂતિની લાગણી પોતાના દેશના નાગરિકો વતી વ્યક્ત કરે છે અને આગળ જણાવે છે કે અમારા દેશમાં રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવવામાં આવ્યો છે.

એક તરફ તે આવો પત્ર લખે છે પણ બીજી બાજુ તે મિટિંગમાં ચા, નાસ્તો તથા ખાણીપીણી ચાલતી હોય છે. આમ બધી વિદેશની બાબતોમાં બધું ઉપરચોટિયા (ઉપલક) હોય છે અને સ્વદેશની બાબતમાં ચોક્કસાઈ અને ચીવટ રાખવામાં આવે છે. વિદેશો સાથે સંકળાયેલ બાબતોમાં દુઃખ અને સહાનુભૂતિ બંને ઉપલકીયા (ઉપરછલ્લી) હોય છે. તેઓના હૃદયને આ બધું સ્પર્શતું નથી હોતું અને ચાર દીવાલોની વચ્ચે તેઓ સ્વાદિષ્ટ આહારનો આનંદ લેતા હોય છે. તેઓ પૂરેપૂરા વહેવારુ હોય છે. ખરું કે નહિ?

જિજ્ઞાસુઃ હા, તેઓ આવી બાબતોમાં માત્ર ઔપચારિકતા નિભાવતા હોય છે.

દાદાજીઃ એવી જ રીતે, આપણી અંદર પણ બે વિભાગ છે. ગૃહ અને વિદેશ. વિદેશ વિભાગમાં વ્યક્તિએ ઉપલકિયા રહેવાની જરૂર છે અને ગૃહ વિભાગમાં વ્યક્તિએ ચીવટ અને ચોક્કસાઈવાળા રહેવું પડે. સાંસારિક લેતી-દેતીમાં અને સાંસારિક જીવનમાં મન, વચન અને કાયા સાથે વ્યક્તિએ વિદેશ ખાતાની જેમ ઔપચારિક રહેવું સારું છે પણ આત્માના ગૃહખાતા બાબતે ખૂબ જ ચોક્કસ અને ચીવટવાળા રહેવું પડે. વ્યક્તિએ પોતાની જાતને શુદ્ધાત્મા માટેના ધ્યેય સુધી લઈ જતા સંજોગો (પરિબળો) સાથે ગાઢ પરિચય કેળવવો જોઈએ જ્યારે બીજા બધા સંજોગોમાં વ્યક્તિએ વહેવારિક રહેવું જોઈએ.

## ૪૦. સંયોગો

જિજ્ઞાસુઃ વ્યક્તિ હંમેશાં સંયોગોથી ઘેરાયેલો હોય છે. સંયોગો વિષે કૃપા કરીને અમોને સમજાવો.

દાદાજીઃ જુઓ, સંયોગો અને આત્મા આ બેનું જ અસ્તિત્ત્વ છે. વ્યક્તિ સંયોગોમાં અટવાઈ જવાથી સાંસારિક જીવનની

પરંપરા ચાલ્યા જ કરે છે અને સંયોગોથી છૂટાય તો જ્ઞાતા તરીકે વ્યક્તિનું દિવ્યત્વ તરફ ઉન્નયન થાય છે. આ સંસાર સતત બદલાયા કરે છે કારણ કે તેની અંદર પરિવર્તનની અવિરત પરંપરા સ્વાભાવિક છે. સંયોગો વિયોગી સ્વભાવના હોય છે. સંયોગો તો બદલાતા રહેતા હોય છે અને તે બદલાતા જ રહેશે.

આખું જગત સંયોગોના મિલન અને વિયોગ ઉપર કાર્યરત રહેતું હોય છે. આ સંસારનો સર્જક કોણ છે? સંસારનો સર્જક કોઈ નથી. તે તો માત્ર સંયોગિક વૈજ્ઞાનિક પુરાવાઓને આધારે ચાલે છે. જે રીતે વસ્તુઓનું સંમેલન થશે તે રીતે દેખાશે. આ જોડાણમાં કોઈએ કશું કરવાનું રહેતું નથી.

જિજ્ઞાસુઃ કૃપા કરીને ઉદાહરણ સાથે સમજાવો.

દાદાજીઃ તમે મેઘધનુષમાં જે રંગો જુઓ છે તે કોણે ભર્યા છે? જ્યારે બધા સાંયોગિક પ્રમાણો ભેગા થાય ત્યારે મેઘધનુષ દેખાય છે. સૂર્ય, વાદળ અને દર્શક વ્યક્તિ વગેરે, આ ત્રણ સાંયોગિક પુરાવાઓ છે. જ્યારે આવા ઘણા બધા પ્રમાણો સાથે આવી મળે ત્યારે મેઘધનુષ દેખાય. આ બાબતમાં જો સૂર્ય અભિમાનમાં આવીને એમ ઢંઢેરો વગાડે કે ''મારી ગેરહાજરીમાં મેઘધનુષ રચાયું જ ન હોત.'' તો એ એનો મિથ્યા અહંકાર છે. અરે, વાદળો ન હોય તો પણ તેની રચના ન થઈ શકી હોત.

વાદળોનું એમ ઘોષિત કરવું એ પણ ખોટું છે કે તેની ગેરહાજરીમાં મેઘધનુષ રચાવું શક્ય નથી. એ તો માત્ર જુદા-જુદા પદાર્થો અથવા સંયોગોના ભેગા થવાના કારણે રચાય છે. આ બધાનું સંમિલન થાય ત્યારે જ તે રૂપકમાં આવે છે. સંમિલનના ખસી જવાને કારણે આ વસ્તુઓનું વિસર્જન થાય છે. આ જોડાણમાં આ બધા પદાર્થોના વિઘટન અને ફેરફાર થાય તો મેઘધનુષ દેખાતું નથી.

જિજ્ઞાસુઃ ગુરૂદેવ! આ બધા સંજોગો કેવી રીતે ભેગા થાય છે?

દાદાજીઃ વ્યવસ્થિત (વૈજ્ઞાનિક સાંયોગિક પ્રમાણો) ને આધીન દરેક સંયોગોનો સમાયોગ ક્યારે, કેવા સ્વરૂપમાં કઈ રીતે અને કેવી રીતે થશે તે બધું વ્યવસ્થિતના અધિકારમાં આવે છે. માટે વહાલા આત્મન! એની બાબતમાં હસ્તક્ષેપ ન કરો અને વસ્તુઓને ચૂંથશો નહિ. આ સંસાર શી રીતે ઊભો થયો છે? માત્ર વૈજ્ઞાનિક સાંયોગિક પ્રમાણોથી ઊભો થયો છે. એ તો અત્યંત સહજ છે. આ બધા બનાવોની પાછળ વ્યવસ્થિતનો સિદ્ધાંત રહેલો છે. વ્યવસ્થિત આ જગતને વૈજ્ઞાનિક સંયોગિક પ્રમાણો, સંયોગો અને વિયોગોને આધીન ચલાવે છે.

ઘણા બધા સંયોગો મળીને પુરાવો રચશે. અસંખ્ય સંયોગો મળવાથી માણસ ઊંઘી જાય છે અને તેને જગાડવા માટે પણ અસંખ્ય પુરાવા રચાય છે. વ્યવસ્થિતની આ કેવી આશ્ચર્યજનક વ્યવસ્થા છે! કે સંયોગ ભેગા થઈ જ જાય છે.

જિજ્ઞાસુઃ આ ઘણું ગૂંચવાડાભર્યું લાગે છે. કૃપા કરીને ઉદાહરણ સાથે સમજાવો.

દાદાજીઃ જુઓ, પાણીના ધોધમાં પરપોટા રચાય છે. તે આકાર અને કદમાં જુદા-જુદા પ્રકારના હોય છે! કેટલાક અર્ધ ગોળાકાર હોય છે, કેટલાક નાના હોય છે, અને કેટલાક વધારે મોટા પણ હોય છે. આ કોણે બનાવ્યા? તેમની રચના કોણે કરી? તે તો જાતે જ બન્યા. હવા અને નીચે પડતું પાણી વગેરે તો સંજોગો છે, જે સાથે મળ્યા અને પરપોટા રચાયા. જેમાં હવા વધારે ભરાઈ તે મોટા કદના બન્યા અને જેમાં ઓછી હવા આવી તે નાના પરપોટા થયા. એવું જ માણસોનું છે. આ બધા પરપોટા જેવા છે. ખરું કે નહિ? તે બધા સંયોગના મેળથી જ રચાયા છે.

જિજ્ઞાસુઃ સંયોગો સરખા જ હોવા છતાં પણ તે એકને ગમે છે તો બીજાને ગમતા નથી? આવું કેમ?

દાદાજીઃ આ દરેક સંયોગો માટે સાચું છે. એકને તે ગમે અને બીજાને તે ન પણ ગમે પણ કોને ખબર છે કે કોઈકે જે ગમતું હોય તે ભેગું કરી રાખ્યું હોય અને તેનો ક્યારે વિયોગ થઈ જાય? ઉપરાંત, સંયોગો વારાફરતી એક પછી એક આવે છે. સંયોગ આગળના સંયોગના વિયોગને અનુસરશે.

સંયોગો બે પ્રકારના હોય છેઃ (૧) ગમતા સંયોગ અને (૨) અણગમતા સંયોગ. અણગમતા સંયોગો તો ધર્મના અનાદર, પાપ અને વ્યક્તિના ખરાબ કર્મોના લીધે પ્રાપ્ત થતા સંયોગો છે. ન્યાય, પવિત્રતા, સદાચારપૂર્ણ કાર્યો, સત્કર્મો વગેરે ને કારણે ગમતા સંયોગો પ્રાપ્ત થતા હોય છે. મોક્ષ સ્વધર્મના પાલનનું ફળ છે. ગમતા કે અણગમતા બંને પ્રકારના સંયોગો દુઃખદાયી છે.

જિજ્ઞાસુઃ એ શી રીતે?

દાદાજીઃ ગમતા સંયોગોના જવાથી વ્યક્તિને દુઃખ થાય છે અને અણગમતા સંયોગોનો સામનો થવાને કારણે દુઃખ થાય છે. તેમ છતાં કુદરતના નિયમ મુજબ આ બંનેનો વિયોગ-સંયોગ, સંયોગ-વિયોગ થાય જ છે.

ભગવાન કહે છે કે, આ સઘળા કેવળ સંયોગો જ છે, ભલે તે સારા હોય કે ખરાબ પણ માત્ર સંયોગો જ છે. પણ લોકો તો ખરાબ સંયોગોમાં આવી પડેલા માણસ માટે એમ કહે કે "આ તો બુદ્ધિ વગરનો છે." પોલીસ દ્વારા ગિરફતાર થવું એ ખરાબ સંયોગ છે અને સંતના સત્સંગમાં જવું એ સારો સંયોગ છે. આ સંસારમાં, પૂરણ (સંયોગોના મિલન) અને ગલન (સંયોગોનું વિભાજન) સિવાય બીજું કશું નથી. સંસારમાં પૂરણ અને ગલન સિવાય બીજા કશાનું અસ્તિત્ત્વ નથી. સંયોગોનું વિખેરાવું જેટલું મુશ્કેલ છે એટલું જ સંયોગોને ભેગા કરવાનું કપરું છે. સંયોગો ઘટતા પૂર્વે ઉત્તેજના અને આનંદની લાગણી થાય છે. જ્યાં સુધી તમારી પાસે પુરાંત છે ત્યાં સુધી આનંદની અનુભૂતિ થાય છે પણ જેમ-જેમ સિલક ઘટતી જાય તેમ-તેમ તમે તેની અનુભૂતિ ગુમાવતા જાવ છો.

જિજ્ઞાસુ: કૃપા કરીને દાખલો આપીને સમજાવો.

દાદાજી: ધારો કે રવિવારે તમે યાત્રાએ જવાના છો. શરૂઆતમાં તમને યાત્રાગમનની ઉત્તેજના વધારે અનુભવાય છે અને તમને આનંદનો કોઈ પાર નથી રહેતો. રવિવારે સવારે ગાડી ઉપડે છે એટલે સંયોગોની પુરાંત વપરાશે અને ક્રમશઃ ઘટતી જશે અને અંતે એ સંયોગોની કોઈ પુરાંત બચતી નથી.

જિજ્ઞાસુ: શું બધા જ સંયોગો હંમેશાં બદલાતા જ રહે છે?

દાદાજી: જે ક્ષણે સંયોગો ભેગા મળીને આવે છે ત્યારથી જ તે વિયોગ-ગલન તરફ ગતિ કરે છે અને વિયોગ ભેગો થાય ત્યારથી જ અન્ય સંયોગ ભેગો થવા માંડે છે. જેવા સંયોગોના એક સૅટનાં પ્રમાણ સર્જાય અને વિયુક્ત થવાનું શરૂ કરે કે ત્યાં તો સંયોગોની બીજી જોડી મિલન માટે શરૂઆત કરી દે છે.

જિજ્ઞાસુ: ગુરૂદેવ! સંજોગોમાંથી દરેકે પસાર થવું જ પડે તેનો શો હેતુ છે?

દાદાજી: જગતમાં, સંયોગો વિશ્લેષણ માટે અને પાઠ શીખવા માટે છે, અનુભવ કરવા માટે છે પણ લોકો અંધારી ગલીમાં અટવાઈ જાય છે. માણસ સુખની શોધમાં લગ્ન કરે છે કે સુખ શું પત્નીમાં છે કે સંતાનમાં છે કે પછી સાસુ કે સસરામાં છે? સાચું સુખ શેમાં રહેલું છે? તમે વિશ્લેષણ કરીને કોઈ નિર્ણય ઉપર કેમ આવતા નથી? નફરત થાય અને અણગમો પણ થશે પણ લોકો કશું શીખવાનો પ્રયત્ન નહિ કરે. સંસારી સંબંધો તો લૌકિક (Relative) છે, સ્વાર્થના છે. સાચા સંબંધો નથી. આ બધા સંબધો તો તમારા વિશ્લેષણ અને કોઈ નિર્ણય ઉપર આવવા માટે છે.

જેઓ આવું વિશ્લેષણ કરીને કોઈ નિર્ણય ઉપર પહોંચે છે તેઓ તેમના રાગ અને દ્વેષને ઘટતા જોઈ શકે છે અને તેઓ મોક્ષમાર્ગના ખોજક બની જાય છે.

માનવશરીર વિના મોક્ષ પામવો શક્ય નથી. જો તમે માનવદેહ પામવા માટે અને મોક્ષ માટેના સંયોગોને પામવા માટે ભાગ્યશાળી હો અને સાધન શુદ્ધિ હોય તો મોક્ષ શક્ય બને છે. જ્યારે તમે શુદ્ધ સંયોગો પ્રાપ્ત કરો ત્યાર પછી જ મોક્ષ પામી શકશો. માત્ર જ્ઞાનીપુરૂષનો સત્સંગ જ શુદ્ધ અને પવિત્ર સંયોગ છે. જ્ઞાનીપુરૂષ માટે શું લખવામાં આવ્યું છે?

''શુદ્ધાત્મા મૂળ ઉપાદાની, અહં, મમતના અપાદાની

મૂળ નિમિત્ત એક સંયોગી.

છોડાવ્યો ભવ સંસારે, વંદુ કૃપાળુ જ્ઞાનીને.''

જ્ઞાની સાથેની મુલાકાત જ સાચો સંયોગ છે. મૂળ સાધન કે જે ચેતનનો સાક્ષાત્કાર કરાવે અને અહંકાર અને મમતા- 'હું' અને 'મારું' માંથી છોડાવે. બીજા શબ્દોમાં 'શુદ્ધાત્મા' ગ્રહણ કરાવે અને અહંકાર અને મમતાનો ત્યાગ કરાવે એટલે જ્ઞાનીને મૂળ નિમિત્ત કહેલ છે અને મોક્ષપ્રાપ્તિના એકમાત્ર શુદ્ધ સંયોગી કહેલ છે.

જિજ્ઞાસુઃ આત્મા કઈ રીતે સંયોગો સાથે જોડાયેલ છે?

દાદાજીઃ આત્મા અને સંયોગોનો પરસ્પર જ્ઞાતા અને જ્ઞેયનો સંબંધ છે. આત્માને બધા સાથે ફક્ત સાંયોગિક સંબંધ માત્ર છે. શુદ્ધાત્મા પોતે અસંયોગી છે અને તે સિવાયનું બધું જ સંયોગો સાથે જોડાયેલ છે. સંયોગો અને વિયોગો તો માત્ર જ્ઞેય છે અને 'તમે-પોતે' જ્ઞાતા છો. પણ જ્ઞાતા સાથે જ્ઞેય એકાકાર થઈ જાય છે, એટલે તે અનંતકાળથી અનંત ભવોમાં ભટકતો રહ્યો છે.

પાંચ ઈન્દ્રિયો દ્વારા જે કાંઈ દેખાય છે અને અનુભવાય છે તે બધા સ્થૂળ સંયોગો છે. અંતઃકરણના સૂક્ષ્મ સંયોગો અને વાણીના સંયોગો સાથે આત્માનો સંબંધ માત્ર સંયોગ છે, કોઈ અભેદ્ય સગાઈ સંબંધ નથી. જ્ઞાતા-જ્ઞેયના સંયોગ-સંબંધ માત્રમાં જ રહે તો તે અબંધ (બંધ રહિત) જ છે પણ લોકો તો સંયોગ સાથે લગ્ન સંબંધની કલ્પના કરી બેઠા! તેનાથી ફસામણી એવી થઈ કે બહાર નીકળાયું જ નહિ.

આત્મા સાવ નિરાળો છે. તે એવો છે કે બધી બાજુએથી તે સંયોગોને જોઈ અને જાણી શકે છે પણ જો સંયોગોને વળગી પડો અને તેની સાથે લગ્ન કરી બેસો તો શું થાય? બધા જ સંયોગો પૌદ્ગલિક છે. અનાત્મના છે. ગધેડો પૌદ્ગલિક નથી કારણ કે આત્મા અને અનાત્મ બંનેના સંયોગો ભળેલા છે. આત્મા અનાત્મ સાથે લીન થયેલો નથી પણ ભ્રમ અને ખોટી માન્યતાને કારણે તમને એક દેખાય છે. જે બહુ મોટી ભૂલ છે.

જિજ્ઞાસુઃ સંયોગો દરમિયાન કર્મો કેવી રીતે બંધાય છે?

દાદાજીઃ સંયોગોનું મિલન સ્વચાલિત છે અને આ વિલક્ષણતાને કારણે જ્ઞાન પણ આપોઆપ તેના સાચા સ્વભાવથી વિભાવિક થયું છે. અન્યથા હકીકતમાં દ્રવ્ય બદલાયું નથી, ગુણ બદલાયા નથી. ફક્ત પર્યાય બદલાયા છે. દર્શન-જ્ઞાનના પર્યાય વિભાવિક થઈ ગયા છે.

જિજ્ઞાસુઃ કૃપા કરીને ઉદાહરણ સાથે સમજાવો.

દાદાજીઃ પ્રયોગશાળામાં બધા સાધનોથી સજ્જ થઈને બેઠેલ વૈજ્ઞાનિકનો વિચાર કરો. તે જ્યારે પ્રયોગ કરે છે ત્યારે ધારો કે કોઈ પાત્રમાંથી ગેસ છૂટે છે અને પ્રયોગકર્તા ગૂંગળામણ અનુભવીને બેભાન થઈને ઢળી પડે છે તે વખતે તે બધું ભૂલી જાય છે, તે ભાન ગુમાવતો જાય છે પણ જેવો તે હોશમાં આવતો જાય છે તેમ-તેમ તેનો પ્રકાશ વધતો જાય છે અને એનું જ્ઞાન

સમયની સાથે-સાથે વધારેને વધારે સ્પષ્ટ થતુ જાય છે. એ જ રીતે કોઈ એમ વિચારે કે બધું પોતાના નિયંત્રણ હેઠળ છે પણ જેમ-જેમ તે વધારે ને વધારે જાણતો થાય તેમ-તેમ તે અનુભવે છે કે આ બધું નિયંત્રણમાં નથી પણ ભગવાનની સત્તામાં છે. ભગવાન (મહાશક્તિ) નિયંતા હતા. આગળ જતાં તેને સમજાય છે કે આ તો બધો ભ્રમ છે, ખોટી માન્યતા છે અને ભગવાનની સત્તામાં પણ નથી. છેવટે, જ્યારે તે પૂર્ણ ચેતનામાં આવે છે ત્યારે તે અનુભવે છે કે જે કાંઈ બન્યું છે તેના માટે માત્ર સંયોગો જ જવાબદાર છે. અને પછી એને સંયોગોથી મુક્તિની સુખદ લાગણી થાય છે. આ રીતે, ચેતનાના સ્તરે બધા ફેરફાર આવે છે.

જો પ્રયોગકર્તા પોતે સંયોગોમાં સંયોગી થઇ ગયો તો તે ભારે બેભાનપણું કહેવાય પણ જો તે માનતો હોય કે તે સંયોગોથી જુદો છે ત્યારે જ તેને મુક્તિનો આનંદ ચાખવા મળે છે. અનેક સંયોગો પેદા થતા હોય છે. જો એક પણ સંયોગ સાથે પોતે ભળી ગયો તો કર્મનાં નવા બીજ રોપાશે. આમ, આ કોયડો ઉકેલાય એવો નથી.

જો એના જ્ઞાતા-દ્દષ્ટા તરીકે રહેવાય તો કર્મનાં બી વવાતાં નથી. સંયોગો અનંત છે પણ એ ઉગવા લાયક રહ્યા નહિ એટલે વ્યક્તિ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.

જ્યારે સંયોગોના જ્ઞાતા-દ્દષ્ટા રહ્યા હોય તો કર્મનાં બીજ વાવતાં નથી. અનંત સંયોગો છે પણ તેઓ ઉગવા યોગ્ય ન રહયા એટલે વ્યક્તિ અચૂક મોક્ષ મેળવી શકે. દરેક જણ સંયોગોના બંધનમાં છે. આપણા મહાત્માઓ પણ સંયોગોથી ઘેરાયેલા છે પણ આપણા મહાત્માઓ સંયોગોના માત્ર જ્ઞાતા-દ્દષ્ટા છે. આપણા મહાત્માઓના ભ્રમ ભાંગી ગયેલ છે. તેઓના પણ એવા જ પ્રકારના સંયોગો, વ્યવહાર, સ્વાધ્યાય-વ્યાખ્યાન, સાસરિયાં, પત્ની, બાળકો, વગેરે બધું જ સરખું છે અને છતાં તેમના જીવનમાં કેવું આનંદદાયી સુખ પ્રવર્તે છે!

જો કોઈ સંયોગોમાં ફસાયો અને બંધાયો તો તેની શક્તિ અવરોધાશે. સંયોગો આવે છે અને જાય છે પણ જ્ઞાનીપુરૂષ તેમની સાથે હાથ નથી મિલાવતો. તે તો માત્ર તેને દૂરથી જુએ છે તેથી સંયોગોનો વિયોગ થઇ જાય છે. સંયોગોને કેવળ જોવા-જાણવા એટલે કે તેમને વિદાય (good-bye) આપવી. આત્મા તો  સ્વ-પર પ્રકાશક હોવાથી તેમાં સંયોગ ઝળકે જ, એમાં જરૂર એટલી જ છે કે માત્ર પ્રકાશ (જ્ઞાનદ્દષ્ટિ) પહોંચેલો હોવો જોઈએ. સંયોગોમાં ચેતન હોતું નથી. ચેતનનો સ્વભાવ સંયોગોથી મુક્ત છે. કોઈને સારી અથવા માઠી લાગણી થવી એ તો માત્ર સંયોગ છે. સંયોગ શુદ્ધાત્માને લાગુ પડતો નથી.

સંયોગો કાયમી નથી. એ અસ્થાયી છે, તેનું આવાગમન આપણું અસલ સ્વરૂપ નથી તો પછી એ શી રીતે માની શકાય કે એ આપણા છે? સંયોગો પડોશી જેવા હોય છે, આવે છે અને ચાલ્યા જાય છે. ઘણા લોકો એવા હોય છે કે જેમને પરોપકાર માટે સારા વિચાર આવે, કોઈકનું ભલું કરવાના વિચાર આવે તો તેને આત્મા કહે છે પણ તે આત્મા ન હોય. તમારી અંદર જે કોઈ

ભાવ જાગે તે 'મારા ન હોય' એમ જાણી-સમજી લેવાની જરૂર છે.

કોઈપણ સંયોગ માટે સ્વામીત્વભાવ ન હોવો જોઈએ. ભલે પછી તે શુભ ભાવ હોય કે પછી અશુભભાવ હોય. હું જગતને જેવું છે તેવું, સ્પષ્ટ શબ્દોમાં કહી દઉં છું કે ફસાવનારા સ્થૂળ સંયોગો, સૂક્ષ્મ સંયોગો, વાણીના સંયોગો અનાત્મ સાથે સંબંધિત છે અને તે અનાત્મના ક્ષેત્રને વશ હોય છે. આ સંસારમાં માત્ર બે જ વસ્તુઓ છે - આત્મા અને સંયોગો. કાર્ય કે અકાર્ય સંયોગાધીન છે, પરાધીન છે. જો સ્વાધીન હોત તો અવાંછિત સંયોગોને કોઈ ભેગા થવા જ ન દે અને ગમતા સંયોગોનો કોઈ તેમનાથી વિયોગ થવા ન દે અને આ સ્થિતિમાં કોઈ ક્યારેય મોક્ષમાં જઈ ન શકે!

જે કાંઈ નશ્વર છે તે સંયોગ અને વિયોગ મારફતે જે કાંઈ આવે છે અને જાય છે તે 'મારું' નથી. જે આ સારી રીતે સમજે છે તે 'જ્ઞાન' છે.

આત્માની દરેક અવસ્થાની શુદ્ધિ થાય ત્યારે અનંતજ્ઞાન કહેવાય છે. સૂક્ષ્મ સંયોગો તો એ જ્ઞાનની જ્યારે અનંત અવસ્થાઓ ઉત્પન્ન થાય ત્યારે પ્રકાશમાન થાય છે અને ત્યારે અનંત જ્ઞાનના એ અનંત જ્ઞાની પરમાત્મા- સર્વજ્ઞ બને છે.

જિજ્ઞાસુઃ જે લોકોએ આત્મસાક્ષાત્કાર નથી કર્યો એવા લોકોનું શું? તેઓએ કેવી રીતે સંયોગો સાથે વ્યવહાર કરવો જોઈએ?

દાદાજીઃ હું નહિ પણ સંયોગો જ કર્તા છે એવું કદાચ જ્ઞાન ન હોય તો પણ નિશ્ચયથી એમ માને તો પણ બહુ મોટું પુણ્ય બંધાય! મોટા દેવ બને. પણ લોકો જ્યારે કશુંક ખોટું થાય ત્યારે તે એમ કહે કે તેમને સંયોગોવશાત આમ કરવું પડ્યું અને જો કશું તેમની તરફેણમાં થાય તો તેઓ કહેશે કે ''એ આ રીતે જ કરવા યોગ્ય હતું.'' આવા શબ્દો કૃતકર્મનું મત્તું મારે છે અને તેને માટે જવાબદાર બનાવે છે. જે સંયોગો જવા માટે નિર્માયા છે તેમનાથી શા માટે ડરવું? 'આપણે' વૃદ્ધાવસ્થા, મૃત્યુ અને જન્મથી ડરતા નથી, એ તો સંયોગોનો આવરો-જાવરો માત્ર છે.

જ્ઞાનીપુરૂષની નજરે તો મરણ અને જમણ બંને સરખાં છે. એ તો માત્ર સંયોગ છે. એ તો સહજ રૂપે બનતું હોય છે. પ્રાપ્ત સંયોગો વિના સંસારમાં કશી વસ્તુ નથી.

જિજ્ઞાસુઃ જો આપ અમને જુદા-જુદા સંયોગોની વચ્ચે જીવવાનો ગુરૂમંત્ર બતાવશો તો આપનો અમારા ઉપર મોટો ઉપકાર થશે.

દાદાજીઃ ''પ્રાપ્ત સંજોગોનો સુમેળ સાધીને સમતાભાવે નિકાલ કરો.'' મારું આ વાક્ય અતિ ઉત્કૃષ્ટ એવો ગુરૂમંત્ર છે. જેમાં જગતના બધા જ શાસ્ત્રોના જ્ઞાનનો નિચોડ આવી જાય છે. પ્રાપ્ત સંયોગોના આપણે જ્ઞાતાદ્દષ્ટા છીએ, અપ્રાપ્તના નહિ.

જિજ્ઞાસુઃ કૃપા કરીને ઉદાહરણ સહિત સમજાવો.

દાદાજીઃ ધારો કે તમારે સવારે ૧૧-૦૦ વાગ્યે કોર્ટમાં હાજર થવાનું હોય અને તે જ વખતે તમારું ભાણું પીરસાઈ જાય તો તમે શું કરો? તમારી સામે આ સંયોગ આવીને ઊભો થઈ ગયો (પ્રાપ્ત). એટલે તમારે પહેલાં તો સમભાવે ગોઠવણી કરવી પડશે. પછી શાંતિથી જમી લેવું. જમતી વખતે તમારું ચિત્ત કોર્ટમાં ન રહેવું જોઈએ. એટલે તમે શાંતિથી જમીને પછી કોર્ટમાં આરામથી પહોંચી જાવ. રઘવાટમાં કંઈ બે હાથે જમી ન શકાય. તમે જ્યારે જમતા હોય ત્યારે તમારું ચિત્ત જમવામાં જ રહેવું જોઈએ નહિ કે કોર્ટમાં. પણ લોકો કરે છે શું? તેઓ જે પરિસ્થિતિમાં હોય તેનો આનંદ નથી લઈ શકતા અને ગૂંચવાઈને દુઃખી થાય છે. લોકો જે મળેલું છે તેણે ભોગવી શકતા નથી અને જે નથી મળ્યું તેની પાછળ પડી જાય છે. આમ તેઓ બંને બાજુએથી ગુમાવી બેસે છે. મિત્ર, તમારી સામે તમારું ભોજન તૈયાર છે તો તમે અનુકૂળ થઈને તેનો આનંદ ઉઠાવો. ત્યારપછી જ તેનો યોગ્ય નિકાલ થશે. કોર્ટ તો દૂરની બાબત છે. તો પછી શા માટે માનસિક રીતે જે અપ્રાપ્ત છે એની પાછળ પડી ગયા છો? તમારી સમક્ષ જે સંયોગો આવીને ઊભા છે તેનો તમારે પૂરેપૂરો લાભ લેવાનો છે. જ્યારે સાનુકૂળ સંયોગો હોય ત્યારે જો તમે તમારું કામ નહિ કરો તો પછી તમારી બધી મહેનત વ્યર્થ જશે.

આવી સાદી અને સાચી સમજ તમને કોણ આપશે? જે આવા અનુભવમાંથી પસાર થયેલો હોય, તેનું આ કામ છે.

જિજ્ઞાસુઃ ગુરૂદેવ! મોક્ષના રસ્તા માટે કેવા પ્રકારના સંયોગો ઉપયોગી થાય છે?

દાદાજીઃ જ્ઞાનીપુરૂષ જ આ કરી શકે છે. સંસારના બધા જ જીવો માટે એવા જ્ઞાનીપુરૂષ જ ઉત્તમ નિમિત્તનો સંયોગ છે. સાચે જ કહેવાયું છે કે : ''તેમ ભવિ સહજ ગુણે હો, ઉત્તમ નિમિત્ત સંયોગી રે.'' જે લોકો મોક્ષદ્વારની નજીક આવી પહોંચ્યા છે તેમને માટે સહજ ભાવે જ્ઞાનીપુરૂષના સંપર્કમાં આવવાની અપૂર્વ તક પ્રાપ્ત થાય છે. મોક્ષ સાધી લેવો સરળ છે પણ જ્ઞાનીપુરૂષનો સંપર્ક થવો દોહ્યલો છે અને આવા સંયોગની દુર્લભતા તો અવર્ણનીય છે.

તમને અનંત ભવચક્રોમાં, અનંત જન્મોમાં ભટકતા રહેવા છતાં ક્યાંય સાચું સુખ મળ્યું નથી. માત્ર અહંકારની ગર્જનાઓ અને વિલાપ જ કર્યા છે. છૂટવું તો છે જ પણ તમને સાચો રસ્તો મળતો નથી. જ્ઞાનીપુરૂષના સંપર્કમાં આવવું અને સાચી દિશા પકડવી મુશ્કેલ છે.

સઘળા સંયોગો ભેગા થશે અને જુદા પડશે પણ જ્ઞાનીપુરૂષનો સત્સંગ જ શાશ્વત આનંદ આપશે. હવે, મોક્ષ પ્રાપ્તિ માટે તમારી પાસે ઉત્તમ સંયોગ બેઠો છે. જ્ઞાનીપુરૂષના સાન્નિધ્યમાં રહેવાની પ્રબળ ઈચ્છા થવી એ અનન્ય આધ્યાત્મિક પરાક્રમ છે. આ પરાક્રમ કોઈપણ સંયોગ સામે તમને પહોંચી વળવા માટે અને તમારા લક્ષ્ય સિદ્ધિ મેળવવાના માર્ગમાં આવતી કોઈપણ અડચણનો સામનો કરવા માટે શક્તિ પ્રદાન કરે છે.

## ૪૧. અક્રમજ્ઞાન અને ક્રમિકજ્ઞાન.

જિજ્ઞાસુઃ જ્યારે વ્યક્તિ આપે બતાવેલા માર્ગ ઉપર ચાલીને પોતાનો આધ્યાત્મિક વિકાસ કરી રહ્યો હોય ત્યારે સાંસારિક જીવનમાં તેણે કેવી રીતે જીવવું જોઈએ?

દાદાજીઃ વ્યાવહારિક ધર્મો ક્રમિક માર્ગ એટલે કે પગથયે પગથીયે ઉંચે જવાનું બતાવે છે અને વ્યવહાર અને નિશ્ચય વચ્ચેનો તફાવત બતાવે છે. ક્રમિક માર્ગમાં નિશ્ચય અને વ્યવહાર વચ્ચેનો બતાવવામાં આવતો તફાવત તાર્કિક અને બુદ્ધિગમ્ય છે.

બીજી બાજુ અક્રમમાર્ગમાં, હું તમને મોક્ષપ્રાપ્તિનો સરળ માર્ગ બતાવું છું. ખરું જોવા જઈએ તો નિશ્ચયની પ્રતિષ્ઠા બાદ જ યથાર્થ વ્યવહારની (વ્યવહારિક ઐહિક જીવન) શરૂઆત ગણાય છે, તે નિશ્ચય જ્ઞાનની પ્રાપ્તિ બાદ જ મળે છે. આનો અર્થ એ કે નિશ્ચયની પ્રાપ્તિ બાદ જ સાચા વ્યવહારની શરૂઆત થાય છે. આનું પરિણામ એ આવે છે કે સઘળા સાંસારિક વ્યવહારોમાં જ્ઞાન પ્રવર્તમાન રહે છે અને જિજ્ઞાસુ કોણ છે, કઈ જ્ઞાતિ-કે જાતિના છે, કયા પદ ઉપર છે કે શું કામ કરે છે તેની સામે કોઈ વાંધો નથી હોતો. આ જ્ઞાન હંમેશાં દરેક ઘટનાઓ અને સંજોગોમાં હાજર રહેતું હોય છે અને પોતે અસર મુક્ત રહે છે. સંસારનો અક્રમવિજ્ઞાન સાથેનો જ્ઞાનપ્રકાશ ક્લેશમુક્તિ અને આનંદના અનુભવમાં પરિણમે છે. ટૂંકમાં, સાંસારિક વ્યવહાર જીવન સાચે જ આદર્શ ત્યારે જ હોય છે જ્યારે યથાર્થ નિશ્ચય જ્ઞાન દ્વારા સમર્થિત હોય અને યથાર્થ અનુભવાભિમુખતા તરફ સાથે-સાથે આગળ વધે છે. અર્થાત્ આ જ્ઞાન સઘળી અવસ્થાઓમાં સમાધાન રહે એવું છે.

## ૪૨. જીવની અનંત યાત્રા

જિજ્ઞાસુઃ અલગ-અલગ જીવ સ્વરૂપોમાં દરેક જન્મોમાં આપણે શા માટે ભટકવું પડે છે? કહેવાય છે કે જીવે ચોરાશી લાખ યોનિઓમાં ભટકવું પડે છે.

દાદાજીઃ આત્મા પોતાની સહજ શક્તિ વડે પુદ્ગલો આધ્યાત્મિક રીતે ઉપરને ઉપર ખેંચી લઈ જાય છે. જ્યારે પુદ્ગલ ભારે થઇ જાય છે ત્યારે આત્માને અસ્તિત્ત્વની સ્થિતિમાં નિમ્ન કક્ષાના જીવ સ્વરૂપ તરફ ઢસડી જાય છે.

વર્તમાન કલિકાળમાં ધર્મે શીખવાડવું જોઈએ કે 'જ્યારે તમને હિંસા, ઠગાઈ, ઘૃણા, કામ તથા લોભના વિચારો આવે ત્યારે મહેરબાની કરીને તે ભૂંસી નાખો, જેથી તમારું પતન ન થાય અને અસ્તિત્ત્વના અધોમુખ સ્તર ઉપર ઉતરવું ન પડે. સઘળા પિશાચી વિચારોને નિર્મૂળ કરી દો. આનાથી તમે અસ્તિત્ત્વના ઉન્નત સ્થાન ઉપર ઉન્નયન કરશો કારણ કે આધ્યાત્મિક ઊર્ધ્વગતિ કરવી એ આત્માનો સહજ સ્વભાવ છે. તેમ છતાં લોકો ક્રૂરતા અને અમાનવીયતાના વિચારોનું વલણ રાખે છે અને આત્મા ઉપર કર્મના થર ઉપર થર અને અજ્ઞાનનું આવરણ ચડાવતા જાય છે. પોતાના ઐહિક જીવનના સ્વાર્થોને જ હમેશાં સાધવા એ અમાનવીય પ્રકૃતિ છે.

જિજ્ઞાસુઃ આ બાબતમાં, કોઈ ઈલાજ છે ખરો કે કોઈ આવાં કર્મના થપેડા અને અજ્ઞાનના આવરણમાંથી મુક્ત થઈ શકે.

દાદાજીઃ હા, જે રીતે ટેઈપ પર અંકિત ભાગને સાફ કરી શકાય છે, તેવી રીતે જે આપણી અંદર નિષ્ક્રિય અને સુપ્ત છે તેને દૂર કરી શકાય છે. સાવધાની અને ત્વરિત પગલાં લઈને એ વિચાર આત્મા ઉપર પોતાની છાપ છોડી જાય તે પહેલાં મિટાવી દેવો જોઈએ. એટલે જ હું કહું છું કે આત્મા ઉપર કોઈ છાપ મૂકી જાય એ પહેલાં એને બરાબર ધોઈને સાફસૂફ કરી દો.

જ્ઞાનનું બીજું નામ જ આત્મા છે. વ્યક્તિને જેવું જ્ઞાન તેવો આત્મા થઇ જાય છે. ભ્રામક અને વિપરીત જ્ઞાનની સાથે આત્મા પણ ભ્રમિત થઇ જાય છે. પ્રતિષ્ઠિત આત્મા વ્યક્તિની માન્યતા પ્રમાણે બની જશે. જો તમને કશા પ્રત્યે શ્રદ્ધા હશે તો તે શ્રદ્ધા માટે મદદરૂપ થાય એવું જ્ઞાન મળશે. એકવાર જો શ્રદ્ધા અને જ્ઞાન બંને એકરૂપ થઇ જાય તો તે ચારિત્ર (વર્તન) માં પરિણમે છે. આત્મા પણ, જ્ઞાન, શ્રદ્ધા (દર્શન) અને ચારિત્રની સંવાદિતા અનુસાર થઇ જશે.

જિજ્ઞાસુઃ કૃપા કરીને દૃષ્ટાંત આપીને સમજાવો.

દાદાજીઃ એક સ્ત્રી એની વહુને ગાંડી કહે છે પણ જ્યાં સુધી પુત્રવધૂ આ સ્વીકારે નહિ ત્યાં સુધી તેની કોઈ અસર નહિ પડે. આખી દુનિયા તેને ગાંડી ભલે કહે પણ તેને કોઈ માનસિક અસર નહિ થાય પણ જો તેની માન્યતા આ ટકોરને માની લે તો તે ચોક્કસ ગાંડી થઇ જશે! માટે કદીયે આ સંસારમાં કોઈનાય પ્રભાવમાં આવશો નહિ અને તમારી જાતને કે માન્યતાને તેની અસરમાં આવવા દેશો નહિ!

જિજ્ઞાસુઃ શું શ્રદ્ધા અને જ્ઞાન વચ્ચે કોઈ તફાવત છે ખરો?

દાદાજીઃ શ્રદ્ધા (દર્શન) એ અનિશ્ચિત જ્ઞાન છે અને નિશ્ચિત જ્ઞાન એ જ્ઞાન છે, અનુભવેલું જ્ઞાન છે. ધારો કે, આપણે અંધારામાં બગીચામાં બેઠા છીએ અને કોઈ કોલાહલ સાંભળીએ છીએ. પછી હું એમ કહું કે ત્યાં કશુંક છે અને તમે પણ એવું જ કહેશો. આ જ્ઞાન કેવા પ્રકારનું છે? એ શ્રદ્ધા અથવા દર્શન છે. થોડીક વાર પછી, આપણે બધા એ શું છે તે જોવા માટે જઈશું. દરેક જણ તેને જુએ છે અને તેના શરીરને અડીને નક્કી કરે છે કે ‘આ તો ગાય છે.’ હવે આ નિશ્ચિત અને અનુભૂત જ્ઞાન છે. અર્થાત્ સંજ્ઞાન. જે કાંઈ દર્શન (માન્યતા-સમજણ) હોય તે ખોટી ઠરી શકે છે. દર્શન-સમજણ સામાન્ય માહિતી ધરાવે છે જ્યારે જ્ઞાન સુસ્પષ્ટ અને ચોક્કસ-સચોટ અને અણિશુદ્ધ હોય છે.

ખિસ્સાકાતરૂં ખિસ્સું કાપવાની કળા શી રીતે શીખી લે છે? પહેલાં તો તેની અંદર શ્રદ્ધા જાગે છે અને તે માને છે કે તે આ કામ કરી શકશે પછી તે આ કામ કેવી રીતે કરવું તેનું જ્ઞાન મેળવે છે અને પછી ચારિત્ર સ્વાભાવિક રીતે જ એને અનુસરે છે.

જિજ્ઞાસુઃ કૃપા કરીને માન્યતા, જ્ઞાન અને ચારિત્રના સંબંધ વિષે સમજાવો.

દાદાજીઃ જ્ઞાન-દર્શનનું ફળ ક્રિયમાણ છે. એને ચારિત્ર કહેવાય છે. સમ્યક અર્થાત સત્ય-યથાર્થ, આધિકારિક અથવા સાચું. અને સમ્યક્જ્ઞાન અને સમ્યક્દર્શન દ્વારા સમ્યક્ચારિત્ર ઉદ્ભવે છે. જે કોઈ સમ્યક્ચારિત્ર ધરાવે છે તે ભગવાન છે. સમ્યક્ચારિત્રવાન વ્યક્તિને કારણે કોઈ દુભાતું નથી, હેરાન-પરેશાન થતું નથી.

આચરણ, માન્યતા (શ્રદ્ધા) અને જ્ઞાન પરસ્પરાશ્રિત છે. જે કોઈ વ્યક્તિ જ્ઞાન પ્રાપ્ત કરે છે તે તેની માન્યતા (શ્રદ્ધા) ના આધારે જ્ઞાન પ્રાપ્ત કરે છે અને ત્યારબાદ તે પ્રમાણે ચારિત્ર તેનું અનુસરણ કરશે. ત્યારબાદ સભાન પ્રયત્ન વિના પણ આચરણ સહજ સાધ્ય બને છે.

જિજ્ઞાસુઃ એમ કહેવાય છે કે આત્મા કશું કરતો નથી.

દાદાજીઃ ક્રિયા આત્માનો ગુણ નથી. આત્માની પોતાની ખાસિયતો અને ગુણ છે પણ ક્રિયા તેનો ગુણ નથી. વ્યક્તિ પોતે જેવી કલ્પના કરે છે તેવું જ અનુભવે છે. સુખ એ તો કલ્પનામાત્ર છે. ચેતન સુખ કે દુઃખ અનુભવતો નથી. આત્મા પાસે અખૂટ સત્તા છે પણ તે ઘટનાઓ કે સંજોગોથી અપ્રભાવિત રહે છે પણ બધી ક્રિયાઓ તો માત્ર આત્માની હાજરીમાં જ જોવા મળે છે. ભગવાન કહે છે કે ‘દરેક કર્મને તેનું ફળ મળશે’. જે એવી કોઈ અસર યા ફળ આપતું નથી તેવા કર્મ યા આચરણથી મોક્ષ મળે છે. મોક્ષ તો પરમ વિનય દ્વારા જ સંભવ થાય છે બાકી બધું જ ફસામણ અને જાળ (ફાંસલો) છે અને તેનો કોઈ પાર નથી. આ ફસામણ બધે જ તમારો પીછો કરે છે, ભલેને પછી તે સંસારી જીવન હોય કે ભલે પછી તમે સર્વસ્વ સાંસારિક જીવનનો ત્યાગ કરીને હિમાલયમાં રહેતા હોય.

લોકો ધર્મ કાર્યો અથવા તેની ક્રિયાઓ કરવાના પક્ષમાં હોય છે પણ સાચા જ્ઞાનરહિત ક્રિયાનો શું અર્થ? ક્રિયા તો જ્ઞાનને અનુસરે છે. ભગવાન કહે છે, તમારે જ્ઞાન-ક્રિયાને સમર્પિત થવું જોઈએ. 'ज्ञान-क्रियाभ्याम् मोक्षः' અર્થાત્ જ્ઞાન-ક્રિયા દ્વારા મોક્ષ પ્રાપ્ત કરી શકાય છે.

જિજ્ઞાસુઃ જ્ઞાનક્રિયા એટલે શું?

દાદાજીઃ ‘પોતાના સ્વરૂપમાં જ રહેવું અને કેવળ જાણવું’. દર્શનક્રિયામાં કેવળ જોવું અને જ્ઞાનક્રિયામાં કેવળ જોવું અને જાણવું એ આત્માની ક્રિયા છે. જ્ઞાન-દર્શન-ક્રિયાનું લક્ષણ આત્મા સિવાય અન્ય કોઈ તત્ત્વમાં ન હોય. બીજી બધી ક્રિયાઓ બીજાં તત્ત્વોમાં હોય.

દાદાજીઃ શું આત્મા શરીરથી અલગ નથી?

જિજ્ઞાસુઃ હા, આત્મા દેહથી જુદો છે.

દાદાજીઃ પછી, દેહના કાર્યો જે ચલાવે છે તે શું બીજું કોઈ ચલાવે છે?

જિજ્ઞાસુઃ મને લાગે છે કે તે ઘણી બાબતો પર આધાર રાખે છે.

દાદાજીઃ જુઓ, સઘળું વ્યવસ્થિતશક્તિની મદદથી ચાલે છે. બધું વ્યવસ્થિતશક્તિથી થાય છે. આત્મા કશું કરતો નથી. તે માત્ર જુએ છે અને જાણે છે. જે જાણે છે તે કશું કરતો નથી અને જે કરે છે તે જાણતો નથી.

કરનાર હોય ત્યાં જાણનાર ન હોય અને જાણનાર કર્તા ન હોઈ શકે. એન્જિનને તેના કાર્યની કશી ખબર હોતી નથી. આ ઈલેક્ટ્રિક બલ્બ જાણ્યા વિના જ પ્રકાશ આપે છે.

શું વહાણ તમને બંદર પર લાવ્યું કે તમે વહાણને કાંઠા પર લાવ્યા? ભલે, વહાણ તમને કિનારા પર લાવ્યું પણ એને આ ખબર નથી. આમ 'જાણવું' અને 'કરવું' આ બંને ધારાઓ જુદી-જુદી ચાલે છે પણ જો તમે કર્તા પર જ્ઞાનક્રિયાનું આરોપણ કરો તો બંને ધારાઓ જે અલગ-અલગ વહેવાની હતી તે તે એકમાં ભળી જશે. અને તે તમારો અનુભવ ઉતરી ગયેલી કઢી જેવો બેસ્વાદ કરી મૂકશે! કર્તા અને જાણનાર - આ બંને પ્રવાહો એકદમ અલગ અને વિશિષ્ટ છે. એક, જે કરે છે, તે જાણતો નથી અને બીજો જે જાણે છે તે કાંઈ કરતો નથી. કારણ કે 'કરવા' ને પુરાવો જોઈએ, જ્યારે 'જાણવા' ને કોઈ પુરાવાની જરૂર નથી હોતી. કાંઈપણ કરવા માટે આપણને સંયોગિક પુરાવાઓ ભેગા થવાની જરૂર પડે છે, પોતાની રીતે કશું થતું નથી.

### ૪૩. પ્રજ્ઞા

જિજ્ઞાસુઃ ઘણાનું કહેવું છે કે આત્માને બુદ્ધિથી નહિ પણ પ્રજ્ઞાથી સમજી શકાય છે. ગુરૂદેવ! કૃપા કરીને પ્રજ્ઞા વિષે સમજાવો.

દાદાજીઃ પ્રજ્ઞા એ આત્માનો પ્રત્યક્ષ પ્રકાશ છે. જ્યારે બુદ્ધિ એ પરોક્ષ પ્રકાશ છે અર્થાત્ અહંના માધ્યમથી આવતો પ્રકાશ છે. પ્રજ્ઞા જ્ઞાનના વિકાસનો એક તબક્કો છે. જેમ-જેમ અજ્ઞાનનાં પડ દૂર થતાં જાય તેમ-તેમ વધારે ને વધારે પ્રકાશ આવતો જાય છે અને તેટલે અંશે કેવલજ્ઞાન તરફ પ્રગતિ થાય છે જ્યારે પ્રકાશ ૩૬૦ ડિગ્રી સુધી વધે ત્યારે કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે.

જિજ્ઞાસુઃ કૃપા કરીને દાખલા સહિત સમજાવો.

દાદાજીઃ જો ૧૦૦૦ વોટ્સનો એક ઈલેક્ટ્રિક બલ્બ માટીના ઘડામાં હોય અને જો તે ઘડાનું મોઢું બંધ કરી દેવામાં આવ્યું હોય, તો શું એનો પ્રકાશ મળે ખરો? ના, એવું જ અજ્ઞાન, મૂઢાત્મા બાબતનું છે. તમારી અંદર અનંત જ્ઞાન પ્રકાશ છે છતાં અંધારું છે કારણ કે પ્રકાશ અજ્ઞાનના આવરણ હેઠળ ઢંકાયેલો છે.

જ્ઞાનીપુરૂષની કૃપા અને આશીર્વાદ અને અનંત આધ્યાત્મિક શક્તિની સહાયતાથી જો નાનકડું છિદ્ર પણ એ ઘડામાં પાડવામાં આવ્યું હોય તો આખો ઓરડો પ્રકાશિત થઇ જાય. ત્યાં સુધી કે અજ્ઞાનનું આવરણ ભેદાઈ જાય અને સીધો પ્રકાશ

પ્રાપ્ત થઈ જાય. જેમ-જેમ એ આવરણો તૂટતાં જાય તેમ-તેમ વધારે ને વધારે છીદ્રો પડતાં જાય અને તેમ-તેમ પ્રકાશ વધતો જાય છે અને અંતે જ્યારે તે ઘડો  આખેઆખો ભાંગી જાય ત્યારે અને તેને બલ્બ પરથી હટાવી દેવાતાં સર્વત્ર પ્રકાશ ફેલાઈ જાય છે.

જિજ્ઞાસુઃ ગુરુદેવ! કેવળજ્ઞાન કેવી રીતે મેળવી શકાય?

દાદાજીઃ જ્ઞાનના સીધા પ્રકાશ કિરણને પ્રજ્ઞા કહેવામાં આવે છે. જ્યારે આત્મા ધૂંધળા આવરણથી મુક્ત થતાં જ સમસ્ત સૃષ્ટિને પ્રકાશિત કરવામાં સમર્થ બની જાય છે. હા, તે અખિલ સૃષ્ટિને પ્રકાશિત કરે છે. અન્ય શબ્દોમાં, તે સમસ્ત સૃષ્ટિના બધા જ્ઞેય પદાર્થોને જાણવાની યોગ્યતા મેળવી લે છે. આ કેવળજ્ઞાન છે. આત્માની શક્તિ જે સમસ્ત સૃષ્ટિને પ્રકાશિત કરે છે તે કેવળજ્ઞાન છે.

જિજ્ઞાસુઃ પ્રજ્ઞાનું કાર્ય શું છે?

દાદાજીઃ પતિમાં ભગવાનને નિહાળતી સંનિષ્ઠ પત્ની જેવું કાર્ય પ્રજ્ઞા કરે છે. તે મોક્ષમાર્ગમાં આત્માનું અહિત થાય એવા બધાથી બચાવે છે અને શું હિતકર છે તે સમજાવે છે. જ્યારે બાહ્ય સંયોગો ઊભા થાય ત્યારે પ્રજ્ઞા મનની સમતા સાથે નિકાલ કરી આપે છે અને શુક્લધ્યાનમાં પાછી વળે છે.

આનો અર્થ એ કે પૂર્ણ કક્ષાની સ્વતંત્ર સરકાર પોતાના હાથમાં સત્તાના સૂત્રો સંભાળી લે ત્યાં સુધી વચગાળાની સરકાર ફરજ બજાવે છે, એ રીતે પ્રજ્ઞા અંદરનું અને બહારનું કાર્ય કરે છે!

પ્રજ્ઞા શું છે? જે આત્માને લગતી બાબતને પરસત્તાના ક્ષેત્રમાં લપસવા નહિ દે અને પોતાનું છે તેને ક્યારેય પરાયું નહિ માનવા દે.

પ્રજ્ઞા આત્માનું અવિભાજ્ય અંગ છે. આત્માને મુક્તિ અપાવવાનું તેનું અવિરત કાર્ય છે.

પ્રજ્ઞાના વિકાસ સાથે વર્તન પણ બદલાય છે. વર્તનમાં ફેરફાર આવતાં મારું અને પરાયું શું એ સમજાતાં વ્યક્તિને બોજામાં હળવાશ અનુભવાય છે.

પ્રજ્ઞા ગૃહખાતુ (આત્મા) અને વિદેશખાતુ (પરસત્તા) એમ બે વિભાગોને અલગ અને સુસ્પષ્ટ રાખે છે.

તે પોતે આત્મા છે, એ જ ચારિત્ર છે. વર્તન એ  જ ચારિત્ર છે. ચારિત્ર અર્થાત જે ‘સ્વ’ અને ‘પર’ને એકરૂપ ન થવા દે.

જિજ્ઞાસુઃ ગુરુદેવ! આત્મજ્ઞાનમાં શું થાય છે?

દાદાજીઃ જ્યારે હું જ્ઞાન આપું છું ત્યારે વ્યક્તિને આત્મસાક્ષાત્કારનો પ્રત્યક્ષ અનુભવ થાય છે. એ પરમાર્થ સમકિત (ચરમ સત્યાનુભૂતિ) કહેવાય છે. માટે તે ક્ષણે પ્રજ્ઞા-ભાવજ્યોતિ તમારી અંદર પ્રગટે છે. સંસારમાં જે કાંઈ ચાલી રહ્યું છે તે અસ્થાયી છે, તે અસ્થિર ભાગ છે જ્યારે પ્રજ્ઞા-ભાવ સ્થિર અને ચિરંજીવ રહે છે. જ્યારે પ્રજ્ઞાનો ઉદય થાય છે ત્યારે નિસરણીની જેમ એક પછી એક પગથિયાં ચડવાના રહેતાં નથી પણ તમે તરત જ ટોચે પહોંચી જાવ છો.

પ્રજ્ઞા સિવાયના સઘળા ભાવોને ભાવાભાવ (ગમા-અણગમાની લાગણી) કહેવાય છે અને આ બધા અસ્થાયી છે. પ્રજ્ઞાભાવ દ્વૈતભાવથી પર છે પણ તે આત્માનો સહજ ભાવ નથી. પ્રજ્ઞાભાવ અપરિવર્તનીય અને સ્થિર છે. કેવલજ્ઞાન થતાં પ્રજ્ઞા વિલય પામી જાય છે. જો તમે એને આત્મભાવ કહો તો પછી તે આત્માની અવિભાજ્ય વિશેષતા બની જાય ને તો પછી સિદ્ધક્ષેત્રના મોક્ષપ્રાપ્ત આત્મા પાસે પણ પ્રજ્ઞા હોય, પણ આવું નથી. સિદ્ધક્ષેત્રમાં પ્રજ્ઞાએ કશું કરવાનું રહેતું નથી. એકવાર પૂર્ણ સ્વાયત્ત સરકાર સત્તામાં આવે કે તરત જ વચગાળાની સરકારનું કામ પૂરું થઈ જાય છે. આવું જ પ્રજ્ઞાનું પણ છે.

જ્યારે હું તમને સ્વરૂપ જ્ઞાનની દીક્ષા આપું છું ત્યારે હું પ્રજ્ઞાને જાગૃત કરું છું. ત્યારબાદ પ્રજ્ઞા તમને પ્રત્યેક ક્ષણ ચેતવતી રહેશે. ભરતરાજાએ ચોવીસે કલાક પોતાના આત્મજ્ઞાનની સ્થિતિમાં પોતાને સાવધ રાખવા માટે ચોકિયાત રાખવા પડતા હતા! કોઈપણ વિકટ પરિસ્થિતિમાં અમારું જ્ઞાન તમારી વહારે આવશે. મારી વાણી અને હું પણ તમારી સમક્ષ ઊભો રહીશ અને તે તમને સાવધ કરશે. મારું અક્રમજ્ઞાન તમને પ્રત્યેક ક્ષણ જાગૃત રાખશે. તમારા જીવનની સમસ્યાના નિરસન અને મોક્ષ પ્રાપ્તિનું અંતિમ ધ્યેય પામવા માટેની આ દુર્લભ તક છે. જો તમને આ કડી એકવાર મળી ગઈ તો કાયમી ઉકેલ આવી જશે!

જિજ્ઞાસુઃ ગુરુદેવ ! આવી બાબતો આપણે કેવી રીતે સમજી શકીએ?

દાદાજીઃ આપણા શરીરમાં બે વિભાગ હોય છેઃ (૧) અસ્થિર અને (૨) અચળ. આત્મા સ્થિર છે. તમે જેટલી ચીવટ તમારા કામ-ધંધામાં રાખો છો તેટલી ઝીણવટ આત્મામાં ઉતરે તો કામ થઈ જાય. તમે બીજા બધા વિષયોમાં તો ઊંડા ઉતરી શકો પણ તમે શી રીતે આત્માનું ખંતપૂર્વક અન્વેષણ કરી શકો? આત્મા તો નિર્વિષય જ્ઞાન છે, ઇન્દ્રિયાતીત છે. તે શુદ્ધ, નિર્લેપ અને નિર્વિકાર છે. તેથી વ્યક્તિને આવી બાબતોમાં જ્ઞાનીની મદદની જરૂર પડે.

જિજ્ઞાસુઃ પણ કોઈ જરૂરી સદ્‌ગુણ કે લાયકાત ન ધરાવતો હોય તો જ્ઞાનીપુરૂષ તેની મદદ શી કરી શકે?

દાદાજીઃ જુઓ, જો તમે હલકું સોનું લઈને સોની પાસે જશો તો તે તમને ઠપકો નહિ આપે પણ તે માત્ર સોના પર ધ્યાન આપશે. લોકો પાસે તો વસ્તુઓને બગાડી નાખવાના અનેક રસ્તા છે પણ સોની બગાડતો નથી. તે તો માત્ર સોનાને જ જુએ છે. ડૉક્ટર કદાચ તમને ઠપકો આપે અને પૂછે કે તમે તમારું શરીર કેમ બગાડી નાખ્યું? પણ સોની તમે જે સોનું લઈને ગયા

છો તેના માટે ઠપકો નહિ આપે. સોનીની જેમ જ જ્ઞાનીપુરૂષ પણ શુદ્ધાત્મા તરફ જ ધ્યાન આપશે, બાહ્ય લક્ષણો કે ગુણો તરફ નહિ જુએ. સોનાની અવસ્થાઓ બદલાય-અશુદ્ધમાંથી પાઉડર(ભૂક્કો) અને પાઉડરમાંથી પાછું ચોખ્ખું સોનું થાય. આમ શુદ્ધ સોનું પાછું મેળવી શકાય પણ સોનું તેની દરેક અવસ્થામાં માત્ર સોનું જ રહે છે.

સોની જેમ સોનાને કેન્દ્રમાં રાખે છે તેમ તમે જો શુદ્ધાત્મા પ્રત્યે કેન્દ્રિત થશે તો તે તમને મોક્ષ તરફ લઈ જશે. સોનું ભલે હલકી ગુણવત્તાવાળું હોય પણ સોનીનું ધ્યાન તો શુદ્ધ સોના તરફ જ રહે છે. એ જ રીતે, જ્ઞાનીપુરૂષ લોકો સાથે વ્યવહાર કરતી વેળા પોતાનું ધ્યાન માત્ર અંદરના શુદ્ધચેતન પ્રત્યે જ રાખતો હોય છે.

જિજ્ઞાસુઃ શું કોઈ શાસ્ત્રો અને પવિત્ર ગ્રંથોના ઊંડા અભ્યાસ દ્વારા આ વિષય પરત્વે માર્ગદર્શન મેળવી શકે ખરો?

દાદાજીઃ કોઈ શાસ્ત્રો વાંચી શકે છે, યાદ પણ રાખી શકે છે પણ આ બધું તેની પોતાની સમજ મુજબ હશે. લોકો શાસ્ત્રોનું પોતાની રીતે અર્થઘટન કરતા હોય છે. જુઓ, 'જીવ-અજીવ'નો સિદ્ધાંત સાચો છે પણ તેઓ પોતાની રીતે સમજે છે. અને તેઓ અજીવ પ્રત્યેનું પોતાનું અજ્ઞાન ખુલ્લું પાડે છે અને અજીવ જ જો ન સમજાય તો તે જીવ તત્ત્વને શી રીતે સમજે? અરે ભગવાનની હાજરીમાં પણ તેમને આત્માનું લક્ષ્ય બેસતું નથી. તેમનું લક્ષ્ય વીતરાગતાનું લક્ષ્ય હોઈ શકે છે, આત્માનું લક્ષ નહિ અને જો લક્ષ હોય તો પણ તે માત્ર ભૌતિક (સ્થૂળ), શબ્દ બ્રહ્મનું, જેને કદાચ ભૂલી પણ જવાય કે ચૂકી પણ જવાય. આત્મા જે રીતે શબ્દોમાં વર્ણવાયેલો છે અને જે અનુભવાયો છે તે બંને સાવ અલગ છે. વાંચેલા વર્ણનમાં આવેલ કોઈ ક્ષેત્ર કે સ્થળને ભૂલી જવાય છે પણ પોતે જોયેલ ક્ષેત્ર કે સ્થળના દશ્યને ભૂલી નહિ જવાય. મારા મહાત્માઓ પોતે કરેલા શુદ્ધ ચેતનના સાક્ષાત્કારના પરમાનંદમાં રહે છે.

જિજ્ઞાસુઃ આધ્યાત્મિક વિકાસમાં સંયોગોનું યોગદાન શું હોય છે?

દાદાજીઃ જો સંયોગો ન હોત તો જીવ માટે સમસરણ માર્ગ ન હોત. સંયોગોના પ્રભાવથી વ્યક્તિની માન્યતામાં પરિવર્તન આવ્યું છે. અને એ સાંસારિક જીવસ્વરૂપના વિકાસના પંથે ચાલ્યો છે. સંયોગોના પ્રભાવથી તેની અંદરની અનંત શક્તિઓ ઢંકાઈ ગઈ છે. ચેતન ત્યારે જ મુક્તિ અનુભવે જયારે જે રીતે ઐહિક જીવ સ્વરૂપ વિકાસ પામ્યું એ જ રીતે એનો અંત પમાડી દેવાય.

જિજ્ઞાસુઃ તો પછી મોક્ષનું ચરમ લક્ષ્ય શી રીતે પ્રાપ્ત થાય?

દાદાજીઃ સમસરણ માર્ગ માટે, જ્ઞાનીપુરૂષ જ મુક્તિનું, ધર્મ પ્રાપ્તિનું ચરમ ઠેકાણું છે; આખરી નિમિત્ત (સંયોગ) છે. માટે સજીવન જ્ઞાનીપુરુષ પ્રાપ્ત કરવાની ભાવના નિરંતર રાખવા જેવી છે, જેથી તેમનો ભેટો થાય અને તેમના પ્રત્યક્ષ આશિષથી પોતાના સ્વાત્માનો સીધો અનુભવ થઈ શકે.

# અર્થ

## ૪૪. લક્ષ્મીજી ક્યાં વસે છે?

દેવી લક્ષ્મીજી શું કહે છે? હું એવાના ઘરમાં રહું છું, જે લોકો પ્રત્યે નિખાલસ હોય. તેના ઘરમાં સમૃદ્ધિ ઉભરાય છે. જ્યારે અન્યને તો મહેનત પ્રમાણે બદલો મળતો હોય છે.

ચાલો આપણે 'નિખાલસ' શબ્દના અર્થને સમજીએ. કોઈ ક્યારે નિખાલસ કહેવાય? એ સમજવા માટે તમારે તમારા મનને ઓળખવું પડશે. નિખાલસતાના એના ગુણ અને તેના પ્રમાણને જાણવું પડશે.

લોકો કંઈ સખત પરિશ્રમ અને આકરી મજૂરીને કારણે કમાતા નથી. માત્ર જેઓ દરિયાદિલ છે અને ઉદારમનના છે તેઓ કમાય છે. શું આ શેઠીયાઓ સખત મજૂરી કરે છે? ના, પણ તેઓ ઉદારમનના છે. તેમનો મુનિમ તેમના માટે મજૂરી કરે છે અને શેઠિયાઓ ધનવાન થાય છે.

મન પવિત્ર હોવું જોઈએ. આ પવિત્ર મન એવું હોય જે કૃતઘ્ન વ્યક્તિને પણ મદદ કરે. આપણા વિરોધીએ આપણા પૈસા પચાવી પાડ્યા હોય અને ઊપરથી તે આપણને નાદાન સમજતો હોય છતાં જ્યારે તે સંજોગોનો શિકાર થાય ત્યારે માત્ર પવિત્ર (નિખાલસ) મનવાળો વ્યક્તિ જ તેની પડખે ઊભો રહીને તેની સહાય કરે. નિખાલસ દૈવી મનવાળો વ્યક્તિ જ દેવગતિની સ્થિતિ પ્રાપ્ત કરે છે.

વાણિયાબુદ્ધિ મનોવૃત્તિ કેવી રીતે કામ કરે છે? શિયાળુ કેમ્પમાં ધારો કે આપણને બ્લેન્કેટ નથી મળ્યો અને તેને એક મળ્યો હોય, તો તે શું કરશે? પોતાની જાતને બ્લેન્કેટમાં સંકેલી લેશે અને પોતાની જાતને પગથી માથા સુધી ઢાંકી દેશે! તે ગાઢ ઊંઘમાં હોય એવો ઢોંગ કરશે! જ્યારે તે ઊંઘતો લાગતો હોય ત્યારે કોઈ એને શી રીતે કહે કે ચાલો આપણે બંને એક જ બ્લેન્કેટ ઓઢી લઈએ. આવા પ્રકારનું મન અનેક પ્રકારના દુઃખો અને નુકસાન માટે જવાબદાર બને છે. અમાપ આનંદ (સુખ) મોટા મનના અને ઉદારદિલ માણસમાં જ હોય છે. આ સંસાર તમારો જ છે. તમારે એ જાણવું જોઈએ કે તેનો આનંદ શી રીતે મેળવી શકાય.

સંત કબીરદાસ અત્યંત વિવેક-વિચારશીલ વ્યક્તિ હતા. તેઓ હમેશાં કહેતા કે

''खा, पी, खिलाई दे, कर ले अपना काम,

चलती बखत हे नरो ! संग न चले बादाम.''

''ઓ માનવ! તમે તમારી જાત માટે સારૂં ખાઓ-પીઓ, અન્યને સારું ખવડાવો અને માનવજીવનમાં અન્યને ઉપયોગી થવાની તમારી તકનો ઉપયોગ કરી લો કારણ કે જ્યારે તમે જગતમાંથી વિદાય લેશો ત્યારે એક રાતી પાઈ પણ તમારી સાથે

આવવાની નથી !''

તકનો ઉપયોગ કરી લો અર્થાત્ મોક્ષ માટેની તૈયારી કરો.

સાંકડી મનોવૃત્તિને લીધે લક્ષ્મીદેવી અવરોધાય છે. નહિતર લક્ષ્મીજી શા માટે અંતરાય ? આવા પ્રકારની વણિકવૃત્તિ શાણપણવાળી અને વ્યાવહારિક કહેવાય છે પણ વ્યક્તિની મોક્ષયાત્રામાં એ તો ભારે વિઘ્નરૂપ બને છે!

## ૪૫. નાણાભીડ શા માટે હોય છે.

જિજ્ઞાસુઃ ગુરુદેવ! માણસને નાણાભીડ ઘણીવાર રહેતી હોય છે.

દાદાજીઃ તમે એ જાણો છો કે માણસે નાણાની તંગી કેમ અનુભવવી પડે છે? ચોરીને કારણે નાણાની તંગી સર્જાય છે. જ્યાં મનસા, વાચા, કર્મણા છેતરપીંડી કે ચોરી નથી ત્યાં લક્ષ્મીદેવી રાજી થઈને ખૂબ જ ધનવર્ષા કરે છે. આમ ચોરી તો ધન માટે નડતર રૂપ છે.

ધન કમાવા માટે બુદ્ધિને કામે લગાડવી ન જોઈએ પણ તેનો ઉપયોગ માત્ર લોકોના કલ્યાણ માટે જ થવો જોઈએ.

જ્ઞાન પ્રાપ્ત થયા બાદ વ્યક્તિને એ બરાબર સમજાય છે કે શું કરવાથી સુખની પ્રાપ્તિ થાય. આ કહેવાતા બુદ્ધિશાળી લોકો ચાલ રમી રમીને બધું બગાડી મૂકે છે.

આપણા શબ્દકોશમાં ચાલબાજી જેવો શબ્દ જ ન હોવો જોઈએ. તમને વ્યવસ્થિત શક્તિનું જ્ઞાન કેમ આપવામાં આવ્યું છે? ઘટનાઓ વ્યવસ્થિતમાં જે રીતે નિર્માયેલી હોય તે રીતે ભલે બને. જો તેમાં અગિયારસો રૂપિયાનો નફો હોય તો આવકાર્ય છે અને જો એટલી જ રકમની ખોટ હોય તો તે પણ આવકાર્ય છે. આ વ્યવસ્થિતનું કાર્યક્ષેત્ર છે. આપણા હાથમાં કોઈ સત્તા નથી અને જો આપણને સત્તા મળી જાય તો કોઈ પોતાના માથાના વાળ સફેદ પણ ન થવા દે. તે કદાચ પોતાના કાળા વાળને હમેશાં કાળા રાખવાની કોઈ યુક્તિ શોધી નાખે.

ચાલબાજી વગરનો માણસ સીધોસાદો લાગે છે. તેનું મુખડું જોઈને પણ આપણા દિલને આનંદ થઈ જાય છે પણ ચાલબાજનું મોં તો જાણે તેણે દીવેલ પી લીધું હોય એવું ચડી ગયેલું હોય એવું લાગે છે. તેને ઉદાસી વળગેલી હોય છે. શુદ્ધાત્મા પદ પ્રાપ્ત કરેલ વ્યક્તિએ અંદરનું તંત્ર પણ ચોખ્ખું કરી દેવું જોઈએ ! તમે જે કાંઈ ગ્રહણ કર્યું હોય તે તમારે ભરપાઈ કરવું પડશે. શું નહિ કરવું પડે ? ચાલ રમીને તમે જે કાંઈ મેળવ્યું છે તેનો જવાબ વાળવા માટે તમને ફરજ પડશે માટે તમે કોઈ ભ્રમમાં ન રહેશો. તમારે તમારી જાતને વેઠીને પણ બધું પાછું વાળવું પડશે. એટલે મારી સલાહ છે કે 'Dishonesty is the Best Foolishness', અપ્રામાણિકતા એ મોટામાં મોટી મૂર્ખાઈ છે'.

## ૪૬. બુદ્ધિના ઉપયોગની મર્યાદા

જિજ્ઞાસુઃ પૈસા કમાવા માટે બુદ્ધિ અને ચતુરાઈનો ઘણો ઉપયોગ કરવામાં આવે છે. ?

દાદાજીઃ જે લોકો યુક્તિ-પ્રયુક્તિથી અને ચાલાકીથી અઢળક ધન ઉપાર્જન કરી લે છે, તેઓ ઘણું ખોટું કરી રહ્યા છે. તેમની આ બધી યુક્તિ-પ્રયુક્તિઓ ઉગ્ર રૌદ્ર-ધ્યાનનું પરિણામ છે. યુક્તિ-પ્રયુક્તિ એટલે એક વ્યક્તિની ભારે ચતુરાઈ દ્વારા અન્ય અલ્પમતિ વ્યક્તિનું શોષણ.

બુદ્ધિ તમને સંસારના બંધને બાંધે છે. તે કદીયે તમને મોક્ષની દિશામાં પ્રગતિ નહિ કરાવે. બુદ્ધિ વિષે ભગવાન શ્રીકૃષ્ણે પણ કહ્યું છે કે તે વ્યભિચારિણી છે. બુદ્ધિ માણસને દુનિયાદારી તરફ ખેંચી જાય છે. તે તમને તેની જાળમાંથી બહાર નહિ નીકળવા દે. તે 'સ્વ' નું અહિત કરે છે. જેમ-જેમ બુદ્ધિનો બળાપો વધતો જાય છે તેમ-તેમ જીવનો ઉચાટ પણ વધતો જાય છે. ધારો કે બે વર્ષના છોકરાની માતા ગુજરી જાય તો શું તેને કોઈ અસર થશે ? પણ જો બાવીસ વર્ષના યુવાનની માતાનું મૃત્યુ થશે તો એને ઘણું દુઃખ થશે? શા માટે? તેની વિકસિત બુદ્ધિને કારણે.

આ દુનિયામાં બુદ્ધિનો ઉપયોગ કેટલો કરવો ? તેની ભગવાને મર્યાદા નક્કી કરી જ આપી છે. જો તમારો હાથ મોટા પત્થર નીચે દબાયો હોય તો સાચવીને તેને બહાર કાઢી લો અને એ આવડતનો ઉપયોગ તમે ફરીથી તમારો હાથ પત્થર નીચે ન દબાય તેના માટે કરો, પણ આ કમભાગી લોકો એનો ઉપયોગ કાળાબજાર અને ધન-દોલત કમાવામાં કરે છે. બુદ્ધિનો ઉપયોગ લોકોને ઠગવામાં કરે છે. આટલું જ નહીં, લોકોએ બીજાનું પડાવી લેવા માટે તેનો ઉપયોગ કર્યો છે. આ રૌદ્રધ્યાન છે અને આવા લોકો માટે સાતમા નરકમાં પણ જગ્યા નથી !

## ૪૭. કરકસર

જિજ્ઞાસુઃ રોજબરોજના જીવનમાં કરકસરનું મહત્વ શું છે?

દાદાજીઃ કરકસર આર્થિક સંજોગોને સમતોલ કરવાનું કામ કરે છે. જો તમે નાણાભીડ અનુભવતા હોય તો કરકસર કરી લો અને જ્યારે તમારી આવક વધે ત્યારે તમે આરામથી રહો. કદીયે ઉધાર નહિ લેવાનો ગુણ કેળવો. ધંધો કરવા માટે ઉધાર લઈ શકાય પણ સુખ સગવડ અને સુંદર વસ્ત્રાલંકારો માટે ઉછીના ન લેવાય. પોષણ માટે ઉછીના લઈ શકાય પણ મોજશોખ માટે નહિ.

જિજ્ઞાસુઃ લોભી અને કંજૂસ વચ્ચે શું ફરક હોય છે?

દાદાજીઃ કંજૂસ માણસને માત્ર પૈસા સાથે જ લેવાદેવા હોય છે. જ્યારે લોભી બધું મેળવી લેવાની લાલસા રાખે છે. તે માન-

સન્માન તથા પૈસા વગેરે બધી બાબતોનો લોભ રાખે છે. તે બધું લોભ-દૃષ્ટિથી જોતા હોય છે. પોતાના માટે બધું અંકે કરી લેવાની ઈચ્છા ધરાવે છે તેમજ તે માટે ટાંપીને બેઠા હોય છે.

આ કીડીઓને જુઓ, જ્યારે તેમને કોઈ જંતુની કપાયેલી પાંખ નજરે પડી જાય ત્યારે તે બધી સાથે આવીને એ પાંખને ખેંચી જાય છે. લોભિયાનું સરવૈયું છેવટે શું કહે છે? કીડીઓની જેમ જ તેઓ ઘણા વર્ષો સુધી ચાલે તેટલું ભેગું કર્યે જાય છે. જીવનભર લેતા જવું અને ભેગું કરતા જવું એ એમના જીવનનું લક્ષ્ય હોય છે. જો કોઈ એમાં માથું મારે તો તેઓ છેલ્લે સુધી લડતા રહેશે, હસ્તક્ષેપ કરનારને બચકું ભરી લેશે અને કદાચ મરી પણ જાય. કીડીઓ તેમના આખા જીવન માટે સંચય કરે અને મફતનું ખાનાર ઉંદર રોટલો કમાવા માટે જરાય પરસેવો પાડ્યા વગર બધું એક મિનિટમાં જ સફાચટ કરી દેશે!

જિજ્ઞાસુઃ શું કંજૂસાઈ અને કરકસર વચ્ચે કોઈ ફરક છે ખરો?

દાદાજીઃ હા, ઘણો ફેર છે. જો માણસ મહિને રૂપિયા ૧૦૦૦ કમાતો હોય અને તે મહીને રૂપિયા ૮૦૦નો ખર્ચ કરતો હોય કે કોઈ માણસ રૂપિયા ૫૦૦ કમાઈને રૂપિયા ૪૦૦ વાપરતો હોય તો તે કરકસર કહેવાય. જ્યારે કંજૂસ મહીને ૧૦૦૦ કમાય કે ૨૦૦૦ કમાય, છતાં ૪૦૦ રુપિયા જ વાપરે તો તે કંજૂસાઈ કહેવાય. તે ટેક્ષીમાં જવાને બદલે ચાલતો જ જાય. કરકસર તો અર્થશાસ્ત્રનો અતિઆવશ્યક ગુણ છે. કરકસર ભવિષ્યની સંભવિત તકલીફો માટે આયોજન કરવામાં મદદ કરે છે. કોઈપણ વ્યક્તિ કંજૂસાઈ જોઇને સૂગ અને ચીઢ અનુભવે છે પણ જ્યારે તમે કોઈમાં કરકસરનો ગુણ જુઓ ત્યારે આવું થતું નથી. ખરેખર તો, કરકસર અને કંજૂસાઈ તો સાપેક્ષ છે. ઉડાઉ વ્યક્તિને તો કરકસરિયો માણસ પણ નહિ ગમે.

ઐહિક સંસારની ભ્રાંત ભાષામાં આ બધી વ્યાખ્યાઓ છે. જગતમાં કહેવાય જ છે કે ઉડાઉ થવું એ સારું નથી. જો કે મિતવ્યયી વ્યક્તિ તેની કરકસરિયા વૃત્તિને કદીયે નહી છોડે જ્યારે કંજૂસ તો કંજૂસ જ રહેવાનો. ઉડાઉપણું અથવા મિતવ્યયિતા હોવી એ બધાં સ્વભાવગત મનોવલણો છે. તમે આ મનોવૃત્તિઓને બદલી નહિ શકો. આ બધી સાહજિક અને જન્મજાત ખાસિયતો છે. છેવટે તો તમારે આ બધાંમાં સામાન્ય સ્થિતિ (normality) ની જરૂર પડવાની.

જિજ્ઞાસુઃ જ્ઞાનીપુરૂષ પૈસા બાબતે કેવો વ્યવહાર રાખે છે?

દાદાજીઃ જો કનુભાઈ મારા ખિસ્સામાં રૂપિયા મૂકે તો હું ગાડી ભાડામાં અથવા ટેક્ષીના ભાડામાં વાપરું. મને પૈસા વાપરવા કે નહિ વાપરવામાં કોઈ રૂચિ નથી. મારે કશું જ વિચારેલું કે પૂર્વયોજિત હોતું નથી. પેસા વેડફવા ન જોઈએ પણ જ્યારે જરૂર ઊભી થાય ત્યારે એનો ઉપયોગ થવો જોઈએ.

હું કરકસરિયો અને ઉડાઉ બંને છું. ઉડાઉ....હા, અને છતાંય હું પરિસ્થિતિને અનુરૂપ પોતાને ગોઠવી શકું છું. જ્યારે અન્ય માટે વાપરતો હોય ત્યારે હું છૂટા હાથે વાપરૂ છું; પણ મારા પોતા માટે હું મિતવ્યયી છું અને કરકસર કરી લઉં છું. અને જ્યારે

બોધ આપવો હોય ત્યારે હું ચોક્સાઈવાળો છું. લોકો અનુભવે છે કે સત્સંગમાં મારી વાણી ખપ પૂરતી જ હોય છે. મારી મિતવ્યયિતા અનુકૂલન સાધે એવી સરળ છે ઉંચા પ્રકારની છે. હું પાણી પણ કરકસરથી વાપરૂં છું. હમેશાં મારી કુદરતી ખાસિયતોની અનાયાસ અને સાહજિક અભિવ્યક્તિ થતી હોય છે.

## ૪૮. કોમન સેન્સઃ

જિજ્ઞાસુઃ કોમનસેન્સ (સામાન્ય વિવેક બુદ્ધિ) એટલે શું ? એની વ્યાખ્યા શું છે?

દાદાજીઃ 'કોમનસેન્સ (સમજણ) એટલે જે દરેક જગ્યાએ સૈદ્ધાંતિક અને વ્યાવહારિક રીતે લાગુ પડી શકે'. સમજણ તો બહુ મોટી વસ્તુ છે. જ્યારે આપણને જરૂર પડે ત્યારે તે આપણી વહારે આવે છે. 'મારી' પાસે ૧૦૦% સમજણ છે પણ કદાચ તમારી પાસે એ સમજણનો એક ટકો પણ ન હોય. જ્યારે તમે જીવનમાં મુશ્કેલીનો સામનો કરો છો ત્યારે દોરાની લચ્છીમાં ગૂંચવાયેલા દોરાને કાપ્યા કે તોડ્યા વિના તમે છૂટો પાડો છો એ રીતે જીવનમાં આવી પડેલી મુશ્કેલીમાંથી રસ્તો કાઢી લો છો. એ સમજણ કહેવાય. પણ આ બધા કમનસીબ લોકો એક ગૂંચને ઉકેલવામાં બીજી પાંચ ગૂંચ પોતાના માટે ઊભી કરી દે છે. આ લોકો બિનજરૂરી રીત કોકડું ગૂંચવે છે. આવા લોકો સમજદાર છે એવું આપણે શી રીતે કહી શકીએ? અરે! મહાન વિદ્વાનો પણ સામાન્ય સમજ ધરાવતા નથી હોતા.

હું બુદ્ધિનો એક નાનકડો અંશ પણ ધરાવતો નથી. હું અબુધ છું. મારા કિસ્સામાં બુદ્ધિ પૂર્ણરૂપે પ્રકાશમાન છે પણ મારા જ્ઞાનના પ્રકાશની આગળ એ અસમર્થ હોય છે અને એક ખૂણામાં બેસી રહે છે.

## ૪૯. પ્રારબ્ધ અને પુરુષાર્થ

જિજ્ઞાસુઃ ગુરુદેવ ! પ્રારબ્ધ, અને પુરુષાર્થનું ક્ષેત્ર શું છે ?

દાદાજીઃ ભાગ્ય અથવા પ્રારબ્ધ એટલે આપણા પાછલા કર્મોનું સંચિત ફળ. જેનું આપણે હવે ફળ ભોગવીએ છીએ. સાચી સમજના અભાવે લોકો પ્રારબ્ધને પુરુષાર્થસમજવાની ભૂલ કરે છે. તેઓ આ સમજ-ફેરને લીધે અગાઉ દળેલું વારંવાર દળ્યા કરે છે અને એવું કરવામાં અડધો કિલો લોટ ગુમાવી બેસે છે !

કેટલાક લોકો પ્રારબ્ધનું દૃષ્ટાંત આપતા રહે છે જ્યારે બીજા પુરુષાર્થની તરફેણમાં દલીલો કરે છે પણ આ બંને દલીલો પાંગળી છે. આ મજૂરો સાંજે મોડે સુધી કામ કરે છે છતાં તેઓ તેમના પુરુષાર્થના ફળ રૂપે કેટલું રળે છે? તેમની મજૂરીનું ફળ માત્ર રોટલો અને દાળ-શાક કે એથી કશું વધારે ખરું? અને જો પ્રારબ્ધવાદી વ્યક્તિઓ કશું જ કર્યા વિના, હાથપગ વાળીને બેસી જ રહે તો તે શું મેળવે છે?

માણસ જ્યારે પૈસો કમાય છે ત્યારે ડંફાસ મારે છે; કે 'હું કમાયો '; પણ જ્યારે તે ખોટ ભોગવે છે ત્યારે એમ કહે છે કે 'જેવી ભગવાનની મરજી' અને દલીલ કરે છે કે ભગવાને આ કરેલું છે; મારા ગ્રહો સારા નથી ચાલતા, હું શું કરું? મારા ભાગીદારે મને છેતરી લીધો. આપણે તેને પૂછીએ કે 'તમે જીવો છો કે મરેલા?' જ્યારે તમારી ચડતી થઇ ત્યારે તમે એના કર્તા તરીકે ખૂબ જ અભિમાન કર્યું. તો પછી તમે તમારા કર્મોને કારણે આવેલી ખોટ ને કેમ સ્વીકારતા નથી? પણ હવે તમે ભગવાનનો વાંક કાઢીને કહો છો કે 'આ તો ભગવાને કર્યું'. તમે આવું નાટક કરવાને બદલે એક જ વાતને કેમ વળગી નથી રહેતા? ગ્રહો કાંઈ તમારા રસ્તામાં આડા ઉતર્યા નથી.

જિજ્ઞાસુઃ આપણા જીવનમાં ગ્રહોનું શું કાર્ય છે ?

દાદાજીઃ તમારા પોતાના ગ્રહો જેવા કે મમત, અજ્ઞાન, પોતાની વાત જ સાચી છે એમ સાબિત કરવાની કટ્ટરતા, અકડાઈ વગેરે ઉપાધિ સ્વરૂપ છે. તમારી અંદરના બધા જ નવ ગ્રહો તમને નુકસાન પહોચાડે છે! હું પૂર્વગ્રહમુક્ત છું અને પક્ષપાતી વલણથી મુક્ત છું. જ્યાં દુરાગ્રહ કે મમત છે ત્યાં તકરાર, ડખો, ઝઘડા, મારામારી અને અલગતાવાદ હોય છે. મારે તો કોઈ આસક્તિ (વળગણ) જ નથી તો પછી ટંટો-ફસાદ શેનો હોય ? જ્યારે ઘટનાઓ અને બનાવો એક જ ક્રમમાં આવે ત્યારે વ્યક્તિ પ્રગતિ કરે છે અને અભિમાન કરે છે પણ જ્યારે ધારણાથી વિરુદ્ધ પરસ્પર વિરોધી વસ્તુ બને ત્યારે તે ભગવાનનો વાંક કાઢે છે. જો તમે પોતે જ પ્રયત્નશીલ હોવ ત્યારે નુકસાન ન થવું જોઈએ. લોકો જે કઈ કરે છે અને કહે છે કે આ અંતિમ લક્ષ્ય એ ખરેખર અંતિમ લક્ષ્ય નથી. તેમને તેમની આંતરિક પ્રકૃતિને કારણે પરાણે નાચવું પડે છે અને કહે છે કે 'હું નાચ્યો'.

જ્યારે તમને નુકસાન જાય છે ત્યારે તમે જોષી પાસે શા માટે જાવ છો? જ્યોતિષશાસ્ત્ર સાચું છે પણ જ્યોતિષ અને પુરુષાર્થ બંને પરસ્પર વિરોધી દિશામાં છે.

જિજ્ઞાસુઃ પણ સાચો પુરુષાર્થએટલે શું?

દાદાજીઃ શું સાચો પુરુષાર્થ એ અહં અથવા આત્મકેન્દ્રી પ્રવૃત્તિ દ્વારા આગળ વધવાનો પ્રયત્ન છે ? આ એક ભ્રામક માન્યતા છે જે બીજા જીવનના બીજ રોપે છે કારણ કે  જેને પુરૂષ (શુદ્ધાત્મા) કહી શકીએ છીએ તે જે ક્રોધ, માન, કપટ અને લોભ વગેરે ને જીતે છે. તે ખરા અર્થમાં પુરૂષ કહેવાય છે અને તે જ સાચો પુરુષાર્થકરી શકે છે. એની વિરુદ્ધમાં જે વ્યક્તિ ક્રોધ, અભિમાન, ભ્રમ અને લોભ વડે જીતાઈ ગયો  છે તે નિર્બળ કહેવાય છે !

હું જ્ઞાતા અને બધી જ પ્રવૃત્તિઓનો સાક્ષી છું. હું પુરુષ (શુદ્ધાત્મા) થઇ ગયો છું. હું નિશ્ચિત ચરમ લક્ષ્ય સાથે આગળ વધનાર અનંત સ્વપરાક્રમ યુક્ત  છું. તમે શા માટે ચરમ લક્ષ્યની દિશામાં આગળ વધતા નથી?

જિજ્ઞાસુઃ આપણા જીવનમાં પ્રકૃતિ શું ભાગ ભજવે છે?

દાદાજીઃ જે ઘણા રસાયણો ઉત્પન્ન કરે છે તે વિશાળ ફાર્માસ્યુટીકલ કંપનીમાં ઘણા લોકો કામ કરે છે. આ માત્ર એક જ કારખાનું છે પણ આપણું શરીર તો અસંખ્ય કારખાનાઓના સમૂહ રૂપે છે. તે લાખો કારખાનાઓમાંથી બનેલ છે. તે પોતાની રીતે જ કામ કરે છે.

ઉદાહરણ તરીકે તમે રાત્રે ભોજન કર્યું અને સૂઈ ગયા. તમે ક્યારેય પાચનક્રિયા અંગે વિચાર કર્યો ખરો? કેટલો પાચકરસ, પિત્તરસ અને બીજા રસસ્રાવો તમારા આહારમાં ભળ્યા છે. તમે પાચનની પ્રક્રિયા પ્રત્યે કેટલા જાગૃત છો? છતાં સઘળા કાર્યો સ્વાભાવિક રીતે જ થાય છે ને! પાણી અને મળમૂત્ર બહાર કાઢી નાખે છે અને પોષક તત્ત્વો લોહીમાં જઈને ભળી જાય છે. અરે! તમે આ આખા કારખાનાની અંદરની દરકાર કરી છે ખરી? જો આ અંદરની યંત્ર વ્યવસ્થા સહજ રીતે કામ કરતી હોય તો તમારી બાહ્ય પ્રવૃત્તિઓ પણ સાહજિક રીતે નહિ ચાલે? તમે એમ શા માટે માનો છો કે તમે જ આ બધી પ્રવૃત્તિઓ કરો છો ? તે તો ચાલે છે અને ચાલતી રહેશે.

જરા જુઓ! રાત્રે સૂઈ જઈએ છીએ ત્યારે પણ શરીર તેના કુદરતી રૂપમાં જ રહે છે પણ આ બધા કમનસીબ લોકો કુદરત સાથે સુમેળથી નથી રહેતા....તેઓ તેની સાથે અસામાન્ય વર્તન કરે છે. દિવસે તમે કહો છો કે ‘હું ઝડપથી અથવા ઊંડા અથવા ધીમેથી શ્વાસ લઉં છું પણ મને કહો કે રાત્રે કોણ શ્વાસ લે છે? રાત્રે ઊંઘ દરમિયાન એમ બને કે સામાન્ય શ્વાસ બરાબર રીતે લેવાય છે જેથી આહાર સારી રીતે પચી જાય છે અને આપણા શરીરમાં બધું જ સહજ અને સ્વાભાવિક રૂપમાં ગોઠવાયેલું હોય છે.

માણસો તો માત્ર ગોળફગોળ ફરતા ભમરડા છે. હું તો આત્માનુભવી જ્ઞાની છું પણ આ શરીર તો ભમરડો છે. આ માનવ ભમરડા શ્વાસ દ્વારા ગોળ-ગોળ ફરે છે. જે શ્વાસ શરીરમાં જાય છે તે ભમરડાની ફરતે ગોળ વીંટેલી દોરી છે અને શ્વસન ચાલુ રહે છે તેથી ગોળ-ગોળ ફરતો જ રહે છે. તે ગોળઅગોળ ફરે છે અને ગુલાંટ મારે છે અને થોડીકવાર માટે વિચારો કે ભમરડો ફરતો બંધ થઈ જવામાં છે એટલામાં તે ગુલાંટી ખાઈને પાછો એ ફરીથી ઊભો થઈને ફરવાનું ચાલુ કરી દે છે. આવું છે. જીવન પણ એના જેવું જ છે.

લીમડાનું ઝાડ અને તેની બધી ડાળીઓમાં લાગેલા દરેક પાન વગેરે કડવાં હોય છે. કડવું ઊગવામાં ઝાડે શું પ્રયત્ન કર્યો ? ઝાડમાં પ્રગટતા બીજમાં જે કઈ છે તે છે. એવી જ રીતે માણસ જે કરે છે તેમાં તેમનો સહજ સ્વભાવ પ્રેરિત કરે છે પણ ડંફાસ હાંકે છે કે ‘મેં કર્યું , મેં કર્યું’. કોઈપણ કાર્ય કરવામાં એણે શું કર્યું?

જિજ્ઞાસુઃ ચરમ લક્ષ્ય સુધી પહોચવા માટે મારે શું કરવું જોઈએ?

દાદાજીઃ જેને લોકો ‘મેં કર્યું છે’-એવો પુરુષાર્થતો કેવળ એક ભ્રમ છે. એ તો સાપેક્ષ અભિવ્યક્તિ છે. તમારા પૂર્વકર્મોના

હાલના ઉદયને કારણે પ્રયત્ન થયો છે પણ કહેવાનું તાત્પર્ય એ કે 'મેં કર્યું છે' એ તો નર્યો અહંકાર છે. એનું સ્વાર્થીપણું છે. સાચા પુરુષાર્થની શરૂઆત વ્યક્તિના પુરૂષ (શુદ્ધાત્મા) બની ગયા પછી થાય છે અને એ સ્થિતિમાં 'મેં કર્યું છે'નો ભાવ ક્યારનોય દૂર થઇ ગયો હોય છે. આ સંપૂર્ણ નિષ્કર્મ ભાવ છે. આ બધું પ્રકૃતિ સાથે વણાયેલ છે અને શુદ્ધાત્મા જ માત્ર વાસ્તવિકતા છે.

સાચો પુરુષાર્થ શું છે? જ્યારે કોઈ આપણો હાથ કાપતું હોય તેમ છતાં આપણે જાણવા અને સમજવા છતાં શાંત અને સ્વસ્થ રહીએ છીએ. આત્માની પ્રવૃત્તિ કેવળ એ જોવા અને જાણવાની છે. આત્મા બીજી બધી પ્રવૃત્તિઓમાં નિષ્ક્રિય હોય છે. બીજી કોઈ પ્રવૃત્તિ આત્મા સાથે સંબંધ ધરાવતી નથી અને જ્યારે આત્મા જ્ઞાતા અને દૃષ્ટાની સ્થિતિમાં હોય ત્યારે તે પુરુષાર્થ કહેવાય છે.

કબીરદાસજીનાં પત્ની બાળકને જન્મ આપવાનાં હતાં પણ બાળકના જન્મ પહેલાં જ તેમના સ્તનો દૂધથી ભરાયેલાં હતા. અને બાળકના જન્મ પછી દૂધ વહેવા લાગ્યું. આ રહસ્યાત્મક ઘટના જોઈને કબીરે કહ્યું:

'प्रारब्ध पहले बना, फिर बना शरीर

कबीर अचम्भा यह है कि मन न बांधे धीर'.

## ૫૦. કેવળ ભાગ્ય પર આધાર ન રખાય

જિજ્ઞાસુ: ગુરુદેવ ! જો આપણે કર્તા નથી અને ભાગ્ય પણ સંચાલક ન હોય તો પછી આપણા જીવનની ઘટમાળને કોણ સંચાલિત કરે છે?

દાદાજી: ભાગ્ય પર આધાર રાખીને બેસી રહેવાથી કાંઈ વળવાનું નથી. જો તમે ભાગ્ય પર આધાર રાખીને આળસુ બનીને બેસી રહેશો તો તમે બિલકુલ નિષ્ક્રિય થઇ જશો. ભાગ્ય પર તમારો આધાર જો સાચો હોત તો પછી તમારે કોઈપણ જાતની ચિંતા રહી જ ન હોત પણ તમે તો ચિંતાઓનું કારખાનું છો માટે એ મદાર કાચો અને અવિશ્વસનીય છે. એ મદાર સાચો પણ નથી એટલે તે વિજ્ઞાન સમ્મત નથી. તેના કારણે લોકો દુઃખી થાય છે. આપણા લોકો આવા નકામા દિલાસાઓથી ટેવાયેલા છીએ જેથી મોટાભાગના આવાં ખોટાં આલામ્બનોથી ભારતના પતન માટે જવાબદાર છે  અને દેશની પ્રગતિ અવરોધાય છે.

કરોડો જન્મોના મારા ઊંડા અભ્યાસ પછી મેં દુનિયાનું સત્ય ખોળી કાઢ્યું છે કે પ્રારબ્ધ અને કહેવાતો પાંગળો પુરુષાર્થઆ બંને પાંગળા અવલમ્બનો છે અને વ્યવસ્થિત શક્તિ જ માત્ર વિશ્વસનીય સત્ય છે. આ વિજ્ઞાનસિદ્ધ સત્ય છે.

જિજ્ઞાસુઃ પણ આ 'વ્યવસ્થિત શક્તિ' છે શું?

દાદાજીઃ વૈજ્ઞાનિક સાંયોગિક પ્રમાણો દ્વારા જે કાંઇ બને છે, તે જ વ્યવસ્થિત શક્તિ છે. મન, શરીર અને વાણીની દરેક સ્થિતિઓમાં માત્ર એ જ જ્ઞાનપૂર્વકનો સંતોષજનક ખુલાસો છે.

હું તમને એક સમજાય એવું ઉદાહરણ આપું છું. આ કાચનો કપ છે. તે તમારા હાથમાંથી સરકવા લાગ્યો. તમે એને તમારી પકડમાંથી નીચે પડતો બચાવવા માટે તમારા ખૂબ જ પ્રયત્નો કર્યા હોવા છતાં તે નીચે પડીને તૂટી ગયો! આ કપ કોણે ફોડ્યો? તમે એ કપને ફોડવા ઈચ્છતા ન હતા.તમે તો એના જમીન પર પડતાં સુધી બચાવી લેવાનો પ્રયત્ન કર્યો તો પછી શું કપને જ ફૂટી જવાનું મન થયું? ના, એ પણ શક્ય નથી. અને ત્યાં એને ફોડવા માટે બીજું કોઈ હાજર પણ ન હતું તો પછી કોણે ફોડ્યો? 'વ્યવસ્થિત શક્તિ' એ આમ કર્યું. વ્યવસ્થિત શક્તિમાં રહેલી એની પોતાની મૂળભૂત વ્યવસ્થા છે જે પોતાના ચોક્કસ નિયમોને આધીન છે.

જિજ્ઞાસુઃ પણ એ વ્યવસ્થિત શક્તિની રીત દ્વારા આ કપ કેમ ફૂટ્યો ?

દાદાજીઃ જો વ્યવસ્થિત શક્તિની યોજના મુજબ કપ ન ફૂટવાનો હોત તો પછી સંસારની આ બધી ગ્લાસ ફેક્ટરીઓ ચાલત શી રીતે? આ કારખાનાં ચલાવવા માટે અને કર્મચારીઓ તેમજ મજૂરોનો રોજગાર પોષવા માટે ટેકો આપવાનો છે માટે એ ચોક્કસ નિયમને કારણે કપ ફૂટે છે અને પેલો કમનસીબ માણસ વ્યાકુળતા અનુભવે છે અને માનસિક ઉદ્વિગ્નતા અનુભવે છે. મહેમાનોની હાજરીમાં જો નોકર દ્વારા આ કપ ફૂટ્યો હોત તો કદાચ એ મહેમાનોની વિદાયની રાહ જોતો વિહવળતા અનુભવતો હોત કે આ બધા ક્યારે જાય અને આ નોકરને ચાર લાફા મારી દઉં અને આ મૂર્ખ આવું કરત પણ ખરો. છતાં જો એ સમજી જાય કે આ કપ નોકર દ્વારા ફૂટ્યો નથી પણ એક ગહન, તટસ્થ અને સમદર્શી 'શક્તિ'થી ફૂટ્યો છે તો એ કાંઈ ઉદ્વિગ્નતા અનુભવે ખરો? એ પૂર્ણ સમાધાનને પામત. સાચું કહું તો આ નોકર તો માત્ર એક નિમિત્ત (હાથો) છે પણ આ અમીર માણસ નોકરને દોષિત સમજે છે! કોઈએ પણ નિમિત્તને દોષ નહી આપવો જોઈએ. આવું કરવાથી પોતે જ પોતાની જાતને ભારે નુકસાનમાં ઉતારી દે છે. એના મૂળ કારણને શોધવું જોઈએ. પછી સમસ્યાનો ઉકેલ આવી જશે અને તમે ગુલામીના બંધનમાંથી મુક્ત થઇ જશો.

જિજ્ઞાસુઃ મહેરબાની કરીને એક દાખલો આપો.

દાદાજીઃ જ્યારે હું યુવાન હતો ત્યારે મને લોકોની ટીખળ કરવાની બહુ મજા પડતી હતી. એક અમીર માણસ એના કુરકુરિયાને ખૂબ જ વ્હાલથી રમાડતો હતો. હું છાનોમાનો તેની પાસે જઈને પાછળથી બહુ જોરથી કુરકુરિયાની પૂંછડી દબાવતો કે જેથી એ એના માલિક તરફ ગુસ્સામાં આવીને એના હાથે કરડે અને પેલો સજ્જન માણસ દુઃખથી ચીસ પાડી દે.

આને નિમિત્તને કરડવાનું કહેવાય!

## ૫૧. આધિ-વ્યાધિ –ઉપાધિ (ત્રિવિધ તાપ).

જિજ્ઞાસુઃ જીવન તકલીફોથી ભરેલું છે.

દાદાજીઃ આ સંસારમાં દરેક વ્યક્તિ ત્રિવિધ તાપ-આધિ-વ્યાધિ-ઉપાધિથી હેરાન પરેશાન થાય છે. શારીરિક પીડાઓ, તકલીફો, બીમારી વગેરેને વ્યાધિ તરીકે ઓળખીએ છીએ. દા.ત. તમને પેટમાં શૂળ ઉપડ્યું છે, આ વ્યાધિ છે. ભૂખ લાગવી એ પણ વ્યાધિ જ છે. માનસિક સંતાપ આધિ છે. આખો દિવસ ચિંતા જ કર્યા કરવી એ પણ આધિ જ છે. બહારથી આવી પડેલી તકલીફો ઉપાધિ છે. આપણે શાંતિથી બેઠા હોઈએ અને કોઈ આપણા પર પત્થર ફેંકે તો એને ઉપાધિ કહેવાય છે. ઉપાધિ બાહ્ય તત્ત્વોથી, ઘટનાઓથી આવે છે અને અંદરથી તે રોકી શકાતી નથી. આ સંસારમાં દરેક જણ, સાધુઓ અને આત્મસંયમીઓ પણ આ ત્રિવિધ તાપથી હેરાન થાય છે. જેઓ મારા દ્વારા 'જ્ઞાન' માં દીક્ષિત થયા છે, તેઓ પ્રત્યેક ક્ષણ સમાધિસ્થ રહે છે.

જિજ્ઞાસુઃ એ શી રીતે ગુરુદેવ !

દાદાજીઃ જે શુદ્ધાત્મા પદ પર પહોંચ્યો છે અને જે 'સ્વ'માં અથવા શુદ્ધાત્મા પદમાં જ રહે છે અને હમેશાં મનઃશાંતિ (સમાધિ) માં જ મસ્ત રહે છે કારણ કે તે સમજે છે કે વ્યવહાર દૃષ્ટિથી તે અમિત છે. (નામધારી) પણ નિશ્ચયદૃષ્ટિથી તે શુદ્ધાત્મા છે. જ્યારથી તે સમજતો થયો ત્યારથી આ જુદાપણું તેને દૃષ્ટા બનાવે છે, જે કાંઈ બને છે તે અમિત સાથે બને છે તેની આસપાસ બનતી ઘટનાઓથી પોતાની જાતને દૂર રાખે છે અને તે સમજે છે કે ખરેખર તે શુદ્ધાત્મા છે.

જિજ્ઞાસુઃ મહેરબાની કરીને ઉદાહરણ સાથે સમજાવો.

દાદાજીઃ આ કોના જેવું છે? ધારો કે તમે કોઈકની મિલકતમાં ગેરકાયદે પ્રવેશ કરો છો, આવું આચરણ પકડાઈ જવાની, તગેડી મૂકેવાની કે સજા પામવાની તમારી બીક તમને બીકણ બનાવશે. જો તમે તમારા ઘરમાં બેઠેલા હોય તો તમને બીક લાગે ખરી ? એ જ રીતે અમિત તમારું ઘર નથી કે સાચા અર્થમાં તમે નથી. તમે તો શુદ્ધાત્મા છો. તમે માની લીધી. અમિતના નામથી પોતાની ખોટી ઓળખ આપી દીધી છે અને બધી જ ખુશીઓ, દુઃખો, આધિ, અને ચિંતાઓ જેમાંથી અમિત પસાર થાય છે તેના જ્ઞાતા છો, નિરીક્ષક છો. તમારી હાલત તો પાણીની બહાર તરફડતી માછલીની જેમ ભ્રામક માન્યતાઓને કારણે અશાંત છે.

જો તમારે સુખી થવું જ હોય તો ચિંતામુક્ત થાવ અને શાંતિ અનુભવો અને તમારી સાચી જાત ને ઓળખો-સમજો.

## પર. પૂરણ અને ગલન

જિજ્ઞાસુઃ જીવનમાં ચાલી રહેલ પૂરણ અને ગલનની પ્રક્રિયાને વધારે વિસ્તારથી સમજાવો.

દાદાજીઃ માણસ ખાધા જ કરે અને સ્થૂળ થતો જ રહે પણ જો તેનો નિકાલ ન હોય તો તેનું પેટ ફૂલી જાય છે. કોઈ એ વાતથી સભાન નથી કે પૈસારૂપી આહાર જે ખવાયો છે તેનો કુદરતી નિકાલ પણ હોવો જરૂરી છે. તમે એવી કોઈપણ વ્યક્તિને શોધી શકો ખરા કે જે આ પૂરણ-ગલનની કુદરતી પ્રક્રિયાથી અપવાદ રૂપ હોય. અરે મોટી નદીઓમાં ખૂબ જ પાણી વહી આવે છે અને તેમાંથી વહી જાય છે અને ઉનાળામાં તેનું પાણી સૂકાઈ પણ જાય છે.

મેં ઘણા ડૉકટર્સને પૂછ્યું કે 'આપણા નખ શા માટે ઊગે છે?' તેમણે કહ્યું કે 'એ તો કેલ્શિયમને કારણે ઊગતા હોય છે' પણ એવું નથી. સાચું કહીએ તો એ તો નકામાં પદાર્થો ફેકી દેતી ગલનની પ્રક્રિયા છે. સાંયોગિક પુરાવાને કારણે ખોરાક દ્વારા લેવાતાં કેલ્શિયમ વધવાને કારણે થતી હાડકાંની વૃદ્ધિને નખના રૂપમાં શરીરની બહાર ફેકી દેવામાં આવે છે. કુદરતના નિયમ મુજબ જે નકામું છે તેને પરત કરી દેવાય છે. પદાર્થ પૂરણ અને ગલનની પ્રક્રિયાને કારણે રૂપાંતરિત થયા કરે છે.

દસ વર્ષની ઉંમરે જે કોષ હતા તે તમને ૨૫ વર્ષની વયે જોવા નહી મળે. જૂના કોષ બદલાઈ જાય છે અને નવા કોષની જગ્યા કરે છે. પૂરણ અને ગલનની પ્રક્રિયા આમ ચાલ્યા કરે છે.

કોઈ વ્યક્તિ અનિષ્ટ ભાવનાનું રટણ કરતો રહે છે પણ તે પાકશે ત્યારે તે દુઃખ અને દર્દ અનુભવશે ત્યારે તેનું જોખમ સમજાશે. એ તો સળગતી સગડી પર બેઠા જેવું હશે, સક્રિય ધગધગતા જ્વાળામુખી પર બેઠા હોય એમ. જો તમે પોતાની જાતને યોગ્ય કાર્ય સાથે જોડો તો તમને એનાં મીઠાં ફળ ચાખવા મળશે. પણ પૂરણથી ચેતજો. તમારું પૂરણ વિવેકપૂર્ણ હોવું જોઈએ.

જિજ્ઞાસુઃ સંપત્તિ માટે કુદરતના કયા કયા નિયમો છે ?

દાદાજીઃ જયારે તમે ધન એકત્ર કરો ત્યારે દરકાર રાખજો કે એ ખોટા માર્ગે કે બીજાને ઠગીને તો કમાણી તો નથી કરી રહ્યા! એ તમારી પાસે નહીં ટકે. જો તમે બેંકમાં જમા કરાવશો તો પણ જતા રહેશે અને જો તમે અનીતિનો માર્ગ પસંદ કરીને પૈસા ભેગા કરશો તો એ અનીતિ જ તમારી સાથે આવશે. ગલનની સ્થિતિ વખતે તમારી શી દશા થશે? લક્ષ્મીને કોઈ બંધનમાં નહિ રાખી શકે. તે તો ભગવાનની પત્ની છે! જે પોતાના પતિને ઘેર પહેલીવાર આવેલી છે અને તેને તેના પિયર જવાની અનુમતિ નથી તે પત્નીની શી દશા થશે? લોકોએ લક્ષ્મીજી સાથે આવું વર્તન શરૂ કર્યું છે. તે પણ આવા લોકોથી ત્રાસી ગયેલ છે.

જયારે પણ લક્ષ્મીજી મને વડોદરા સ્ટેશન પર મળ્યાં છે ત્યારે મેં બે હાથ જોડીને તેમને કહ્યું છે કે 'ઘર નંબર-૬, મામાની પોળ.

તમે જ્યારે આવવા ચાહો ત્યારે આવી શકો છો અને જ્યારે જવા ચાહો ત્યારે જઈ શકો છો'. લક્ષ્મીજી મને કહે છે કે "હું તો માલદાર લોકોની સાથે રહીને થાકી ગઈ છું. માટે હું તો તમારા દીક્ષિતોના (મહાત્માઓના) ઘેર જઈશ. હું જઈશ ત્યારે તેઓ મને પુષ્પહાર પહેરાવીને આવકારશે. અને હું જ્યારે તેમને છોડીને જઈશ ત્યારે વિદાયવેળાએ મને ફૂલહાર પહેરાવીને વિદાય આપશે. હું એવા લોકોને ત્યાં જવા નથી માંગતી જ્યાં મને કેદ કરી રાખતા હોય. જે મારું અપમાન કરતા હોય તેમને ત્યાં પણ હું જવા માંગતી નથી." દોલત તો આવે છે અને જાય છે. તે એના સ્વભાવ મુજબ એક દશકાથી વધારે કોઈને ત્યાં રહેતી નથી. આ સંસારમાં આવન અને જાવન બંને સતત ચાલતી પ્રક્રિયા છે.

જિજ્ઞાસુઃ શું સારું અને શું ખરાબ છે ?

દાદાજીઃ જ્યારે તમે કોઈને ઉષ્માભરી રીતે આવકારો છો ત્યારે તેના મુખ પર કેવા ભાવ હોય છે ? અને જ્યારે તમે એને નીચ કે દુષ્ટ કહો છો ત્યારે કેવા જુદા ભાવ હોય છે ?

આ આખું જગત ચિંતાઓ અને ઉપાધિઓની જાળમાં સપડાયેલું છે. ત્યાગીને કે સંસારીને,- કોઈને આંતરિક શાંતિ અને સ્વસ્થતા નથી. સંપૂર્ણ શાંતિ અને આનંદ તો શુદ્ધાત્માની સ્વાનુભૂતિનું ફળ છે. દરેકે સંસાર સાગર પાર કરવાનો છે અને સામે પાર જઈને પૂર્ણાનંદ પ્રાપ્ત કરવાનો છે. જો કોઈ પ્રગતિનું એક પછી એક ડગલું ભરે તો દુઃખ કે શ્રમ કશું નડવાનું નથી! અને આપણા તાત્કાલિક શાંતિની રાહ એવા અક્રમમાર્ગના આનંદ માટે મારા તમને સ્વાનુભવયુક્ત આશીર્વાદ છે કે સંપૂર્ણ શાંતિ અને આનંદની પ્રાપ્તિ થાય.

## ૫૩. અસુરક્ષિત અને અનાશ્રિત માનવો

દાદાજીઃ કલિકાલના સમગ્ર માનવ આશ્રય વિનાના એવા નિરાશ્રિત છે. પ્રાણીઓ કુદરતી રીતે આશ્રિત છે પણ માનવજાતને કોઈ આશરો નથી.

જિજ્ઞાસુઃ આપ એવું શા માટે કહો છો કે માનવ જાતને કોઈ આશરો નથી?

દાદાજીઃ કદાચ, કોઈ વ્યક્તિને કોઈનો આશરો મળ્યો હોય તો પણ તે અનાથ જ રહે છે....એ તમને શી રીતે આશરારૂપ થઇ શકે જ્યારે તે પોતે જ અનાથ હોય? હવે, હું તમને ભગવાનની ભાષામાં સમજાવું કે 'માણસ કેવો અનાથ અને અનાશ્રિત છે'.

જિજ્ઞાસુઃ દાદાજી, ઉદાહરણ આપી સમજાવો.

દાદાજીઃ એકવાર એક વેપારી, એક સાધુ અને તેમનો પાળેલો કૂતરો પ્રવાસે જવા નીકળ્યા. રસ્તામાં એક ગીચ જંગલમાંથી

પસાર થયા. વનની વાટે ચાર ડાકુઓએ તલવાર અને બંદુકોથી હુમલો કર્યો ત્યારે એ ત્રણેના મનમાં કેવા વિચારો ચાલી રહ્યા હશે? વેપારી એમ વિચારતો હોય કે ''મારા દસહજાર રૂપિયા ભરેલી આ બેગ આ લૂંટારાઓ લૂંટી લેશે તો હું શું કરીશ? જો તે લોકો મને મારી નાખશે તો શું થશે?''

સાધુ એમ વિચારે કે, ''મારી પાસે કશું જ નથી કે એ મને લૂંટી લે. જો તેઓ મારો આ ધાતુનો લોટો લઈ જાય તો જોયું જશે પણ આ લુંટારાઓ મને મારી મારીને મારો પગ તોડી નાંખશે તો હું શું કરીશ ?'' મારી સારવાર કોણ કરશે? અને જો હું અપંગ થઇ જઈશ તો શું થશે? જ્યારે પેલો કૂતરો એ લૂંટારાઓને ભસશે અને જો લૂંટારાઓ કૂતરાને લાકડીથી મારશે તો એ પીડાથી કણસતો મદદ માટે ધીમું-ધીમું રડશે અને લાચાર બનીને પોતાના માલિક તરફ જોતો રહીને માર ખાશે. કૂતરો એમ નહીં વિચારે કે મારું શું થશે? જો માણસ તેનું શું થશે એમ ચિંતા કરે તો તે અનાથ અને નિરાશ્રિત છે જ્યારે કૂતરો પોતાના ભવિષ્યનો વિચાર કરતો નથી એટલે તે આશ્રિત છે.

જિજ્ઞાસુઃ તો પછી માણસ શી રીતે કાયમી સલામતી અને સુરક્ષિતતા પ્રાપ્ત કરી શકે?

દાદાજીઃ ભગવાન શું કહે છે? જ્યાં સુધી તમે ભગવાનના વ્યક્ત માનવીય રૂપમાં દર્શન નહિ કરો ત્યાં સુધી તમે અનાથ અને નિરાશ્રિત છો પણ જ્યારે પ્રગટ દર્શન થાય તો તમે આશ્રિત છો.

એકવાર જેનામાં સર્વશક્તિમાન પ્રગટ થયેલ છે એવા કોઈ જ્ઞાનીની શરણમાં આવી જાય એટલે વિકટ સંજોગોની વચ્ચે પણ 'મારું શું થશે' ની ચિંતાથી તે મુક્ત થઈ જાય છે. જે મારી શરણમાં આવી જાય છે તે અસલામતીની લાગણીની ચિંતાથી હમેશાં માટે મુક્ત થઈ જાય છે. જે 'જ્ઞાનીપુરૂષ' ના આશ્રયમાં સુરક્ષિત હોય છે તે ગમે તેવા ભયાનક સંજોગોમાં પણ કદીયે નહિ વિચારે કે મારું શું થશે?...કારણ કે , 'હું' અને મારું 'જ્ઞાન' તેની સાથે રહેશે અને દરેક રીતે તેનું રક્ષણ કરશે.

## ૫૪. નૈસર્ગિક જીવનની સાહજીકતા

વિદેશના લોકો એકદમ સાહજિક છે. પોતાની વૃત્તિઓ અને સ્ફૂરણાનુસાર આચરણ કરે છે. દાખલા તરીકેઃ એક મારકણા સ્વભાવની ગાય છે તે તેના શીંગડાંને અડવા પણ દે નહિ અને બીજી ડાહી ગાય, જો નાનું બાળક તેના શિંગડાંને અડે તો પણ તે કશું નહિ કરે પણ જો મારકણી ગાય ઝનૂને ચડી જાય તો તમે તેને જરાયે તકલીફ ન આપી હોય તો પણ તેના શિંગડે ભરાવી દે. એટલે તે લોકોના જીવનમાં સાહજિકતા છે. જો તેઓ તમને પોતાની સાથે લઈ જવા માંગતા હશે તો તરત જ હા કહી દેશે અને જો અણગમતી વ્યક્તિ હશે તો તે ચોખ્ખી ના કહી દેશે પણ તે અસત્યનો સહારો નહિ લે. એકદમ સરળતા અને સાલસતા અથવા પૂરેપૂરી દુશ્મનાવટ અને શઠતા. તેઓ આ બંને સ્વાભાવિક વલણ ધરાવે છે.


ભારતના લોકો કુદરતી રીતે જ એટલા સાદા-સરળ કે સહજ નથી. ભારતમાં કુદરતી સહજ જીવન હજારો વર્ષ પૂર્વે હતું પણ

તે તો સત્‌યુગના જૂના જમાનાની વાત થઈ. તે એક આદર્શ કુદરતી જીવન હતું. સત્‌યુગમાં ચાર વર્ણો હતા : બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર. આ વર્ણ વ્યવસ્થા લોકોના વિકાસ મુજબની હતી. આજે તો લોકોનો વિકાસ ચરમ શિખરે પહોંચી ગયેલ છે. સુથારનો દીકરો પણ બીજા છોકરાઓ જેટલો જ બુદ્ધિશાળી છે. સહજ રીતે પ્રાપ્ત સાદું જીવન પરિપૂર્ણ હતું. તે ખૂબ જ ઊંચાઈએ પહોંચ્યું હતું! પછી ધીમે-ધીમે તેનું પતન થવા લાગ્યું. કુદરતનો નિયમ આવો છે .

લોકોએ આ વર્ણ વ્યવસ્થાનો દુરુપયોગ કરવા માંડ્યો. લોકો શુદ્રોને ધિક્કારવા લાગ્યા અને ઈરાદાપૂર્વક તેમનું અપમાન કરવા લાગ્યા અને પછી તમે જાણો છો? શું થયું? સૂર્ય ઢળવા માંડ્યો અને ભારતે તેની પ્રતિષ્ઠા ખોઈ દીધી. લોકો વધારે પડતા જિદ્દી અને જડસુ બની ગયા અને શયતાનની જેમ વિચારવા-સમજવા લાગ્યા. જો વીસ વર્ષની વિધવા પણ રસ્તા પરથી પસાર થાય તો તેના પ્રત્યે કરુણા રાખવાને બદલે તેને કમનસીબ અપશુકનિયાળ સમજે છે. અરે ઓ ભાઈ ! આ વિધવા તો ગંગા સ્વરૂપ છે. તે અપશુકનિયાળ શી રીતે હોઈ શકે? પછી અંગ્રેજો આવ્યા અને ભારત પર શાસન કર્યું અને તેમનું સહજ સ્વાભાવિક મનોવલણ આપણા અકુદરતી લોકોની રૂઢિચુસ્ત જીવનશૈલી સાથે ભળી ગયું. પછી આપણને થોડી રાહત મળી.

આપણે ત્યાં દરેક વસ્તુનો અતિરેક હતો અને આપણે તેના અવાંછિત પરિણામો પણ જોયાં. હવે ભારત ઉદય પામી રહ્યું છે. હવે ભારતમાં પ્રભાત છે અને વિદેશોમાં સર્વત્ર સાંજ છે. ભારતમાં પૂર્ણ પ્રકાશ પથરાશે. હું આ વાત સન ૧૯૪૨થી કહેતો આવ્યો છું. ભવિષ્યમાં ભારત વિશ્વનું કેન્દ્ર હશે, એની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ઉમદા જીવન જીવવાની શૈલી શીખવા માટે વિદેશીઓ ભારતમાં આવશે. પશ્ચિમના લોકો તો એટલા અસ્વસ્થ બની ગયા છે કે તેઓ તો પોતાની સહજ જીવન-શૈલી પણ ગુમાવી બેઠા છે. તેઓએ તેમની ભૌતિક ખુશીઓ ખૂબ જ વધારી દીધી છે અને તેમ છતાં જ્યારે તેઓ રાત્રે સૂઈ જાય છે ત્યારે તેઓ ઊંઘવાની ગોળી લે છે. અરે ઓ નાદાન લોકો ! તમે આ ઝેર શા માટે લો છો? તેઓ એટલા બધા અસ્વસ્થ અને અસહજ બની ગયા છે કે તેઓ કુદરતી બક્ષિસ એવી ઊંઘ પણ ગુમાવી બેઠા છે. આને તે શી રીતે જીવન કહેવું ?

તમે ચંદ્ર પર પહોંચી ગયા પણ જો તમે ઊંઘી જ ન શકતા હોય તો તે શું કામનું ?




*Concept Graphics : Harish Shah*

# દાદા ભગવાન પ્રબોધિત નવ કલમો (ભાવ પ્રાર્થના)

**તમામ ધર્મશાસ્ત્રનો સાર** (Essence of All Scriptures)

૧. હે અંતર્યામી પરમાત્મા ! મને કોઈ પણ દેહધારી જીવાત્માનો કિંચિત્‌માત્ર પણ અહમ્ ન દુભાય, ન દુભાવાય કે દુભાવવા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શક્તિ આપો.

મને કોઈ પણ દેહધારી જીવાત્માનો કિંચિત્‌માત્ર પણ અહમ્ ન દુભાય એવી સ્યાદ્‌વાદ વાણી, સ્યાદ્‌વાદ વર્તન અને સ્યાદ્‌વાદ મનન કરવાની પરમ શક્તિ આપો.

૨. હે અંતર્યામી પરમાત્મા ! મને કોઈ પણ ધર્મનું કિંચિત્‌માત્ર પણ પ્રમાણ ન દુભાય, ન દુભાવાય કે દુભાવવા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શક્તિ આપો.

મને કોઈ પણ ધર્મનું કિંચિત્‌માત્ર પણ પ્રમાણ ન દુભાવાય એવી સ્યાદ્વાદ વાણી, સ્યાદ્વાદ વર્તન અને સ્યાદ્‌વાદ મનન કરવાની પરમ શક્તિ આપો.

૩. હે અંતર્યામી પરમાત્મા ! મને કોઈ પણ દેહધારી ઉપદેશક, સાધુ, સાધ્વી કે આચાર્યનો અવર્ણવાદ, અપરાધ, અવિનય ન કરવાની પરમ શક્તિ આપો.

૪. હે અંતર્યામી પરમાત્મા ! મને કોઈ પણ દેહધારી જીવાત્મા પ્રત્યે કિંચિત માત્ર પણ અભાવ, તિરસ્કાર ક્યારેય પણ ન કરાય, ન કરાવાય કે કર્તા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શક્તિ આપો.

૫. હે અંતર્યામી પરમાત્મા ! મને કોઈ પણ દેહધારી જીવાત્મા સાથે ક્યારેય પણ કઠોર ભાષા, તંતીલી ભાષા ન બોલાય ન બોલાવાય કે બોલવા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શક્તિ આપો. કોઈ કઠોર ભાષા, તંતીલી ભાષા બોલે તો મને મૃદુ, ઋજુ ભાષા બોલવાની શક્તિઓ આપો.

૬. હે અંતર્યામી પરમાત્મા ! મને કોઈ પણ દેહધારી જીવાત્મા પ્રત્યે-સ્ત્રી, પુરુષ અગર નપુસંક-ગમે તે લિંગધારી હોય, તો તેના સંબંધી કિંચિત માત્ર પણ વિષય-વિકાર સંબંધી દોષો, ઈચ્છાઓ, ચેષ્ટાઓ, વિચાર સંબંધી દોષો ન કરાય, ન કરાવાય કે કર્તા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શક્તિ આપો.મને નિરંતર નિર્વિકાર રહેવાની પરમ શક્તિ આપો.

૭. હે અંતર્યામી પરમાત્મા ! મને કોઈ પણ રસમાં લુબ્ધપણું ન કરાય એવી શક્તિ આપો, સમરસી ખોરાક લેવાય એવી પરમ શક્તિ આપો.

૮. હે અંતર્યામી પરમાત્મા ! મને કોઈ પણ દેહધારી જીવાત્માનો, પ્રત્યક્ષ અગર પરોક્ષ, જીવંત અગર મૃત્યુ પામેલાઓનો કોઈનોય કિંચિત્‌માત્ર પણ અવર્ણવાદ, અપરાધ, અવિનય ન કરાય, ન કરાવાય કે કર્તા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શક્તિ આપો.

૯. હે અંતર્યામી પરમાત્મા ! મને જગતકલ્યાણ કરવાનું નિમિત્ત બનવાની પરમ શક્તિ આપો, શક્તિ આપો, શક્તિ આપો.